સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૧૩ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ | સ્થાપક : બાબુભાઈ શાહ | તા. ૨૧-૫-૨૦૨૪ - મંગળવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૩૧ | RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT | તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ | sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

**કોઠારીયામાંથી ટુટી-ફ્રુટી, જેલી બનાવવા વપરાતો ૨૦ હજાર કિલો પપૈયાનો જથ્થો ધુળમાં પડેલો મળ્યો** ૩

દિપકભાઈ - 9825357124 મહેશભાઈ - 9725745743
પ્લમ-કેક | વોલનટ-કેક
ફ્રુઝ-બ્રાઉની | ફ્રુટ-કેક
નાની મોટી બધી સાઈઝ હાજરમાં મળશે
ધી બોમ્બે બેકરી
સદર બજાર મેઈન રોડ, રાજકોટ.
આકાશ - ૯૯૧૩૩ ૭૭૮૧૨

'ગેમ ચેન્જર' ગણાતા પાંચમા તબકકાની ૪૯ માંથી ૪૦ બેઠકો પર એનડીએનો કબ્જો હતો

# પાંચમાં તબકકામાં અત્યાર સુધીનું સૌથી ઓછુ મતદાન : નેતાઓની ઉંઘહરામ

## ૬૦.૪૮ ટકા મતદાન થયાનો ચૂંટણી પંચનો રીપોર્ટ; ૨૦૧૯ કરતા પણ ઓછુઃ કોને ફાયદો, કોને નુકશાન? ગણીત મંડાવા લાગ્યા

નવી દિલ્હી તા.૨૧

લોકસભા ચૂંટણીનાં પાંચમા તબકકામાં મતદાન ફરી ફસકી ગયુ હોય તેમ મધરાતના છેલ્લા આંકડા પ્રમાણે ૬૦.૦૯ ટકા નોંધાયુ હતું જેને પગલે રાજકીય પક્ષોની ઉંઘ હરામ થઈ ગઈ છે. પાંચમા તબકકાની ચૂંટણી 'ગેમ ચેન્જર'ગણાતી હતી. કારણ કે તેમાં સામેલ ૪૯ માંથી ૪૦ બેઠકો પર ભાજપ-એનડીએનો કબ્જો હતો કોંગ્રેસ પાસે માત્ર એક સીટ હતી.

દેશના આઠ રાજય કેન્દ્ર શાસીત પ્રદેશોમાં સોમવારે ૪૯ બેઠકો પર મતદાન યોજાયુ હતું. ચૂંટણી પંચ દ્વારા મધરાતે જારી કરેલા આંકડા મુજબ ૬૦.૦૯ ટકા મતદાન હતું તેમાં સૌથી વધુ ૭૪.૬૫ ટકા પશ્ચિમ બંગાળમાં નોંધાયુ હતું. જયારે સૌથી ઓછુ ૫૪.૨૯ ટકા મહારાષ્ટ્રમાં હતું. આ સિવાય બિહારની પાંચ બેઠકોમાં સરેરાશ ૫૪.૮૫ ટકા,કાશ્મીરની એક બેઠક પર ૫૬.૭૩ ટકા, ઝારખંડની ત્રણ બેઠકો પર ૬૩.૦૭ ટકા, લદાખ સીટ પર ૬૯.૬૨ ટકા, ઓડીશાની પાંચ બેઠકો પર ૬૭.૫૯ ટકા, ઉતર પ્રદેશની ૧૪ બેઠકો પર ૧૭.૭૯ ટકા સરેરાશ મતદાન હતું. મહારાષ્ટ્રમાં ૧૩ તથા પશ્ચિમ બંગાળમાં ૧૩ બેઠકો પર ચૂંટણી થઈ હતી.

લોકસભા ચૂંટણીના પ્રથમ ચાર તબકકામાં સરેરાશ ઓછી ટકાવારી રહી હોવાને કારણે પાંચમા તબકકામાં મતદાન વધારવા માટે ભાજપ સહીતનાં રાજકીય પક્ષોએ ઘણી મહેનત કરી છતાં પ્રથમ ચાર તબકકા કરતા પણ પાંચમાં તબકકાનું મતદાન ઓછુ રહ્યું છે.પ્રથમ તબકકામાં ૬૬.૧૪, બીજા તબકકામાં ૬૬.૭૧, ત્રીજા તબકકામાં ૬૫.૬૮ તથા ચોથા તબકકામાં ૬૯.૧૬ ટકા મતદાન થયુ હતું.

હવે પાંચમા તબકકામાં સરેરાશ ૬૦.૪૮ ટકા મતદાન થયુ છે.૨૦૧૯ માં આ બેઠકો પર ૬૨.૦૧ ટકા મતદાન થયુ હતું. જોકે, હજુ મતદાનનાં આંકડા અપડેટ થતા રહે તેમ હોવાથી ફાઈનલ આંકડામાં વૃધ્ધિ રહી શકે છે.

પાંચમો તબકકો ભાજપ માટે ઘણો મહત્વનો હતો કારણ કે ૪૯ માંથી ૪૦ બેઠકો ૨૦૧૯ માં એનડીએ હવે જીતી હ૦તી. આ બેઠકો જાળવી રાખવાનો પડકાર હતો.જયારે વિરોધ પક્ષ માટે તે ગેમ ચેન્જર બની રહેવાનું ગણવામાં આવતુ હતું. કારણ કે ભાજપનું પ્રભુત્વ તોડવા તથા ગાબડુ પાડવાનો મોકો હોવાનું ગણવામાં આવતુ હતું.

આઠ રાજય-કેન્દ્ર શાસીત પ્રદેશોમાં મતદાન હતું. મોટાભાગે તે ૨૦૧૯ ની સરખામણીએ ઓછુ જ હતું. એકમાત્ર કાશ્મીરનાં બારામુલ્લામાં રેકોર્ડબ્રેક અને ઐતિહાસીક મતદાન થયુ હતું.કાશ્મીરની આ બેઠક પર ૬૯.૬૨ ટકા મતદાનનો અત્યાર સુધીનો રેકોર્ડ છે. આ પૂર્વે સૌથી વધુ ૫૮.૯૦ ટકા મતદાન ૧૯૮૪ માં નોંધાયુ હતું.

પાંચમા તબકકાની ચૂંટણીમાં પણ ઓછા મતદાનને કારણે રાજકીય પક્ષો (અનુસંધાન છઠ્ઠા પાને)

રાહુલ ગાંધી, કેજરીવાલ, ખડગે, પટનાયકે ભાજપને આડે હાથ લીધા

# પીએમની ભકિતમાં સંબિત પાત્રા ભાન ભૂલ્યાઃ ભગવાન જગન્નાથને મોદીના ભકત કહી દીધા!

**વિપક્ષો ભાજપના પુરીના ઉમેદવાર અને પ્રવકતા સંબિત પાત્રા પર તૂટી પડયાઃ સત્તાના નશામાં ભાજપ પોતાને ભગવાનથી ઉપર માનવા લાગ્યુંઃ કયાં છે હિન્દુત્વના સંગઠનો?**

નવીદિલ્હી તા.૨૧

વડાપ્રધાન મોદીનો એક મોટો ભકત વર્ગ છે. જેના માટે મોદી ભગવાન છે પણ ભાજપના પ્રવકતા મોદી ભકિતમાં ભાન ભૂલી ગયા હતા, તેમણે એવું બાફી માર્યુ હતું કે ભગવાન જગન્નાથ પણ મોદીના ભક્ત છે! સંબિત (અનુસંધાન છઠ્ઠા પાને)



સંબિત પાત્રાએ માફી માગી

### હું પસ્તાવો કરવા, ભૂલ સુધારવા ત્રણ'દિ ઉપવાસ કરીશ

નવીદિલ્હી; ઓરિસ્સાની પુરીની લોકસભાની સીટના ઉમેદવાર અને ભાજપના પ્રવકતા સંબિત પાત્રાએ એક મીડિયા ચેનલ સાથે વાત કરતા કહ્યું હતું કે ભગવાન જગન્નાથ મોદીના ભક્ત છે. તેમના આ નિવેદને વિવાદ જગાવતા આખરે પાત્રાએ માફી માગી છે. તેમણે સોશિયલ મીડિયા પર વીડિયો પ્રસારિત કરી કહ્યું હતું કે હું જગન્નાથજીના ચરણોમાં માથુ નમાવીને માફી માગું છું. હું પસ્તાવો કરવા અને મારી ભૂલ સુધારવા માટે આગામી ૩ દિવસ ઉપવાસ કરીશ.

# ગોલ્ડ લોનમાં હપ્તો ન ચૂકવવાનો ખેલ હવે બંધ થશેઃ રિન્યુ ન કરવા આરબીઆઈનો નિર્દેશ

નવીદિલ્હી તા.૨૧

ઈમર્જન્સીમાં ગોલ્ડ લોન (સોના પરથી ધિરાતા) સરળતાથી મળી જાય છે. ગોલ્ડ લોન લેવા માટે બહુ ઝાઝા દસ્તાવેજી પુરાવાની જરૂર નથી પડતી. ઉલ્લેખનીય છે કે સોનુ આ વર્ષે અત્યાર સુધીમાં ૧૭ ટકાથી વધુ મોંઘુ થઈ ચૂકયું છે. આ પરિસ્થિતિમાં એક ખબર મુજબ બેંકોએ બધી શાખાઓને હપ્તો ન ચૂકવનાર લોકોની ગોલ્ડ લોન રિન્યુ ન કરવાનું કહ્યું છે.

બેંકોએ ગ્રાહકોને નિર્દેશ આપ્યો છે કે તે ગોલ્ડ લોન લેનારા ગ્રાહકને લોનની

### ગોલ્ડ લોનનો હપ્તો ન ચૂકવનારા પાસે પૂરી રકમ વસૂલવાનો નિર્દેશ

રકમ ચૂકવવા અને લોન બંધ કરવાનું કહે, નહીં કે તેને રિન્યુ કરે.

**લોનનો હપ્તો ન ચૂકવવાનો ખેલ**

હંમેશા એવું જોવામાં આવ્યું છે કે



જો કોઈ શખ્સે ગોલ્ડ લોન લીધી છે ને તે કોઈ કારણથી માસિક હપ્તો નથી ચૂકવી શકયો, આ સમયમાં કેટલાક સમય બાદ લોનની રકમ વધુ જાય છે, જેની અસર ગ્રાહક પર પડે છે. જયારે સમયની સાથે ગોલ્ડની પણ કિંમત વધી જાય છે. આ પરિસ્થિતિમાં ગ્રાહક એ બ્રાન્ચ પાસે જાય છે. જયાં તેણે ગોલ્ડ લોન લીધી હોય છે, તે ત્યાં જઈને લોનને રિન્યુ કરાવી લે છે. આથી ગ્રાહકને ભારે નુકશાન અને હપ્તો ચુકી જવા પર મુકિત મળી જાય છે.

સામાન્ય રીતે ગ્રાહકને ગોલ્ડની કિંમત પર ૭૫ ટકા ગોલ્ડ લોન મળી જાય છે.

**રોકડા ન દેવાનો નિર્દેશ**

આરબીઆઈએ ગોલ્ડ લોન (અનુસંધાન છઠ્ઠા પાને)

વેચાણ-વટાવવાની પ્રક્રિયાની માહિતી 'બેંકની બૌધ્ધિક સંપત્તિ' હોવાનો દાવો

# ચૂંટણી બોન્ડનો મુદ્દો ફરી ઉખળ્યોઃ વેચાણ-વટાવ પ્રક્રિયા જાહેર કરવા SBIનો ઇન્કાર

નવી દિલ્હી, તા.૨૧

લોકસભાની ચૂંટણી પૂર્વે જ વિવાદ સર્જનાર અને સુપ્રિમ કોર્ટના આદેશથી પ્રતિબંધિત થયેલા ઇલેકટ્રોલ બોન્ડ (ચૂંટણી બોન્ડ)ના વેચાણ તથા વટાવવા સંબંધી પ્રક્રિયાની જાણકારી આપવાનો સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ફરી વખત ઇન્કાર કરી દીધો છે.

માહિતી અધિકાર કાયદા હેઠળ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી ચૂંટણી બોન્ડના વેચાણ તથા વટાવવા સંબંધી પ્રક્રિયાની જાણકારી માંગવામાં આવી હતી તે આપવાનો ઇન્કાર કરીને સ્ટેટ બેંકે એવો પુર્નોચ્ચાર કર્યો હતો કે આ માહિતી 'કોમર્શીયલ કોન્ફીડન્સ' ધરાવે છે અને બેંકની બૌધિક સંપત્તિ છે તે સંબંધી બેન્કની આંતરિક ગાઇડલાઇન્સ અત્યંત કડક છે.

સામાજીક કાર્યકર અંજલી ભારદ્વાજે ૪થી માર્ચે અરજી દાખલ કરીને ચૂંટણી બોર્ડના વેચાણ તથા વટાવવાની પ્રક્રિયાની વિગતો માંગી હતી. બેંકના ઇન્કાર બાદ ૩૦મી માર્ચે તેમના દ્વારા સ્ટેટ બેંકની એપલેટમાં





### ઇલેક્ટ્રોલ બોન્ડની તમામ વિગતો જાહેર કરવાના સુપ્રિમ કોર્ટના દાવા છતાં માહિતી છુપાવાતી હોવાનો આક્ષેપઃ મામલો રાષ્ટ્રીય માહિતી પંચમાં લઈ જવાની તૈયારી

અપીલ કરવામાં આવી હતી. સંતોષકારક પ્રતિભાવ ન મળતા હવે કેન્દ્રીય માહિતી પંચ સમક્ષ અપીલ કરવાનું નક્કી કર્યુ છે.

સ્ટેટ બેંકની એપલેટ ઓથોરીટીએ ૧૭ માર્ચે આપેલા જવાબમાં એમ કહ્યું હતું કે અરજદારે માંગેલી વિગતો બેંકની કોમર્શીયલ કોન્ફીડન્સની છે અને એટલે આપી ન શકાય. આ પ્રક્રિયામાં સામેલ સ્ટાફ માટે પણ કડક ઇન્ટરનલ ગાઇડલાઇન્સ હતી. એટલું જ નહીં, આ વિગતો બેંકની બૌધ્ધિક સંપત્તિ હોવાથી માહિતી અધિકાર કાયદાની કલમ ૮ (૧)(ડી) હેઠળ અરજી નકારવામાં આવે છે.

માહિતી અધિકાર કાયદાની કલમ ૮ (૧)(ડી) એમ સૂચવે છે કે કોમર્શીયલ કોન્ફીડન્સ, ટ્રેડ સિક્રેટ અથવા બૌધ્ધિક સંપતિની માહિતીથી ત્રીજા પક્ષને નુકશાન થઇ શકે તેમ હોય તો ઇન્કાર થઇ શકે છે. જો કે, જાહેર હિતમાં તે હોય તો આદેશ કરી શકે છે.

અંજલી ભારદ્વાજે કહ્યું કે સ્ટેટ (અનુસંધાન છઠ્ઠા પાને)



પ્રાણઘાતક અકસ્માત બાદ કોર્ટે 'નિબંધ' લખવાની સજા આપીને છોડી દીધો હતો

# ત્રણ કરોડની કાર હેઠળ બે લોકોને કચડી નાખનારા સગીરના પિતાની ધરપકડ

પુણેઃ તા.૨૧

મહારાષ્ટ્રના પુણેમાં શનિવારે રાત્રે એક ઝડપી પોર્શ કારે બે સોફ્ટવેર એન્જિનિયરોને કચડી નાખ્યા હતા. આ મામલે પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપી સગીરના પિતાની ધરપકડ કરી છે. તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્રના પુણેમાં શનિવારે રાત્રે પોતાની ઝડપે આવતી પોર્શ કારથી બે લોકોને કચડી નાખવાના કેસમાં સગીર આરોપીને

**ત્રણ મહિનાથી કારનું રજીસ્ટ્રેશન પણ કરાયું નહતું**

નીચલી કોર્ટે શરતો પર જામીન આપ્યા હતા. પોલીસે હવે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, શનિવારે રાત્રે રિયલ એસ્ટેટ એજન્ટનો સગીર પુત્ર તેની પોર્શ કારમાં મિત્રો સાથે પાર્ટી કરીને પરત ફરી રહ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓએ પોલીસને જણાવ્યું કે તેની પોર્શ કાર ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપે જઈ રહી હતી. કાર પર નંબર પ્લેટ પણ ન હતી. તે જ સમયે મધ્યપ્રદેશના બે એન્જીનીયર અનીશ આવડીયા અને અશ્વિની કોષ્ટા (અનુસંધાન છઠ્ઠા પાને)

# દેશની પ્રજા મારી ઉતરાધિકારીઃ નરેન્દ્ર મોદી





### બિહારની ચૂંટણી સભામાં વડાપ્રધાન ભાવુક બન્યા; વિપક્ષો મોદીની આંખોમાં આંસુ જોવા માંગે છે, પણ પરિણામ પછી વિરોધપક્ષો ઉડી જશે

નવી દિલ્હી, તા.૨૧

લોકસભાની ચૂંટણીના અંતિમ બે તબકકાના મતદાન માટે હવે પ્રચારનો દોર શરુ થયો છે. ત્યારે બિહારમાં પ્રચાર રેલીમાં વડાપ્રધાને એમ કહ્યું કે પોતાના કોઇ ઉતરાધિકારી નથી અને દેશની ૧૪૦ કરોડની પ્રજા જ પોતાની ઉતરાધિકારી છે.

બિહારમાં ચૂંટણી જાહેરસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે વિરોધપક્ષો ભ્રષ્ટાચારમાં ડુબેલા છે અને તૃષ્ટિકરણની રાજનીતિ કરે છે. જથી જુને ચૂંટણી પરિણામોમાં વિરોધપક્ષો ઉડી જશે.

તેઓએ અન્ય એક જાહેરસભામાં પણ વિરોધપક્ષો પર અનામત મુદ્દે લોકોમાં ભ્રમ ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો. આંબેડકર ન હોત તો (અનુસંધાન છઠ્ઠા પાને)

**જોઈએ છે : ડ્રાઈવર**
ફોર વ્હીલર (ફક્ત કાર) માટે અનુભવી ડ્રાઈવર જોઈએ છે
ફુલ ટાઈમ કે પાર્ટ ટાઈમ માટે
(ઉંમર ૪૦ થી ૬૦ વચ્ચે)
સંપર્ક : ૯૬૬૨૨ ૯૬૬૫૫

**વોક-ઈન ઈન્ટરવ્યુ** | સવારે ૯ થી સાંજે ૫
ITI ઈલેક્ટ્રીશીયન M
ITI ફીટર M
ઓનલાઈન QC ઈન્સ્પેક્ટર Diploma CIPET M
૨-૩ વર્ષના પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝના અનુભવી • કંપની તરફથી રહેવાની અને કેન્ટીનની સગવડ
Since 1988 Sagar POLYTECHNIK LIMITED Pipes | Fittings | Valves | Hoses
પ્લોટ નં. ૨૮૧૯/૨૬, લોધીકા જીઆઈડીસી, મેટોડા, રાજકોટ.
Mobile No. 70960 96834
Email: hr@sagarpolymers.com
www.sagarpolymers.com



# દેશની વિદેશ નીતિમાં ૩૬૦ ડિગ્રીનું પરિવર્તન



**ભારતીયો પોતાના સ્કિલ સેટ અને ટેકનિકલ નોલેજને લઈને ખૂબ જ જાણીતા છે. આથી વિશ્વભરના દેશો દ્વારા હાઈલી સ્કિલ્ડ ભારતીય યુવાનોની વધુને વધુ માંગ કરવામાં આવી રહી છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારતીય વેપારના આંતરરાષ્ટ્રીય વિસ્તૃતિકરણ માટે મોબિલિટી એગ્રીમેન્ટમાં વધારો થઈ રહ્યો હોવાનું જણાવ્યું છે.**

અમેરિકા, ચીન અને રશિયા બાદ હવે ભારત પણ સમગ્ર વિશ્વમાં પોતાના વર્ચસ્વ અને પ્રભાવને સાર્વજનિક રીતે પ્રસરાવી રહ્યું છે. વિશ્વભરમાં ભારતની બોલબાલા વધવા પાછળ વિદેશમાં રહેતા ભારતીયો અને ભારતથી વિદેશમાં સ્થાયી થઈ રહેલા ભારતીયો પણ ખૂબ જ મોટો ફાળો ભજવે છે. કારણ કે, હ્યુમન રિસોર્સ માટે ભારતીયો પોતાના સ્કિલ સેટ અને ટેકનિકલ નોલેજને લઈને ખૂબ જ જાણીતા છે. આથી વિશ્વભરના દેશો દ્વારા હાઈલી સ્કિલ્ડ ભારતીય યુવાનોની વધુને વધુ માંગ કરવામાં આવી રહી છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારતીય વેપારના આંતરરાષ્ટ્રીય વિસ્તૃતિકરણ માટે મોબિલિટી એગ્રીમેન્ટમાં વધારો થઈ રહ્યો હોવાનું જણાવ્યું છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરના આ નિવેદન બાદ એ વાત સાબિત થઈ ગઈ છે કે, વિશ્વભરમાં ભારતીય પ્રતિભાની માંગમાં વધારો થયો છે. જેથી વિશ્વના અનેક દેશો ભારત સાથે વ્યૂહાત્મક સંબંધો મજબૂત બનાવવા માંગે છે. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, હેલ્થકેર, એન્જિનિયરિંગ અને એકેડેમિક જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારતીય વ્યાવસાયિકોની નોંધપાત્ર સંખ્યા સાથે, ભારત લાંબા સમયથી વૈશ્વિક વર્કફોર્સમાં નોંધપાત્ર યોગદાન આપનાર દેશ છે. નાસકોમના એક અહેવાલ મુજબ, વૈશ્વિક આઉટસોર્સિંગ માર્કેટમાં એકલા ભારતીય IT ક્ષેત્રનું યોગદાન ૫૫% થી વધુ છે કે જેમાં ભારતીય IT એક્સપર્ટ્સ વિશ્વભરની મોટી ટેક કંપનીઓના વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

ભારતીય પ્રતિભાની માંગ માત્ર આઈટી સેક્ટર પૂરતી મર્યાદિત નથી. હેલ્થકેર ઉદ્યોગ, ખાસ કરીને યુનાઇટેડ સ્ટેટ્સ, યુનાઇટેડ કિંગડમ અને કેનેડા જેવા દેશો ભારતીય તબીબી વ્યાવસાયિકો પર ખૂબ આધાર રાખે છે. માઈગ્રેશન પોલિસી ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે યુ.એસ.માં જન્મેલી વસ્તીના ૪.૯% ભારતીયો છે કે જેમાંના નોંધપાત્ર લોકો હેલ્થકેર અને એન્જિનિયરિંગ જેવા ઉચ્ચ કૌશલ્ય ક્ષેત્રોમાં કાર્યરત છે.



**નાસકોમના એક અહેવાલ મુજબ, વૈશ્વિક આઉટસોર્સિંગ માર્કેટમાં એકલા ભારતીય IT ક્ષેત્રનું યોગદાન ૫૫% થી વધુ છે કે જેમાં ભારતીય IT એક્સપર્ટ્સ વિશ્વભરની મોટી ટેક કંપનીઓના વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ભારતીય પ્રતિભાની માંગ માત્ર આઈટી સેક્ટર પૂરતી મર્યાદિત નથી. યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગડમ અને કેનેડા જેવા દેશો હેલ્થકેર ઉદ્યોગમાં ભારતીય તબીબી વ્યાવસાયિકો પર ખૂબ જ આધાર રાખે છે.**

ભારતીય લોકોના કુશળ વર્કફોર્સના વ્યૂહાત્મક લાભને ઓળખીને, ભારત સરકાર વિવિધ દેશો સાથે મોબિલિટી એગ્રીમેન્ટની વાટાઘાટોમાં સક્રિય રહી છે. આ કરારો ભારતીય વ્યાવસાયિકો માટે વિદેશમાં કામ કરવા માટેની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે રચાયેલ છે કે જે ભારત અને યજમાન દેશો બંને માટે પરસ્પર લાભોની ખાતરી કરે છે.

એક નોંધપાત્ર ઉદાહરણ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વ્યાપક આર્થિક સહકાર કરાર (CECA) છે કે જેમાં વ્યાવસાયિકોની મોબિલિટી વધારવાની જોગવાઈઓ સામેલ છે. આ કરાર બંને દેશોની જોબ માર્કેટમાં સરળ એક્સેસની સુવિધા આપે છે. તેવી જ રીતે, મે ૨૦૨૧માં હસ્તાક્ષર કરાયેલ ઈન્ડિયા-યુકે માઈગ્રેશન એન્ડ મોબિલિટી પાર્ટનરશીપ (MMP)નો ઉદ્દેશ્ય યુકેમાં ભારતીય નાગરિકો માટે કામ અને અભ્યાસની તકો વધારવાનો છે

ભારતીય પ્રતિભા માટેની વૈશ્વિક માંગ અને મોબિલિટી કરારોની વધતી સંખ્યા ભારત માટે મહત્વપૂર્ણ વ્યૂહાત્મક અસરો ધરાવે છે. પ્રથમ, આ કરારો વિદેશમાં વૈકલ્પિક કારકિર્દીની તકો પૂરી પાડીને દેશની અંદર બેરોજગારી અને અલ્પ રોજગારીના મુદ્દાને ઉકેલવામાં મદદ કરે છે. વિશ્વ બેંકના જણાવ્યા અનુસાર, ભારતમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં અંદાજે ૧૮ મિલિયન ભારતીયો વિદેશમાં વસવાટ સાથે વિશ્વની સૌથી મોટી ડાયસ્પોરા વસ્તી ધરાવે છે. આ ડાયસ્પોરા માત્ર વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ફાળો આપે છે એટલું જ નહીં પરંતુ તે ૮૩ બિલિયન ડોલરની રકમનું નોંધપાત્ર રેમિટન્સ પણ ભારતમાં મોકલે છે.

બીજું, વિદેશમાં ભારતીય લોકોની અવરજવર ભારતની સોફ્ટ પાવરને વધારે છે. ભારતીય નાગરિકો વૈશ્વિક સ્તરે વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ દેખાવ કરે છે, તેઓ ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોના બિનસત્તાવાર રાજદૂત તરીકે સેવા આપે છે. આ સાંસ્કૃતિક મુત્સદ્દીગીરી મજબૂત દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપે છે અને શિક્ષણ, ટેકનોલોજી અને વેપારમાં સહયોગ માટેના નવા રસ્તાઓ ખોલે છે.

ભારતીય લોકોનું વિદેશમાં સ્થાયી થવું એ ભારત માટે કેટલાક પડકારો પણ ઊભા કરે છે. તેની પ્રાથમિક ચિંતાઓમાંની એક ચિંતા સંભવિત બ્રેઇન ડ્રેઇન છે કે જ્યાં કુશળ વ્યાવસાયિકોની હિજરત ભારતમાં જ પ્રતિભાની ઉપલબ્ધતાને અસર કરી શકે છે. જો કે, ભારત સરકાર સ્થાનિક સ્તરે એક મજબૂત ટેલેન્ટ પુલ બનાવવાના હેતુથી શૈક્ષણિક અને વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમોમાં રોકાણ કરીને આ મુદ્દાને હલ કરી રહી છે.

**લાઈવ WIRE**
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com



બીજો પડકાર એ સુનિશ્ચિત કરવાની જરૂરિયાત છે કે વિદેશમાં ભારતીય લોકોના અધિકારોનું રક્ષણ થાય. વિદેશ મંત્રાલય, EAM જયશંકરના નેતૃત્વ હેઠળ, વિવિધ રાજદ્વારી માધ્યમો અને સહાયક પ્રણાલીઓ દ્વારા ભારતીય કામદારોના હિતોની સુરક્ષા માટે સક્રિયપણે કાર્ય કરી રહ્યું છે. વર્તમાન ડિજિટલ પરિવર્તન અને રિમોટ વર્કના ઉદયને કારણે સરહદો પાર કામ કરી શકે તેવા કુશળ વ્યાવસાયિકોની માંગમાં વધારો થયો છે. આ સંદર્ભમાં, ભારત સરકાર વૈશ્વિક ધોરણોને પહોંચી વળવા શિક્ષણ અને કૌશલ્ય વિકાસની ગુણવત્તા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) ૨૦૨૦ જેવી પહેલોની તાજેતરની શરૂઆતનો ઉદ્દેશ ભારતની શિક્ષણ પ્રણાલીમાં બહુવિધ શિક્ષણ અને કૌશલ્ય વિકાસ પર ભાર મૂકીને પરિવર્તન કરવાનો છે. આ નીતિ વૈશ્વિક જોબ માર્કેટની વિકસતી માંગને પહોંચી વળવા સક્ષમ વર્કફોર્સનું નિર્માણ કરે તેવી અપેક્ષા છે. તદુપરાંત, ટેક્નોલોજી અને ઇનોવેશનના ક્ષેત્રમાં યુનાઇટેડ સ્ટેટ્સ, જાપાન અને જર્મની જેવા દેશો સાથે ભારતની વ્યૂહાત્મક ભાગીદારી ભારતીય લોકો માટે વધુ તકો ઊભી કરે તેવી શક્યતા છે. આ સહયોગ માત્ર જોબ પ્લેસમેન્ટ પૂરતો મર્યાદિત નથી પણ તેમાં સંયુક્ત સંશોધન અને વિકાસ પ્રોજેક્ટસ, સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેટર્સ અને શૈક્ષણિક વિનિમયનો પણ સમાવેશ થાય છે.

**વિદેશમાં ભારતીય લોકોની અવરજવર ભારતની સોફ્ટ પાવરને વધારે છે. ભારતીય નાગરિકો વૈશ્વિક સ્તરે વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ દેખાવ કરે છે, તેઓ ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોના બિનસત્તાવાર રાજદૂત તરીકે સેવા આપે છે. આ સાંસ્કૃતિક મુત્સદ્દીગીરી મજબૂત દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપે છે અને શિક્ષણ, ટેકનોલોજી અને વેપારમાં સહયોગ માટેના નવા રસ્તાઓ ખોલે છે.**

## સુવિચાર

જો ભગવાને તમારી પાસેથી કંઇ લઇ લીધુ હોય કે જેને તમે ક્યારેય ખોવાનો વિચાર પણ ના કર્યો હોય તો વિશ્વાસ રાખો કે એ કાંઇક એવું પણ આપશે જેને તમે ક્યારેય પામવાનો વિચાર પણ ન કર્યો હોય

## આજનું ચિંતન



### કદ નાનું,પ્રભાવ મોટો

ચિંગારીનું કદ ભલે નાનું હોય છે, પણ પ્રભાવ એનો બહુ મોટો હોય છે, જયારે કચરાના ઢેરનું કદ ભલે મોટુ હોય છે, પણ પ્રભાવના નામે એની પાસે કશું જ હોતું નથી.

ધર્મ તમારી પાસે ભલે નાનો છે, પણ તમને જો એનું આકર્ષણ ભારે છે, એના સેવનમાં તમે જો ભારે આનંદ અનુભવી રહ્યા છો તો તમારે ચિંતા કરવાની કોઇ જ જરૂર નથી. કારણ કે ચિંગારી જેવું પણ એનું કદ ભારે પ્રભાવશાળી બન્યું રહેવાનું છે.

જયારે જીવનમાં સેવાતાં પાપો જો વધુ હોય તો પણ જો તમને એમાં કોઇ રસ જ નથી તો તમારે ડરવાની જરૂર નથી. કારણ ?

## ખુશ રહેવાનો સૌથી સરળ ઉપાય

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

ખુશ રહેવાનો સૌથી સરળ ઉપાય પરમાત્મા બતાવે છે- આપના સંકલ્પો(સોચ) અને બોલ(શબ્દો) બન્ને સમાન બનાવો. જે સ્વયં વિચારો છો, તે જ બોલો છો તો કોઈ દુવિધા ઉત્પન્ન નથી થતી. જેવા અંતરમનથી છીએ તે જ બહાર વાણી, વર્તનમાં લાવીએ છીએ. વિચારની અને કરની સમાન છે, આથી સ્વયંને કોઈ નુકશાન નથી. યાદ રહે, જે વાત બોલવા યોગ્ય નથી તો પછી તે વિચારવા યોગ્ય પણ ન હોઈ શકે. ઉલ્ટું સ્વયંની કથની, કરણી સમાન હોવાથી, વધુ સહયોગ મળતા મનથી હલ્કા રહીશું. જો સમાન નથી તો અલગ અલગ લોકો સાથે મળતા અલગ અલગ બાબતો યાદ રાખવી પડે છે જે અશાંત કરે છે. 'આપની સચ્ચાઈ આપની સુરક્ષાકવચ બની જાય છે.' ઘણીવખત એવું બને કે બપોરે ભોજન બાદ તુરંત જ મહેમાન આવી જાય. હવે અંદરથી થાય કે જલ્દી જાય તો સારું! બહારથી ખોટો આગ્રહ કરીએ કે જમીને જાવ. આમ અંદરથી આપ મુશ્કેલી અનુભવશો, જેથી ખુશી ચહેરા પર આવી ન શકે. જ્યારે કે અંદર-બહાર એકસમાન, સાફ રહેવું જોઈતુ હતુ. તે સમયે સ્વયં જે વાયબ્રેશન પર હોઈશું તે જ રીતે સ્વયંની વાત મુખ દ્વારા આવશે. પરંતુ મહેનત કરીને આપ જુદું બોલવાની કોશિશ કરો છો તેની નકારાત્મક ઉર્જા સામેવાળાને પહોચે છે જરૂર. આમ ધ્યાન રહે કે- એ ન વિચારો જે નથી ઈચ્છતા. તો સ્વયંને દુઃખથી મુક્ત રાખી શકીશું.

જેવી રીતે માટીમાં દબાયેલા હીરાની ચમક, રોશની ઓછી દેખાય છે. પરંતુ જેવી તેના પરથી માટી સાફ થાય છે કે તુરંત તેનો પ્રકાશ ચારે તરફ ફેલાય છે, રોશની પ્રસરી જાય છે. તેવું જ આપણી આત્મા પણ આ ઈર્ષા, નફરત, સ્વાર્થ, વાસના, ક્રોધ, મોહ, અહંકાર જેવા વિકારોરૂપી માટી નીચે દબાયેલી છેઅર્થાત તેના ઓરીજીનલ પ્રકાશ વિશેષતા, શક્તિઓ અને ગુણો છૂપાયેલા રહે છેતેને પરમાત્માની સરળ રાજયોગ દ્વારાની યાદથી દૂર કરાતા જ આત્માની ચમક-દમક નીખરી ઉઠે છે. આત્મા પોતાના ગુણોને પ્રસારે છે, ખુશખુશાલ બની ઉડવા લાગે છે. હવે પસંદગી આપના હાથમાં છેકે આપ કેવી રીતે ખુશ રહેવા માંગો છો? બહારથી થોડીવારના ખુશી આપતા સાધનોના ઉપયોગથી કે પછી આત્મા પર લાગેલ કાટ(ઝંક)ને સદાકાળ માટે દૂર કરી લાંબા સમયની અનેક જન્મો સુધીની અવિનાશી ખુશીના સંસ્કારો ભરીને પ્રાપ્ત ખુશીથી!


આથી ત્રણ વાતો પર ધ્યાન રહે એક, પરમાત્માની યાદ રહે બીજું, જે વાતને ન બદલી શકાય તે પરમાત્માને સોંપી દઈને મનથી હલ્કા થઈ જઈએ અને ત્રીજુ કે, જે ડ્રામામાં હતુ તે જ થયુ છે. ડ્રામા કલ્યાણકારી હોવાથી મારું કદી અહિત થશે જ નહી આ નિશ્ચય જ આપણી ખુશી કદી ગાયબ થવા નહી દે.

# મસાલા વિવાદઃ કેન્દ્રે કહ્યું- તપાસ પ્રક્રિયા સખ્ત બનાવાશે

## એમડીએચ અને એવરેસ્ટ જેવી મોટી કંપનીઓના મસાલા હોંગકોંગ અને સિંગાપોરે રિજેકટ કરતા ભારતે લીધા પગલાં

નવીદિલ્હી તા.૨૧

સિંગાપોર અને હોંગકોંગમાં એમડીએચ અને એવરેસ્ટના મસાલામાં ઉઠેલા વિવાદ બાદ સરકારે નિકાસ થતા મસાલાની તપાસ પ્રક્રિયા કડક કરી દીધી છે. એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે આ કંપનીઓની ચાર પ્રોડકટસમાં એથિલીન ઓકસાઈડ હોવાને લઈને સવાલો ઉઠયા બાદ મસાલા બનાવનારી કંપનીઓ પાસેથી સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેથી ભારતીય મસાલાના બારામાં ઉઠેલી ચિંતાઓ દુર કરી શકાય.



ઉલ્લેખનીય છે કે સિંગાપોર અને હોંગકોંગે કથીત રીતે કિટનાશક એથિલીન ઓકસાઈડની માત્રા નિશ્ચિત ધોરણથી વધુ હોવાનો હવાલો આપીને એમડીએચ અને એવરેસ્ટની ચાર પ્રોડકટ્સને બજારમાંથી હટાવી લેવાનો નિર્દેશ આપ્યો હતો. ત્યાર બાદ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝિલેન્ડમાં પણ ઉત્પાદનો પર દેખરેખ વધારવામાં આવી. એમડીએચ અને એવરેસ્ટનું કહેવું છે કે તેમના ઉત્પાદનોની ક્વોલિટી ઠીક છે.

સરકારી અધિકારીએ કહ્યું હતું કે વિવાદ ઉઠયા બાદ હોંગકોંગ અને સિંગાપોર નિકાસ કરવામાં આવતા મસાલાની તપાસ અનિવાર્ય કરવા જેવા પગલા ઉઠાવવામાં આવ્યા.


તેમણે જણાવ્યું હતું કે બધા નિકાસકારો માટે ગાઈડલાઈન જાહેર કરાઈ છે કે તેઓ જે દેશોમાં નિકાસ કરે છે ત્યાં એથિલીન ઓકસાઈડના બારામાં જે પણ ધોરણો છે તેના હિસાબે પૂરી તપાસ માલ મોકલતા પહેલા કરાવી લે.

### શાખનો મામલો, કડકાઈ જરૂરી

નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૧.૪ કરોડ ટન મસાલાની નિકાસ કરનાર ભારત માટે આ મહત્વનો મામલો છે. સિંગાપોર અને હોંગકોંગે ભલે બાનના બદલે રિકોલનો આદેશ આવ્યો પણ આથી ભારતીય મસાલા પર ગંભીર સવાલ ઉભા થયા છે. કંપનીઓ જરૂરી તપાસ કરે અને સ્પાઈસેજ બોર્ડ તેમને સર્ટીફિકેટ આપવાની પ્રક્રિયા પણ કડક કરે કારણ કે આ શાખનો મામલો છે.

# સ્વરાશિ કુંભમાં ન્યાયના દેવતા શનિ મહારાજનું ગોચરઃ ત્રણ રાશિના જાતકો સાડાસાતીની પકડમાં

શનિની સાડી સાતી પનોતીનું નામ સાંભળતા જ લોકો પરેશાન થઇ જાય છે. કારણ જે રાશિઓ પર શનિની સાડી સાતી હોય છે તેમને ન માત્ર કરીયર અને બિઝનેસમાં નુકસાન સહન કરવું પડે છે. પરંતુ તેમની લવલાઇફમાં પણ ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે.



હાલમાં શનિ કુંભ રાશિમાં છે. ન્યાયના દેવતા તરીકે ઓળખાતો શનિ તા. ૧૩ જાન્યુઆરી-૨૩થી તેની પોતાની રાશિ કુંભમાં છે. શનિદેવ અહીં ૨૯મી માર્ચ-૨૦૨૫ સુધી બિરાજશે. હાલમાં ત્રણ રાશિમાં શનિની સાડા સાતી ચાલી રહી છે. શનિની સાડા સાતીથી બચવા તથા શનિને શાંત કરવા માટે કેટલાક ઉપાયો કરવા જોઇએ. ચાલો જાણીએ કઇ ત્રણ રાશિઓ શનિની સાડા સાતીથી પીડિત છે અને ખરેખર શનિની સાડા સાતી શું હોય છે ?

**કુંભ રાશિના જાતકોને કરીયરમાં આવતી અડચણો : મકર રાશિના જાતકોને વૈવાહિક જીવનમાં સમસ્યા : મીન રાશિના લોકોને સ્વાસ્થ્ય સહિત અનેક પરેશાનીઓ**

### કુંભ રાશિની કારકીર્દીમાં આવી રહી છે બાધાઓ

હાલમાં શનિ કુંભ રાશિમાં છે. આ શનિની સ્વરાશિ છે. કુંભ રાશિમાં શનિના નકારાત્મક પ્રભાવથી કુંભ રાશિના જાતકોનો કરીયરમાં અનેક અવરોધોનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને નોકરી કરતાં લોકોની મુશ્કેલી ઓછી થવાનું નામ નથી લેતી. જે લોકો પાસે નોકરી નથી તેઓ નવી નોકરી મેળવી શકતા નથી અને જેઓ નોકરી કરે છે તેઓ મહેનત કરવા છતાં પ્રગતિ કરી શકતા નથી. સાથે જ બિઝનેસ સાથે જોડાયેલા લોકોને પણ સતત નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે. આ બધુ કુંભ રાશિના શનિની સાડા સાતીના પ્રભાવના કારણે થઇ રહ્યું છે.

### મકર રાશિના વૈવાહિક જીવનમાં અડચણો

મકર રાશિના જાતકો તેમના વૈવાહિક જીવનમાં સતત અવરોધોનો સામનો કરી રહ્યા છે. શનિની સાડા સાતીની અસરથી પતિ-પત્ની વચ્ચે સુમેળની સમસ્યા જોવા મળી રહી છે. શનિની સાડા સાતીનો એક નકારાત્મક પ્રભાવ એ પણ હોય છે કે વ્યકિત ખુબ ગુસ્સે થઇ જાય છે. અહંકારથી ભરાઇ જાય છે જે કારણથી શનિની સાડા સાતીથી પીડિત વ્યકિત વાતને સમજી શકતો નથી અને દરેક વાત પર ક્રોધ કરે છે. આ કારણથી લગ્ન જીવનમાં ગેરસમજ ઉભી થાય છે. પ્રેમ સંબંધોમાં સમસ્યા ઉભી થાય છે. મકર રાશિના જાતકોને તેમના કરીયરમાં કોઇ ખાસ સફળતા ન મળે.

### મીન રાશિ માટે સ્વાસ્થ્ય સંબંધીત સમસ્યાઓ

શનિની સાડા સાતીનો પ્રભાવ આ રાશિના જાતકોને બિઝનેસ, નોકરી, આવક, વૈવાહિક જીવનની સાથે સ્વાસ્થ્ય પર પડે છે. હાલમાં મીન રાશિના લોકો શનિની સાડા સાતીની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. તેમજ સ્વાસ્થ્ય સંબંધીત અનેક સમસ્યાઓને સામનો કરી રહ્યા છે. શનિની સાડા સાતી કોઇપણ ગંભીર બીમારી અથવા લાંબી બીમારી પણ પીડા આપવાનું શરૂ કરી શકે છે આ રાશિના લોકો આ સમયે તેમની કારકીર્દીમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને નોકરીયાત વર્ગને અપેક્ષા મુજબની પ્રગતિ મળી રહી નથી.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ સુદ-૧૪, તા.૨૨/૫/૨૪, બુધવાર

સૂર્યોદય : ૬-૦૬, સૂર્યાસ્ત : ૭-૨૦, જૈન નવકારશી : ૬.૫૪
રાશિ : તુલા(ર.ત.), ૨૯.૫૫થી વૃષભ (બ.વ.ઉ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃષભ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-વૃષભ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-તુલા


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** સામાજિક કાર્યમાં સફળતા મળી શકે છે, વ્યવસાય અંગેના નવા જોડાણોથી લાભ રહે.
**વૃષભ :** આવક વધારવાના પ્રયત્નો ફળવાના, નવી યોજના બાબત ભાગીદારો સાથે વિચાર વિમર્શ થાય, આત્મવિશ્વાસમાં વધારો થવાનો.
**મિથુન :** ભાઈ બહેનો સાથે સુમેળ રહે, દિવસ દરમ્યાન નોકરીમાં પ્રમોશનની શકયતા ઉભી થાય, બ્લડ પ્રેસર જેવી તકલીફો બાબત જાળવવું.
**કર્ક :** રાજકારણમાં અનુકુળતા રહેશે, સર્જનાત્મક કાર્યોમાં રૂચી વધવાની, ભાઈ-બહેનોથી સહકાર રહે, નોકરીમાં કોઈ પરિવર્તન ન કરવું.
**સિંહ :** મિલ્કત બાબત લાભ રહેવાનો, નિર્ણયો બાબત મકકમતા કેળવજો, ધાર્મિક કાર્યમાં સફળતા, નોકરીમાં સ્થાનફેરની શકયતા રહેવાની.
**કન્યા :** નોકરીમાં સ્થિરતા રાખવી જરૂરી, બિનજરૂરી ઉતેજનાથી દુર રહેજો, શેર સટામાં જાળવવું, કર્જ કરીને કોઈ સાહસ ન કરવું.
**તુલા :** કોઈપણ કામ શાંતિથી વિચાર કરીને કરવાની સલાહ છે, સહકાર્યકરોને સમજવાની જરૂર છે.
**વૃશ્ચિક :** ઘણી બધી યોજનાઓ બનાવશો અને તેમાં સફળ પણ થશો, એકાગ્રતાની સફળતા માટે જરૂર છે.
**ધન :** વધુ પડતો વિશ્વાસ કોઈ ઉપર ન રાખવો, વિદેશથી લાભ, નાણાકીય પ્રશ્નોને લઈને તનાવ રહેવાનો.
**મકર :** વિચારોમાં અટવાયેલા રહેવાને બદલે, મનને શાંત રાખવાની કોશીષ કરો જરૂરથી સફળતા મળવાની છે.
**કુંભ :** તમાર જાત સાથે વાતચીત કરીને નિર્ણય લેવો, એકાંતથી દુર રહેજો, પ્રવાસ થાય.
**મીન :** લાગણીઓને કાબુમાં રાખજો, સહમિત્રો કે કર્મચારી વર્ગનો સહકાર રહે, ધાર્મિક યાત્રા પ્રવાસ થાય.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. જયા બચ્ચનના સસરા (૯)
૫. શૈતાન ફિલ્મ કઇ ગુજરાતી ફિલ્મ પરથી બની ? (૨)
૭. પાણીમાં સર્જાતા વર્તુળ (૩)
૯. સેલેરી (૩)
૧૦. કાળીમસ-ઉંધુ લખો (૪)
૧૧. ...દાર, ...ચોર (૨)
૧૩. સરપદડ એટલે... વગરનું નામ (૫)
૧૫. ...દાર, ...દાન (૨)
૧૭. ચાચા (૨)
૧૮. હિન્દી ફિલ્મોની ડ્રીમગર્લ (૫)
૨૦. ઘુસપુસ, આપસી કાનાફુસી (૪)
૨૨. ...ઝામ (૨)
૨૩. શાહરૂખ ખાનની એક ફિલ્મ (૫)
૨૬. તેનું એ પગલુ અત્યંત ... હતું (૪)
૨૭. પહેલા થિયેટરોમાં બાલ્કની ...ની વ્યવસ્થા રહેતી (૫)

### ઉભી ચાવી

૧. ગુજરાતીના સૌથી લોકપ્રિય (સ્વ.) નવલકથાકાર (૮)
૨. વંશવેલો (૪)
૩. એક અટક (૩)
૪. કિર્તી (૨)
૬. ઈલાજ (૪)
૮. લેન્ડલોર્ડ (૬)
૧૧. એક જ અક્ષર આવશે (૩)
૧૨. મનની ઇચ્છાઓ (૫)
૧૪. દાળમાં ...પત્ર નખાય (૩)
૧૬. બધા જ (૩)
૧૯. એક નંગ (૩)
૨૧. સરખેસરખા (૪)
૨૪. અંકલ (૨)
૨૫. એક રંગ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | ર | સો | ત | મ | રૂ | પા | લા | | ક |
| | | ડ | | ત | પ | | | મો | ર |
| મ | નો | મ | ન | | જી | ગ | ર | | ક |
| ર | મ | | | અ | વિ | ના | શ | વ્યા | સ |
| દા | | થૂં | ક | દા | ની | | અ | પા | ર |
| ન | ટ | | મ | | | શા | વ | ર | |
| ગી | | બા | | મ | નો | હ | ર | | સં |
| | પિ | રો | ટ | ન | ટા | પુ | | ચા | તા |
| | ત | ટ | | મો | | ર | કત | ચા | પ |
| પ | ળ | | અં | જી | ર | | મુ | | |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )






મનપાની આરોગ્ય શાખા દ્વારા ઉનાળામાં સૌથી મોટો દરોડો પાડવામાં આવ્યો છે. ટુટી-ફુટી અને જેલી બનાવવા ઉપયોગમાં લેવાતું પપૈયાનો મોટો જથ્થો ધુળ જેવી જગ્યામાં રાખવામાં આવતો હોય તંત્રએ કોઠારીયામાંથી આવું ઉત્પાદન કરતું એકમ પકડીને જથ્થાનો ગાર્બેજ વાનમાં નાશ કર્યો હતો. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

# કોઠારીયામાંથી ટુટી-ફુટી, જેલી બનાવવા વપરાતો ૨૦ હજાર કિલો પપૈયાનો જથ્થો ધુળમાં પડેલો મળ્યો

## ઓમ ઈન્ડ. એરીયાના પટેલ મહિલા ગૃહઉદ્યોગમાં આરોગ્ય વિભાગ ત્રાટકયો : કાચા અને તૈયાર માલ ફરતે કરોળીયાના જાળા જોવા મળ્યા : કામદારો સહિતના સ્ટાફના મેડીકલ સર્ટીફીકેટ પણ ન હતા

## પૂરા શહેરમાં પાન, ગોલા, આઈસ્ક્રીમમાં વપરાતી ટુટી–ફુટી બનાવવા ખતરનાક સિન્થેટીક કલરનો ઉપયોગ : પીવાના પાણીનું પ્રમાણપત્ર ન હતું : ટાંકામાં ગંદકી : ચાર નમુના પણ લેતુ ફુડ તંત્ર

રાજકોટ, તા. ૨૧

મીઠા મસાલાવાળા પાન, ગોલા, આઇસ્ક્રીમ સહિતની બનાવટમાં ઉપયોગમાં લેવાતી અને બાળકોની પ્રિય એવી ટૂટી-ફૂટી અને જેલીનું ઉત્પાદન કરતા કોઠારીયા રોડના ઔદ્યોગિક વિસ્તારમાં આવેલા કારખાનામાં મહાપાલિકાની આરોગ્ય શાખાએ દરોડો પાડતા બિનઆરોગ્યપ્રદ રીતે બનાવાયેલો અને અખાદ્ય એવો ૨૦ હજાર કિલો જેટલો કાચા પપૈયાનો માલ મળી આવ્યો હતો. જેનો સ્થળ પર નાશ કરી તંત્ર દ્વારા ટૂટી-ફૂટી, જેલીના કુલ ચાર નમુના લઇ લેબોરેટરી પરીક્ષણમાં મોકલવામાં આવેલ છે.

પટેલ મહિલા ગૃહ ઉદ્યોગ નામના આ એકમમાં પપૈયામાંથી બનતી ટૂટી-ફૂટી સાથે જમીન પર આડેધડ રાખવામાં આવેલો કાચા પપૈયાનો માલ ૨૦ ટન મળી આવ્યો હતો. આ જગ્યા પર બોરના પાણીના રીપોર્ટ, રજીસ્ટરમાં નોંધ, ઉત્પાદન સ્થળે ધુળ, કરોળીયાના જાળા સહિતની હાલત જોવા મળી હતી. જેનાથી લોકોના પેટમાં કેવી વસ્તુઓ પહોંચતી હશે તેનો અંદાજ આવે છે.

આ દરોડા અંગે આરોગ્ય વિભાગે જાહેર કરેલી વિગત મુજબ ફૂડ વિભાગની ટીમ સાથે આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણી, ડેઝી. ઓફિસર ડો. હાર્દિક મેતા, ફૂડ સેફ્ટી ઓફિસર કે.એમ.રાઠોડ, કે.જે.સરવૈયા, સી.ડી.વાઘેલા તથા આર.આર.પરમાર સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ખોખડદડી નદીના કાંઠે, કોઠારીયા રિંગ રોડ, નેશનલ હાઇ વે-૮ઇ, ઓમ ઇન્ડ. એરીયામાં આવેલ જયેશભાઇ પરસોતમભાઇ સાવલીયાની માલિકી પેઢી પટેલ મહિલા ગૃહ ઉદ્યોગમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

આ પેઢીમાં વિવિધ ફલેવરના સિન્થેટીક કલરનો ઉપયોગ કરીને ટૂટી-ફૂટી તેમજ જેલીનું ઉત્પાદન કરી વેચાણ કરતાં હોવાનું ખુલ્યુ હતું. સાથે જ (૧)ઉત્પાદન સ્થળે ખુલ્લામાં પ્રોસેસિંગ થતું જોવા મળેલ, જેમાં છાપરા, ફ્લોરિંગ તથા ઉપયોગમાં લેવાતો ટાંકો ગંદકી યુક્ત તથા તૂટેલી હાલતમાં, (૨)સંગ્રહ કરેલ કાચો માલ તથા તૈયાર કરેલ ખાદ્યચીજોનું સ્ટોરેજ અનહાઇજેનિક કન્ડિશનમાં, સ્થળ પર ધૂળ ચીકાશ અને કરોળિયાના જાળા, (૩)રો-મટિરિયલ માટે કાચો માલ-કાચા પપૈયાંના કટકા કરીને જમીન પર રાખેલો (૪)કામદારો, ફૂડ હેન્ડલર્સના મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરેલ કરેલ નથી (૫)ઉત્પાદનમાં સ્થળ પર જવાબદાર ટેકનીકલ પર્સનની ગેરહાજરી બેચવાઇઝ ઉત્પાદન અંગેના રજીસ્ટર નિભાવેલ નથી તથા (૬)ઉપયોગમાં લેવાતા બોરના પાણીનો રિપોર્ટ રજૂ ન કરતા આ બેદરકારીઓનું રોજકામ કરવામાં આવ્યું હતું.

આ એકમમાં સંગ્રહ કરેલ જથ્થા પૈકી અનહાઇજેનિક રીતે સંગ્રહ કરેલ ફરમેન્ટેડ પપૈયાંનો તથા જમીન પર રાખેલ કાચા પપૈયાં મળીને અંદાજીત કુલ ૨૦,૦૦૦ કિલો (૨૦ ટન) જથ્થો આરોગ્યની દ્રષ્ટિએ માનવ આહાર માટે યોગ્ય ન હોવાનું ધંધાર્થીએ સ્વીકાર્યુ હતું. ઉપરાંત આરોગ્ય અધિકારીની સૂચના મુજબ ઉત્પાદન અનહાઈજેનિક કન્ડિશનમાં થતું હોય સોલીડ વેસ્ટ વિભાગના કોમ્પેકટ વાહન સ્થળ પર લાવી તેનો નાશ કરવામાં આવ્યો હતો.

**નમુના લેવાયા**

આ એકમમાં સ્થળ પરથી ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ -૨૦૦૬ મુજબ કુલ ૪ નમૂના લેવામાં આવ્યા છે. (૧)ટૂટી ફૂટી (લુઝ-ગ્રીન) (૨) જેલી ક્યુબ્સ (ઓરેન્જ ફલેવર-લુઝ) (૩)ટૂટી ફૂટી (લુઝ-રેડ) (૪)જેલી ક્યુબ્સ (પાઈનેપલ ફલેવર- લુઝ) પરીક્ષણમાં મોકલી રીપોર્ટ પરથી આગળની કાર્યવાહી કરાશે તેમ અધિકારીએ જણાવ્યું હતું.



# ૪૫૦ ટન વજનનું પ્રેશર વેસલ લઈ જતું ૧૯૮ વ્હીલનું ટ્રેલર બ્રિજ નીચે અટવાયું

દહેજથી ૪૫૦ ટન વજનનું પ્રેશર વેસલ લઈને ૧૯૮ વ્હીલનું ટ્રેલર નિકળ્યું હતું જે વડોદરા પાસે ભીમપુરા રેલ્વે ઓવરબ્રીજ પાસે અટકી કયું હતું. એક સપ્તાહથી બ્રિજ નીચે અટકેલ ટ્રેલર હવે રોડ ખોદીને બ્રીજની નીચેથી પસાર કરી કાઢવામાં આવશે. મોટા કદનું ૧૦ એપ્રિલે નિકળેલ ટ્રેલર ઉંચુ હોવાથી બ્રીજ નીચે ફસાઈ ગયું હતું. ત્યારે હવે કંપની દ્વારા રેલ્વે તેમજ જરૂરી વિભાગોની મંજુરી મેળવીને આજ સાંજથી રોડ ખોદવાનું શરૂ કરવામાં આવશે. રોડને ઉંડો કર્યા બાદ પ્રેસર વેસલને બ્રિજ નીચેથી પસાર કરવામાં આવશે.

# જુનથી આકરા નિયમોઃ ઓવરસ્પીડ વાહનમાં રૂા.૨૦૦૦ નો દંડઃ સગીર પકડાશે તો ૨૫ વર્ષ સુધી લાયસન્સ નહીં મળે

## વાહન વ્યવહાર વિભાગ દ્વારા નવા નિયમો લાગુ કરવાના ચક્રો ગતિમાન

રાજકોટ તા.૨૧

ગુજરાતમાં વાહનોની વધતી સંખ્યા વચ્ચે ટ્રાફીક નિયમન પડકારજનક બની ગયુ છે અને મહાનગરોથી માંડીને નાના શહેરો સુધી ટ્રાફીકનાં પ્રશ્નો છે ત્યારે વાહન વ્યવહાર વિભાગ દ્વારા આગામી જુનથી કેટલાંક નિયમો વધુ સરળ બનાવવાનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. જે અંતર્ગત સગીર વ્યકિત વાહન ચલાવતો પકડાશે તો ભારેખમ દંડ ઉપરાંત ૨૫ વર્ષ સુધી લાયસન્સ ન મળે તેનો નિયમ લાગુ થશે. ઉપરાંત બેફીકરાઈથી અને ઓવરસ્પીડ વાહન ચલાવવા બદલ દંડની રકમ ૨૦૦૦ સુધીની વસુલાશે.

આરટીઓ દ્વારા ટુંક સમયમાં દરેક માટે ડ્રાઈવીંગ માટેનાં નવા નિયમો લાગુ કરવામાં આવશે. આવી સ્થિતિમાં તે લોકો માટે પણ મુશ્કેલી વધી છે. આજકાલ દરેક વ્યકિત પાસે પોતાનું વાહન છે.પરંતુ હવે આ સુવિધા દુવિધામાં પરિવર્તીત થઈ છે.વધતો ટ્રાફીક લોકો માટે માથાનો દુ:ખાવો થયો છે. ત્યારે ટ્રાફીકનાં નિયમોનું કડકાઈથી પાલન થાય અને નવા નિયમોથી ટ્રાફીક સમસ્યા હળવી કરવા ૧ જુનથી પરિવહન સંબંધીત નવા નિયમો લાગુ કરવામાં આવશે. આ ઉપરાંત દંડમાં પણ વધારો થશે અને ફરજીયાત પણે દંડ ભરવો પડશે. નિયમ તોડનારે ૨૫ હજાર સુધીનો દંડ ભરવો પડી શકે છે.



સ્પીડ અને ઓછી ઉંમરના વાહન ચલાવવા માટે ભારે દંડ ભરવો પડશે. નિયમો અનુસાર કોઈ વ્યકિત વધુ ઝડપે વાહન ચલાવે છે તો તેને ૧૦૦૦ થી ૨૦૦૦ રૂપિયા સુધીનો દંડ ભરવો પડશે.તેમજ સગીર વાહન ચલાવશે તો ૨૫૦૦૦ રૂપિયાનો દંડ ભરવો પડશે. આ નિયમ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના વ્યકિતને લાગુ થશે. તેમજ વાહન માલીકનું ડ્રાઈવીંગ લાયસન્સ પણ રદ થશે. અને સગીરને ૨૫ વર્ષની ઉંમર સુધી લાયસન્સ આપવામાં આવશે નહિં.

# CA ની પરીક્ષા પદ્ધતિમાં મોટો ફેરફારઃ હવેથી આઠ નહીં ચાર વિષયની જ પરીક્ષા લેવાશે

## ચાર વિષયની પરીક્ષા ઓનલાઈન લેવાશેઃ દેશના ૧૫૦ સેન્ટરો પર ઓનલાઈન પરીક્ષાનું આયોજન

નવીદિલ્હી,તા.૨૧

લોકસભાની ચૂંટણીને પગલે અગાઉ સીએની પરીક્ષાઓની તારીખમાં ફેરફાર કરવામા આવ્યો હતો. તો હવે પરીક્ષા પદ્ધતિમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. અત્રે જણાવીએ કે, ચાર વિષયની ઈઅની પરીક્ષા ઓનલાઈન લેવાશે



ચાર વિષયની ઓનલાઈન પરીક્ષા લેવાની હોવાથી તે ટેસ્ટ માટે પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઈન્ટરમીડિયેટ અને ફાઈનલમાં ચાર પેપર ઘટાડયા પણ છે.

આઠ પેપરને બદલે હવે ફક્ત છ પેપર લેવાશે તેમજ ઘટાડેલા ચાર પેપરની પરીક્ષા ઓનલાઈન લેવાનો નિર્ણય લીધો છે. દેશના ૧૫૦ સેન્ટરો પર ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ધ ઇન્સ્ટિટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઇન્ડિયા દ્વારા લોકસભાની ચૂંટણીને લઇને મે માસમાં લેવાનારી પરીક્ષાઓની તારીખમાં ફેરફાર કરી હતી. જે બાદ હવે પરીક્ષા પદ્ધતિમાં પણ ફેરફારની જાહેરાત કરવામાં આવી છે.

# વાવણી પહેલા જ કઠોળ-ડુંગળીની ખરીદી માટે રજીસ્ટ્રેશન થશે

## ભાવ વધારો રોકવા સરકારનો નવતર પ્રયોગઃ બજારભાવ વધુ હોય તો ખેડૂતોને ખુલ્લા માર્કેટમાં પણ વેંચાણનો વિકલ્પ

રાજકોટ,તા.૨૧

કેન્દ્ર સરકારે ખરીફ પાક ડુંગળી, તુવેર અને અડદની ખરીદી માટે અગાઉથી ખેડૂતોની નોંધણી શરૂ કરી છે.જેનો હેતુ બફર સ્ટોક રાખવા અને ભાવમાં ઘટાડો કરવાનો છે. સહકારી નાફેડ અને નેશનલ કો-ઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા જેવા એજન્સીઓએ ખેડૂતોને આગામી મહિને શરૂ થનારી, ખરીફ પાકની વાવણી પહેલા ગ્રાહક બાબતોના મંત્રાલયના પોર્ટલ પર નોંધણી કરવાની રહેશે.ખેડૂતોની નોંધણી દ્વારા વિભાગ પાકના કદનું મુલ્યાંકન કરી શકે છે.જે ડુંગળી અને કઠોળ જેવી ચીજવસ્તુઓના સંગ્રહ અને નિકાલની વ્યવસ્થા જેવી લોજિસ્ટિકલ વ્યવસ્થા કરવામાં




એજન્સીઓને તૈયાર કરવામાં મદદ કરશે.જો કે પોર્ટલ પર નોંધણી કરવા છતા ખેડૂતો તેમની ચીજવસ્તુઓ ખાનગી વેપારીને વેચવા માટે મુકત હશે.જો તેઓ સરકારી એજન્સીઓ કરતા વધુ ભાવ ઓફર કરે તો વેચાણ કરી શકે છે.નાફેડ અને એનસીસીએફ મોટેભાગે રાજસ્થાન મધ્યપ્રદેશ કર્ણાટક અને મહારાષ્ટ્રમાં કઠોળના ખેડૂતો પાસેથી ભાવ સમર્થન યોજના હેઠળ ખરીદે છે જેનો ઉદ્દેશ્ય ખેડૂતો લઘુત્તમ ટેકાના ભાવ મળે તેની ખાતરી કરવા માટે કઠોળ અને તેનીબિયા ખરીદવાનો છે.જયારે ખેડૂતો તેમજ ગ્રાહકોને સુરક્ષિત રાખવા માટે કૃષિ બાગાયતી ચીજવસ્તુઓના ભાવમાં અસ્થિરતા ચીજવસ્તુઓના ભાવના અસ્થિરતાને ચકાસવાના હેતુથી ભાવ સ્થિરકરણ ફંડ હેઠળ મોટાભાગે મહારાષ્ટ્રમાં ખેડૂતો પાસેથી ડુંગળી ખરીદવામાં આવે છે.

બફર સ્ટોક માટે એનસીસીએફએ વર્ષ દરમ્યાન ખેડૂતો પાસેથી રૂા.૧૭-૨૦ પ્રતિ કિલોના ભાવે રવિ ડુંગળીની ખરીદી શરૂ કરી છે. સરકારે વર્તમાન નાણાકીય વર્ષમાં બફર માટે ૫ લાખ ટન ડુંગળી ખરીદવાનો નિર્ણય કર્યો હતો.ભાવ વધારાને રોકવા મદદ મળશે.

# છુટક ફુગાવો ૧૧ મહિનાનાં નીચા સ્તરે આવી ગયો છતાં શાકભાજી-કઠોળનાં ભાવો ઉંચા રહ્યા

નવીદિલ્હી,તા.૨૧

એકંદરે છૂટક ફુગાવો એપ્રિલમાં ૪.૮ ટકાના ૧૧ મહિનાના નીચા સ્તરે આવી ગયો. પરંતુ શાકભાજી અને કઠોળના ભાવ ઉંચા રહ્યા છે.

ઉત્તર ભારતના રાજ્યોમાં આ સમયે ગરમીના કારણે સ્થિતિ વધુ ખરાબ છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાન સહિત ઉત્તર પશ્ચિમ મેદાનોમાં તાપમાન ૪૫ ડિગ્રીને પાર કરી ગયું છે. અસહ્ય ગરમીની સાથે ગરમીનું મોજું પણ ચાલી રહ્યુ છે.

તેની સીધી અસર શાકભાજી અને કઠોળના ભાવ પર પણ જોવા મળી રહી છે. શાકભાજી અને કઠોળના ભાવ પહેલાથી જ ઊંચા હતા. છેલ્લા કેટલાક મહિનાઓમાં વધતી માંગ અને ઘટતા પુરવઠાને કારણે શાકભાજીના ભાવ આસમાને પહોંચી રહ્યા છે. હવે આ કાળઝાળ



**ગરમીના કારણે શાકભાજીની ઓછી આવક સામે ભાવો આસમાનેઃ લસણ,આદુ, સહિત કઠોળનો ફુગાવો ૨ અંકમાં પહોંચ્યો**

ગરમીએ ભાવમાં ઉછાળો લાવી દીધો છે. બટાટા, ટામેટા, ડુંગળી, આદુ અને લસણના ભાવમાં ઝડપથી વધારો થયો છે. જેના કારણે લોકોના રસોડાના બજેટમાં નોંધપાત્ર વધારો થયો છે.

શાકભાજીનો ફુગાવો સૌથી વધુ અસ્થિર છે. ગરમીના મોજા, ભારે વરસાદ અને પાકની નિષ્ફળતા જેવા અનિયમિત હવામાનના કારણોને લીધે તે વધે છે. જ્યારે ખરાબ હવામાન આવે છે, ત્યારે પુરવઠાને અસર થાય છે અને ભાવ વધે છે. જોકે, એપ્રિલમાં એકંદર રિટેલ ફુગાવો ઘટીને ૪.૮ ટકાના ૧૧ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. પરંતુ શાકભાજી અને કઠોળના ભાવ ઉંચા રહ્યા છે. ઉદાહરણ તરીકે, લસણ અને આદુનો ફુગાવો માર્ચ અને એપ્રિલમાં ત્રણ આંકડામાં હતો. વાર્ષિક ધોરણે લસણનો ફુગાવો ૧૧૦.૧% હતો. જ્યારે આદુ ૫૪.૬% હતું. બટાટાનો ફુગાવો ૫૩.૬%, ડુંગળીનો ૩૬.૬% અને ટામેટાંનો ૪૧.૮% હતો. એપ્રિલના ડેટા અનુસાર, કઠોળમાં અરહર અને તુવેરનો ફુગાવો ૩૧.૪%, અડદનો ૧૪.૩%, ચણા દાળનો ૧૩.૬% અને આખા ચણાનો ૧૪.૬% હતો. એપ્રિલમાં ચિકન ફુગાવો પણ ૧૪%ની આસપાસ બે આંકડામાં હતો.

કઠોળ અને શાકભાજીની માંગ સતત વધી રહી છે, જ્યારે પુરવઠો ધીમો છે. ખરાબ હવામાનની શાકભાજીના ભાવ પર મોટી અસર પડે છે. જો ગરમીનું મોજું ચાલુ રહેશે તો ભાવમાં નોંધપાત્ર વધારો થશે. નિષ્ણાતોના મતે ટૂંકા ગાળામાં ઊંચા ભાવને કાબૂમાં લેવા શાકભાજી અને કઠોળની આયાતને ઉદાર બનાવવી જોઈએ. તે જ સમયે, આરબીઆઈનું કહેવું છે કે રવિ ઘઉંનું રેકોર્ડ ઉત્પાદન ભાવ પરનું દબાણ ઘટાડવામાં અને બફર સ્ટોકને ફરી ભરવામાં મદદ કરશે.

# દિલ્હી બાદ હવે સિક્કિમમાં ટ્રાફિક મેનેજમેન્ટ માટે AI આધારિત સિસ્ટમ લાગુ કરાશે

## વાહનોની સંખ્યા આધારે ગ્રીન કે રેડ લાઇટ્સના સમયમાં ફેરફાર



નવી દિલ્હી, તા.૨૧

વર્તમાન આધુનિક ટેકનોલોજીનાં યુગમાં હવે રોજબરોજના જીવનમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ) ઉપસ્થિતિ સતત વધી રહી છે.

પૂર્વોત્તરના રાજ્ય સિક્કિમમાં આવતા શનિવારથી ટ્રાફિક મેનેજમેન્ટ માટે એઆઇ આધારિત સિસ્ટમ લાગુ થઇ જશે. આ સાથે દિલ્હી પછી સિક્કીમ દેશનું બીજું એવું રાજ્ય બનશે જ્યાં ટ્રાફિક મેનેજમેન્ટ માટે એઆઇની મદદ લેવામાં આવી હોય. આ સિસ્ટમ લાગુ થતાં રસ્તા પર વાહનોની સંખ્યાના આધારે ટ્રાફિક-સિગ્નલ પર ગ્રીન કે રેડ લાઇટ્સના સમયમાં ફેરફાર થશે.

સાથે જ ગેરકાયદે વાહનોની ઓળખ પણ કરી શકાશે. આ પહેલાં દિલ્હીમાં ટ્રાફિક-સિગ્નલ્સ પર એઆઇ થી સજજ કેમેરા બેસાડવામાં આવ્યા હતા. હવે આ સિસ્ટમ સિક્કિમમાં લાગુ થવા જઇ રહી છે.

# જામનગર-કચ્છ-મોરબીના એસટી મુસાફરોએ હવે મોટા ચક્કર કાપવા પડશેઃ ભાડા પણ વધશે

રાજકોટ, તા.૨૧

રાજકોટના જામનગર રોડ ઉપર આવેલ સાંઢીયા પુલનાં નવનિર્માણ અર્થે આવતીકલાથી પોલીસ કમિશનરનાં જાહેરનામા મુજબ પુલને બંધ કરવામાં આવનાર છે. આથી રાજકોટથી ઉપડતી એસ.ટી. બસોનાં રૂટમાં ફેરફાર થનાર છે. હવે આવતીકાલથી એસ.ટી.ની બસો રૈયા રોડ થઇને ચાલશે.

આ અંગે રાજકોટ એસ.ટી.ના વિભાગીય નિયામક જે.બી. કલોતરાના જણાવ્યા મુજબ આવતીકાલથી સાંઢીયા પુલ બંધ થઇ રહ્યો છે. આથી રાજકોટથી મોરબી-ભુજ-જામનગર અને દ્વારકા તરફ અવર-જવર કરતી એસટી બસોનાં રૂટમાં ફેરફાર કરાયો છે.

હવે ઉપરોક્ત રૂટોની ૩૦૦ જેટલી



**રૈયા રોડ પર ટ્રાફિકની અંધાધૂંધી વધી જવાની શંકા**

એસ.ટી. બસો રાજકોટ બસપોર્ટથી ત્રિકોણ બાગ, મહિલા કોલેજ ચોક, આમ્રપાલી અંડર બ્રીજ, હનુમાન મઢી ચોક, રૈયા ચોકડી, શિતલ પાર્ક, અયોધ્યા ચોક થઇ માધાપર ચોકડીએ જશે અને ત્યાંથી મોરબી, ભુજ, જામનગર અને દ્વારકા તરફ જશે.

હવેથી આ નવા રૂટ ઉપર બસો ચાલનાર હોય પાંચથી સાડા પાંચ કિ.મી.નું અંતર વધી જશે. આથી ઉપરોકત રૂટોની બસોનાં ભાડામાં પણ રૂા.૫ થી ૭ જેટલો વધારો થઇ જશે. ઉપરાંત મુસાફરીનો સમય પણ ૧૦ થી ૧૫ મીનીટ જેટલો વધી જશે.

આમ સાંઢીયા પુલ બંધ થતાં એસ.ટી.ના મુસાફરોને સમય અને ભાડાનો બેવડો માર પડશે. એક તો મુસાફરીનો સમય ૧૦ થી ૧૫ મીનીટ વધી જશે અને ભાડામાં પણ રૂા.૫ થી ૭નો વધારો થઇ જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજની સ્થિતિએ રૈયા રોડ ઉપર ટ્રાફિકની ભારે અંધાધૂંધી છે.

ત્યારે હવે એસ.ટી.ની ૩૦૦ જેટલી બસો પણ કાલથી અત્રેથી પસાર થવા લાગશે આથી રૈયા રોડ ઉપર ટ્રાફિકની અંધાધૂંધી ઔર વધી જવાની પૂરી શક્યતા છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે જ્યાં સુધી સાંઢીયા પુલનું નવનિર્માણ કાર્ય પૂર્ણ નહીં થાય તેટલા વર્ષ રૈયા રોડ ઉપર ભારે ટ્રાફિક સમસ્યા સર્જાયેલી રહેશે અને ટ્રાફિક પોલીસના પગે પાણી ઉતરી જશે.

# વર્ગ-૩ની ભરતી પરીક્ષાનું પરિણામ જુનના અંતે જાહેર થશે




ગાંધીનગર : ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જૂનિયર કલાર્ક, સિનિયર કલાર્ક તથા હેડ કલાર્કની પ્રાથમિક પરીક્ષા પૂર્ણ થઈ છે. પ્રાથમિક પરિક્ષાનું પરિણામ જુલાઈ માસમાં જાહેર કરવામાં આવશે. પસંદગી મંડળની ૨૧ કેડરની ૫૫૫૪ જગ્યા માટે પ્રાથમિક પરીક્ષા પૂર્ણ થતાં ઉમેદવારોએ હાશકારો અનુભવ્યો હતો.

આ ભરતીમાં ૫.૧૯ લાખ ઉમેદવારોમાંથી જેમાંથી ૩.૪૦ લાખ ઉમેદવારોએ પ્રાથમિક પરીક્ષા આપી હતી. ૫૫૫૪ જગ્યા માટે જાન્યુઆરી ૨૦૨૪માં ઓનલાઈન અરજી મંગાવાઈ હતી. જેમાં ૧૯ દિવસમાં ૭૧ શિફ્ટમાં પ્રાથમિક પરીક્ષા લેવાઈ છે. ઉલ્લેખનીય છે કે, જે ઉમેદવારોએ પરીક્ષા આપી છે તેમને ફી રિફંડની કામગીરી શરૂ થઈ ગઈ છે.

ગ્રૂપ બીની પરીક્ષા સપ્ટેમ્બરમાં યોજવાનુ આયોજન કરવામાં આવ્યું છે. જે ૩૦ જૂન સુધી કામગીરી પૂર્ણ કરવામાં આવશે. ગ્રૂપ બી અને ગૃપ એનો સિલેબસ વેબસાઈટ પર મુકાયો છે તેમજ મેરીટ બનાવી પરિણામની જાહેરાત જૂલાઈમાં કરવામાં આવશે. ગ્રૂપ એમાં ૧૯૨૬ જગ્યાઓ સામે સાત ગણા એટલે કે ૧૩૪૮૨ ઉમેદવારોને મેરીટમાં સમાવાશે કરાશે. જ્યારે ગ્રૂપ બીમાં ૩૬૨૮ જગ્યા સામે ૨૫૩૯૬થી વધુ ઉમેદવારોને મેરીટમાં સમાવાશે.

રેલનગરમાં શ્યામજીકૃષ્ણા વર્મા ટાઉનશીપમાં તસ્કરો ત્રાટકયા

# પરીવાર સાથે વેકેશન કરવાં ગયેલ લેબર કોન્ટ્રાકટરના મકાનમાંથી રૂા.૩ લાખની ચોરી

**મકાન ખરીદવા રાખેલા રોકડ રૂપિયા તસ્કરો ઉઠાવી ગયાં: પ્ર.નગર પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી**

રાજકોટ. તા.૨૧

રેલનગરમાં શ્યામજીકૃષ્ણા વર્મા ટાઉનશીપમાં રહેતાં લેબર કોન્ટ્રાકટર પરીવાર સાથે વેકેશન કરવાં ગયાને પાછળથી ફ્લેટમાં ત્રાટકેલા તસ્કરો રૂ.૩ લાખની રોકડ ચોરી કરી નાસી છૂટતાં પ્ર.નગર પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે રેલનગરમાં શ્યામજી કૃષ્ણા વર્મા ટાઉનસીપ સનરાઇસ સ્કુલની સામે રહેતાં તુષારભાઇ સુરેશભાઇ લિંબાસીયા (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ઇલેક્ટ્રીક સપ્ટેશનમા ઓઇલ ફીલ્ટરનુ કામકાજ કરે છે. તેઓ પત્ની, પિતા અને નાના ભાઈ સાથે રહે છે. ગઇ તા. ૦૪ ના બપોરના દોઢેક વાગ્યાની આસપાસ પરીવાર સાથે તેમના વતન જુનાગઢ વેકેશન કરવા માટે ફ્લેટના દરવાજાના મેઇન ડોરમાં તાળુ મારી ઘરેથી નીકળેલ હતા. ત્યારથી તેઓ જુનાગઢ જ હતા. ગઈકાલે સવારના સમયે પાડોસી સંજયભાઇનો ફોન આવેલ અને જણાવેલ કે, તમારા ફ્લેટના મેઇન દરવાજાનો નકુચો તૂટેલ હાલતમા હતો.જેથી તેઓ જુનાગઢથી તાત્કાલિક ઘરે પહોંચેલ અને જોયુ તો મેઇન દરવાજાનો નકુચો તુટેલ જોવામાં આવેલ હતો. દરવાજો ખોલી ઘરમા પ્રવેશતા બે રૂમ આવે છે જેમાંનો એક રૂમનો દરવાજો ખુલેલ હતો અને ઘરવખરીનો સામાન વેરવિખેર પડેલ હતો. રૂમમાં આવેલ આરસના ખુલ્લા ખાનાનો સામાન વેરવિખેર હતો. તેમજ તેઓએ બે મહીના પહેલા રૂ.૩ લાખ બીજું મકાન લેવુ હોય તેના ટોકન પેટે આપવા રાખેલ હતા. જે રૂપીયા ખાનામાં રાખી જુનાગઢ વેકેશન કરવા ગયેલ હતા. જે રોકડ રૂપીયા કોઈ અજાણ્યાં શખ્સો ફ્લેટમાં ત્રાટકી ચોરી કરી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસ મથકના પીઆઈ બી.એમ.ઝણકાટની રાહબરીમાં ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી.

# ૧૭ વર્ષીય અહેમદરઝા બુખારીનું તેના પિતાની નજર સામે જ અકસ્માતમાં મોત

**પિતા અનવરભાઈ બાઈક ચલાવતા'તા, પુત્ર પાછળ બેઠો હતો, રસ્તો ક્રોસ કરતી વખતે બેફામ સ્પીડમાં આવેલી કારે હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો : પરિવારમાં કલ્પાંત**

રાજકોટ, તા.૨૧

વાંકાનેરમાં ૧૭ વર્ષીય અહેમદરઝા અનવર બુખારી(રહે. વીસીપરા, વાંકાનેર)નું તેના પિતાની નજર સામે જ અકસ્માતમાં મોત થયું હતું. પિતા અનવરભાઈ બાઈક ચલાવતા હતા, પુત્ર પાછળ બેઠો હતો, રસ્તો ક્રોસ કરતી વખતે બેફામ સ્પીડમાં આવેલી કારે હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો છે. આ અંગે મળતી વિગત મુજબ, ગત તા.૧૭/૫ના રોજ અહેમદરઝા તેના કોઈ મિત્રના ઘરે ગયો હતો. રાત્રે તેના પિતા બાઈક લઈ મિત્રના ઘરે તેડવા ગયા હતા. બંને પિતા પુત્ર બાઈક પર ઘરે આવી રહ્યા હતા ત્યારે રાત્રે ૧૦.૩૦ કલાકે મિલ પ્લોટ પાસે અજાણ્યા કાર ચાલકે હડફેટે લેતા અહેમદરઝા બાઈક પરથી ફંગોળાઈ જમીન પર પડી ગયો હતો. તેને હેમરેજ થતા વાંકાનેર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં સારવાર દરમિયાન તા.૨૦ના રોજ રાત્રે તેણે દમ તોડી દેતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો. અહેમદરઝા બે ભાઈ અને એક બહેનમાં મોટો હતો. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

# રાજકોટમાં મહિલાના પગ સળગાવી હત્યાનો પ્રયાસ કરનાર બગસરાનો રવિ સોલંકી ઝબ્બે

**સગાઈની વાત નક્કી કર્યા પછી, સગપણ તોડી નાખતા ઉશ્કેરાયેલા રવિએ અડધી રાત્રે ઘરની બારીમાંથી પેટ્રોલ છાંટી આગ ચાંપી દેતા ભારતીબેન પરમાર ગંભીર રીતે દાઝી ગયેલા**



રાજકોટ, તા.૨૧

રાજકોટમાં મહિલાના પગ સળગાવી હત્યાનો પ્રયાસ કરનાર રવિ વજુ સોલંકી (ઉ.વ.૩૫, રહે. અમરપરા લાતી બજાર પાસે, બગસરા)ને પ્રદ્યુમનનગર પોલીસે ગણતરીની કલાકોમાં જ ઝડપી લીધો હતો. રવિની સગાઈની વાત ભારતીબેને પોતાની દીકરી મધુ સાથે નક્કી કર્યા પછી, સગપણ તોડી નાખતા ઉશ્કેરાયેલા રવિએ અડધી રાત્રે ઘરની બારીમાંથી પેટ્રોલ છાંટી આગ ચાંપી દેતા ભારતીબેન રમેશભાઈ પરમાર (ઉં. વ.૫૦, રહે. વાલ્મિકી સલ્મ કવાર્ટર, જામનગર રોડ, રાજકોટ) ગંભીર રીતે દાઝી ગયા હતા.

આ બનાવ પછી પોલીસે જાનથી મારી નાખવાની ધમકી તથા ખુન કરવાની કોશિશની ઘટના હોય, આઇપીસી ૩૦૭, ૫૦૧(૨) મુજબ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ચકકરો ગતિમાન કર્યાં હતાં. પ્ર.નગર પીઆઈ બી.એમ. ઝણકાટના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પીએસઆઈ બી.વી.ચુડાસમા અને તેમની ટીમ આરોપીની શોધખોળમાં લાગી હતી. ઘટનનાને અંજામ આપ્યા પછી રવિ પોતાનો મોબાઈલ ફોન બંધ કરી શહેરમાં અલગ અલગ જગ્યાએ નાસતો ફરતો હતો. પોલીસે હ્યુમન સોર્સની મદદથી ગત રાત્રે જ આરોપીને ઝડપી લીધો હતી. હાલ રવિ રાજકોટમાં જ રહેતો અને બાલાજી હોલ પાસે શિવ હોસ્પિટલમાં સફાઈ કામ કરતો. તેણે અન્ય જુદી જુદી જગ્યાએ પણ કામ કર્યું છે. આ તરફ જેની સાથે તેનું સગપણ નક્કી થયું હતું, તે મધુ પણ સફાઈ કામદાર તરીકે નોકરી કરે છે. રવિએ બંને મા દિકરીનું ખૂન કરી નાખીશ તેવી ધમકી પણ આપેલી. ભારતીબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, રવિ વજુ ઉર્ફે કેશુભાઇ સોલંકી (રહે.બગસરા) સાથે મારી દીકરીની સગાઈ નકકી થયેલ હોય અને અમને એ સગપણ પસંદ ન આવતા સગાઈની ના પાડી સંબંધ તોડી નાખેલ. જેના કારણે આ રવિ છેલ્લા ત્રણેક મહિનાથી વારંવાર દિકરીને ફોન કરી ધમકાવી જાનથી મારી નાખવા સળગાવી દઈશ અને બંને મા દિકરીનું ખુન કરી નાખીશ. તેવી ધમકીઓ આપતો. ગત રાત્રે પણ ફોનથી ધમકી મારી પ્રથમ એક વખત દરવાજો ખખડાવી જતો રહ્યા બાદ રાત્રીના બે વાગ્યે ફરીથી આવી, પ્લાસ્ટીકની બોટલમાં પેટ્રોલ લાવી મારી ઉપર પેટ્રોલ છાંટી દિવાસળી ચાંપી જાનથી મારી નાખવાના ઇરાદે જીવલેણ હુમલો કરી શરીરે બન્ને પગે ગુપ્ત ભાગે તથા પેટ તથા કમરના ભાગે સળગાવી જીવલેણ ઈજા કરી ભાગી ગયો હતો. આજે આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# સોડા બોટલની ૧૦૦૦ પેટીના ચોરીના બનાવમાં ત્રણ શકમંદો ઝડપાયાઃ ધંધાની હરીફાઈ કારણભૂત

**૧૫ દિ' પહેલાં રૈયારોડ ડ્રીમસીટી રોડ પર દ્વારકેશ પાર્કમાં આવેલ દાવત સોડાની એજન્સીમાંથી તસ્કરોએ ચોરી કરી 'તીઃ યુનિવર્સિટી પોલીસે શકમંદોને ઉઠાવી સઘન પૂછતાછ હાથ ધરીઃ ચોરેલ સોડા બોટલમાંથી અડધો મુદ્દામાલ વેંચી નાંખ્યો જ્યારે અન્ય માલ લક્ષ્મીનગરમાં આવેલ ગોડાઉનમાં છુપાવી દીધો 'તો**

રાજકોટ. તા.૨૧

૧૫ દિ' પહેલાં રૈયારોડ ડ્રીમશીટી રોડ પર દ્વારકેશ પાર્કમાં આવેલ દાવત સોડાની એજન્સીમાંથી સોડા બોટલની ૧૦૦૦ પેટીના ચોરીના બનાવમાં ત્રણ શકમંદોને યુનિવર્સિટી પોલીસે ઉઠાવી લીધાં હતાં અને તેની સઘન પૂછતાછ હાથ ધરતાં તેઓએ ધંધાના હરીફાઈમાં ચોરીને અંજામ આપ્યાની પ્રાથમિક કબુલાત આપી હતી. પોલીસે ચોરીના બનાવનો ભેદ ઉકેલવા આરોપીનો વધું પૂછતાછ યથાવત રાખી છે.

બનાવ અંગે લક્ષ્મીનગર મેઈન રોડ નંદ પર કીશોર સોસાયટી શેરીનં.૧ માં રહેતાં અજયભાઈ નરશીભાઈ ભેસાણીયા (ઉ.વ.૨૮) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તે છેલ્લા ત્રણ મહીનાથી રૈયારોડ ડ્રીમશીટી રોડ પર દ્વારકેશ પાર્કમાં દ્વારકાધીશ સેલ્સ નામે દાવત સોડાની એજન્સી તેના પિતા અને સાળા કેવલ સાથે ચલાવે છે. એજન્સીનું મુખ્ય કામ જે તે કંપનીમાંથી સોડાનો માલ મંગાવી બાદમા એજન્સી મારફતે રીટેલ કરી અલગ અલગ દુકાનોમા સોડા પહોંચાડે છે.

ગઈ તા.૦૭/૦૫/૨૦૨૪ ના એજન્સીમાં રાખેલ સોડા બોટલની ૧૮૦૦ પેટીઓ જે જગ્યાએ જોતા ત્યા માલ ઓછો લાગતાં ચોરી થયેલની શંકા ગઈ હતી. જેથી તેઓએ માલની ગણતરી કરતાં કુલ આવેલી ૧૮૦૦ સોડાની પેટીઓમાંથી ૮૫૦ પેટી જીરા મસાલાની તેમજ અલગ અલગ વેરાયટીઓનો સોડાની પેટીઓ મળી કુલ ૧૦૦૦ પેટીઓ ઓછી જોવા મળી હતી. જેથી કુલ રૂ.૨.૪૨ લાખની સોડા બોટલ કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ એન.આઈ.રાઠોડની રાહબરીમાં પીએસઆઈ બી.આર.ભરવાડ અને ટીમે તપાસ હાથ ધરી ત્રણ શકમંદોને ઉઠાવી લીધાં હતાં અને પૂછતાછ હાથ ધરતાં પકડાયેલા શખ્સો પણ સોડાની એજન્સી ધરાવે છે અને ધંધાનો ખાર રાખી સોડા બોટલની ૧૦૦૦ પેટીઓ ચોરી હતી. તેમજ આરોપીઓ ચોરી કરેલ માલ લક્ષ્મીનગર વિસ્તારમાં આવેલ તેમના ગોડાઉનમાં લઈ ગયા હતા અને અડધો મુદ્દામાલ વેંચી નંખ્યાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. પોલીસે શકમંદોની સઘન પૂછતાછ હાથ ધરી બનાવનો ભેદ ઉકેલવાની તજવીજ હાથ ધરી હતી.

# ઈન્સ્ટાગ્રામમાં મિત્રતા કેળવી યુવતી પર દુષ્કર્મ ગુજારનાર ભિલોડાના શખ્સની શોધખોળ

**સરકારી નોકરીની તૈયારી કરતી યુવતીને લગ્ન કરવાની લાલચ આપી રાજકોટમાં બે વાર અને અમદાવાદમાં બે વાર દેહ ચૂંથ્યોઃ એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી**

રાજકોટ. તા.૨૧

રાજકોટમાં શિક્ષિત પરિવારની ૨૮ વર્ષની યુવતી સાથે ઈન્સ્ટાગ્રામમાં મિત્રતા કેળવી મૂળ ભિલોડાના વતની અને હાલ અમદાવાદમાં રહેતાં શખ્સે લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ ગુજારતા ચકચાર મચી ગઈ હતી. જે મામલે એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગે રાજકોટમાં રહેતી ૨૮ વર્ષની યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કાર્તિક કાલિદાસ બરંડા (રહે. ભિલોડા, અરવલ્લી, હાલ અમદાવાદ) નું નામ આપતા એ. ડિવિઝન પોલીસે દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

વધુમાં ભોગ બનનાર યુવતીએ જણાવ્યું હતું કે, તેના પિતા સરકારી નોકરીમાંથી નિવૃત થયેલા અને માતા શિક્ષિકા તરીકે નોકરી કરે છે. હાલ તે સરકારી નોકરી મેળવવાની તૈયારી કરે છે. તેણીને છ માસ પહેલા ઇન્સ્ટાગ્રામ પર આરોપી સાથે ફ્રેન્ડશીપ અને બાદમાં પ્રેમ સંબંધ બંધાયો હતો. ત્યારે આરોપીએ તેની સાથે લગ્ન કરી લેવાની વાત કરી હતી. ૨૦૨૩ની સાલમાં આરોપી રાજકોટ આવ્યો હતો અને તેને અયોધ્યા ચોક પાસે બોલાવ્યા બાદ એસટી બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટલમાં લઇ ગયો હતો. જ્યાં તેને કહ્યું કે, આપણે બન્ને થોડા દિવસો બાદ લગ્ન કરી લઇશું. બાદમાં તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. તે જ દિવસે ફરી વાર એસટી બસ સ્ટેન્ડની પાછળ આવેલી બીજી હોટલમા લઈ જઈ ત્યાં પણ યુવતીની મરજી વિરુધ શરીર સબંધ બાંધ્યો હતો. જે બાદ આરોપી જતો રહ્યો હતો. તેણી આરોપી સાથે ફોન ઉપર નિયમિત સંપર્કમાં હતી.

બાદમાં ગયાં જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં આરોપીએ અમદાવાદના ગોમતીપુર ખાતે આવેલા તેના ભાડાના ફલેટમાં લઇ જઈ બે વાર શરીર સંબંધ બાંધ્યો હતો. છેલ્લા દોઢેક માસથી આરોપીએ તેની સાથે મોબાઈલમાં વાતચીત કરવાનું અને મેસેજ કરવાનું બંધ કરી દીધું હતું. બાદમાં ગઈ તા. ૧૧ એપ્રિલના રોજ આરોપીએ તેણીને કોલ કરી હું તારી સાથે લગ્ન નહીં કરું તેમ સ્પષ્ટ કહી દીધું હતું. બાદમાં તેણી આઘાતમાં સરી પડી હતી. બાદમાં આરોપી સાથે તે સાચો પ્રેમ કરતી હોવાથી તેની સાથે જ લગ્ન કરશે તેવું વિચારી તે અવારનવાર

આરોપીનો ફોનથી સંપર્ક કરી લગ્ન બાબતે વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આજ સુધી આરોપીએ લગ્ન નહીં કરતાં આખરે તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપી કાર્તિક કાલિદાસની શોધખોળ હાથ ધરી હતી.

# અવસાન નોંધ



**જામનગર:** લંડન (યુકે) નિવાસી જયેન્દ્રભાઈ (જે.પી.) ખીમજીભાઈ પરમારના ધર્મપત્ની વાસંતીબેન (ઉ.૭૨) તે સ્વ. કાંતિભાઈ, ધનસુખભાઈ (ભાણવડ), નરેન્દ્રભાઈ (લાલપુર)ના ભાભી, પિયુષ (એકતા સ્કુલ-જામનગર)ના કાકી, સાગર (રીપોર્ટર આજકાલ), કિશન અને રવિના ભાભુ તા.૨૧ના મંગળવારે જામનગર મુકામે ગોપાલ ચરણ પામેલ છે.

**રાજકોટ:** જીવતીબેન ગોરધનભાઈ રાદડીયા (ઉ.૭૬) તે ચંદુભાઈ ગોરધનભાઈ રાદડીયાના માતુશ્રી તથા ધ્રુવ, યશના દાદીનું તા.૧૯ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૩ને ગુરૂવારે સવારે ૮-૩૦થી ૧૦ કલાકે 'યશ', રામેશ્વર સોસાયટી, શેરી નં.૫, સાંઈબાબા સર્કલ પાસે, કોઠારીયા, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી ભુમીબેન (ભાનુબેન) મુકેશભાઈ સોલંકીનું તા.૨૦ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૪ને શુક્રવારે સાંજે ૪થી ૬ રણછોડનગર, લુહારની વાડી, રાજકોટ મુકામે રાખેલ છે.

**રાજકોટ:** મૂળ વઢવાણ શહેરના હાલ રાજકોટ નિવાસી શાહ પ્રાણલાલ ભુદરભાઈના ધર્મપત્ની વિમળાબેન પ્રાણલાલ શાહનું તા.૨૧ને મંગળવાર અવસાન થયેલ છે.ઉઠમણું તા.૨૧ને મંગળવારે સાંજે ૪.૩૦ કલાકે પેલેસ રોડ વર્ધમાનનગર જૈન ઉપાશ્રય રાજકોટ ખાતે રાખેલ છે.



રાજકોટ: ગવરીદળ નિવાસી સ્વ. ધીરુભાઇ વજુભાઇ રાઠોડ (GEB) તે નિર્મલ ભાઈ, હિતેષ ભાઈ તથા રેખાબેન ધર્મેન્દ્ર સિંહ નકુમના પિતાશ્રી અને મિહિર, પ્રિયાંશુ, નંદિની, ધાર્વી મહાવીર સોલંકીના દાદાનું તા.૨૦ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૪ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ તેમના નિવાસ સ્થાન '' ખોડલ કૃપા'' ગાંધીગ્રામ ૭ અ, સ્ટર્લિંગ હોસ્પિટલ સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**અમરેલી:** રાજુલા નિવાસી સ્વ. માણીલાલ ધારશીભાઈ વોરાના ધર્મપત્નિ સ્વ. ભાનુમતિબેન (ઉ.૮૨) તે ગુણવંતરાય, દિલીપભાઈ, રાજુભાઈ, જયશ્રીબેન જયંતકુમાર કામદાર (અમરેલી) અને ભાવનાબેન નિતીનભાઈ (વડોદરા)ના માતુશ્રી, બળવંતરાય (મુંબઈ)ના ભાભી, ચલાલા નિવાસી હાલ મુંબઈ ગુલાબચંદ જીવનલાલ લાખાણીના દિકરી અને રમેશભાઈ તથા ગીરીશભાઈના મોટા બહેન તા.૧૫ના અરિહંત શરણ પામેલ છે.

**રાજકોટ:** મૂળ ગામ મુળી હાલ રાજકોટ નિવાસી હિરાબા સુજાનસિંહ પરમાર (ઉ.વ.૧૦૨) તે પ્રધ્યુમનસિંહ, દેવેન્દ્રસિંહના માતૃશ્રી તેમજ હિતેન્દ્રસિંહ, સહદેવસિંહ, રવિરાજસિંહના દાદીમાં તથા અભિરાજસિંહ, જયવિરસિંહ વડદાદીમાનું તા.૧૯ રવિવારના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૨૩ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે સ્થળ રાધાકૃષ્ણ મંદિર આશાપુરા મેઈન રોડ ગાંધીગ્રામ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ૨૫ ગામ ભાટીયા શરદભાઈ હરીદાસ પાલેજા (ઉ.વ.૭૭) તે ઉષાબેનના પતિ, પ્રતાપભાઈ અજીતભાઈના મોટાભાઈ, દર્શન, રોહિત, નમ્રતા મનીષ સંપટના પિતાશ્રી, સોનલના સસરા, ખંડવાવાળા ભાઈલાલ ઉદેશીના જમાઈ, ચંદ્રેશ તથા દિપાલી પ્રશાંત સંપટના અદા તા.૧૯ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા.૨૩ના રોજ પંચનાથ મહાદેવ મંદિર, હરિહર ચોક, રાજકોટ મુકામે સાંજે ૫થી ૬ રાખેલ છે. મો. ૯૮૭૯૧ ૮૨૫૬૫.

**રાજકોટ:** રાજકોટ નિવાસી સ્વ.મંજુલાબેન જયંતિલાલ પરમાર તે જયંતિભાઈ ત્રિભુવનભાઈ પરમારના પત્ની, કીરીટભાઈ, અનિલભાઈના માતાનું તા.૨૦ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૩ને ગુરૂવારના રોજ અલ્કેશ્વર મહાદેવ મંદિર અલ્કાપુરી સોસાયટી, રૈયા રોડ, ખાતે સાંજે ૪ થી ૬ દરમિયાન રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

રાજકોટ: ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ ભાલચંદ્રભાઈ જોશી સહકારી ઓડિટરના પત્ની શ્રીમતી ઈન્દુમતીબેન ભાલચંદ્રભાઈ જોશી (ઉંમર વર્ષ ૮૪) રાજકોટ તે રાજેશભાઈ જોશી, નિલેશભાઈ જોશી, ચંદ્રિકાબેન જોશી, રીટાબેન જોશી, કામિનીબેન ઠાકરનાં માતૃશ્રીનું તા.૧૯ રવિવારનાં રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું સસરા પક્ષ તથા પિયર પક્ષનું બેસણું તા.૨૩ ગુરૂવારે સાંજે ૪.૩૦ થી ૬.૦૦ કલાકે ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર અજંતાપાર્ક જનકપુરી સાધુવાસવાણી રોડ, રાજકોટ રાખેલ છે. મો. ૯૮૯૮૦૪૧૫૯૧, ૭૪૩૪૦૨૩૮૮૩, ૮૩૨૦૭૧૨૯૪૪

# ઘર કંકાસથી કંટાળી પતિએ એસિડ પીધું, બચાવવા જતાં પત્નીને એસિડ ઉડ્યું, બંને સારવારમાં

**પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો'તોઃ બંનેને સારવારમાં ખસેડાયા**

રાજકોટ, તા.૨૧

ઘર કંકાસથી કંટાળી પતિએ એસિડ પી લીધું હતું. તેને બચાવવા જતાં પત્નીને એસિડ ઉડ્યું હતું. બાદ બંને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

બનાવની વિગત મુજબ ૧૫૦ ફુટ રિંગ રોડ ખોડીયારનગરમાં રહેતાં નિલેશભાઈ જેરામભાઈ વ્યાસ (ઉ.વ.૪૫) અને તેની પત્ની સપનાબેન નીલેશભાઈ વ્યાસ (ઉ.વ.૪૦) ગઈ કાલે બંને ઘરે હતા. ત્યારે બપોરે કોઈ કારણોસર ઝઘડો થતાં ગુસ્સામાં પતિ નિલેશભાઈએ એસિડ પી લીધું હતું. જેને બચાવવા જતાં તેની પત્ની સપનાબેનને એસિડ ઉડ્યું હતું. બંનેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. નિલેશભાઈ રિક્ષા ચલાવી પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમાં બે દીકરા છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

કુવાડવા ગામમાં બનેલો બનાવ

# માતા-પિતાના વિયોગમાં પુત્રએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

**કોરોનાકાળમાં યુવકના માતા-પિતા અવસાન પામ્યા હતા. જેના વિયોગમાં પુત્ર મણીરાજ ગોહેલે ફિનાઈલ પી લીધુંઃ સારવારમાં**

રાજકોટ, તા.૨૧

માત-પિતાના વિયોગમાં પુત્રએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ કુવાડવા ગામમાં રહેતાં મણીરાજ મગનભાઈ ગોહેલ (ઉ.વ.૨૦) નામના યુવકે ગઈકાલ રાત્રીના દસેક વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે ફિનાઈલ પી લીધું હતું. બાદ તેઓને સારવાર અર્થે કુવાડવા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. યુવકના માત-પિતા કોરોના કાળમાં અવસાન પામ્યાં હતાં. જેના વિયોગમાં આ પગલું ભર્યું હોવાનું યુવકનાં પરિવારજનોએ જણાવ્યું હતું. તેઓ ત્રણ બેન અને એક ભાઈમાં સૌથી નાના છે.

# ચડત ભરણ પોષણ કોર્ટમાં ન ભરતા પતિને ૧૧૦ દિવસની સજાનો હુકમ



અજય જોબનપુત્રા એડવોકેટ

રાજકોટ, તા.૨૦

શહેરમાં રહેતા પરિણીતા રીટાબેન અજીતભાઈ ઠાકોરે તેમના પતિ અજીતભાઈ રણછોડભાઈ ઠાકોર (રહે. શિહોર, તા. વિરમગામ) વિરૂધ્ધ રાજકોટ ફેમિલી કોર્ટમાં ભરણપોષણની અરજી દાખલ કરેલ. જેમાં માસિક રૂ.૬૦૦૦નું ચુકવવાનો હુકમ થયેલ. જોકે, પતિએ આ રકમ ન ચુકવતા અરજદારે કિ. પ્રો. કોડની કલમ - ૧૨૫ (૩) અન્વયે અરજી દાખલ કરેલ અને ચડત રકમ રૂ. ૪૭૦૦૦ની રકમ માંગેલ હતી. જે રકમ પતિએ કોર્ટમાં ન ભરતા અરજી ચાલી જતા અરજદાર પરિણીતા વતી રોકાયેલા વકીલે કરેલી દલીલો અને ટાંકેલા ચુકાદા ધ્યાને લઈ રાજકોટ ફેમિલી કોર્ટના ન્યાયાધીશે પોતાની પત્નીને ભરણ પોષણની રકમ ન ચુકવનાર પતિ અજીતભાઈ રણછોડભાઈ ઠાકોરને ૧૧૦ દિવસની સજા કરી જેલ હવાલે કરવા હુકમ કરેલ હતો. આ કેસમાં અરજદાર પરિણીતા વતી એડવોકેટ અજય કે. જોબનપુત્રા તથા કિશન રાજાણી રોકાયેલા હતા.


૨૧મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી - ધોરાજી



સ્વ. ડો. પ્રફુલકુમાર એન. આચાર્ય
સ્વ. તા. ૨૧-૦૫-૨૦૦૩
ધોરાજી

સદભાવના, સ્નેહ, સૌમ્યતા જેનો સ્વભાવ હતો,
સહજતા અને ઉદારતા જેના સદગુણો હતા,
પરમાર્થ અને પુરૂષાર્થ જેની કર્મ નિષ્ઠા હતી,
તેવા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ આપે એજ પ્રાર્થના...

લી.
સ્વ. બાબુભાઈ (નર્મદાશંકર) ઓ. આચાર્ય
સ્વ. વિજયાબેન એન. આચાર્ય
હરસુખભાઈ એન. આચાર્ય • જયશ્રીબેન એચ. આચાર્ય
નિરવ પ્રફુલકુમાર આચાર્ય • મનીષા પ્રફુલકુમાર આચાર્ય
અજય એચ. આચાર્ય • રચનાબેન આર. રાવલ (મીઠાપુર)
તથા આચાર્ય પરિવાર - ધોરાજી


# ચાલુ કેસે ચેકની રકમના ૨૦ ટકા ચુકવવા કોર્ટનો હુકમ

**રમેશભાઈ પટેલે રેલકર્મી દિપક પંડયા સામે રૂા.૫ લાખના ચેક રિટર્નની ફરિયાદ કરી છે**

રાજકોટ,તા.૨૧

ચેક રિટર્નના ચાલું કેસ દરમ્યાન ચેકની રકમનાં ૨૦ ટકા આરોપીએ ચુકવવા કોર્ટે આદેશ કર્યો છે. બીજા વિગત મુજબ જેનિટર કાર્યાલય, રેલવે જંકશન, પરિચાલન વિભાગ રાજકોટ મંડલમાં હમાલ તરીકે નોકરી કરતાં આરોપી દિપક કનૈયાલાલ પંડયાએ રૂા.૫ લાખ ફરીયાદી રમેશભાઈ ધનજીભાઈ પટેલને ચુકવવા ચેક આપેલ તે પરત ફરતા કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલ ફરીયાદ ચાલતાં દરમ્યાન ફરીયાદીને આર્થિક બોજો સહન કરવો ન પડે માટે ચેકની રકમનાં ૨૦ ટકા લેખે રૂા.૧ લાખ ચેક લખનાર આરોપી ફરીયાદીને ચુકવે તેવો હુકમ કરવા કાયદાની કલમ ૧૪૩ (એ) મુજબ ફરીયાદીએ અરજ કરેલ. આરોપીને સમન બજતાં બચાવ માટે વકિલને રોકેલ.પક્ષકારોનાં વકિલોની દલીલ બાદ હુકમની તારીખથી ૬૦ અને ૨૦ ટકા લેખે રકમ આરોપીએ ફરીયાદીને ચુકવવી તેવો હુકમ રાજકોટનાં જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ જે.એસ.પ્રજાપતિએ કરેલ હતો.ફરીયાદી વતી વકિલ તરીકે જી.એન.ડોડિયા રોકાયેલ હતાં.

જેતપુરના કણકીયા પ્લોટ વિસ્તારનો બનાવ

# ગાળો બોલવા મામલે રાજકોટ એરપોર્ટના સફાઈ કામદાર પર બે શખ્સનો હુમલોઃ પગ ભાંગી નાખ્યો

**રાજ વાઘેલાને ઘર બહાર બોલાવી દિવ્યેશ ઝાલા અને ગૌતમ ઝાલા ધોકાથી તૂટી પડ્યાઃ યુવકને સારવારમાં ખસેડાયોઃ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી**

રાજકોટ, તા.૨૧

જેતપુરના કણકીયા પ્લોટ વિસ્તારમાં ગાળો બોલવા મામલે રાજકોટ એરપોર્ટના સફાઈ કામદાર પર બે શખ્સએ ધોકાથી હુમલો કરી યુવકનો પગ ભાંગી નાંખ્યો હતો. બનાવ અંગે જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે જેતપુરના કણકીયા પ્લોટમાં રહેતા રાજભાઇ પ્રવિણભાઈ વાઘેલા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દિવ્યેશ મોહન ઝાલા અને ગૌતમ દિપક ઝાલા (રહે. બંને જેતપુર) નું નામ આપતા જેતપુર સીટી પોલીસે આઈપીસી ૩૨૫,૫૦૪ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ એરપોર્ટમાં સફાઈ કામદાર તરીક એક વર્ષથી નોકરી કરે છે. ગઈકાલે તેઓ સવારના સમયે ઘરેથી નજીકમાં આવેલ મંગલમ કોમ્પલેક્ષમાં નીચેના ભાગે એ.યુ.બેંકની સામે ગણેશજીના મંદિર પાસે મિત્રો સાથે ઉભેલ હતાં ત્યારે રાહુલ વાઘેલા અને ધવલભાઈ વાઘેલા સાથે વાતો કરતા હતા તે સમય દરમિયાન અચાનક પાછળના ભાગેથી ગૌતમ ઝાલાએ પકડેલ અને દિવ્યેશ ઝાલાએ તેના હાથમાં રહેલા લાકડાનો ધોકાથી હુમલો કરી પગના ઘૂંટીના ભાગે મારી દીધેલ હતું. બાદમાં તેના મિત્રોએ બંનેના વધુ મારથી બચાવી લીધેલ અને આરોપીને મારવાનું કારણ પૂછતા દિવ્યેશ ઝાલા તથા ગૌતમ ઝાલાએ કહેલ કે, તું અમને કેમ ગાળો આપે છે તેમ કહી ગાળો આપવા લાગેલ અને કહેલ કે, હવે પાછો ભેગો થઈશ તો પાછો આ જ રીતે મારવામાં આવશે તેવી ધમકી આપી હતી. બાદમાં તેઓને ઇજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડવામાં આવેલ હતો.

બનાવ અંગે જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી બંને આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# શાપરમાંથી પકડાયેલ રાજકોટના વેપારીનો શંકાસ્પદ બિયારણનો જથ્થો ઇડરથી આવ્યો'તો : નમૂના તપાસ માટે લેબમાં મોકલાયા

**રાજકોટ રૂરલ એસઓજીની ટીમની કાર્યવાહી, રૂા.૨.૮૩ લાખની શંકાસ્પદ બિયારણની ૪૦૫ થેલી જપ્ત કરાઈ : જાણવા જોગ નોંધ દાખલ કરી સંબંધિત વિભાગોને જાણ કરાઈ**

રાજકોટ, તા.૨૧

ચોમાસાની સિઝન શરૂ થાય તે પહેલાં કૃત્રિમ રીતે પાકને નુકસાન પહોંચાડતા બિયારણના વેપારીઓ મેદાનમાં આવી ગયા હોય તેવું જણાય છે. ગઈકાલે રાજકોટ ગ્રામ્ય એસઓજીની ટીમે શાપર વેરાવળના એક ગોડાઉનમાંથી રૂ.૨,૮૩,૫૦૦ની કિંમતની શંકાસ્પદ બિયારણની ૪૦૫ થેલી ઝડપી લીધી હતી. આ બિયારણ રાજકોટના વેપારીના કબજામાંથી જપ્ત કરી તપાસ માટે લેબોરેટરીમાં મોકલાયું છે. વેપારી ઇડરથી આ જથ્થો મંગાવ્યો હોવાનું રટણ કરે છે.





એસઓજીએ આપેલી માહિતી મુજબ, રાજકોટ રેન્જના આઈજી અશોકકુમાર યાદવ, રાજકોટ ગ્રામ્ય જિલ્લાના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ દ્વારા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં જાહેર જનતાના જાનમાન મિલકતનું રક્ષણ તેમજ આરોગ્ય અને લેભાગુ તત્વો દ્વારા થતી ગુન્હાહિત પ્રવૃતિઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય, જે અન્વયે રાજકોટ ગ્રામ્ય એસઓજી શાખાના પીઆઈ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ ભાનુભાઈ સી. મિયાત્રા ટીમ સાથે શાપર ઇન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન કોન્સ્ટેબલ શિવરાજભાઈ ખાચર, વિજયગીરી ગોસ્વામીને મળેલ હકિકત આધારે શાપર(વે) કેપ્ટન ગેઇટની અંદર આવેલ અલ્ટ્રાકેબ નામના વાયરના કારખાનાની સામે ભૂમીકભાઇ રમેશભાઇ ભાલીયા (રહે. રાજકોટ, માટેલ પાર્ક બ્લોક નં.૫, કોઠારીયા રોડ)ના ગોડાઉનમાંથી શંકાસ્પદ કૃષીને લગતી માહિ શકિત પ્રીમીયમ કોટન હાઇબ્રીડ સીડ્સની ૪૦૫ થેલી મળી હતી. મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ હતી. આ બિયારણનો જથ્થો ઇડર ખાતે આવેલ જલીયાણી બીજ ખાતેથી સપ્લાય થઇ હોવાનું જાણવા મળતા તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં એ.એસ.આઇ. અતુલભાઇ ડાભી ,જયવિરસિંહ રાણા, સંજયભાઈ નિરંજની, ઇન્દ્રસિંહ જાડેજા તથા હેડ.કોન્સ. ભગીરથસિહ જાડેજા, અરવિંદભાઇ દાફડા, હિતેષભાઇ અગ્રાવત, અમિતભાઇ કનેરીયા, વિજયભાઇ વેગડ, કોન્સ્ટેબલ શિવરાજભાઇ ખાચર, વિજયગીરી ગૌસ્વામી, રઘુભાઈ ઘેડ, ચિરાગભાઈ કોઠીવાર, એ.એસ.આઇ. અમુભાઇ વિરડા, નરશીભાઇ બાવળીયા પણ ફરજ પર રહ્યા હતા.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# ભાવનગરના બોરતળાવમાં એક સાથે ચાર બાળાનાં ડુબી જતાં મોત

(વિપુલ હિરાણી દ્વારા)
ભાવનગર,તા.૨૧

ભાવનગર શહેરના બોરતળાવ માં કપડા ધોવા ગયેલ બાળકીઓ બોરતળાવ ખાતે કપડા ધોવા ગયેલ જ્યાં એક બાળકી નો પગ લપસતા પાણીમાં પડતા તેને બચાવવા અન્ય ચાર બાળકીઓ પણ પાણીમાં પડતા ચાર બાળાઓના ડૂબી જતાં કરુણ મોત નીપજ્યા છે જ્યારે એક બાળાને પાણીમાંથી બહાર કાઢી હોસ્પિટલ સારવાર માટે ખસેડાયેલ છે.

આ કરુણ અંગે મળતી માહિતી મુજબ ભાવનગર શહેરના બોર તળાવ ( ગૌરીશંકર સરોવર) માં આજે કપડાં ધોવા ગયેલ પાંચ બાળાઓ પૈકી એક બાળકી નો પગ લપસતા પાણીમાં પડી ડુબવા લાગતા અન્ય ચાર બાળકીઓ એ પણ બાળકી ને બચાવવા પાણીમાં કુદી પડી હતી. જેમાં ચાર બાળાઓના ડૂબી જતા કમકમાટી ભર્યા મોત નિપજ્યા છે. જ્યારે એક બાળા ને પાણીમાંથી બહાર કાઢી બેભાન હાલતી હોસ્પિટલ ખસેડાયેલ છે.

આ બનાવવાની જાણ થતા જ ફાયર બ્રિગેડ નો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને બચાવ કામગીરી હાથ ધરી હતી. સ્થાનિક તરવૈયાઓ પણ બાળાઓને બચાવવા કામે લાગ્યા હતા.

બોર તળાવમાં ડૂબી જતા મૃત્યુ



## તળાવ કાંઠે કપડા ધોવા ગયેલી એક બાળાનો પગ લપસતા તેને બચાવવા જતા અન્ય ચાર બાળાઓ પણ ડુબીઃ એકનો બચાવઃ ફાયર બ્રિગેડ અને તરવૈયાઓએ રેસ્કયુ હાથ ધર્યુંઃ ચાર બાળાઓના મોતથી અરેરાટી પ્રસરી

પામનારમાં અર્ચનાબેન હરેશભાઈ ડાભી (ઉ.વ.૧૭), રાશીબેન મનીષભાઈ ચારોલીયા (ઉ.વ.૯), કાજલબેન વિજયભાઈ જાંબુચા (ઉ.વ.આ.૧૨) કોમલબેન મનિષભાઈ ચારોલીયા (ઉ.વ.આ.૧૩) નો સમાવેશ થાય છે.જ્યારે કિંજલ મનીષભાઈ ચારોલીયા (ઉ.વ.૧૨) નો બચાવવતા હાલ સારવાર હેઠળ છે.

# લાડાણી-ઓરબીટ ગ્રુપ પર ઈન્કમટેક્સનો રીપોર્ટ તૈયારઃ લોકરમાંથી વધુ દલ્લો મળ્યો

## જંગી ટેક્સ ડીમાંડ નિકળવાની ચર્ચાઃ રોકાણ કરનારા પર પણ તવાઈનો નિર્દેશ

રાજકોટ, તા.૨૧

રાજકોટના ટોચના બિલ્ડર ગ્રુપો પર આવેકવેરા વિભાગે હાથ ધરેલા મેગા દરોડા ઓપરેશનની સમગ્ર તપાસ પૂર્ણ કરી લેવામાં આવી છે અને દળદાર એપ્રેઝલ રિપોર્ટ વડી કચેરીને સોંપી દેવામાં આવ્યો છે. છેલ્લા પાંચ વર્ષના એસેસમેન્ટ કરવા ઉપરાંત બિલ્ડરોના પ્રોજેક્ટમાં રોકાણ





કરનારાઓ સામે પણ તપાસનું નાળચુ ખુલવાના નિર્દેશ છે.

આવકવેરા વિભાગના સૂત્રોએ કહ્યું છે કે શહેરના ટોચના બિલ્ડરોના લીસ્ટમાં સ્થાન પામતા લાડાણી તથા ઓરબીટ ગ્રુપ પર ગત ફેબ્રુઆરીમાં દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ૩૦ જેટલા સ્થળોએ તપાસના આધારે ૫૦૦ કરોડથી વધુના બેનામી વ્યવહારો દર્શાવતા દસ્તાવેજો જપ્ત કરીને ચકાસણી કરવામાં આવી હતી. આ દરમ્યાન ૨૦થી વધુ બેંક લોકરો પણ સીલ કરવામાં આવ્યા હતાં.

સૂત્રોએ કહ્યું કે સીલ કરાયેલા લોકરો ખોલી નાખવામાં આવ્યા છે. તેમાંથી રોકડ રકમ મળી આવી હતી તે જપ્ત કરવામાં આવી હતી. જપ્ત દસ્તાવેજોની તપાસ પણ પૂર્ણ કરી લેવામાં આવી છે અને તેના આધારે દળદાર રીપોર્ટ તૈયાર કરી દેવામાં આવ્યો છે. આ એપ્રેઝલ રીપોર્ટ હેડ ઓફિસે મોકલવાની તૈયારી છે.

એમ જાણવા મળ્યું છે કે એપ્રેઝલ રીપોર્ટ નિયત સમય મર્યાદા કરતા પણ વ્હેલો તૈયાર કરી લેવાયો છે અને તે પાછળનું કારણ અધિકારી લેવલે તોળાતી બદલીઓનું છે. ચૂંટણી આચાર સંહિતા ખત્મ થતાની સાથે જ બદલીનો મોટો ઘાણવો નીકળવાની સંભાવના છે તેને ધ્યાને રાખીને રીપોર્ટ વ્હેલો તૈયાર થયો છે.

દરોડાની ઝપટે ચડેલા બિલ્ડરો તથા તેમની સાથે તપાસ હેઠળ આવેલા કરદાતાઓના છેલ્લા પાંચ વર્ષના એસેસમેન્ટ કરવામાં આવ્યાનું કહેવાય છે. મોટી ટેક્સ ડીમાંડ નિકળવાની ચર્ચા છે. સતાવાર રીતે આયકર વિભાગ દ્વારા મૌન સેવવામાં આવી રહ્યું છે.

# આતંકવાદ વિરોધી દિવસ નિમિતે કલેકટર -પ્રાંત કચેરી ખાતે શપથગ્રહણ કાર્યક્રમ યોજાયો

રાજકોટ,તા.૨૧

રાજકોટ કલેકટર કચેરી ખાતે આતંકવાદ વિરોધી દિવસ ૨૧ મે ની ઉજવણી અંતર્ગત શપથગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં કલેક્ટર શ્રી પ્રભવ જોષી, નિવાસી અધિક કલેક્ટરશ્રી ચેતન ગાંધી, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી રાજેશ્રી વાંગવાણી તેમજ જિલ્લા સેવા સદન ખાતે કાર્યરત વિવિધ વિભાગના મુખ્ય અધિકારીશ્રીઓ અને તમામ વર્ગના કર્મચારીઓ પ્રથમ માળે પેસેજમાં ઉપસ્થિત રહીને આતંકવાદ વિરોધી પ્રતિજ્ઞામાં જોડાયા હતા.



# ગેંગરેપના ગુનામાં મહીલા આરોપીઓની ધરપકડ અને ઈન્વેસ્ટીગેશન સામે સ્ટે આપતી હાઈકોર્ટ

## પુત્રવધુએ સાસુ, નણંદો, નણંદોયા સામે પોલીસ ફરિયાદ નોંધાવેલ હતી

રાજકોટ, તા.૨૧

પુત્રવધુએ સાસુ, નણંદો, નણંદોયા સામે ગેંગરેપની પોલીસ ફરિયાદ નોંધાવેલ હતી. જે ગુનામાં મહીલા આરોપીઓની ધરપકડ અને ઈન્વેસ્ટીગેશન સામે હાઈકોર્ટે સ્ટે આપ્યો છે.

કેસની વિગત મુજબ, પુત્રવધુએ ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી કે, તેઓ અને તેના પતિ ઉપલેટા રહેતા હતા, પતિનું વર્ષ ૨૦૨૧માં અવસાન થતા, અંતિમ વિધિ વગેરે વતનમાં થઈ હતી. જેથી બંને સંતાનો સાથે વતનમાં રોકાયેલ હતી. ૮-૯ દિવસ બાદ રાત્રીના ચારેય નણંદો, બે નણંદોયા તથા તેમના સાસુ, એમ બધા હોલમાં ભેગા બેઠા હતા. પછી ચારેય નણંદો રૂમમાં ગયેલ. એક નણંદે રૂમમાં બોલાવી પછી બે નણંદોયાને રૂમમાં બોલાવેલ અને સાસુએ દરવાજો બંધ કરી દીધો. આરોપીઓએ કહ્યું કે, તને મિલ્કતમાં કાંઈ ભાગ દેવાનો થતો નથી, તારા બીસ્તરા પોટલાબાંથી તારા માવતરે જતી રે. સાસુએ કહ્યું આને ખૂબ શોખ છે. આને બતાવી દયો. બંને નણંદોયાએ વારાફરતી અન્ય આરોપીની હાજરીમાં જ દુષ્કર્મ ગુજારેલ. આ અંગે ગુનો દાખલ થતા આરોપીપક્ષ દ્વારા ફરીયાદ રદ કરવા કવોસીંગ પીટીશન દાખલ કરેલ. આરોપીઓના એડવોકેટની લંબાણપુર્વકની દલીલો, કરેલ કે, પતિના અવસાન બાદ મોટા ભાગની મિલકતો પુત્રવધુને બાળકોના ઉજળા ભવિષ્ય માટે આપી દેવાઈ હતી. તેના નોટરાઈડ્સ લખાણો થયા છે. વધુ મિલકત મેળવવા આ ફરિયાદ ઉભી કરાઈ છે. હાઈકોર્ટે દલીલો ગ્રાહ્ય રાખી ગત તા.૨૯/૪/૨૪ ના રોજ તમામ ૫ સ્ત્રી આરોપીની તપાસ, ધરપકડ સામે સ્ટે ફરમાવતો સીમાચિહનરૂપ ચુકાદો આપવામાં આવેલ હતો. આ કેસમાં આરોપીઓ તરફે રાજકોટના ધારાશાસ્ત્રી અમિત ગડારા તેમજ હાઈકોર્ટમાં અપૂર્વ જાની, સિનિયર એડવોકેટ આશીષભાઈ ડગલી રોકાયેલ હતા.



અમિત ગડારા
એડવોકેટ

# જે યુવક સાથે ઘરેથી ચાલી ગઈ હતી તેની પોકસો કેસમાં ધરપકડ થતા સગીરાએ આપઘાત કરી લીધો

## ૧૬ વર્ષીય સગીરાએ ઘર નજીક લીમડાના વૃક્ષ સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો : નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ વિસ્તારની ઘટના

રાજકોટ, તા.૨૧

રાજકોટમાં ૧૬ વર્ષની સગીરાએ આપઘાત કર્યાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઇ હતી. જે યુવક સાથે ઘરેથી ચાલી ગઈ હતી તેની પોકસો કેસમાં ધરપકડ થતા સગીરાએ આપઘાત કરી લીધો હોવાનું ખુલ્યું છે.

બનવાની વિગત મુજબ, શહેરના નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ વિસ્તારમાં ઝૂંપડામાં રહેતી ૧૬ વર્ષની સગીરાએ વિકટોરિયા ગાર્ડન પાસે લીમડાના વૃક્ષમાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. જેથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો. બનાવના પગલે રાજકોટ તાલુકા પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો. તપાસ કરતા જાણવા મળેલ કે, મૃતક સગીરાને તેનો ૩૩ વર્ષીય પ્રેમી ભગાડી ગયો હતો. બંને મળી આવતા પ્રેમી સામે પોકસો એકટ અંતર્ગત ગુનો દાખલ થયો હતો અને પોલીસે તેની ધરપકડ કરી હતી. જે બાદ સગીરાને લાગી આવતા તેણે અંતિમ પગલું ભરી લીધુ હતું.



# ગાંધીનગરમાં ફેબેકસા-ફેબ્રીક સોર્સીંગ એક્સ્પોનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

## અમદાવાદના મસ્કતી કલોથ મહાજન દ્વારા આયોજીત ચાર દિવસીય પ્રદર્શનમાં ટેકસટાઈલ સેકટરની ૧૨૫ થી વધુ બ્રાન્ડના ૯૩ જેટલા સ્ટોલ્સ સહભાગી થશે

અમદાવાદ તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદનાં મસ્કતી કલોથ મહાજન આયોજીત ટેકસ ટાઈલ પ્રદર્શન ફેબેકસાની નવમી એડીશનનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યો હતો.

ટેકસટાઈલ અને રેડીમેડ ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીઝમાં બદલાતા સમય સાથે આવી રહેલી નવી ટેકનીકલ ડીઝાઈન્સ અને ઈન્ડસ્ટ્રીઝનાં ટ્રેન્ડની જાણકારી એક જ સ્થળેથી મળી રહે તેવા હેતુથી અમદાવાદ મસ્કતી કલોથ મહાજન દ્વારા તા.૨૧ થી ૨૪ મે ૨૦૨૪ દરમ્યાન આ પ્રદર્શનનું ગાંધીનગરમાં એકઝીબીશન ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રદર્શનમાં દેશમાં કાપડ ઉદ્યોગની અગ્રેસર ૧૨૫ થી વધુ બ્રાન્ડસનાં ૯૩ જેટલા સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે. એટલુ જ નહિં નાની-મોટી બ્રાન્ડસનાં દેશભરના મળીને ૮૦૦ થી વધુ એકસપોર્ટસ બાળઈંગ હાઉસ અને ગારમેન્ટર્સ માટે B2B અને B2C નુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. ૧૯૬૦ થી કાર્યરત અમદાવાદ મસ્કતી કાપડ મહાજન દ્વારા ૨૦૧૯ ની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટમાં પ્રથમ ટ્રેડ ફેરની શરૂઆત કરવામાં આવી હતી.

ફેબેકસાનાં આ નવમાં ટ્રેડ ફેર એક્સ્પોનો પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરાવ્યો તે અવસરે મસ્કતી કલોથ એસો.ના પ્રેસીડેન્ટ શ્રી ગૌરાંગ ભગત, સેક્રેટરી શ્રી નરેશકુમાર શર્મા અને પદાધિકારીઓ તથા એકઝીબીટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# પાંચમા તબકકાના ઓછા મતદાનથી શેરબજારમાં ફરી સાવચેતી : સેન્સેકસમાં ઘટાડો, નિફટી ગ્રીન ઝોનમાં

રાજકોટ, તા. ૨૧

લોકસભાની પાંચમા તબકકાની ચૂંટણીમાં પણ મતદાન ઓછું રહેવાના કારણે શેરબજાર ફરી એક વખત ટેન્શનમાં આવી ગયું હોય તેમ આજે નબળાઇ સૂચવતું હતું. સેન્સેકસમાં ૫૨ પોઇન્ટનો ઘટાડો હતો. જોકે આશ્ચર્યજનક રીતે નિફટી ગ્રીન ઝોનમાં રહ્યો હતો.

પાંચમા તબકકાની ચૂંટણીમાં મતદાન અત્યાર સુધીનું સૌથી ઓછું નોંધાયું હોવાના રીપોર્ટને પગલે શેરબજારમાં આજે શરૂઆતથી જ સાવચેતીનું માનસ રહ્યું હતું. ઈન્ટ્રા ડે દરમ્યાન બેતરફી વધઘટ આવતી રહી હતી. ચૂંટણીના સંભવિત પરિણામો વિશે અટકળો વ્યકત થતી રહી હતી. વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલીનો પણ પ્રત્યાઘાત હતો. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે માર્કેટ હવે થોડા દિવસ ચૂંટણી પરિણામની અટકળો આધારીત જ રહેવાની શકયતા છે અને અફડાતફડી રહી શકે છે.

શેરબજારમાં આજે એશીયન પેઈન્ટસ, બજાજ ફાયનાન્સ, હિન્દાલકો, ઓલ ઈન્ડીયા, ટાટા સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, મહિન્દ્ર, એનટીપીસી, સ્ટેટ બેંક જેવા શેરોમાં સુધારો નોંધાયો હતો. જયારે ટીસીએલ, અલ્ટ્રા ટેક સિમેન્ટ, ભારતી એરટેલ, નેસ્લે, એચડીએફસી બેંક, હિરો મોટો, આઇસીઆઇસીઆઇ બેંક, ઈન્ફોસીસ, મારૂતિ જેવા શેરોમાં ઘટાડો હતો.

મુંબઇ શેરબજારનો સેન્સેટીવ ઈન્ડેક્ષ ૫૨ પોઈન્ટના ઘટાડાથી ૭૩૯૫૩ સાંપડયો હતો જે ઉંચામાં ૭૪૧૮૯ તથા નીચામાં ૭૩૭૬૨ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૨૭ પોઈન્ટના સુધારાથી ૨૨૫૨૯ હતો જે ઉંચામાં ૨૨૫૯૧ તથા નીચામાં ૨૨૪૦૪ હતો.





# Awfis Space Solutions Limitedનો આઈપીઓ ૨૨ મે, ૨૦૨૪ના રોજ ખૂલશે

## Awfis Space Solutions Limitedના પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર (ઈક્વિટી શેર) દીઠ રૂા. ૩૬૪થી રૂા. ૩૮૩ના ભાવે પ્રાઈઝ બેન્ડ ફિક્સ કરાઈ

રાજકોટ,તા.૨૧

સીબીઆરઈ રિપોર્ટ મુજબ ભારતમાં સૌથી મોટી ફ્લેક્સિબલ વર્કસ્પેસ સોલ્યુશન્સ કંપની Awfis Space Solutions Limited (કંપની)૨૨ મે, ૨૦૨૪ના રોજ તેના ઈક્વિટી શેર્સનો આઈપીઓ (ઓફર) લઇને આવવાની યોજના ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખ એટલે કે ૨૧ મે, ૨૦૨૪ના કામકાજના એક દિવસ પહેલા રહેશે. બિડ/ઓફર ૨૭ મે, ૨૦૨૪ના રોજ બંધ થશે.

ઓફરની પ્રાઇઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા. ૩૬૪થી રૂા. ૩૮૩ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૩૯ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૯ શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

ઓફરમાં રૂા.૧,૨૮૦ મિલિયનના મૂલ્યના (-) સુધીના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ અને રૂા.(-) મિલિયન સુધીના મૂલ્યના ૧૨,૨૯૫,૬૯૯ ઈક્વિટી શેર્સ (ઓફર્ડ શેર્સ)ના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે જેમાં Peak XV Partners Investments V (જે અગાઉ SCI Investments V તરીકે ઓળખાતી હતી) (Peak XV અથવા પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર) દ્વારા રૂા. (-) મિલિયન સુધીના મૂલ્યના ૬,૬૧૫,૫૮૬ ઈક્વિટી શેર્સ, બિસ્ક લિમિટેડ દ્વારા રૂા. (-) મિલિયન સુધીના મૂલ્યના ૫,૫૯૪,૯૧૨ સુધીના ઈક્વિટી શેર્સ અને લિંક ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ દ્વારા રૂા. (-) મિલિયન સુધીના મૂલ્યના ૮૫,૨૦૧ ઈક્વિટી શેર્સ (કુલ મળીને, સેલિંગ શેરહોલ્ડર્સ અને સેલિંગ શેરહાલ્ડર્સ દ્વારા ઈક્વિટી શેર્સના વેચાણ માટેની આવી ઓફર, ઓફર ફોર સેલ) નો સમાવેશ થાય છે. ઓફરમાં અમારી કંપનીના ઓફર પછીની પેઇડ અપ ઈક્વિટી શેર કેપિટલના (-) ટકાનો સમાવેશ થશે.

કંપની ઈશ્યૂમાંથી મળનારી કુલ આવકનો નવા સેન્ટર્સ ઊભા કરવા મૂડી ખર્ચ માટે, કંપનીની કાર્યશીલ મૂડી જરૂરિયાતો પૂરી કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગ કરવાની યોજના ધરાવે છે.

આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, આઈઆઈએફએલ સિક્યોરિટીઝ લિમિટેડ અને એમકે ગ્લોબલ ફાઇનાન્શિયલ સર્વિસીઝ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર છે.

## મતદાન

(પહેલા પાનાનું ચાલું)

તથા નિષ્ણાંતોમાં અનેકવિધ તર્ક વિતર્કો વ્યકત થવા લાગ્યા છે. ભાજપ તથા એનડીએનાં નેતાઆ મહતમ બેઠકો મળ્યાનો દાવો કરી જ રહ્યા છે. જયારે વિપક્ષો મોટુ ગાબડુ પાડવાનો નિર્દેશ કરી રહ્યા છે.

લોકસભાની ચૂંટણીનાં હવે માત્ર બે તબકકા બાકી રહ્યા છે અને ત્યારબાદ ૪થી જુને મત ગણતરી સાથે પરીણામો જાહેર થનાર છે. રાજકીય વિશ્લેષણોનાં આધારે હવે નેતાઓ બાકીનાં બે તબકકામાં પ્રચારનું કાર્પેટ બોમ્બીંગ કરી શકે છે.

## હાર્ટએટેક

(છેલ્લા પાનાનું ચાલું)

યોજાનાર પોલીસ ભરતીની તૈયારી કરતો હતો. થોડાં સમય પહેલાં જ પોલીસમાં જોડાવા માટે એપ્લાય થયાં બાદ નિયમિત રનિંગની જનુનથી તૈયારી કર્યોટહતો. ગઈકાલે પણ સાંજના સમયે ઘરેથી રનિંગ કરવાં નીકળ્યાં બાદ તે રાતે ૧૦ વાગ્યે ઘરે આવ્યાં બાદ બેભાન થઈ ગયો હતો. બનાવથી પરિવારે આશાસ્પદ યુવાન ગુમાવતાં ગમગીની છવાઈ હતી.

## નરેન્દ્ર મોદી

(પહેલા પાનાનું ચાલું)

એસટી-એસસીને અનામતનો લાભ મળ્યો ન હોત. નેહરૂ-ગાંધી પરિવારના તમામ વડાપ્રધાનોએ અનામતનો વિરોધ કર્યો હતો. એક વોટબેંકને ખુશ કરવા માટે ધર્મના આધારે જેહાદવાળાઓને અનામત આપવા માંગે છે.

તેઓએ કહ્યું કે કોંગ્રેસ તથા તેમના સાથીદારોએ ૬૦ વર્ષ બરબાદ કરી નાખ્યા હતા. બે-ત્રણ પેઢીઓને તબાહ કરી નાખી છે. મારી સરકારે જુના ખાડા જ ભર્યા છે. ચાંદીની ચમચી સાથે જન્મ લેનારાને મહેનતની ખબર હોતી નથી.

તેમણે એવો પણ પ્રહાર કર્યો કે કોંગ્રેસના નેતાઓ મોદીની કબર ખોદવા માંગે છે. કોઇ મોદીની આંખોમાં આંસુ જોવા માગે છે. વિપક્ષો પાસે મોદીને ગાળો આપવા સિવાય કોઇ મુદા નથી.

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા

(પહેલા પાનાનું ચાલું)

બેંક ચૂંટણી બોન્ડના વ્યવહારો કેવી રીતે મેનેજ કરે છે તેની અનિશ્ચિતતાને કારણે પ્રક્રિયાની વિગતો માંગવામાં આવી હતી. બોન્ડના ખરીદનારા તથા વટાવનારાના યુનિક નંબર હોવાથી ચિંતાનો વિષય હવે સર્વોચ્ચ અદાલતે પણ ચૂંટણી બોન્ડને ગેરબંધારણીય ગણાવીને રોક લગાવી હતી તથા તમામ માહિતી જાહેર કરવાનો આદેશ કર્યો હતો છતાં સ્ટેટ બેંક મહત્વની વિગતો છુપાવી રહી છે.

તેમના કહેવા પ્રમાણે આ માહિતી જાહેર કરવાથી શું નુકશાન થઇ શકે તે વિશે એપલેટ ઓથોરીટીએ કોઇ ફોડ પાડ્યો નથી ઉપરાંત થર્ડ પાર્ટી કોણ છે તે દર્શાવ્યું નથી. આ મામલે જાહેર હિતનો હોવાનું પણ સ્વીકાર્યું નથી. માહિતી અધિકાર કાયદાની જોગવાઇ દર્શાવીને માહિતીનો ઇન્કાર કરાયો છે તેવી કોઇ જોગવાઇ પણ ન હોવાનો તેમનો દાવો છે.

## ગોલ્ડ લોન

(પહેલા પાનાનું ચાલું)

કંપનીઓને રોકડમાં લોન ન આપવાનો પણ નિર્દેશ કર્યો છે. બેંક કે આવી કંપનીઓ માત્ર ૨૦ હજાર રૂપિયા સુધીની લોનની રકમ જ રોકડ તરીકે આપી શકે છે, પણ આરબીઆઈએ જાણ્યું કે અહીં આ સીમાનું ઉલ્લંઘન થાય છે.

### આવી રીતે થાય છે ગોલ્ડ લોન ખાતુ અપગ્રેડ

દાખલા તરીકે ગ્રાહકના આભુષણોનું મૂલ્ય ૧ લાખ રૂપિયા આંકવામાં આવ્યું ત્યાર બાદ સોનાનો બજાર ભાવ વધવાથી ગીરવી રાખેલા આભુષણોની કિંમત વધીને ૧.૫૦ લાખ રૂપિયા થઈ ગઈ તો ગ્રાહક તે લોન વધારીને ૧.૫૦ લાખ કરાવી શકતો હતો અને તેને લોક અપગ્રેડ કરાવવા પર ૫૦ હજાર રૂપિયા વધુ મળી જતા હતા હવે બેંકોને નિર્દેશ અપાયો છે કે ગ્રાહકની લોનને અપગ્રેડ ન કરવામાં આવે તેને લોનના પૂરા પૈસા ચૂકવીને નવી લોન લેવાનું કરે.

### ગ્રાહકની અનૌપચારિક ક્ષેત્ર તરફ જવાની સંભાવના

રેટીંગ એજન્સી ફીચે જણાવ્યું છે કે સોનાના બદલામાં રોકડ લોન લેવા પર આરબીઆઈએ જે સીમા નકકી કરી છે એથી નવી લોન મળવાનો દર ધીમા થઈ શકે છે. કેટલાક લોન લેનારાઓ જે હજુ પણ રોકડ લોન લેવાને પ્રાથમિકતા આપે છે તે અનૌપચારિક ક્ષેત્ર જેવા ઉપલબ્ધ વિકલ્પ તરફ વળી શકે છે.

## ધરપકડ

(પહેલા પાનાનું ચાલું)

પણ બાઇક પર પરત ફરી રહ્યા હતા. ઝડપભેર આવી રહેલી કારે અશ્વિનીની બાઇકને જોરથી ટક્કર મારી હતી. ટક્કર થતાં જ અશ્વિની હવામાં લગભગ ૨૦ ફૂટ ઉછળી અને પછી જમીન પર પડી. તેનો મિત્ર અનીશ પણ કારમાં ચડી ગયો હતો અને બંનેને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, એક પોર્શ ટેકન કારે તેની બાઇકને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માત બાદ સગીર ચાલકને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. બાદમાં તેને કેટલીક શરતો હેઠળ મુક્ત કરવામાં આવ્યો હતો. પોલીસે સગીરને વાહન ચલાવવા દેવા બદલ પિતા સામે ગુનો દાખલ કર્યો છે.

હવે પોલીસ ને વધુ તપાસ મા જાણવા મળ્યું છે કે પોર્શ ટાયકન માર્ચ મહિનાથી નોંધણી વગર ચલાવી રહી હતી. સગીરના પિતાએ ઇલેક્ટ્રિક લક્ઝરી સ્પોર્ટ્સ સેડાન ખરીદી હતી .જેની ભારતમાં રૂ. ૧.૬૧ કરોડ અને રૂ. ૨.૪૪ કરોડની વચ્ચે છે, પરંતુ તેને RTOને જરૂરી નોંધણી ફી ચૂકવી નથી તેની પુષ્ટિ કરવામાં આવી છે.

કાર માલિકે નોંધણી માટે જરૂરી ફી ચૂકવી ન હતી, તેથી અમે નોંધણી નંબર આપી શક્યા ન હતા, પૂણેના પ્રાદેશિક પરિવહન અધિકારી સંજીવ ભોરએ જણાવ્યું હતું.આ વર્ષે માર્ચમાં કાર માલિક એ ડિલિવરી કરતા પહેલા ટેમ્પરરી રજીસ્ટ્રેશન કરાવી હતી. તેને રજીસ્ટર કરાવવાની જવાબદારી માલિકની હતી.

# માધાપર ગેઈટ પાસે પ્રૌઢ પર ત્રણ શખ્સનો હુમલોઃ એક્ટિવમાં તોડફોડ

રાજકોટ. તા.૨૧

માધાપર ગેઇટ પાસે કોળીવાસમાં રહેતાં પ્રૌઢને ત્રણ શખ્સોએ માર મારી તેના પુત્રના એકિટવામાં તોડફોડ કરી હતી.જે અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ,જામનગર રોડ પર માધાપર ગેઇટ પાસે આવેલા કોળવાસમાં રહેતાં રાયમલભાઇ રૂપાભાઇ ઝાખેલીયા (ઉ.વ. ૫૫) નામના પ્રૌઢ સાંજના પોતાના ઘરે હતા ત્યારે અલ્પેશ કાળુભાઇ ઝાખેલીયા,સંજય કાળુભાઇ ઝાખેલીયા અને વિપુલ કાળુભાઇ ઝાખેલીયા ઘસી આવ્યા હતાં. તેણે પ્રૌઢ સાથે ઝઘડો કરી તેમને ઢીકાપાટુનો મારમાર્યો હતો. તેમજ આરોપીઓએ ત્યાં પડેલા પ્રૌઢના દીકરાના એકિટવામાં પણ તોડફોડ કરી હતી.જે અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## ભગવાન જગન્નાથ

(પહેલા પાનાનું ચાલું)

પાત્રાના આ નિવેદન પર વિપક્ષોએ પસ્તાળ પાડી છે કે કયાં ગયા હિન્દુત્વના એ સંગઠનો અને પત્રકારો.

આ અંગેની વિગત એવી છે કે ભાજપના પુરીના ઉમેદવાર અને ભાજપના પ્રવકતાએ મોદીની પ્રશંસા કરતા કહ્યું હતું કે ભગવાન જગન્નાથ પણ વડાપ્રધાન મોદીના ભકત છે. આ મામલે લોકોની નકારાત્મક પ્રતિક્રિયા આવતા સંબિત પાત્રાએ માફી માગી છે અને સફાઈ આપવા લાગ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આપણા બધાની કયારેક કયારેક જીપ લપસી પડે છે, તેમ મારી સાથે પણ થયું.

જોકે વિપક્ષોએ આ મામલાને મુદ્દો બનાવી કહ્યું છે-ભાજપ સત્તાના નશામાં એટલો તો ધૂત થઈ ગયો છે કે તે પોતાને ભગવાનથી પણ ઉપર સમજે છે.

રાહુલ ગાંધીએ મોદી પર નિશાન સાધતા જણાવ્યું હતું કે જયારે વડાપ્રધાન પોતાને સમ્રાટ અને દરબારી તેમને ભગવાન માનવા લાગે તો સ્પષ્ટ છે કે પાપની લંકાનું પતન નજીક છે કેજરીવાલે પણ સંબિત પાત્રાના નિવેદનની ટિકા કરી કહ્યું હતું- ભાજપ એવું વિચારવા લાગી છે કે મોદી ભગવાનથી પણ ઉપર છે. ઓરિસ્સાના એઆઈઈસીસી પ્રભારી અજોય કુમારે કહ્યું હતું -ઓરિસ્સા ભગવાન જગન્નાથનું આ અપમાન સહન નહી કરે કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ પાત્રાના નિવેદનને ભગવાન જગન્નાથનું અપમાન કહ્યું છે. ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકે એકસ પોસ્ટમાં લખ્યું છે-મહાપ્રભુને કોઈ માણસનો ભકત કહેવો ભકતનું અપમાન છે.

## ડિમોલીશન

(છેલ્લા પાનાનું ચાલું)

અત્રે ઉલ્લેખનીય છે,કે ઉપરોકત સરકારી જમીન ઉપર લાંબાસમયથી મુકેશ ખોડાભાઈ ડાંગર, અને હંસાબેન એમ.સિંગલ દ્વારા બેથી ત્રણ ઓરડી અને બુદ્ધભગવાન તથા ડો.બાબા સાહેબ આંબેડકરનાં સ્ટેચ્યુ ઉભા કરી દબાણ કરવામાં આવેલ હતાં.આ દબાણ અંગે જે-તે સમયે જિલ્લા કલેકટર અપક્ષ લેન્ડ ગ્રેબીંગનો કેસ પણ ચાલ્યો હતો.અને કલેકટરે દબાણ દુર કરવા હુકમ કર્યો હતો.પરંતુ, કલેકટરનાં હુકમ સામે-દબાણ કર્તાઓએ હાઈકોર્ટમાં દાદ માંગી હતી.દરમ્યાન કોર્ટમાં આકેસ ચાલી જતા તાજેતરમાં જ હાઈકોર્ટ પણ ઉપરોકત જમીનનાં દબાણો હટાવી દેવા માટે આદેશ કરતા અંતે આજરોજ કલેકટરની સુચના મુજબ લોધીકા તાલુકા મામલતદાર, અને તેની ટીમે ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ ઓરડીઓ અને બુદ્ધ ભગવાન, તથા ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાઓ હટાવતા આ અંગે સ્થાનિક દલિત સમાજમાં રોષ ફેલાયો હતો.દલીત આગેવાનોએ તા.૨૩/૫નાં બુદ્ધપૂર્ણિમાં પુર્વે જ ડિમોલીશન કરવા તંત્રએ ષડયંત્ર કર્યું હોવાનો આક્ષેપ કર્યો હતો.ખાસ કરીને તંત્રએ ભગવાન બુદ્ધ અને ડો.આંબેડકરજીની પ્રતિમા હટાવાતા દલિત આગેવાનોએ હવે આગામી દિવસોમાં આંદોલન ઉગ્ર બનાવવાની ચેતવણી ઉચ્ચારી હતી.દરમ્યાન આજરોજ પ્રતિમાઓનાં ડિમોલીશનનો વિરોધ પ્રગટ કરવા ડી.ડી.સોલંકી સહિતનાં ૫ થી ૬ દલિત, આગેવાનો લોધીકા પોલીસ મથક પાસે એકત્ર થતા પોલીસે તમામ આગેવાનોની અટકાયત કરી લીધી હતી.

# Covaxinની રિસર્ચ ટીમે ICMR ની માંગી માફી, BHUની રિસર્ચ ટીમ પર થઈ શકે છે કાર્યવાહી

વારાણસી, તા.૨૧

કોવેક્સિનની અસર અંગે BHUનો અભ્યાસ વિવાદિત બની ગયો છે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સની રિસર્ચ ટીમે ICMR (ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ)ને માફી માગી છે. રિસર્ચ ટીમમાં ૧૨ થી વધુ ડોકટરો અને સંશોધકો નિશાના પર છે.




ટીમનું નેતૃત્વ કરી રહેલા ડો.એસ.એસ. ચક્રવર્તી અને ડો. ઉપિન્દર કૌરે કાઉન્સિલના ડિરેક્ટર જનરલને માફી પત્ર મોકલ્યો છે. જેમાં જણાવ્યું કે અમે કાઉન્સિલને પ્રોજેક્ટમાં સામેલ કરી ભૂલ કરી છે. ભવિષ્યમાં આવી ભૂલ ફરી નહીં થાય.

સ્વિત્ઝર્લેન્ડની જર્નલ સ્પ્રિંગર નેચરના સંપાદકને પણ એક પત્ર લખવામાં આવ્યો છે. તેમના સંશોધન પેપરમાંથી ICMRનું નામ દૂર કરવા જણાવ્યું હતું. ગંભીર ગળબડ સાથે ખામીયુકત અભ્યાસ ડિઝાઇનના કિસ્સામાં પગલા લેવાશે. કાઉન્સિલે પહેલા જ કહ્યું છે કે તે આ મામલે કાનૂની કાર્યવાહી કરશે. બંને ડોકટરો હાલમાં બેંગલુરુમાં છે, તેઓ થોડા દિવસો પછી બનારસ પરત ફરશે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ પણ તેમને સવાલ-જવાબ આપશે.

તાજેતરમાં કાઉન્સિલે રિસર્ચ ટીમને નોટિસ પાઠવી હતી. IMSના ડિરેક્ટરે આ મામલે રિપોર્ટ મંગાવ્યો અને ચાર સભ્યોની તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. વિગતવાર તપાસ રિપોર્ટ કાઉન્સિલને મોકલી દેવામાં આવ્યો છે. હવે કાઉન્સિલે જર્નલને પત્ર પણ લખ્યો છે. તે કહે છે કે અભ્યાસમાં ચાર ગંભીર ખામીઓ છે. પ્રથમ, તેમની પાસે રસીકરણ સાથે વાસ્તવમાં આડઅસરો સંકળાયેલી છે તેની પુષ્ટિ કરવા સંશોધન કરવા માટે રસી વગરના વ્યક્તિઓનું ગ્રુપ નથી. બીજું, તે રસીકરણ બાદ કેટલા લોકો પર કેટલી વાર આડઅસરની જાણ કરવામાં આવી તેનો ઉલ્લેખ નથી.

ત્રીજું, અભ્યાસમાંના સાધનો વિશ્વ-કક્ષાના નહોતા જ્યારે ચોથું, રસીકરણના એક વર્ષ પછી સહભાગીઓના પ્રતિભાવો કોઈપણ રેકોર્ડ અથવા ચિકિત્સકના પરીક્ષણની ચકાસણી વિના નોંધવામાં આવ્યા હતા, જેનાથી પક્ષપાતી અહેવાલની શક્યતા વધી હતી.

સંશોધન વધુ શ્રેષ્ઠ બનાવવા માટે ઘણા પગલાં લેવામાં આવશે. તમને જણાવી દઈએ કે આ મામલામાં ICMRએ નોટિસમાં કહ્યું છે કે સંશોધકે તેના સંશોધનમાંથી ICMRની મંજૂરી હટાવી લેવી જોઈએ અને માફી માગવી જોઈએ, નહીં તો કાનૂની અને વહીવટી કાર્યવાહીનો સામનો કરવો જોઈએ. આઇએમએસના ડાયરેકટર પ્રો. એસએન સંસ્કવારે કહ્યું કે તપાસ ટીમ દ્વારા ICMRને જવાબ મોકલવામાં આવ્યો છે. ટૂંક સમયમાં સંશોધન ટીમના સભ્યો સાથે વાત કરવામાં આવશે.




# જો તમારા ફોનમાં આ એપ્સ હશે તો તમે સુરક્ષિત અનુભવશો

દિલ્હી, તા.૨૧

મહિલાઓ વિરૂધ્ધ બનતી ગુનાહિત ઘટનાઓથી આપણે સૌ સારી રીતે વાકેફ છીએ, આવી સ્થિતિમાં સવાલ એ ઉઠે છે કે સુરક્ષા માટે શું કરવું જોઇએ? ટેક્નોલોજીના આ યુગમાં સુરક્ષા માટે સમર્પિત કેટલીક એપ્સ છે જેની મદદથી મહિલાઓ પોતાની સુરક્ષા કરી શકે છે. ખાસ કરીને જે મહિલાઓ કામ માટે એકલી મુસાફરી કરે છે તેમના માટે આ એપ ખૂબ જ ઉપયોગી છે.

**હિંમત પ્લસ એપ**

દિલ્હી પોલીસે મહિલાઓની સુરક્ષા માટે હિમ્મત પ્લસ એપ લોન્ચ કરી હતી. એપ ઈન્સ્ટોલ કર્યા પછી તમારે એપ પર રજીસ્ટર કરવું પડશે અને ઓટીપી દ્વારા લોગ ઇન કરવું પડશે. આ એપમાં એસઓએસ બટન આપવામાં આવ્યું છે. આ બટન દબાવતાની સાથે જ લોકેશનની માહિતી સીધી દિલ્હી પોલીસ કન્ટ્રોલ રૂમમાં પહોંચી જશે. કંટ્રોલ રૂમને માહિતી મળતાની સાથે જ તે સ્થળની નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરશે.

**૧૧૨ ઇન્ડિયા એપ**

આ એસઓએસ મોબાઇલ એપ ઇમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમનો એક ભાગ છે, જે ભારત સરકારની પહેલ છે. આ એપ દેશના મોટા ભાગના રાજ્યોમાં કામ કરે છે. આવા રાજ્યોની સંપૂર્ણ યાદી https://112.gov.in/ પર આપવામાં આવી છે જ્યાં આ એપ કામ કરે છે. હાલમાં આ એપ હેઠળ ૩૬ રાજ્યોમાં સેવા આપવામાં આવી રહી છે.

એપ સાથે કનેક્ટ થતાં પહેલાં તમારે તમારુ રાજ્ય અને મોબાઇલ નંબર દાળ કરીને લોગઇન કરવું પડશે. આ એપમાં આપવામાં આવેલ એસઓએસ બટનનો ઉપયોગ મુશ્કેલ સમયમાં કરી શકાય છે. તમે આ બટન દબાવતાની સાથે જ તમારુ લોકેશન શેર કરવામાં આવશે અને રિસ્પોન્સ ટીમ મદદ માટે તમારા સુધી પહોંચશે.

**bSafe Naver walk Alone**

આ મોબાઇલ એપમાં bSafe નામનું એલાર્મ આપવામાં આવ્યું છે. તમે આ એલાર્મ દબાવતાની સાથે જ તમારુ સ્થાન તમારા ઇમરજન્સી કોન્ટેક્ટ સાથે શેર કરવામાં આવશે.

# કર્મચારીઓની સ્વાસ્થ્ય જાળવણી માટે વિવિધ કંપનીઓ કાર્યસ્થળને સ્વસ્થ બનાવવાના માર્ગે

## કર્મચારીઓ માટે ઓફિસનું વાતાવરણ ગાર્ડનમાં પરિવર્તિત કરવામાં આવેલ છે : ઘણી કંપનીઓએ ઓફિસમાં મેડિટેશન રૂમ પણ ચાલુ કરેલ છે : ઘણી કંપનીઓએ તનાવમુકત થવા થોડા સમય વિરામ માટે પણ આપ્યો છે

નવી દિલ્હી : કાર્યસ્થળમાં કર્મચારીઓ માટે ફિટ રહેવું સૌથી વધુ જરૂરી છે. કોરાના રોગચાળાને કારણે લાંબા સમય સુધી સમસ્યાઓનો સામનો કર્યા પછી કંપનીઓ વર્કપ્લેસને સ્વસ્થ અને કર્મચારીઓ માટે સારી જગ્યા બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે.



ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા અધિકારીઓનું કહેવું છે કે ડ્યુસ બેંક, સિપ્લા, એડવોકા, અપગ્રેડેશન, બીટો, સેકલોર, ડ્રીમ સ્પોર્ટસ અને નિન્જાકાર્ટ જેવી કંપનીઓ ઓફિસમાં મેડીટેશન માટે રૂમ બનાવી રહી છે. ઓફિસમાં પાણી અને ખોરાકની નિયમિત ચકાસણી કરવામાં આવી રહી છે. ખુબ જ લાઇટવાળી ટયુબલાઇટની જગ્યાએ કુદરતી અથવા વોર્મ એલઇડી લાઇટીંગનો ઉપયોગ કરી રહ્યા છે.

આ અંગે ગયા મહિને ફિટનેસ ટેકનોલોજી કંપનીએ એક રીપોર્ટ જાહેર કર્યો છે તે મુજબ ભારતની લગભગ ૪૫ ટકા વસ્તી આરોગ્યપ્રદ બનવાના જોખમનો સામનો કરી રહી છે. આનાથી માત્ર વ્યકિતગત, માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર જ નકારાત્મક અસર થતી નથી. પરંતુ તે કાર્યસ્થળની ઉત્પાદકતામાં પણ ઘટાડો કરે છે.

ડોઇશબેંકે પોતાના કર્મચારીઓને તનાવપૂર્ણ પરિસ્થિતિઓમાંથી વિરામ આપ્યો છે અથવા તમારા મુડને કુદરતી રીતે સુધારવામાં મદદ કરવા માટે મેડીટિશન રૂમ બનાવ્યા છે. તે રીતે સીપ્લાએ તેની ઓફિસોને બગીચા જેવું વાતાવરણમાં પરિવર્તિત કરેલ છે.

'સિપ્લા'ના ગ્લોબલ ચીફ પીપલ ઓફિસર રાજુ મિસ્ત્રીએ જણાવ્યું કે અમે સમગ્ર કાર્યસ્થળને વોર્મ એલઇડી લાઇટસનો ઉપયોગ કરવાનું પણ શરૂ કર્યુ છે તે ઉત્પાદકતા વધારવા માટે સાબિત થયું છે.તેમ 'એડબ'એ બ્રેકઆઉટ સ્ટ્રેચિંગ સત્રો તેમજ ગ્રુપ એર્ગોનોમિક થેરાપી સેશન્સ પણ શરૂ કર્યા છે. 'બીટો' પણ ધીમે ધીમે કાર્યસ્થળમાં વધુ કુદરતી પ્રકાશનો સમાવેશ કરવા તરફ આગળ વધી રહ્યું છે.'સેકલોર'એ તનાવ મુકત વાતાવરણ બનાવવા માટે ઓફિસમાં એક નાનો ફિટનેસ વિભાગ બનાવ્યો છે.

## લાંબા સમય સુધી પાણીની અંદર રહેવાનો બનાવ્યો રેકોર્ડ

# ત્રણ મહિના સમુદ્રમાં વિતાવ્યા પછી, ઉંમર ૧૦ વર્ષ ઓછી દેખાવા લાગી

## કોલેસ્ટ્રોલના સ્તરમાં ૭૨ પોઈન્ટનો ઘટાડોઃ ડીએનએમાં ફેરફાર સાથે સ્ટેમ સેલની સંખ્યામાં વધારો

રાજકોટ,તા.૨૧

એટલાન્ટિક મહાસાગરમાં એક યુવાને ૯૩ દિવસ સુધીનો સમય સમુદ્રમાં વિતાવ્યો હોવાની ઘટના સામે આવી છે. એટલાન્ટિક મહાસાગરની ઊંડાઈમાં નિવૃત્ત નૌકા અધિકારી જોસેફ ડિતુરીને યુવાન રાખવામાં આવ્યો હતો. એક રિસર્ચના ભાગરૂપે તેને લગભગ ત્રણ મહિના સુધી પાણીની અંદર રાખવામાં આવ્યો. જયારે તે બહાર આવ્યો ત્યારે તે તેની ઉંમર કરતા ૧૦ વર્ષ નાનો દેખાવા લાગ્યો હતો. આ જોઈને વૈજ્ઞાનિકોની ટીમ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી.



માનવ શરીર પર પાણીના દબાણની અસર રિટાયર્ડ નેવલ ઓફિસર જોસેફ ડિતુરીને સંશોધન માટે પાણીની અંદર રહેવા માટે કહેવામાં આવ્યું હતું. વિજ્ઞાનીઓ એ જાણવા માંગતા હતા કે, દબાણયુક્ત વાતાવરણમાં પાણીની નીચે રહેવાથી માનવ શરીર પર શું અસર પડે છે. તેમને ૯૩ દિવસ સુધી કોમ્પેક્ટ પોડમાં પાણીની અંદર રાખવામાં આવ્યા હતા. પરીક્ષણ બાદ જાણવા મળ્યું કે, ડિતુરીના ટેલોમેરેસ પહેલા કરતા ૨૦ ટકા લાંબા થઈ ગયા છે. રંગસૂત્રના અંતમાં ડીએનએના આવરણને ટેલોમેર કહેવામાં આવે છે. તેમની લંબાઈ વધતી ઉંમર સાથે ઘટતી જાય છે. ડેતુરીએ પાણીની અંદર રહેવાનો નવો રેકોર્ડ બનાવ્યો.

વધુ કેટલાક ફેરફારો સારી ઊંઘ આવવા લાગી કોલેસ્ટ્રોલ પણ ૭૨ પોઈન્ટ નીચે આવ્યું શરીરમાં બળતરા પેદા કરતા તત્વોની માત્રા અડધી થઈ ગઈ DNA કવરની લંબાઈ ૨૦ ટકા વધી

# વિશ્વમાં સારવાર વગર રહેતા અસ્થમાના ૭૦ ટકા દર્દીઓ!!

**છીંક આવવી, નાકમાંથી પાણી જવું એ એલર્જી સમજવાની ભૂલ કરે છે**



કોઈપણ બીમારીની જાણ જેટલી વહેલી થાય તો તેનો ઉપચાર જલ્દીથી શરૂ કરી શકાય છે. તાજેતરના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વિશ્વમાં લગભગ ૭૦ ટકા લોકો એવા છે કે અસ્થમાની બીમારીની જાણ હોતી નથી.

ભારતમાં દર વર્ષે લગભગ બે લાખ લોકો આ રોગના કારણે મૃત્યુ પામે છે. જો આ રોગની વહેલી ખબર પડે તો તેની યોગ્ય સારવાર કરી શકાય છે. કોઈપણ અસ્થામાના દર્દીનું મૃત્યુ અટકાવી શકાય છે. આ દાવો એક નવા અભ્યાસમાં કરવામાં આવ્યો છે.

અધ્યયનના પરિણામો ન્યુ ઈંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસિનમાં પ્રકાશિત થયા હતા. આ પ્રકારનો વિશ્વનો પ્રથમ અભ્યાસ છે. આ વાત અધ્યયનના પ્રમુખ લેખક ડોકટર શોન એરોને જણાવી છે.

એરોન કેનેડાના ઓન્ટારિયોમાં સ્થિત ઓટાવા હોસ્પીટલમાં ફેફશાના રોગના નિષ્ણાંત છે. તેઓ ઓટાવા યુનિ.માં પ્રોફેસર પણ છે. તેમણે વધુમાં જણાવ્યું કે લોકો આ બીમારીથી પીડાઈ રહ્યા છે. કારણ કે આ રોગની ઓળખ થઈ ન હતી અને તેથી તેઓ સારવારથી વંચીત હતા. એરોન દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકન મુજબ વિશ્વમાં ૭૦ ટકા એવા દર્દીઓ છે જેમને અસ્થમાની બીમારીની ઓળખ થઈ શકી નથી.

**આનુવંશિક રોગ અસ્થમા**

નિષ્ણાંતો કહે છે કે અસ્થમા એક આનુવંશિક રોગ છે. આ રોગનું મહત્વનું કારણ વાયુ પ્રદુષણ છે જે આ દિવસોમાં સમગ્ર વિશ્વને અસર કરી રહ્યું છે. નાકમાં પાણી આવવું, છીંક આવવી વગેરેને એલર્જી ગણવામાં આવે છે અને છેવટે આ રોગ ઘાતક સ્વરૂપ ધારણ કરે છે.

**ભારતમાં આ રોગ વધી રહ્યો છે**

વિશ્વભરમાં અસ્થમાના કારણે થતા કુલ મૃત્યુમાંથી ૪૪ ટકા ભારતમાં થાય છે. દેશમાં દર વર્ષે આ રોગના દર્દીઓની સંખ્યા વધી રહી છે. વાસ્તવમાં આ રોગ માટે કોઈ નિયત સારવાર નથી.

**શ્વાસ નળીમાં સોજો**

અસ્થમા એ ફેફસાનો રોગ છે જેમાં દર્દીનો શ્વસન માર્ગ ફૂલવા લાગે છે. જેના કારણે ફેફસામાં સંકોચન થાય છે. આનાથી શ્વાસ લેવામાં તકલીફ થાય છે અને શ્વસન માર્ગમાં લાળ બનવા લાગે છે.

# જયારે સમય ખરાબ હોય ત્યારે.... ધોનીનું નિવેદન ચર્ચાનો વિષય બન્યું

દિગ્ગજ ભારતીય વિકેટકીપર-બેટ્સમેન અને પૂર્વ કેપ્ટન એમએસ ધોનીને પોતાના શાંત સ્વભાવ અને પોતાની શાનદાર કેપ્ટનશિપ માટે દરેક લોકોની પ્રશંસા મળી છે. ધોનીએ કહ્યું કે, એક કેપ્ટન ઉદાહરણની સાથે કેપ્ટનશિપ કરે છે કે, તે હારની ક્ષણમાં કેવી રીતે ચાલે છે અને વાત કરે છે અને કામ કરે છે. તે સમયનું સમ્માન પ્રાપ્ત કરો. ૪૨ વર્ષીય ધોની ક્રિકેટના ઈતિહાસમાં સૌથી મહાન કેપ્ટનમાંથી એક છે. અને તમામ ICC વ્હાઈટ-બોલ ટ્રોફી, ICC T20 વર્લ્ડ કપ (૨૦૦૭), ICC ક્રિકેટ વર્લ્ડ કપ (૨૦૧૧) અને ICC વર્લ્ડ કપ (૨૦૧૧) જીતનાર પ્રથમ ખેલાડી છે. એક કેપ્ટન તરીકે ICC ચેમ્પિયન્સ ટ્રોફી (૨૦૧૩). 'કેપ્ટન કૂલ'ના નામથી પણ ઓળખાતા ધોનીએ CSKને પાંચ IPL અને બે ચેમ્પિયન્સ લીગ T20 (CL T20) ટાઇટલ પણ અપાવ્યું છે.




એમએસ ધોનીએ એક વીડિયોમાં કહ્યું કે, તમે ઉતાર-ચઢાવ દરમિયાન ઉદાહરણ બનીને નેતૃત્વ કરો છો કારણ કે જ્યારે તમે સફળ થાઓ છો ત્યારે તે કહેવું ખૂબ જ સરળ છે કે અમે આ જ કરીએ છીએ, પરંતુ જ્યારે તમારો ખરાબ સમય હોય ત્યારે તે વાસ્તવિક સમય હોય છે અને તમારે તે વાત પર ચાલવું પડે છે. તે ક્ષણોમાં જો તમે હજી પણ તે જ છો તો પછી તે સમયે તમે તમારું સમ્માન પ્રાપ્ત કરો છો. આખી સિઝનમાં ધોની (MS Dhoni in IPL ૨૦૨૪) એ ૧૪ મેચોની ૧૧ ઈનિંગ્સમાં ૨૨૦.૫૪ના સ્ટ્રાઈક રેટ અને ૫૩.૬૭ની એવરેજથી ૧૬૧ રન બનાવ્યા છે. ધોનીએ આગળ કહ્યું કે, મહત્વપૂર્ણ વાત એ છે કે, તમારે એ લોકોનું સમ્માન મેળવવાની જરૂર છે જેનું તમે નેતૃત્વ કરી રહ્યા છો. તમે સમ્માનની માંગ અથવા આદેશ ન આપી શકો, તેને પ્રાપ્ત કરવું પડે છે.

# યુરોપની ટૂર હવે મોંઘી પડશેઃ શેંગેન વિઝા ફીમાં ૮૦ થી ૯૦ યુરોનો વધારો

**૧૧મી જૂનથી નવો ફી વધારો અમલમાંઃ શેંગેન વિઝા ફીમાં વધારા સામે અનેક જગ્યાએ નારાજગી**

નવી દિલ્હી,તા.૨૧

યુરોપના મોટા ભાગના દેશોની મુલાકાત લેવાનું હવે મોંઘું પડશે કારણ કે શેંગેન વિઝાની ફી વધી રહી છે. એડલ્ટ માટે ફી ૮૦ યુરોથી વધીને ૯૦ યુરો કરવામાં આવશે જ્યારે બાળકો માટે ફી ૪૦ યુરોથી વધારીને ૪૫ યુરો કરવામાં આવશે. જૂનના મધ્યથી જ નવી ફી લાગુ થઈ જવાની છે.

શેંગેન વિઝા ફીમાં સીધો ૧૨ ટકાનો વધારો ઝીંકવામાં આવ્યો છે અને આ વધારો ૧૧ જૂનથી એટલે કે આગામી મહિનાથી જ લાગુ થઈ જશે. યુરોપિયન કમિશન આ ફી વધારવા જઈ રહ્યું છે અને તેના માટે એવું કારણ અપાયું છે કે યુરોપમાં ફુગાવો વધ્યો છે, સિવિલ સર્વન્ટના પગાર વધ્યા છે જેથી શેંગેન વિઝાની ફી પણ વધારવી પડી છે.

સ્લોવેનિયન મિનિસ્ટ્રી ઓફ ફોરેન એન્ડ યુરોપિયન અફેર્સે એ વાતની પુષ્ટિ કરી છે કે શેંગેન વિઝા માટે અરજી કરી હોય તો એડલ્ટ માટે ફી ૮૦ યુરોથી વધીને ૯૦ યુરો કરવામાં આવશે જ્યારે ૬થી ૧૨ વર્ષના બાળકો માટે ફી ૪૦ યુરોથી વધારીને ૪૫ યુરો કરવામાં આવશે.

યુરોપના દેશોની મુલાકાત લેવામાં ભારતીય ટ્રાવેલર્સનો રસ વધતો જાય છે અને ૨૦૨૩માં શેંગેન વિઝાની અરજીઓમાં મોટો વધારો થયો હતો.

હવેથી પુખ્તવયના લોકો અને બાળકો માટે વિઝા ફી વધી જશે. આ ઉપરાંત જે દેશો પોતાના ગેરકાયદે વસતા લોકોને પોતાને ત્યાં પાછા રાખવામાં સહકાર નહીં આપતા હોય તેવા દેશો માટે ફી ૧૩૫ યુરોથી વધારીને ૧૮૦ યુરો કરવામાં આવશે. સ્લોવેનિયન ગવર્નમેન્ટે એક સ્ટેટમેન્ટમાં જણાવ્યું કે શોર્ટ ટર્મના શેંગેન વિઝા માટેની ફીમાં વર્લ્ડવાઈડ ૧૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આખી દુનિયામાં આ ફી વધારો ૧૧ જૂન ૨૦૨૪થી લાગુ થશે.

શેંગેન વિઝા કોડ પ્રમાણે દર ત્રણ વર્ષે ઈયુની વિઝા ફીમાં ફેરફાર કરવામાં આવે છે અને જે રીતે ફુગાવો વધે તેને ધ્યાનમાં રાખીને ફી વધારવામાં આવતી હોય છે. છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૦માં ફી વધારવામાં આવી ત્યારે એડલ્ટ માટે ફી ૬૦ યુરોથી વધારીને ૮૦ યુરો કરવામાં આવી છે અને હવે તે ૯૦ યુરો થઈ જશે.

શેંગેન વિઝાની ફી વધવાના કારણે ઘણી જગ્યાએ અસંતોષ પણ જોવા મળ્યો છે, નારાજગી જોવા મળી છે. ખાસ કરીને તુર્કીના નાગરિકો બહુ નારાજ છે કારણ કે તેમને અપેક્ષા હતી કે યુરોપિયન યુનિયન સાથે વિઝા ફી એગ્રીમેન્ટ થઈ જશે.

શેંગેન એરિયા એ યુરોપની અંદર ફ્રી મુવમેન્ટનો એક ચોક્કસ ઝોન છે જેમાં અમુક દેશો સામેલ છે. તેમાં કુલ ૨૯ દેશો આવે છે જેમાંથી ૨૫ દેશો યુરોપિયન યુનિયનના મેમ્બર છે. આમાં જર્મની, ગ્રીસ, સ્પેન, ફ્રાન્સ, ઈટલી, નેધરલેન્ડ, ઓસ્ટ્રીયા, પોર્ટુગલ, પોલેન્ડ, ફિનલેન્ડ, સ્વીડન, નોર્વે, સ્વિટ્ઝર્લેન્ડ સહિતના દેશોનો સમાવેશ થાય છે.

# મુંબઈમાં વિમાન સાથે પક્ષીઓનું ઝુંડ ટકરાયુંઃ ૩૬ રાજહંસોના મોત

## પક્ષીના ઝૂંડના ટકરાવથી વિમાનને નુકસાનઃ ઈમરજન્સી લેન્ડીંગ કરાયુંઃ યાત્રીઓ-ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત

મુંબઇ, તા.૨૧

મુંબઇમાં ગઇકાલે રાત્રે એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની હતી. એમિરેટ્સની એક ફ્લાઇટ સાથે રાજહંસોનું એક ઝુંડ ટકરાતા આ દુર્ઘટનામાં ૩૬ રાજહંસોના મૃત્યુ થયા છે. જયારે પક્ષીઓની ટક્કરથી વિમાનને ઘણું નુકશાન થતાં તેનું ઇમર્જન્સી લેન્ડીંગ કરાયું હતું. જો કે વિમાનના યાત્રીઓ અને ક્રુ મેમ્બર્સ સુરક્ષિત છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ઘાટકોપરના લક્ષ્મીનગર વિસ્તારમાં એમિરેટ્સના વિમાન સાથે પક્ષીઓનું ઝુંડ ટકરાયું હતું. ઘટના રાત્રે ૯-૧૮ વાગ્યે બની હતી. આ દુર્ઘટનામાં ૩૬ જેટલા રાજહંસોના મોત થયા છે, જેમાં ૨૯ના શબ મળ્યા હતા. જ્યારે અન્ય શબો મંગળવારે મળ્યા હતા.

પક્ષીઓના ઝુંડના ટકરાવાથી વિમાનને પણ ઘણું નુકશાન થતાં તેનું ઇમર્જન્સી લેન્ડીંગ કરાવાયું હતું. જો કે આ બનાવમાં યાત્રીઓ-ક્રુ મેમ્બર્સ સુરક્ષિત છે.

# બિહારમાં ચૂંટણીના વેરઝેરમાં બે જુથો વચ્ચે મારામારીઃ ફાયરીંગમાં એકનું મોત

## રાજદ ઉમેદવાર રોહિણી આચાર્ય મતદાનના દિવસે બુથ પર પહોંચ્યા ત્યારે થયેલા વિવાદે બીજા દિવસે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ

છપરા (બિહાર), તા.૨૧

અત્રેના તેલપા મોહલ્લામાં આજે સવારે અગાઉના ચૂંટણીના વેરઝેરમાં બે પક્ષો વચ્ચે જોરદાર બબાલ થઇ હતી, દરમિયાન ગોળીબાર થતાં બડા તેલપા નિવાસી નાગેન્દ્ર રાયના ૨૫ વર્ષના પુત્ર ચંદન રાયનું મોત થયું હતું. જ્યારે બે લોકો ઘાયલ થયા હતા. તેમને સારવાર માટે હોસ્પીટલે ખસેડાયા હતા. જાણકારી મુજબ મતદાનના દિવસે સોમવારે બડા તેલપાના બુથ પર રાજદ ઉમેદવાર અને રાજદ સુપ્રીમો લાલુપ્રસાદ યાદવની પુત્રી ડો. રોહિણી આચાર્યના પહોંચવા પર બે જુથ વચ્ચે વિવાદ થયો હતો. જો કે ત્યારે વિવાદ ઉકેલાઇ ગયો હતો પણ આજે મંગળવારે આ વિવાદ ફરી ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને બન્ને પક્ષો સામસામા આવી ગયા હતા. દરમિયાન ફાયરીંગ થયું હતું જેમાં ચંદનરાય નામના યુવકનું મોત થયું હતું.





ચંદન રાયના પરિવારે આ મામલે એક જાતિ વિશેષના લોકો પર ગોળી ચલાવવાનો આરોપ લગાવ્યો છે. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

# શુક્રવારે રેવન્યુ અધિકારીઓની બેઠક બોલાવતા જિલ્લા કલેકટર

## રેવન્યુ કામગીરીની સમીક્ષા થશે

રાજકોટ તા.૨૧

રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આગામી તા.૨૪ ને શુક્રવારે રેવન્યુ અધિકારીઓની બેઠક બોલાવવામાં આવેલ છે. જેમાં જીલ્લાની રેવન્યુ કામગીરીની સમીક્ષા કરવામાં આવનાર છે.

અહી એ ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણીનાં પગલે છેલ્લા દોઢ માસથી કલેકટર કચેરીમાં રેવન્યુ અધિકારીઓની બેઠક મળી શકેલ ન હતી.

ચૂંટણી પુરી થતાં જ કલેકટર કચેરીનો વહીવટ ગતિશીલ બન્યો છે ત્યારે આગામી તા.૨૪ શુક્રવારે જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા રેવન્યુ અધિકારીઓની બેઠક બોલાવવામાં આવી છે.



જેમાં જીલ્લાની રેવન્યુ કામગીરીની સમીક્ષા હાથ ધરાશે.

# હું RSSનો સભ્ય હતો, છું અને રહેવાનોઃ કોલકાતા હાઈકોર્ટના જજની વિદાય વખતે કબૂલાત

## મારા કામના કારણે મેં સંગઠનથી ૩૭ વર્ષ અંતર રાખ્યુંઃ કેરિયરમાં સંગઠનનો ઉપયોગ નથી કર્યોઃ જજ દાસ

કોલકાતા,તા.૨૧

કોલકાતા હાઈકોર્ટના જજ પદેથી સોમવારે નિવૃત્ત થયેલા જસ્ટિસ ચિત્તરંજન દાસે મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના સભ્ય હતા. હાઈકોર્ટમાં જજ અને બાર સભ્યોની હાજરીમાં પોતાના વિદાય સમારોહને સંબોધિત કરતા તેમણે આ વાત કરી હતી. જસ્ટિસ દાસે કહ્યું કે જો સંગઠન તેમને કોઈ પણ મદદ કે કોઈ કાર્ય માટે બોલાવે છે તો જેમાં તે સક્ષમ છે તો તે સંગઠનમાં પાછા જવા માટે તૈયાર છે. તેમણે કહ્યું કે અમુક લોકોને ભલે સારું ન લાગે, મને એ સ્વીકાર છે કે હુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો સભ્ય હતો અને છુ.

જસ્ટિસ દાસ ટ્રાન્સફર પર ઓડિશા હાઈકોર્ટથી કોલકાતા હાઈકોર્ટ આવ્યા હતા. તેમણે કહ્યું કે સંગઠનના મારી પર ખૂબ ઉપકાર છે. હુ બાળપણથી લઈને યુવાન અવસ્થા સુધી ત્યાં રહ્યો છુ. જસ્ટિસ દાસે કહ્યું, મે સાહસી, ઈમાનદાર હોવુ અને બીજા પ્રત્યે સમાન દ્રષ્ટિકોણ રાખવાનું શીખ્યું. સાથે જ દેશભક્તિની ભાવના અને કાર્યના પ્રત્યે પ્રતિબદ્ધતા વિશે શીખ્યુ છે. દાસે કહ્યું કે તેમણે પોતાના કામના કારણે લગભગ ૩૭ વર્ષ સુધી સંગઠનથી અંતર રાખ્યું છે.

જસ્ટિસ દાસે કહ્યું, મે ક્યારેય પણ સંગઠનના સભ્યપદનો ઉપયોગ કરિયરમાં પ્રગતિ માટે કર્યો નથી કેમ કે આ તેના સિદ્ધાંતો વિરુદ્ધ છે. તેમણે કહ્યું કે તેમણે તમામની સાથે સમાન વ્યવહાર કર્યો. ભલે તે કોઈ અમીર વ્યક્તિ હોય, ભલે તે કોમ્યુનિસ્ટ હોય કે ભાજપ, કોંગ્રેસ કે તૃણમુલ કોંગ્રેસ સાથે હોય. મારી સામે સૌ સમાન છે, હુ કોઈના માટે કે કોઈ રાજકીય દર્શન કે તંત્ર માટે કોઈ પૂર્વાગ્રહ રાખતો નથી. મે મારા જીવનમાં કંઈ પણ ખોટું કર્યું નથી. તેથી મારામાં એ કહેવાનું સાહસ છે કે હું સંગઠન સાથે જોડાયેલો છુ કેમ કે એ પણ ખોટું નથી.

# આ સિઝન નિરાશાજનક રહીઃ નીતા અંબાણીનો મુંબઈના ખેલાડીઓ સાથે વાતચીતનો વિડીયો વાયરલ

મુંબઈ, તા.૨૧

આઈપીએલની ૧૭મી સીઝન હવે ચરમસીમાએ પહોંચી રહી છે. ચાર ટીમ પ્લેઓફ માટે કવોલિફાય થઈ છે જેમાં કોલકાતા, હૈદરાબાદ, રાજસ્થાન અને બેંગલુરુની ટીમોનો સમાવેશ થાય છે. મુંબઈ ઈન્ડિયન્સની સફર પૂરી થઈ ગઈ છે. આ સિઝન તેના માટે કંઈ ખાસ રહી નથી. ટીમ પોઈન્ટ ટેબલમાં ૧૦મા સ્થાને છે. હવે મુંબઈની માલિક નીતા અંબાણીએ ટીમના પ્રદર્શન વિશે વાત કરી છે. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં તે ડ્રેસિંગ રૂમમાં ખેલાડીઓ સાથે વાતચીત કરતાં જોવા મળી રહ્યા છે.



જેમાં મુંબઈએ ૧૦માંથી માત્ર ચાર મેચ જીતી હતી. તેનો નેટ રન રેટ (-૦.૩૧૮) પણ આ સિઝનમાં સૌથી ખરાબ હતો. હવે ટીમના માલિકે કહ્યું કે ખેલાડીઓએ તેમની ભૂલો પર ધ્યાન આપવાની જરૂર છે. નીતા અંબાણીએ કહ્યું, ''આપણા બધા માટે તે નિરાશાજનક છે કે જે રીતે અમે ઈચ્છતા હતા તે રીતે કામ ન થયું, પરંતુ હું હજુ પણ મુંબઈ ઈન્ડિયન્સની મોટી પ્રશંસક છું. માત્ર એક માલિક જ નહીં. મને લાગે છે કે મુંબઈ ઈન્ડિયન્સની જર્સી પહેરવી એ એક મહાન છે. અનુભવ.'' મને લાગે છે કે, અમે પાછા જઈશું, સમીક્ષા કરીશું અને તેના વિશે વિચારીશું.''નીતા અંબાણીએ ભારતીય ખેલાડીઓને વર્લ્ડ કપ માટે શુભેચ્છા પાઠવી હતી. તેણે રોહિત શર્મા, હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ અને જસપ્રિત બુમરાહને આગામી વર્લ્ડ કપ માટે ખાસ સંદેશ આપ્યો હતો. તેણે આગળ કહ્યું, ''રોહિત, હાર્દિક, સૂર્યા અને બુમરાહને વર્લ્ડ કપ માટે શુભકામનાઓ. અમને આશા છે કે તમે ઝ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં સારું પ્રદર્શન કરશો.''

દર વર્ષે મનપા દ્વારા નોટીસો આપવાની પરંપરા ચાલુ : ફરી નળ અને ગટર જોડાણ કાપવા ચિમકી : સરકારી વિભાગે રસ્તો કાઢવાની જરૂર

# રાજકોટમાં ૧૧૫૩ મિલ્કતો જોખમી : રાજય સરકારે રીપોર્ટ લીધો

## ચોમાસા પૂર્વે જર્જરિત બાંધકામો અંગે સમીક્ષા કરતા મુખ્ય સચિવ : જુના રાજકોટમાં ઘણી બંધ મિલ્કતો પડુ પડુ : ન્યુ રાજકોટ અને સામાકાંઠે હાઉસીંગ બોર્ડના કવાર્ટર ખખડી ગયા..

રાજકોટ, તા. ૨૧

મુંબઇમાં ગેરકાયદે હોર્ડિંગ પડવાની જીવલેણ દુર્ઘટના બાદ રાજય સરકાર દ્વારા આવા હોર્ડિંગ સાથે શહેરોમાં ભયગ્રસત બાંધકામો અને મકાનોનો સર્વે કરવા ફરી સમીક્ષા કરવામાં આવી છે. તો રાજકોટમાં દર વર્ષની જેમ બાંધકામ શાખા જર્જરીત મકાનોને નોટીસો આપવા લાગી હોય, હાઉસીંગ બોર્ડ અને ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના કવાર્ટરોનું શું કરવું તે અંગે ફરી સરકાર પાસે માર્ગદર્શન માંગવામાં આવ્યું છે.

સરકાર દ્વારા બનાવાયેલા કવાર્ટર જ જર્જરીત અને જોખમી હોય, મનપા નળ અને ગટર જોડાણ કાપવા સિવાય કોઇ કામ કરી શકતું નથી. આથી સરકારના વિભાગો રાજકોટમાં સલામતી માટે જરૂરી કાર્યવાહી કરે એ આવશ્યક છે.

આજે મુખ્ય સચિવ અને શહેરી વિકાસ સચિવે રાજયમાં ભયગ્રસ્ત મિલ્કતો અંગે સમીક્ષા કરી હતી. જુદા જુદા મહાનગરો અને શહેરો પાસેથી આ અંગેની આંકડા સહિતની વિગતો લેવામાં આવી હતી. રાજકોટની વાત કરીએ તો મનપાના રેકોર્ડ પર વર્ષોથી ૧૧૫૩ જેટલી મિલ્કતો ભયગ્રસ્ત છે. આ તમામ આસામીઓને નોટીસ આપવામાં આવી છે.

આ પૈકી સેન્ટ્રલ ઝોનમાં ૨૬૦, વેસ્ટ ઝોનમાં ૧૪૩ અને ઇસ્ટ ઝોનમાં ૭૫૦ મકાન જોખમી છે. ઇસ્ટ ઝોનમાં સૌથી વધુ ભયગ્રસ્ત મિલ્કતોમાં દૂધસાગર રોડ પર આવેલા ગ્રામગૃહ નિર્માણ બોર્ડના કવાર્ટર છે. આ જ રીતે યુનિ. રોડ પર પણ હાઉસીંગ બોર્ડના અનેક કવાર્ટર જર્જરીત હાલતમાં છે. થોડા સમય પહેલા આ કવાર્ટર રીપેર કરવામાં ન આવતા મનપાએ નળ જોડાણ કાપવાની કડક કાર્યવાહી કરી હતી. તો હવે સરકારનું વિજ તંત્ર લાઇટ કનેકશન કાપે તેવી તૈયારી પણ કરવામાં આવી રહી છે.



પૂર્વ ઝોનમાં ૭૫૦માંથી ૭૦૦ બાંધકામ હાઉસીંગ બોર્ડના કવાર્ટર છે. વોર્ડ નં.૬ અને ૧૫માં આવા દાયકાઓ જુના આવાસ આવેલા છે. તંત્રએ નોટીસ આપ્યા બાદ અમુક આસામીએ રીપેરીંગ કામ કર્યા છે. પરંતુ માલીકી સરકારની હોય, મનપા કોઇ ફેરફાર કરી શકતી નથી. હજુ જેઓએ જોખમી આવાસ કે બિલ્ડીંગ રીપેર કરાવ્યા ન હોય તેમના નળ અને ડ્રેનેજ જોડાણ કાપવાની કામગીરી ફરી કરવાની ચિમકી કોર્પો.એ આપી છે.

ન્યુ રાજકોટના વેસ્ટ ઝોનમાં મણીયાર કવાર્ટરના રી-ડેવલપમેન્ટનું કામ શરૂ થયા બાદ પશ્ચિમમાં ભયગ્રસ્ત મિલ્કતોનું સંખ્યા ઘટી છે. આમ છતાં રૈયા રોડના વૈશાલીનગર, કાલાવડ રોડના જગન્નાથ પ્લોટ જેવા અનેક વિસ્તારમાં હજુ ભયગ્રસ્ત મકાનો છે.

સેન્ટ્રલ રાજકોટમાં વર્ષોથી ૨૬૦ મિલ્કતો ભયગ્રસ્ત હાલતમાં છે. જેમાં મોટા ભાગની જુના રાજકોટની છે. પરાબજાર, ધર્મેન્દ્ર રોડ, લાખાજીરાજ રોડ, રૈયાનાકા ટાવર, સોનીબજાર, રામનાથપરા, નદીકાંઠાના અમુક વિસ્તારોમાં આવી ભયગ્રસ્ત મિલ્કતો છે. જોકે મોટા ભાગની મિલ્કત બંધ હાલતમાં છે. અમુકમાં કોર્ટ કેસ પણ ચાલી રહ્યા છે. આથી પણ ચોમાસામાં આવી મિલ્કતો ભગવાન ભરોસે ઉભી રહે છે. છતાં બજારમાં કોઇ દુર્ઘટના ન થાય તે માટે પગલા લેવાની જરૂરી છે.

હાઉસીંગ બોર્ડના વર્ષો પહેલા બનેલા અનેક મકાનો ખખડી ગયા હોય, સરકાર રી-ડેવલપમેન્ટ માટે ઓફર કરી રહી છે. રાજકોટમાં પણ રી-ડેવલપમેન્ટ માટે રહીશો અને હાઉસીંગ બોર્ડ વચ્ચે ચર્ચાઓ થઇ છે. પરંતુ વર્ષો પહેલાના મકાન ખાલી કરીને છોડવા આસામીઓ તૈયાર નથી. આ સંજોગોમાં ચોમાસા પૂર્વે સરકારના વિભાગો કડક કાર્યવાહી કરે તેવી રજૂઆતો થઇ છે.

# અકસ્માતમાં ઘવાયેલ ૨૧ વર્ષીય રણજીત યાદવે સારવારમાં દમ તોડયો

## મૃતક ભુણાવા ગામે વેસ્ટઈન કંપનીમાં નોકરી કરતો હતોઃ કામ પરથી ઘરે પરત ફરતી વેળાએ અકસ્માત સર્જાયો હતો

રાજકોટ, તા.૨૧

અકસ્માતમાં ઘવાયેલ ૨૧ વર્ષિય રણજીત યાદવે સારવારમાં દમ તોડી દિધો હતો. મૃતક નોકરી પરથી ઘરે પરત જતો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો.

બનાવની વિગત મુજબ, રણજીત હરીદયાનંદ યાદવ (રહે. પારડી ગામ, શીતળામાતાજીના મંદીર પાસે, રાધેશ્યામ સોસાયટી) નામનો ૨૧ વર્ષિય યુવક ગત તા.૧૯/૫/૨૦૨૪ ના રોજ નોકરી પૂરી કરી ઘરે જતો હતો ત્યારે સવારે નવેક વાગ્યાના આસપાસ શાપર ગેટ નજીક પહોંચતા કાર ચાલકે અડફેટે લીધો હતો. યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જ્યાં સારવારમાં આજે દમ તોડી દિધો હતો. મૃતક મૂળ બિહારનો અને હાલ ભુણાવા ગામે વેસ્ટઈન કંપનીમાં સાત વર્ષથી નોકરી કરતો હતો. તેઓ ત્રણ ભાઈ અને બે બહેનમાં નાનો હતો. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

# મારામારી કરવાં આવેલ શખ્સોને ટપારતાં ફેબ્રીકેશનના ધંધાર્થી પર ચાર શખ્સનો હુમલો

## એકતા કોલોનીનો બનાવઃ મુસ્તાકભાઈ દેથા પર તેનાં જ કૌટુંબિક ભાઈઓ છરી, પાઈપ જેવાં હથિયારથી તૂટી પડ્યાઃ ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ,તા.૨૧

એકતા કોલોનીમાં મારામારી કરવાં આવેલ શખ્સોને ટપારતાં ફેબ્રીકિશનના ધંધાર્થી પર તેના જ કૌટુંબિક ભાઈઓ સહિત ચાર શખ્સોએ છરી, પાઈપ જેવાં હથિયારથી હુમલો કર્યો હતો. બનાવ અંગે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે ૪૦ ફૂટ મેઈન રોડ પર મહેશ્વરી સોસાયટીમાં રહેતાં મુસ્તાકભાઈ હબીબભાઈ દેથા (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે સોહિલ ઉર્ફે ડામર ઓસમાણ દેથા, સેજાન ઉર્ફે સેજુ ઓસમાણ (રહે બંને એકતા કોલોની શેરી નં.૧,જંગલેશ્વર મેઈન રોડ), ઈસોભા અને મજલોનું નામ આપતાં ભક્તિનગર પોલીસે આઈપીસી ૩૨૩,૫૦૪ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા વીસ વર્ષથી મારૂતિ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં મુરલીધર વે-બ્રીજ પાછળ ન્યુ વિશ્વાસ વેલ્ડીંગ વર્કસ નામની દુકાન ધરાવી ફેબ્રીકિશનનું કામ કરે છે. ગઈ તા. ૧૭/૦૫/૨૦૨૪ ના રાત્રીના તેઓ ઘરે હતાં ત્યારે તેના ભત્રીજા માહીર દેથાનો ફોન આવેલ અને જણાવેલ કે, કાકા તમે અહીં અમારા એકતા કોલોની વાળા ઘરે આવો, અહી આપણા દૂરના સંબંધી સોહીલ ઉર્ફે ડામર દેથા મારા પિતાજી સમીરભાઈ સાથે બોલાચાલી ઝઘડો કરે છે. જેથી તેઓ એકતા કોલોની શે.નં ૦૧ શાળા નં ૭૦ ની બાજુમા ગયેલ અને ત્યા જઈને પિતરાઈ ભાઈ સમીરભાઈને પૂછતા તેણે જણાવેલ કે, આપણા સંબંધી સોહીલ ઉર્ફે ડામર મોડી રાતે આવેલ હતો અને શેરીમાં મોટા અવાજે બોલતો હતો જેથી તેને બોલવાની ના પાડતા તેણે કાઠલો પકડી બોલવા લાગેલ હતો.

જેથી તેઓ નજીકમાં રહેતા સોહીલ ઉર્ફે ડામરના ઘરે ગયેલ ત્યારે તે ઘરે હાજર ન હતો. તેનો ભાઈ સેજાન ઉર્ફે સેજુ અને તેના માતા મેરૂનબેન હાજર હતા તેઓએ કહેલ કે, તમારાથી અમારા ઘરે અવાય જ નહી તેમ કહી ઝઘડો કરવા લાગેલ દરમિયાન સેજાન ઘરની અંદરથી એક તલવાર લઈને આવેલ હતો. બાદમાં ત્યાં લોકો આવી જતાં તેને ઘરની અંદર મોકલી દિધેલ હતો. બાદમાં તેઓ ઘરે જતા હતા ત્યારે ફરીથી સોહીલ ઉર્ફે ડામર, તેનો ભાઈ સેજાન ઉર્ફે સેજુ, ઈસોભા અને મજલો છરી અને પાઈપ જેવાં હથિયાર સાથે ધસી આવેલ અને સોહીલ ઉર્ફે ડામરે લાકડાના ધોકાથી હુમલો કર્યો હતો. તેમજ ત્યાં હાજર તેઓના ભાભી સારબાઈબેનને પણ સોહીલે ધોકો ફટકાર્યો હતો. તેમજ સેજાન ઉર્ફે સેજુએ પણ પાઈપથી હુમલો કર્યો હતો. બાદમાં આરોપી નાસી છૂટ્યા હતાં. જ્યારે ફરિયાદીને ઇજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડવામાં આવ્યાં હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# ઈન્ટર યુનિ. વુડબોલ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિ.ની વુમન્સ ટીમની સિધ્ધિ

## ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ સાથે ગોલ્ડ-બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યા



રાજકોટ, તા. ૨૧

ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી વૂડબોલ ટુર્નામેન્ટનુ જે.એન.સી.ટી. પ્રોફેશનલ યુનિવર્સિટી ભોપાલ મધ્ય પ્રદેશ ખાતે આયોજન થયેલ હતું. જેમાં અલગ અલગ યુનિવર્સિટીઓએ વૂડબોલની સ્ટોક ઇવેન્ટ, સિંગલ સ્ટોક ઇવેન્ટ, ડબલ્સ ઇવેન્ટ, મિક્સ ડબલ્સ ઇવેન્ટ, ફેરવે ટીમ ઇવેન્ટમાં ભાગ લીધો હતો.

આ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વુમન્સ ટીમએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી સિંગલ સ્ટોક ઇવેન્ટમાં મચ્છર અંસુ એ ગોલ્ડ મેડલ અને સ્ટોક ટીમ ઇવેન્ટમાં મચ્છર અંસુ, નકુમ દિયા સી.યુ.શાહ. કોમર્સ કોલેજ સુરેન્દ્રનગર, સોલંકી જીનલ, ચૌહાણ હેમાક્ષી એમ.વી.એમ. આર્ટ્સ કોલેજ રાજકોટ, જાદવ મેધા, મહેતા રૂચીરા, ગોહેલ યશવી એમ.વી.એમ. કોલેજ ઓફ કોમર્સ મેનેજમેન્ટ એન્ડ આઇ.ટી. રાજકોટ અને પરમાર જેનીકા કોટક કોલેજ રાજકોટ જેમને સ્ટોક ટીમ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું નામ રોશન કરેલ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. નીલાંબરીબેન દવેએ તમામ ખેલાડીઓને, મેનેજર ડો. પુનમબેન જુડાસીયા, કોચ ડો. પલલવીબેન ચોટલીયા અને ડો. જિજ્ઞેશભાઇ નિમાવતને સન્માનિત કરીને અભિનંદન પાઠવેલ હતા.

# તાવ આવતા દાખલ થયેલ બાળક હોસ્પિટલના મશીનમાં દાઝી ગયુંઃ માસૂમનું મોત થતા ડોકટર-નર્સની બેદરકારીનો આક્ષેપ

## રાજકોટ સિવિલ હોસ્પિટલની ઝનાના હોસ્પિટલની ઘટનાઃ ગોંડલના પરિવારમાં કલ્પાંત









રાજકોટ ઝનાના હોસ્પિટલમાં પગે ગંભીર રીતે દાઝી ગયા બાદ મોતને ભેટેલ ત્રણ માસના બાળકનો નિષ્પ્રાણ દેહ અને આક્રંદ કરતા પરિવારજનો તસ્વીરમાં જોઇ શકાય છે, તેમજ મૃતક બાળકની માતાએ તબીબી સ્ટાફ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા.

રાજકોટ, તા.૨૧

રાજકોટ ઝનાના હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. ગોંડલથી ત્રણ માસના માસૂમ બાળકની તાવની સારવાર માટે આવેલ પરીવારના ઝનાના હોસ્પિટલના સ્ટાફની બેદરકારીનો ભોગ બનાવનો વારો આવ્યો હતો. સારવારમાં રહેલ બાળક કોઈ મશીનમાં ગંભીર રીતે દાઝી જતાં મોતને ભેંટ્યો હોવાનો પરીવારે આક્ષેપ કર્યો હતો. બનાવથી કરુણાતિકા સર્જાઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, ગોંડલમાં રહેતાં એઝાઝભાઈ કથરોટિયાનો ત્રણ વર્ષનો પુત્ર ઈમરાનને તાવ આવતાં તેને પ્રથમ સારવાર ગોંડલ લીધાં બાદ વધું સારવાર માટે પરિવારે રાજકોટની જનાના હોસ્પિટલમાં ખસેડેલ હતો. ગઈકાલે તેને આંચકી આવ્યાં બાદ એક મશીનમાં રાખવામાં આવ્યો હતો. જ્યાં તેમનો પગ દાઝી ગયો હતો. જે બાદ તેમનું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી સાથે કલ્પાંત છવાયો હતો.

વધુમાં મૃતક બાળકની માતા રેશમાબેને આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર ઈમરાન હતો. ઈમરાનને બે દિવસ પહેલાં તાવ આવ્યા બાદ પ્રથમ ગોંડલ સારવાર મેળવી હતી. બાદમાં વધું સારવાર મેળવવા રાજકોટની જનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ગઈકાલે સવારે તેમના પુત્રની તબિયરમાં સુધારો આવ્યો હતો. બાદમાં નવ વાગ્યે આંચકી આવતાં તેમને હોસ્પિટલના સ્ટાફ દ્વારા ઓક્સિજનમાં રાખ્યાં બાદ મશીનમાં મુકવામાં આવ્યો હતો. જ્યાં તેણીનો પુત્ર પગના ભાગે ગંભીર રીતે દાઝયો હતો. બાદમાં ત્યાં હાજર નર્સ અને તબીબોએ પરિવારને બહાર કાઢ્યા હતાં. બે કલાક બાદ તબીબોએ બાળકને મૃત જાહેર કર્યો હતો.

વધુમાં મહિલાએ જણાવ્યું હતું કે તેમને સંતાનમાં બે પુત્રી હતી. જે બાદ ઘણી માનતા કર્યા બાદ પુત્રનો જન્મ થયો હતો. રાજકોટમાં જનાના હોસ્પિટલમાં સારી સારવાર મળે છે. માટે તેના પુત્રને સારવારમાં અહીં લઈ આવ્યા હતાં. પરંતુ સ્ટાફની બેદરકારીથી તેમના પુત્રનું મોત થયાનો આક્ષેપ કર્યો હતો.

### સિવિલ સુપ્રીટેન્ડન્ટ આર.એસ. ત્રિવેદીએ તપાસનો આદેશ આપ્યો



રાજકોટ : ઝનાના હોસ્પિટલના તબીબ અને નર્સ સામે બેદરકારીનો આરોપ લાગ્યો હતો. ૩ માસના ઈમરાન કાથરિટીયા નામના બાળકને બીમારી સબબ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. પરંતુ હોસ્પિટલમાં દાખલ બાળક કોઈ કારણે દાઝી ગયું હતું. જે પછી તેનું મોત નીપજ્યું હતું. આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ આર.એસ.ત્રિવેદીએ તપાસનો આદેશ આપ્યો છે. તેઓએ જણાવ્યું કે, ઝનાના હોસ્પિટલના એચઓડી અને નર્સિંગ સ્ટાફ પાસે લેખિત ખુલાસો માંગવામાં આવ્યો છે. બેદરકારી દાખવી હોવાનું સામે આવશે તો કાર્યવાહી કરવામાં આવશે.

# સિવિલ હોસ્પિ.ના ઈમરજન્સી વોર્ડમાં ભરતભાઈ સોલંકીએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો

## ચુનીભાઈ નામના શખ્સે ધમકી આપતા પગલું ભર્યાનો આક્ષેપ



રાજકોટ, તા.૨૧

રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ભરતભાઈ સોલંકીએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં દોડધામ મચી જવા પામી હતી. પ્રૌઢને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાવની વિગત અનુસાર ભરતભાઈ વશરામભાઈ સોલંકી (ઉ.વ.૫૦, રહે.જામનગર રોડ, પરસાણાનગર-૬) નામનાં પ્રૌઢે આજે બપોરના સાળા બારેક વાગ્યાની આસપાસ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બાદ સારવારમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે ભરતભાઈએ જણાવ્યું કે, ચુનીભાઈ શેઠ નામના વ્યક્તિ વારંવાર હાથ પગ ભાંગી નાખવાની ધમકી આપે છે. જેના ત્રાસથી કંટાળી આ પગલું ભર્યું હતું. તેઓ ચાર ભાઈમાં સૌથી નાનાં છે. તેઓને સંતાનમાં એક પુત્ર-પુત્રી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

# ગુજરાતમાં વાવાઝોડુ નહીં આવે : કાલે લો-પ્રેસરમાં ફેરવાશે

## સાયકલોનને કોઇ નામ પણ અપાયું નથી : ચિંતાની વાત નથી : છતાં માછીમારો માટેની ચેતવણી યથાવત



અમદાવાદ, તા. ૨૧

છેલ્લા ત્રણ દિવસથી ગુજરાત પર આગામી તા.૨૫ બાદ વાવાઝોડાની અસર થશે તેવા અહેવાલો છે. બંગાળની ખાડીમાં એક સાયક્લોન સક્રિય થઈ રહ્યુ છે જે આવતીકાલે એટલે કે ૨૨ મેથી લો પ્રેશરમાં ફેરવાશે. પરંતુ હાલ કોઇ વાવાઝોડાના એંધાણ હવામાન વિભાગે જાહેર કર્યા નથી.

બંગાળની ખાડીમાં જે સાયકલોન સક્રિય થયું છે તેનું હાલમાં કોઈ નામ આપવામાં આવ્યું નથી. કારણ કે, આગામી દિવસોમાં તેની સક્રિયતા અને ગતિ બાદ તે કઈ દિશામાં આગળ વધશે તે નક્કી કરીને જો આ સાયક્લોન વાવાઝોડામાં પરિણમે તો તેનું નામકરણ થશે. હાલ પૂરતું તો વાવાઝોડાના કોઈ એંધાણ હવામાન વિભાગે દર્શાવ્યા નથી. હવામાન વિભાગે આગાહી કરી છે કે, તા.૨૨ આસપાસ દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીમાં લો પ્રેશરનું ક્ષેત્ર રચાય તેવી શક્યતા છે. તે શરૂઆતમાં ઉત્તર-પૂર્વ તરફ આગળ વધે અને ૨૪ સવાર સુધીમાં બંગાળની ખાડીના મધ્ય ભાગોમાં ડિપ્રેશનમાં કેન્દ્રિત થવાની સંભાવના છે.

આ સાયક્લોન સક્રિય થતાં પહેલાં ભારતના તટીય વિસ્તારમાં અગમચેતીના ભાગરૂપે હવામાન વિભાગ દ્વારા સાવચેતીના પગલા સૂચવવામાં આવ્યા છે અને કેટલીક શક્યતાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે. જેમાં ૨૪મી અને ૨૫મી મેના રોજ ઉત્તર ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. ત્યારબાદ ૨૩ મેની સવારથી મધ્ય બંગાળની ખાડી ઉપર ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શકયતા છે. માછીમારોને ૨૩મી મેથી મધ્ય બંગાળની ખાડીમાં અને ૨૪મી મેથી ઉત્તર બંગાળની ખાડીમાં ન જવાની સલાહ આપવામાં આવે છે. દરિયામાં માછીમારોને ૨૩મી મે પહેલા કિનારે પાછા ફરવાની સલાહ આપવામાં આવી છે. આ તમામ સાવચેતીના પગલાં વચ્ચે ગુજરાતના હવામાન વિભાગ દ્વારા આગામી ૫-૭ દિવસ માટે બંગાળની ખાડીમાં સર્જાયેલા વાવાઝોડાની કોઈ અસર રહેશે નહીં તેમ જણાવવામાં આવ્યું હતું.

### રેડ એલર્ટ આવ્યું કયાંથી ? અમદાવાદમાં વિવાદ

#### મૌસમ વિભાગના વરતારો પરથી રાજકોટ સહિતના શહેરોમાં પણ હાઈએલર્ટ અપાયું છે : હવામાન વિભાગે હાથ ખંખેર્યા

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદમાં ગરમીનો પ્રકોપ યથાવત છે ત્યારે પારો ૪૪ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. આ સંજોગોમાં શહેરમાં ગરમી મામલે આપવામાં આવતા એલર્ટને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશન અને હવામાન વિભાગ વચ્ચે વિવાદ સામે આવ્યો છે. અમદાવાદ, રાજકોટ સહિતના શહેરોમાં છેલ્લા પાંચ દિવસથી આકરા તાપ અને લૂને કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તા.૨૪ સુધી શહેરમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. જો કે હવામાન વિભાગે આ રેડ એલર્ટને સમર્થન ન આપતા વિવાદ ઉભો થયો છે. હવામાન વિભાગ દ્વારા ફક્ત ઓરેન્જ એલર્ટ અપાયું હોવાનું જણાવવામાં આવ્યું હતું.

અમદાવાદમાં સ્થાનિક તંત્ર અને હવામાન વિભાગ વચ્ચે સંકલન ન થતા એલર્ટને મામલે શહેરીજનો ચિંતામાં મુકાયા છે. એક તરફ જ્યાં હવામાન વિભાગ રેડ એલર્ટ ન આપ્યું હોવાનું અને ફક્ત ઓરેન્જ એલર્ટ આપ્યું હોવાના નિવેદન પર મક્કમ છે. તો બીજી તરફ કોર્પોરેશનના આરોગ્ય વિભાગનાના ઉચ્ચ અધિકારીએ સત્તાવાર રીતે મીડિયા સમક્ષ રેડ એલર્ટ અપાયું હોવાનું સ્વીકાર્યું છે.

હવામાન વિભાગ દ્વારા ૪૪ ડિગ્રીથી કરતા વધુ પણ ૪૫થી ઓછી ગરમીનો ઉલ્લેખ કરી ઓરેન્જ એલર્ટ આપ્યા હોવાની વાત પર મક્કમ છે જ્યારે કોર્પો. ૪૫ ડિગ્રીના તાપમાનના ઉલ્લેખને લઇ રેડ એલર્ટ પર મક્કમ છે.

ધરારીથી લગ્ન કરવા મામલે સતત બીજા દિવસે યુવતીના પરીવારને મારમાર્યાનો બનાવ

# મારે તમારી દિકરી સાથે લગ્ન કરવા છે, તમે કેમ ના પાડો છો કહીં માતા-પુત્રી પર છરીથી હુમલો

## માર્કેટીંગ યાર્ડની પાછળ મંચ્છાનગરનો બનાવઃ માતા-પુત્રી સૂતી હતી ત્યાં ધસી ગયેલા મિહિરે ઝઘડો કરી આડેધડ છરીના ઘા ઝીંકી નાસી છૂટ્યોઃ માતા-પુત્રીને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાઈઃ બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી

રાજકોટ. તા.૨૧

ધરારીથી લગ્ન કરવા મામલે સતત બીજા દિવસે યુવતીના પરીવાર પર જીવલેણ હુમલો કરવાનો બનાવ સામે આવ્યો છે. ગઈકાલે બગસરના શખ્સે મહિલાના પગ સળગાવી નાંખ્યા બાદ આજે માર્કેટીંગ યાર્ડની પાછળ મંચ્છાનગરમાં મારે તમારી દિકરી સાથે લગ્ન કરવા છે, તમે કેમ ના પાડો છો કહીં માતા-પુત્રી પર સગા ફઈના દિકરાના પુત્ર મિહિરે છરીથી હુમલો કરતાં લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

બનાવ અંગે માર્કેટીંગ યાર્ડની પાછળ મચ્છાનગર મેઈન રોડ પર રહેતાં રેખાબેન કરણભાઈ સોનારા (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મિહિર ભાનું કુગસીયા (રહે. પોપટપરા શેરી નં.૫/૧૫ નો ખૂણો) નું નામ આપી જણાવ્યું હતું કે, તેણીને સંતાનમાં બે પુત્રી છે. તેમજ સાતેક વર્ષ પહેલા તેમના પતિ કરણભાઈ સોનારા ગુજરી ગયેલ હતાં. તેમની એક પુત્રી છેલ્લા છ મહીનાથી એનસીસી ઓફીસર તરીકે ફરજ બજાવે છે.

આજે તેણી પુત્રી સાથે ઘરના ફળીયામાં સુતા હતા ત્યારે અચાનક નિંદર ઉડી જતા બાજુમાં જોયું તો બાજુના ખાટલામાં તેમના ફઈના દીકરાનો દીકરો મિહિર કુગશીયા ત્યાં બેસેલો હતો. જેથી તેઓ એકદમ ગભરાઈ ગયેલ અને તેને પુછેલ કે તું અહીંયા શુ કરે છે ? જેથી તેણે તેની પાસે રહેલ છરી બતાવેલ અને કહેલ કે, મારે તમારી દીકરી સાથે લગ્ન કરવા છે તમે કેમ ના પાડો છો જેથી ત્યાં હાજર તેની પુત્રીએ પણ કહેલ કે, તું મારો પીછો છોડી દે મારે તારી સાથે લગ્ન નથી કરવા.તેમજ વધુમાં તેને જણાવેલ કે, પંદર દીવસ પહેલા પણ તેઓની પુત્રી જયારે કોલેજએ જતી હતી ત્યારે તે તેને રસ્તા વચ્ચે રોકીને હેરાન કરેલ અને લગ્ન કરવા માટે દબાણ કરેલ તે બાબત મારી પુત્રીએ કરેલ હતી અને તે બાબતે તારા પપ્પા સાથે વાત કરેલ છે કે, તું મારી પુત્રીને લગ્ન કરવા માટે વારંવાર હેરાન કરી દબાણ કરે છે. તેમજ તમારી સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખવો નથી. એટલે તું મારી દીકરીઓ પીછો છોડી દે તેમજ મારી દીકરીએ પણ તેને જણાવેલ કે, મારે તારી સાથે લગ્ન કરવા નથી જેથી તું મારો પીછો છોડી દે આટલી વાત કરતા તે ખુબ જ ઉશ્કેરાઈ ગયેલ અને તેની પાસે રહેલ છરી કાઢીને બાવળાના ભાગે છરી મારી દીધેલ જેથી તેને રોકવાનો પ્રયાસ કરતાં આરોપીએ પડખાના ભાગે બે તેમજ ગોઠણથી નીચેના ભાગે એક છરીનો ઘા ઝીંકી દિધેલ હતો.

દરમિયાન તેઓની પુત્રીએ બચાવવાનો પ્રયાસ કરતા તેને પણ આરોપીએ ડાબા હાથના બાવળાના ભાગે અને પેટના ભાગે છરીનો ઘા ઝીંકી દિધો હતો. બાદમાં માતા-પુત્રીએ બુમાબુમ કરતાં નજીકમાં રહેતાં પરિવારજનો દોડી આવ્યા હતાં અને આરોપી મિહિર જુના મકાનની સીડી તરફથી ભાગી ગયેલ હતો. બાદમાં તેઓને માતા-પુત્રીને લોહીલુહાણ હાલતમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવેલ હતાં.

વધુમાં ફરિયાદીએ બનાવના કારણ અંગે જણાવ્યું હતુ કે, તેઓ અને આરોપી મીહીરના પિતા ભાનુભાઈ મામા - ફઈના ભાઈ - બહેન થતા હોય અને અરોપીની ચાલ-ચાલન સારુ ન હતી. તેમજ તેમની પુત્રી સાથે આરોપીને લગ્ન કરવા હોય જેની ના પાડતાં છરીથી હુમલો કર્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીઆઈ એસ.એમ.જાડેજા અને ટીમે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# પત્નીને મરવા મજબૂર કર્યાના ગુનામાં પતિના જામીન નામંજુર

## પતિ આનંદ રાઠોડના ત્રાસથી પત્ની હેતલે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી

રાજકોટ તા.૨૧

શહેરના બી ડીવીઝન પોલીસ મથકે નોંધાયેલ પત્નીને મરવા મજબુર કર્યાના ગુનામાં પતિ આનંદ રાઘવભાઈ રાઠોડની ચાર્જસીટ પછીની જામીન અરજી પણ કોર્ટે નામંજુર કરી છે.

કેસની વિગત મુજબ મૃતક હેતલના લગ્ન આનંદ સાથે વર્ષ ૨૦૦૯માં થયા હતા. લગ્ન જીવન દરમિયાન તેમને પુત્રની પ્રાપ્તી થયેલી. જોકે પતિ દારૂ પીવાની ટેવ ધરાવતો હોય અવારનવાર શારીરિક માનસીક ત્રાસ આપતો હતો. બનાવ પહેલા પતિએ પત્નીને કહેલ કે તું મને ગમતી નથી. તારે મરવું હોય તો મરી જા. તેમ મેણા ટોણા મારતા હેતલે ઘરમાં પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. હેતલબેનના પિતા રમેશભાઈ વિરમભાઈ ડોડીયાએ ફરિયાદ નોંધાવતા આનંદની ધરપકડ કરી જેલ હવાલે કરાયો હતો. તપાસના અંતે પોલીસે ચાર્જસીટ રજુ કરી હતી. જે પછી આનંદે જેલમાંથી જામીન પર છુટવા અરજી કરી હતી. જોકે સરકારી વકીલ અને ફરીયાદીના વકીલે કરેલી દલીલો ધ્યાને લઈ કોર્ટે જામીન અરજી નામંજુર કરતો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ આબીદ સોસન, મુળ ફરીયાદી વતી સિનિયર ધારાશાસ્ત્રી અનિલભાઈ દેસાઈ, વિજયભાઈ ભલસોડ, રીતીનભાઈ મેંદપરા, જસ્મીનભાઈ ઠાકર, ટવીન્કલ ચુડાસમા રોકાયેલ હતા.

### બોર અને મીયાવાંકી જંગલોના નિર્માણ વચ્ચે સૌથી મોટો બીઆરટીએસ ટ્રેક સાથેનો રોડ વૃક્ષો વગર ભઠ્ઠીની જેમ ધગધગતો રહે છે

# ગાર્ડનના ૨૫ પ્લોટમાં મીની સીટી ફોરેસ્ટ : ગ્રીન કવર વધારવા મનપાનું નવું આયોજન

### માત્ર વૃક્ષો અને પક્ષીઓ માટેના બગીચા બનશે-લોકોને નો-એન્ટ્રી : હરિયાળી વધશે અને તાપમાન નીચુ રહેશે : જળસંચય માટે પેવીંગ બ્લોક હેઠળ જગ્યા કરવાની પણ જરૂર



રાજકોટ, તા. ૨૧

પૂરા રાજયની સાથે રાજકોટમાં પણ આ વર્ષે ખતરનાક હિટવેવનો અનુભવ લોકો કરી રહ્યા છે ત્યારે મહાપાલિકા દ્વારા પર્યાવરણના જતન, હરિયાળો વિસ્તાર વધે તે માટે ચાલતા પ્રયાસના ભાગરૂપે શહેરના જુદા જુદા વિસ્તારમાં પણ મીની સીટી ફોરેસ્ટ જેવા ગાર્ડન બનાવવાનો વિચાર હાથ પર લેવામાં આવ્યો છે. આવા ગ્રીન આઇલેન્ડ બનાવવા માટે ૨૦ થી ૨૫ પ્લોટ નકકી કરવામાં આવ્યાનું આજે કમિશ્નર આનંદ પટેલે જણાવ્યું હતું.

એક તરફ જળસંચય માટે બોર બનાવવા, ઉંડા ઉતારવા, ચેકડેમ ઉતારવાના આયોજન ચાલી રહ્યા છે ત્યારે ગ્રીનરી પણ વધે તે માટે બજેટમાં ભંડોળ રાખવામાં આવે છે. બીજી તરફ શહેરના સૌથી મોટા એવા હયાત ૧૫૦ ફુટ રીંગ રોડના ૧૦.૭ કિ.મી. માર્ગે અર્ધો ડઝન બ્રીજ બનાવવામાં આવ્યા છે. મોટા મોટા સીમેન્ટના બિલ્ડીંગ આ રોડ પર છે ત્યારે વૃક્ષોનું પ્રમાણ નહીંવત હોય આ માર્ગ દર ઉનાળામાં ભઠ્ઠીની જેમ તપે છે. આ રસ્તે પણ જતન સાથેનું વૃક્ષારોપણ કરવા કમિશનરનો વિચાર છે.

મહાનગરમાં હાલ નાકરાવાડી પ્લાન્ટ સહિતની જગ્યાએ મીયાવાંકી વૃક્ષારોપણના કામ ચાલી રહ્યા છે. અનેક વિસ્તારમાં તેના પરિણામ પણ મળવાના છે. ન્યારી ડેમ, રામવન ખાતે પણ આવું કામ કરાયું છે પરંતુ શહેરમાં વૃક્ષોની જરૂરીયાત, હિટવેવ રોકવાના પ્રયાસો માટે ગ્રીન કવર વધવું જરૂરી છે. રેસકોર્સ સહિતના ગાર્ડનમાં તો વૃક્ષારોપણ થાય છે પરંતુ અનેક રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારો ધગધગતા હોય છે. વૃક્ષો પણ ઓછી સંખ્યામાં હોય છે. તેનું સૌથી મોટું ઉદાહરણ બીઆરટીએસ ટ્રેક છે.

હવે કોર્પો. દ્વારા જુદા જુદા વિસ્તારમાં ગાર્ડનના ૨૫ જેટલા પ્લોટનું લીસ્ટ બનાવવામાં આવ્યું છે. આનંદ પટેલે કહ્યું હતું કે, શહેરની અંદર આવેલા વિસ્તારોમાં પણ સીટી ફોરેસ્ટ જેવું વૃક્ષારોપણ કરવા વિચાર કરાયો છે. એટલે કે આ પ્લોટમાં માત્ર વૃક્ષો અને પક્ષીઓ માટેનું વૃક્ષારોપણ કરવામાં આવશે. આ ગાર્ડન લોકો માટે નહીં હોય. માત્ર વૃક્ષનો ઉછેર થશે. કોઇ પણ વિસ્તારમાં આટલા મોટા ગ્રીન ગાર્ડન બને તો થોડા વિસ્તારમાં તાપમાન ૧ થી ૨ ડિગ્રી નીચુ રહે છે. ટુંક સમયમાં આ માટેની કામગીરી ફાઇનલ કરવામાં આવશે.

રાજકોટમાં જળસંચય, રીચાર્જ સાથે હવે આવા ડેન ફોરેસ્ટ પણ બનાવવામાં આવે તો ભવિષ્યમાં આકરા તાપ અને ગરમીમાં રાહત મળી શકશે. જોકે કોર્પો. જળસંચય માટે ચેકડેમ સહિતના પ્લાન કરી રહી છે ત્યારે પૂરા શહેરમાં મોટુ બજેટ ઉપયોગ કરતા પેવીંગ બ્લોકના કામમાં પણ સુધારાની જરૂર હોવાનો મત છે. રહેણાંક વિસ્તારોમાં પેવીંગ બ્લોકના કારણે જમીનમાં પાણી ઉતરવાની જગ્યા રહેતી નથી. આથી જમીનમાં પાણી ઉતરી શકે તે પ્રકારે પેવર બ્લોક બનાવવાનો વિકલ્પ પણ મહાપાલિકાની વિચારણા હેઠળ છે.

વર્ષો પહેલા જુદા જુદા વિસ્તારમાં વરસાદી પાણી જમીનમાં ઉતરે એવી જગ્યા રહેતી હતી. હવે ડામર અને પેવીંગ બ્લોક વોલ ટુ વોલ થતા હોય, ભૂગર્ભમાં જળ ઉતરતું નહીં હોવાનો પણ અભિપ્રાય છે. જોકે આ રીતે કામ કરવામાં ન આવે તો ગંદકી સહિતની ફરિયાદ લોકો કરે છે. આથી પેવીંગ બ્લોક પણ રહે અને પાણી ઉતરવાની જગ્યા પણ મળે તેવો રસ્તો કાઢવાની જરૂર છે.

## આચારસંહિતા દુર થવાની રાહ : મનપામાં દોઢસો ટેન્ડર તૈયાર

### નવા બજેટનું પ્રથમ કવાર્ટર ચૂંટણી વચ્ચે જ પુરૂ થઇ જશે

રાજકોટ, તા. ૨૧

નવું નાણાકીય વર્ષ શરૂ થવાની સાથે લોકસભા ચૂંટણીની આચારસંહિતા આવી જતા મનપા સહિતની સરકારી કચેરીમાં નવા કામો ઠપ્પ થઇ ગયા છે. તેવામાં હવે આચારસંહિતા પૂરી થાય એટલે તુરંત દોઢસો જેટલા કામોના ટેન્ડર બહાર પાડવામાં આવશે.

એપ્રિલ, મે અને જુન મહિનો આચારસંહિતામાં નીકળવાનો છે. નવું બજેટ એપ્રિલથી અમલમાં આવે છે. એટલે કે નાણાકીય વર્ષનું પ્રથમ કવાર્ટર કોઇ નીતિ વિષયક કામો વગર જ નીકળી જવાનું છે. તા. ૬ સુધી કોડ ઓફ કન્ડકટ લાગુ છે. આથી બીજા સપ્તાહથી ટેન્ડર અપલોડ થશે. એકાદ પખવાડીયામાં ૧૫૦ જેટલા કામના ટેન્ડર ઓનલાઇન મુકવામાં આવશે. તે બાદ ઝડપથી કામ આપવામાં આવે અને શરૂ થાય તેવા પ્રયાસો કરાશે એમ કમિશ્નરે કહ્યું હતું.

# રાજકોટમાં એક દિવસનાં બ્રેક બાદ આજે ફરી ૪૪ ડિગ્રી નજીક તાપમાનની શકયતા

### બપોરે અઢી કલાકે જ આગ ઝરતી લૂ સાથે તાપમાન ૪૩.૨ ડિગ્રી નોંધાયું

રાજકોટ, તા.૨૧

રાજકોટ શહેરમાં આજે બપોરે પણ હિટવેવની અસર યથાવત રહી હતી. ગઇકાલે ૪૩ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયા બાદ એક દિવસનાં બ્રેક બાદ આજે ફરી એકવાર રાજકોટમાં ૪૪ ડીગ્રી નજીક મહત્તમ તાપમાન પહોંચી જવાની શકયતા છે.

સ્થાનિક હવામાન કચેરી અનુસાર આજે બપોરે ૨-૩૦ કલાકે જ રાજકોટનું તાપમાન ૪૩.૨ ડીગ્રી સુધી પહોંચી ગયું હતું અને બપોરે હવામાં ભેજ-૧૬ ટકા રહ્યો હતો, તેમજ આજે પણ આગ ઝરતી લૂં યથાવત રહેવા પામી હતી.





આજે બપોરે ૨-૩૦ કલાકે રાજકોટમાં પવનની ઝડપ ૨૨ કિ.મી. પ્રતિ કલાક રહેતા નગરજનો ગરમા-ગરમ લૂંમાં શેકાયા હતાં.

આ ઉપરાંત આજરોજ સવારે ૮-૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૩૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૮ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે આજે સવારે હવામાં ભેજ ૭૪ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૪ કી.મી. રહેવા પામી હતી.

ઉલ્લેખનીય છે કે આજરોજ પણ કાળઝાળ તાપ અને લૂ ના પગલે રાજકોટના રાજ માર્ગો અને બજારો સુમસામ રહ્યા હતાં.

## ઝબલા પકડવા શાક માર્કેટોમાં તંત્રના દરોડા





### જુદા જુદા રોડ પર પણ ડ્રાઇવ ચાલુ : ૫૩ આસામીને ૧૨ હજારનો દંડ કરાયો

રાજકોટ, તા. ૨૧

મ્યુનિ. કોર્પોરેશનની પર્યાવરણ શાખા દ્વારા ત્રણેય ઝોનમાંથી કુલ ૫૩ આસામીઓ પાસેથી ૨.૬ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૧૯૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

પ્લાસ્ટીકના ઝબલાનો મોટા પાયે ઉપયોગ હોકર્સ ઝોન, શાક માર્કેટોમાં થતો હોય, ટીમ દ્વારા આવી જગ્યાએ તપાસ પણ કરવામાં આવી રહી છે.

સેન્ટ્રલ ઝોનના વિદ્યાનગર રોડ, ગોંડલ રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૫ આસામીઓ પાસેથી પોણો કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૩૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના લક્ષ્મીનગર મેઇન રોડ,યુનિવર્સિટી રોડ પરથી ૨૨ આસામીઓ પાસેથી ૧.૩૧ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૫૧૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો.

જયારે ઈસ્ટ ઝોનના કોઠારીયા રોડ, ભાવનગર રોડ પરથી ૬ આસામીઓ પાસેથી અર્ધો કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૪૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

આ કામગીરી કમિશનર આનંદ પટેલની સુચના અને ડે.કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ વિભાગની ટીમ કરી રહી છે.

# ઈન્ડિગોએ બેંગ્લોરની સેવામાં કાપ મુકયો હવે સપ્તાહમાં ત્રણ દિવસ ઉડાન ભરશે

### રાજકોટ-બેંગ્લોર ફ્લાઇટ સોમ, બુધ, શુક્રવારે ઉડશેઃ ઉનાળુ વેકેશનમાં ડેઇલી ફ્લાઇટ સાપ્તાહિક થતાં મુશ્કેલી

રાજકોટ, તા.૨૧

રાજકોટ નજીકના હિરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટની હવાઇ સેવામાં ઉનાળુ વેકેશનમાં વધારાને બદલે ઘટાડો થઇ રહ્યો છે. રાજકોટ-બેંગ્લોર વચ્ચે ઉડતી ડેઇલી ફ્લાઇટ હવે સપ્તાહમાં ત્રણ દિવસ જ ઉડાન ભરશે. ઉનાળુ વેકેશનની રજામાં ડેઇલી ફ્લાઇટ સાપ્તાહિક થતાં હવાઇ મુસાફરોને મુશ્કેલી વધી છે.

ઇન્ડિગો એર લાઇયન્સ કંપનીની રાજકોટ-બેંગ્લોર વચ્ચે સીધી હવાઇ સેવા પુરી પાડવામાં આવે છે. આ





ફ્લાઇટ ડેઇલી ઉડી રહી હતી પરંતુ એર લાઇન્સ કંપનીએ ટેકનીકલ કારણોસર આ ડેઇલી ફ્લાઇટને હવે સપ્તાહમાં સોમ, બુધ, શુક્ર ત્રણ દિવસ જ ઉડાડવાનો નિર્ણય લેતા સૌરાષ્ટ્રવાસી હવાઇ મુસાફરોને બેંગ્લોર જવામાં મુશ્કેલી વેઠવી પડશે. સોમ, બુધ, શુક્ર સિવાયના દિવસોમાં બેંગ્લોર જવા માટે હવે અમદાવાદ એરપોર્ટ સુધી લાંબુ થવું પડશે.

હાલ ઉનાળુ વેકેશનની રજાઓમાં બેંગ્લોરની ડેઇલી સીધી ફ્લાઇટ યાત્રીકોને ઉપયોગી હતી તેમ છતાં એર લાઇન્સ કંપનીએ ડેઇલી સેવામાં કાપ મુકતા હવાઇ મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે.

## મનીષ સિસોદીયાને કોઇ રાહત ન મળીઃ કસ્ટડી ૩૧ મે સુધી લંબાઇ



નવી દિલ્હી, તા.૨૧

દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયાને કોઇ રાહત મળી નથી અને હાઇકોર્ટ દ્વારા તેમની કસ્ટડી ૩૧ મે સુધી લંબાવી દેવામાં આવી છે.

દિલ્હીના શરાબ કૌભાંડમાં જેલવાસ ભોગવી રહેલા મનીષ સીસોદીયા તથા અન્ય આરોપીઓની જામીન અરજી પરની સુનાવણી હતી. હાઇકોર્ટે સુનાવણી ૩૧ મે પર બાકી રાખતા તેઓની કસ્ટડી ૩૧ મે સુધી લંબાઇ છે.

## પાકિસ્તાની છાત્રાના ડોમિસાઈલ સર્ટી.ના મુદ્દે ડે.કલેકટરની નિમણૂંક કરતા કલેકટર

રાજકોટ તા.૨૧

રાજકોટના શાપર વેરાવળ ખાતે છેલ્લા ૧૧ વર્ષથી પરિવાર સાથે વસવાટ કરતી પાકિસ્તાની વિદ્યાર્થીનીએ ડોમીસાઈલ સર્ટીફીકેટ માટે જીલ્લા કલેકટરને કરેલી રજૂઆત બાદ આ ખાસ કિસ્સામાં કલેકટર પ્રભવ જોશીએ ડે.કલેકટરની નિમણુંક કરી જવાબદારી સોંપેલ છે.

જેમાં સરકારના કાયદા અને પરિપત્રની ચકાસણી કર્યા બાદ આ અંગેની કાર્યવાહી હાથ ધરવામા આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

શાપર વેરાવળ ખાતે છેલ્લા ૧૧ વર્ષથી પરિવાર સાથે વસવાટ કરતી કાંતાદેવી ચૈતનલાલ કચ્છી નામની તેજસ્વી વિદ્યાર્થીનીએ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉચ્ચ ગુણાંક હાંસલ કરેલ છે. તેણીએ ભરતી પરીક્ષા પણ આપેલ છે. જેનું પરિણામ આગામી ટુંક સમયમાં આવનાર છે. આ વિદ્યાર્થીનીને મેડીકલમાં પ્રવેશ મેળવવાની મહેચ્છા હોય જેની માટે હોમિસાઈલ સર્ટીની જરૂર પડે છે.

આ વિદ્યાર્થીની અને તેનો પરિવાર પાકિસ્તાનના પિરપુરનો રહીશ છે તેને ભારતીય નાગરિકતા મેળવવા માટે પ્રક્રિયા શરૂ કરી છે. જેમાં આધારકાર્ડ સહિતના દસ્તાવેજો રાજકોટના છે.

પરંતુ આ વિદ્યાર્થીની અને તેના પરિવારને હજુ ભારતીય નાગરિકતા મળી ન હોય તેણીને ડોમિસાઈલ સર્ટી મળી ન શકે પરંતુ ડોમિસાઈલ સર્ટી હોય તો આ વિદ્યાર્થીની તબીબી અભ્યાસક્રમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરી શકે તેમ હોય આ મામલે કલેકટર દ્વારા ડે.કલેકટરની નિમણુંક કરવામાં આવી છે.

### સલામત સવારીના બણગા ફુંકતી એસટીની વાસ્તવિકતા

# ૨૦૦ રૂપિયાના ટોકન માટે એસટી ડ્રાઈવરે બસને રોંગ સાઈડમાં દોડાવી યાત્રીઓના શ્વાસ અદ્ધર કર્યા

### લાંબી રકઝક બાદ મુસાફરોએ ડેપો મેનેજરને આ મામલે જાણ કરતા તેણે આવી ઘટનાને સામાન્ય ગણાવી!

અંબાજી,તા.૨૧

સલામત સવારી, એસટી અમારી' સૂત્ર અને તેના અમલીકરણમાં મોટો તફાવત હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અંબાજીથી ખંભાત જતી બસનું એક હોટેલમાં સ્ટોપેજ આપવાનું ભૂલી જતાં ડ્રાઈવરે તેના માટે બસને ૧૫ કિલોમીટર રોંગ સાઈડમાં ચલાવી હતી. મુસાફરોએ વિરોધ કર્યો તો ડ્રાઇવરે જવાબ આપ્યો કે, 'હોટેલમાં બસ ઉભી રાખવામાં ૨૦૦નું ટોકન મળે છે.'

સોશિયલ મીડિયામાં વાયરલ આ ચોંકાવનારી ઘટનાની વિગત મુજબ જેના અંબિ ખંભાત માટે આ એસટી બસ જઈ રહી હતી.ડ્રાઈવર ૧૫ કિલોમીટર પહેલા સલાલ પાસે આગમન હોટેલમાં તે બસ ઉભી રાખવાનું ભૂલી ગયો હતો. જેના કારણે લોકોની જીવની પરવા કર્યા વિના તે હોટેલ સુધી જવા ડ્રાઇવરે બસને ૧૫ કિલોમીટર રોંગ સાઇડમાં ચલાવી હતી.



મુસાફરોએ આ અંગે વિરોધ કર્યો તો પહેલા તો ડ્રાઈવર- કન્ડકટરે ઉદ્ધત જવાબ આપ્યા હતા. આખરે લોકોનો ગુસ્સો જોઈને તેમણે એમ કહ્યું કે આ હોટલ પર અમારે બસ ઉભી રાખવી ફરજીયાત છે. કેમકે, ત્યાં બસ ઉભી રાખવા માટે ૨૦૦નું ટોકન મળે છે. મુસાફરોએ જ્યારે ફરિયાદ પોથી માંગી તો ડ્રાઈવર- કન્ડક્ટરે ગલ્લાં-તલ્લાં કર્યા હતા. લાંબી રકઝક પછી આ ફરિયાદ પોથી તેમણે આપી હતી. મુસાફરોએ આ બાબતની જાણ ડેપો મેનેજરને પણ કરી પરંતુ તેમણે મુસાફરોના જીવને જોખમને મૂકવો સામાન્ય ઘટના હોય તેમ ઉદાસીન વલણ દર્શાવ્યું છે.

# સરકારને ઝટકો લાગ્યો! હવે સ્માર્ટ મીટરની સાથે જુના મીટર પણ લગાવવાનો નિર્ણય


### રાજકોટ, જામનગર, વડોદરા સહિતના શહેરોમાં કકળાટ બાદ નિર્ણય : ગ્રાહકોની ગેરસમજણ દુર કરવા પ્રયાસ

અમદાવાદ, તા. ૨૧

રાજયભરમાં સ્માર્ટ વીજ મીટરને લઈને દેકારો મચ્યો છે અને સ્માર્ટ મીટર પર ખૂબ જ વધુ બિલ આવતા હોવાની ઠેર-ઠેર ફરિયાદ થઈ રહી છે ત્યારે રાજ્ય સરકારે એક મોટો નિર્ણય લીધો છે. જેમાં હવે સ્માર્ટ મીટરની સાથે જૂના મીટર પણ લગાવવામાં આવશે.

વડોદરા, રાજકોટ, જામનગર સહિતના શહેરોમાં પ્રી-પેઈડ સ્માર્ટ મીટરનો જોરદાર વિરોધ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે પ્રી-પેઈડ સ્માર્ટ મીટરમાં





ડબલ તેમજ તેનાથી પણ વધુ વીજ બિલ આવતું હોવાની વ્યાપક ફરિયાદ આવી હતી. ત્યારે હવે રાજ્ય સરકારે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. જેમાં હવે સ્માર્ટ મીટરની સાથો-સાથ જૂના મીટર પણ લગાવવામાં આવશે. ગ્રાહકોમાં થયેલી ગેરસમજ દૂર કરવા સ્માર્ટ મીટર સાથે જુનું મીટર લગાવવાનો નિર્ણય લેવાયો છે.

અગાઉ રાજ્યની ચારેય વીજ કંપનીઓને વડાઓને ગાંધીનગરનું તેડુ મોકલાયુ હતું. પાટનગરમા ઉર્જા વિભાગની ઉચ્ચસ્તરીય બેઠક મળી હતી જેમાં આ મામલે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સ્માર્ટ મીટરનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યા છે. વડોદરાના નાગરિકે સ્માર્ટ મીટરને લઈને હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે.

# બાકી ઈન્કમ ટેકસ મામલે ટેલિકોમ કંપનીઓને સુપ્રિમ કોર્ટની રાહત

### રૂા.૨૦૦૦ કરોડથી રૂા.૩૦૦૦ કરોડ સુધીનો લાભ થશેઃ આ રાહત બાકી એજીઆરમાં લાગુ પડશે

નવીદિલ્હી,તા.૨૧

સુપ્રીમ કોર્ટે ટેલિકોમ કંપનીઓને મોટી રાહત આપી છે. જેનો સીધો લાભ આર્થિક કટકોટીનો સામનો કરતી વોડફોન આઈડિયા, ભારતી એરટેલ, રિલાયન્સ જિઓ, બીએસએનએલ સહિતની કંપનીઓને થશે.

સુપ્રીમ કોર્ટે ટેલિકોમ કંપનીઓને કહ્યું છે કે, કંપનીઓએ બાકી ઈનકમ ટેક્સ પર વ્યાજ ચૂકવવુ પડશે નહીં. આ પગલાંથી ટેલિકોમ કંપનીઓને રૂ. ૨૦૦૦થી ૩૦૦૦ કરોડ સુધીનો લાભ થશે. અગાઉ ઓક્ટોબર, ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે રેવેન્યૂ ખર્ચમાં સામેલ લાયસન્સ ફીને મૂડી ખર્ચ કેટેગરીમાં વર્ગીકૃત કરી હતી. ઉલ્લેખનીય છે, આ રાહત જૂની બાકી એજીઆરમાં લાગૂ થશે નહીં.

અગાઉ નેશનલ ટેલિકોમ પોલિસી ૧૯૯૯ અંતર્ગત ટેલિકોમ કંપનીઓને તેમના વાર્ષિક ટર્નઓવર આધારિત લાયસન્સ ફી ચૂકવવા વન-ટાઈમ એન્ટ્રી ફી ચૂકવવી પડતી હતી. જેને ધ્યાનમાં રાખી આ ચૂકવણીને મૂડી ખર્ચમાં વર્ગીકૃત કરવામાં આવી હતી. જેનાથી કંપનીઓની ટેકસ જવાબદારી અને વ્યાજ બંનેમાં વધારો થયો હતો.

જો કે, સુપ્રીમ કોર્ટે હાલ નિર્ણય લીધો છે કે, વાર્ષિક વેરિએબલ લાયન્સ ફીને પુનઃવર્ગીકૃત કરી શકાશે નહીં. જેનો વિરોધ કરતાં ટેલિકોમ કંપનીઓએ દલીલ કરી હતી કે, જૂનો નિર્ણય લાગૂ કરવાથી ટેક્સેબલ આવકમાં વધારો થશે. તેમજ જે અમને ૨૦ વર્ષ જૂના સ્થાને લઈ જશે. જેથી આ મામલે પુનઃ વિચારણા કરતી પિટિશન ફાઈલ કરી હતી.

# પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટના કર્મીઓએ લીધા આતંકવાદ વિરોધી શપથ

રાજકોટ તા. ૨૧

રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી દિવસ - ૨૧ મે નિમિત્તે પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના સંયુક્ત માહિતી નિયામક શ્રી મિતેશભાઇ મોડાસીયાના માર્ગદર્શન હેઠળ નાયબ માહિતી નિયામક શ્રી પ્રશાંત ત્રિવેદી, સહાયક માહિતી નિયામક સર્વ શ્રી સોનલબેન જોષીપુરા, શ્રી પ્રિયંકાબેન પરમાર, શ્રી પારુલબેન આડેસરા તથા સૌ કર્મચારીઓએ આતંકવાદ વિરોધી શપથ લીધા હતા. જેમાં સૌએ આતંકવાદ અને હિંસાથી દૂર રહી રાષ્ટ્રની અસ્મિતા,



અખંડિતતાના રક્ષણનો સંકલ્પ પણ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૧ મે ના રોજ ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની આતંકવાદી સંગઠન દ્વારા હત્યા કરવામાં આવી હતી, જેને અનુસંધાને તા. ૨૧ મે ''રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી દિન'' તરીકે આતંકવાદની વિરુદ્ધ ઝુંબેશના રૂપે ઉજવવામાં આવે છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૫૦-૨૬૦૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૫૦૦-૨૫૫૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૫-૧૭૪૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૫-૧૬૯૫ |
| પામોલીયન તેલ | ૧૪૯૦-૧૪૯૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૭૦-૧૭૦૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૬૦-૧૭૦૦ |
| કોપરેલ | ૨૪૩૦-૨૪૮૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૭૬૬૭૦(-૫૩૦) |

| ચાંદી |
|---|
| ૯૫૭૦૦(+૪૦૦) |


### ગોંડલના આંગણે દાસીજીવણ પાર્ટીપ્લોટમાં ચાલતી રામકથાઃ કથાનું આચમન કરતા હજારો લોકો

# માણસે પાંચ યજ્ઞ કરવા જોઈએ, જ્ઞાન, સ્વાધ્યાય, વિચાર, મૌન તથા પ્રેમ યજ્ઞઃ પૂ.મોરારીબાપુ

**સામૈયા સાધુઓ વગર કોણ કરાવી શકે, ખમૈયા પણ સાધુ વગર કોણ કરાવી શકે**

**સાધુ સાક્ષાત્કાર કરે, ચમત્કાર ન કરે સાધુક્રાંત દ્રષ્ટિ, સ્વદ્રષ્ટિ, આર્ષદ્રષ્ટિ, અને નિજદ્રષ્ટિ અને પ્રત્યક્ષ દ્રષ્ટિય હોવો જોઈએ**

**શ્રોતાઓની વિશાળ હાજરી જોઈને પૂ.મોરારી બાપુએ કહ્યું. પંડાલમાં કિડિયારૂં ઉભરાયું છે, મારૂ કામ કિડિયારૂ પુરવાનું છે**









(જીતેન્દ્ર આચાર્ય) ગોંડલ,તા.૨૧

ગોંડલ ના આંગણે દાસીજીવણ પાર્ટી પ્લોટમાં મહાત્મા લોહલંગરીબાપુના સાનિધ્યમાં ચાલી રહેલી રામકથાના તૃતિય દિવસે પુ. મોરારી બાપુ એ રામકથા શિવકથા વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ઉનાળાના સખ્ત તાપમાં ૪૪ ડીગ્રી વચ્ચે વતાનુકુલીન ઠંડક સાથે હૈયાને રામ સ્મરણ કરાવી રહેલ મોરારી બાપુની કથામાં શ્રોતાઓ દિન પ્રતિદિન સંખ્યાઓમાં વધારો થઈ રહ્યો છે.ત્યારે કથાના ત્રીજા દિવસે શ્રોતાઓ ની વિશાળ હાજરી જોઈ બાપુ એ કહ્યું કિડિયારૂ ઉભરાણુ છે.મારૂ કામ કિડિયારૂ પુરવાનું છે.

માણસે પાંચ યજ્ઞ કરવા જોઈએ જેમાં જ્ઞાનયજ્ઞ વિશે બાપુ એ વિસ્તૃત ચર્ચા કરી હતી જેમાં જ્ઞાનયજ્ઞ એટલે જે વિષયમાં હો તે વિષય ગાવું વડાડવું બોલવું અથવા રામાયણ ગીતાના પાઠ કરવા ,રામાયણ ગીતાને ઓવરટેક કરાઈ તેવું નથી સંગીત નૃત્ય ના રિયાજ કરવા જોઈએ. બીજું વિચારયજ્ઞ, વિચાર ની પ્રધાનતા હોવી જોઈએ ત્રીજું મહત્વનું મૌનયજ્ઞ. ઓછું બોલવું શાંત રહેવું સવારે ઉઠીને ખોટા વિચાર ના કરવા પ્રાતઃકાળે આખો સંકલ્પ આખો દિવસ ની સાધના છે.સંધ્યા એ સુતા પહેલા સંકલ્પ સાધના નું કૃષ્ણાપર્ણ કરવું ત્યારબાદ સમર્પણ.

આ તકે બાપુ એ રામકથામાં સ્વાધ્યાય યજ્ઞ, વિચાર યજ્ઞ ,મૌન યજ્ઞ ,પ્રેમ યજ્ઞ ના મર્મ ને મુલવ્યા હતાં ,જેમને શાસ્ત્ર ની ખબર નથી એમને શાસ્ત્ર ના સિદ્ધાંત ની ખબર નથી.કથા માત્ર શ્રવણ કરવાથી જીવન ના દુઃખ ને ત્રાસ મટી જશે શ્રવણ નો મહિમા છે.પ્રેમ યજ્ઞ કરજો, નફરત દ્વેષ યજ્ઞ નહીં. સાથો સાથ મોરારીબાપુ એ સાધુ ની વ્યાખ્યા વિશે સુંદર માહિતી આપી હતી જેમાં સાધુ સ્વદર્શી હોવો જોઈએ ચમત્કારી નહીં. સાધુ ચાલતા સરલ સદગ્રંથ છે.સ્વદર્શન માની નિજદર્શન વાસ્તવ દર્શનીય આત્મનિવેદન ની પેલી ભક્તિ કરતો હોય તેવું સ્વદર્શન વાસ્તવ દર્શન. દોરા ધાગા ધતિંગ ખોટા ચમત્કાર અંધ વિશ્વાસ જેવા પ્રદર્શિય ન હોવો જોઈએ. જો કે ગોંડલ પાસે ભાદર ડેમ નજીક દેવળા ની કથા યાદ કરતા બાપુએ ઉમેર્યું હતું કે બલી ચડાવતા લોકો પણ રામાયણ ના પાઠ કરતા થયા છે.ઉજળા પરિણામ મળ્યા છે.હું તો ચણ નાખવા અને કિડિયારું પુરવા આવ્યો છું ,વેદના મનમાં હોય પરંતુ સંવેદના હૃદયમાં હોય છે.સાધુ સાક્ષાત્કાર કરે ચમત્કાર ન કરે,સાધુ ક્રાંતદ્રષ્ટિ,સૂદ્રષ્ટિ,આર્ષદ્રષ્ટિ અને નિજદ્રષ્ટિ અને પ્રત્યક્ષ દ્રષ્ટિય હોવો જોઈએ. જેમનામાં ઈર્ષ્યા ના દાગ ના હોઈ તેવા સાધુને સ્મરણવા જોઈએ. આ તકે ગોંડલ નાં સંત નાથાભાઇ જોશી ને યાદ કર્યા હતાં તેમજ જય વસાવડા ચેતન જેઠવા તેમજ નિરંજનભાઈ રાજ્યગુરૂ સહિત મહાનુભાવો ને વ્યાસપીઠ પર થી બાપુએ નવાજ્યા હતાં.બાપુ કથા અંતર્ગત જણાવ્યું હતું કે અક્ષરબ્રહ્મ ,શબ્દબ્રહ્મ ,વાક્ય પણ બ્રહ્મ એથી ઊંચું પરમબ્રહ્મ છે.આ બધું બ્રહ્મ છે બાકી બધાં રાહડા છે.ધ્યાન નું મૂળ આપણા ગુરૂ છે.ગુરૂમુખી નાદ અલગ હોય છે.સદ એટલે સંસ્કૃત માં બેસવું થાય તેમાંથી બે શબ્દો મળ્યા ઉપનિષદ અને પરિષદ ઉપ એટલે નજીક સદ માની બેસવું જેમના નજીક બેસવું આપણા વેદ શાસ્ત્રો ગુરૂમુખી છે.ગુરૂમુખી નાદ વેદ પ્રસાદ અને દાદા વિશે વિસ્તૃત માહિતી આપી હતી રામકથામાં પરમ સુખ સમાયેલ છે. હું ૪૦ વિદ્યાર્થીઓને ન હતો સાચવી શકતો આજે આ પંડાલ માં હજારો લોકો મૌન થઈ શાંતિ થી કથા શ્રવણ કરે છે.રામ પ્રતાપ થી રામ પ્રભાવ થી આ કાર્ય થયું છે.પરમ કરુણા જ પરમ નિર્વાણ છે વ્યહવાર સાચવા આ કથામાં આટો મારવાનો નથી આંટો ફેરવવા માટે છે કથાના પંડાલ માં સુધી પહોંચવું જરૂરી નથી ભાગ્યમાં ન હોય તો ક્યાંય ગાંઠે બંધાતુ નથી સાધુ વગર સામૈયા શક્ય નથી એમ સાધુ વગર ખમૈયા શક્ય નથી.બાપુએ જણાવ્યું હતું કે રઘુરામબાપા ના વિચાર થકી આજે વીરપુર નો રોટલો અયોધ્યા ના દ્વાર સુધી પહોંચ્યો છે.કાઠિયાવાડ નો રોટલો જગપ્રખ્યાત થયો જલારામબાપા રોટલા થી પામી ગયા રોટલો જમ્યા વગર ભગવાન ભાગ્યા એથી રઘુરામરામબાપા ના વિચાર બીજ ના લીધે અયોધ્યા રામ મંદિરના દ્વારે આજે પણ થાળ વીરપુર નો જમાડાય છે.

## ત્રિકોણબાગ પાસે કથાકાર રાજુગીરી બાપુનાં પુતળાને લાતો મારી કોળી-ઠાકોર સમાજે વિરોધ વ્યકત કર્યો

### કથાકાર જાહેરમાં માફી નહી માંગે ત્યાં કથા નહી થવા દેની ચીમકી ઉચ્ચારી









(તસ્વીરઃદેવેન અમરેલીયા) રાજકોટ,તા.૨૧

ઉનાના સિમર ગામે હિગરાઈધામ ખાતે ચાલતી કથાની વ્યાસપીઠ પરથી કથાકાર રાજુગીરીબાપુએ કોળી-ઠાકોર સમાજ વિશે કરેલી ટિપ્પણીનાં પગલે કોળી-ઠાકોર સમાજમાં આક્રોશ ભભુકી ઉઠયો છે. અને મામલો છે ક પોલીસ દફતર સુધી પહોંચ્યો છે ત્યારે આજે સમગ્ર સૌરાષ્ટ્રની સાથે રાજકોટ ત્રિકોણબાગ પાસે કોળી-ઠાકોર સમાજનાં યુવાનો ભાઈઓએ બહોળી સંખ્યામાં એકઠા થઈ રાજુગીરી બાપુના પુતળાને લાતો મારી વિરોધ પ્રગટ કર્યો હતો,સાથે જો આગામી સમયમાં રાજુગીરીબાપુ કોળી સમાજની જાહેરમાં માંફી નહી માંગે તો અમે એમની જયાં પણ કથા હશે ત્યાં તેમને બેસવા નહી દે અને તેનો વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

ત્રિકોણબાગ ખાતે મોટી સંખ્યામાં કોળી-ઠાકોર સમાજના આગેવાનોએ કથાકાર રાજુગીરીબાપુ સામે આક્રોશ વ્યકત કરી બાપુના પુતળાને લાતો મારી વિરોધ પ્રદર્શિત કરતા પોલીસ દોડી આવી હતી.અને આગેવાનોની અટકાયતના કરવામાં આવી હતી. **(તસ્વીરઃ દેવેન અમરેલીયા)**

## એઈમ્સના તબીબોની કમાલ : ૧૦૭ વર્ષના વૃદ્ધાને ફ્રેક્ચર થતા સફળ ઓપરેશન કર્યું

### મવડીના ઉદયનગરમાં રહેતા સમજુબેન પંચાસરા પોતાના ઘરે પડી જતા સાથળના ભાગેથી હાડકું તૂટી ગયું'તું : ખાનગી હોસ્પિટલના તબીબોએ ઊંચા હાથ કરી દીધા બાદ એઈમ્સમાં સારવાર કારગત નીવડી





રાજકોટ, તા.૨૧

વૃધ્ધ વ્યકિતને કોઈ પ્રકારની સર્જરી-ઓપરેશન કરવુ તે તબીબી જગત માટે પડકારજનક હોય છે. મોટા ભાગે વૃદ્ધોનું ઓપરેશન કરવાનું કાર્ય મોટા ભાગના તબીબો ટાળી દેતા હોય છે, લગભગ વૃધ્ધ દર્દીના સગાઓએ એવું જ સાંભળ્યુ હશે કે, હવે દાદા કે દાદીની સેવા કરો. હવે સારવાર શકય નથી. જોકે રાજકોટ એઈમ્સના તબીબોએ કમાલ કરી દેખાડી છે. અહીં ૧૦૭ વર્ષના વૃધ્ધાને ફ્રેક્ચર થતા તેનું સફળ ઓપરેશન થયું હતું.


આ અંગે મળતી વિગત મુજબ, સમજુબેન જાદવજીભાઈ પંચાસરા (ઉ.વ.૧૦૭, રહે.ઉદયનગર મવડી ચોકડી રાજકોટ)થોડા દિવસો પહેલા રાત્રે પોતાના ઘરે હતા ત્યારે બાથરૂમ જવા ઉઠ્યા હતા. ઉંમરના કારણે બેલેન્સ ન રહેતા બાથરૂમમાં પડી ગયા હતા. પરિવારના સભ્યો સમજુબેનને તત્કાલ ખાનગી હોસ્પિટલમાં ખસેડયા હતા. અહીં માજીને પગમાં સાથળના ભાગે હાડકું ભાંગી ગયું હોવાનું તબીબી રિપોર્ટમાં સામે આવેલ. અહીંના તબીબોએ માજીની ઉંમર જાણી ઓપરેશન નહીં થઈ શકે તેમ કહીં દીધું હતું. જેથી પરિવાર ચિંતામાં મુકાયો હતો. જોકે આ દરમિયાન કોઈએ રાજકોટ એઈમ્સ હોસ્પિટલમાં નિષ્ણાંત ડોકટરો હોય ત્યાં સમજુબેનની તપાસ કરાવી લેવા જણાવ્યું હતું. જેથી પરિવારજનો સમજુબેનને લઈ રાજકોટ એઈમ્સ હોસ્પિટલમાં પહોંચ્યા હતા. અહીંના તબીબોએ વૃદ્ધાના જુદા જુદા રિપોર્ટ્સ કરાવ્યા હતા. તબીબી ટીમે ચર્ચા કરી, વૃદ્ધાનું આ પડકરજનક ઓપરેશન કરવા નિર્ણય લીધો હતો. આત્મવિશ્વાસ સાથેના નિર્ણયની જેમાં ઓપરેશન સફળ રહ્યું હતું.

વૃદ્ધાના પૌત્રી મિત્તલે જણાવ્યું કે, મારા દાદીને સાથળમાં ફ્રેકૂચર હોવાનું રિપોર્ટસમાં ખુલતા જે તે સમયે ખાનગી હોસ્પિટલના ડોકટરોએ ઓપરેશન કરવું શક્ય નથી તેમ કહીં દીધું હતું. પણ રાજકોટ એઈમ્સના ડોકટરોએ રિસ્ક લઈ સફળ ઓપરેશન કર્યુ જેથી મારા દાદી ફરી સાજા થયા છે. તેમણે એમ પણ કહ્યું કે, હોસ્પિટલ સ્ટાફ સતત દર્દીનું મોનીટરીંગ કરે છે. તે મુજબ જ દર્દીને જમવાનું આપે છે. ભોજન તમામ હોસ્પિટલમાંથી જ આપવામાં આવે છે. મારા દાદી ફરી સાજા થતા હું એઈમ્સ હોસ્પિટલના તમામ ડોકટર સ્ટાફનો આભાર માનું છું. ઓર્થોપેડિક વિભાગના તબીબ ડો.અક્ષત ગુપ્તા, આસિસ્ટન સર્જન ડો. રિષિત, ડો. કિર્તી ચૌધરી, ડો. સુમિત બંસલ, સિનિયર નર્સિંગ ઓફીસર રવિ, હોસ્પિટલ ના તમામ સ્ટાફ દ્વારા સસત ખડેપગે રહીને દર્દીને તમામ સુવિધાઓ અપાવી હતી.

**આશા નહોતી કે,આ ઉંમરે પણ બાનું સફળ ઓપરેશન થશે**

દર્દીના સગા નયનાબેને જણાવ્યું કે, અમને આશા નહોતી કે, અમારા બા આ ઉંમરે પણ ફરી સાજા થઈ જશે.ડોકટરે ખુબસારી સારવાર કરી છે.નર્લિંગ સહિતનો સ્ટાફ પણ દર્દીનું ખુબ ધ્યાન રાખે છે. અને બધાને કહેશું કે એઈમ્સમાં સારવાર કરાવે ડોકટરની સુઝબુઝથી અમારા બાની જીંદગી બચી છે.

## કાલે નૃસિંહ જયંતીઃ મહિમા-પૂજન



ભગવાન વિષ્ણુના અવતારોમાંના એક નૃસિંહ ભગવાન જે અડધા માણસ અને અડધા સિંહ છે. આવતીકાલ તા.૨૨મીના નૃસિંહ જયંતી ઉજવાશે. ભગવાન વિષ્ણુએ રાક્ષસ રાજા હિરણ્યા કશ્યપને મારવા માટે આ અવતાર લીધો હતો.

આસુરી શકિતને દુર કરવા ભગવાન નૃસિંહે અવતાર લીધો. નૃસિંહ ભગવાનની ઉપાસના રક્ષા અર્થે શત્રુ દુર કરવા તથા કોર્ટ કચેરીમાં વિજય મેળવવા માટે કરવામાં આવે છે.

**પૂજન**

નૃસિંહ ભગવાનનું પૂજન સવારે વહેલા ઉઠીને સ્નાન કર્યા પછી બાજોઠ પર લાલ વસ્ત્ર પાથરી તેના ઉપર ઘંઉની ઢગલી કરી નૃસિંહ ભગવાનની છબી અથવા સોપારી રાખવી, બાજુમાં પાણી ભરેલો લોટો કે કળશ રાખવો. દીવો-અગરબતી કરીને નૃસિંહ ભગવાનને કંકુનો ચાંદલો કરી અબીલ ગુલાલ-કંકુ અર્પણ કરવા. પીલા રંગનું ફૂલ અર્પણ કરવું. ત્યાર બાદ શ્રીફળ કે સોપારી ધરીને ગોળ અર્પણ કરવા. અડદની દાળ ધરાવીને આરતી કરવી. પ્રાર્થના કરવી પાણી ભરેલો કળશ આખા ઘરમાં બાથરૂમ સિવાય છાંટી દેવું.

*** શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંત રત્ન) રાજકોટ.**

## વિવિધ માંગણીઓ સાથે થેલેસેમિયાના દર્દીઓની રાજકોટ કલેકટરને રજૂઆત



થેલેસેમિયાના દર્દીઓ દ્વારા જીવનમાં પડતી મુશ્કેલીમાં તેમને મળતી સુવિધામાં વધારો કરવામાં અંગે કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી.દરેક થેલેસેમિયાના દર્દીને અત્યોધ્ય કાર્ડમાં સમાવવામાં આવે જેથી દરેક દર્દી આર્થિક રીતે સદ્વમ બને તેમજ એસટીબસ અને રેલવે મુસાફરી દરમિયાન વિકલાંગતાનો લાભ આપવામાં આવે.વિકલાંગ સર્ટિફિકેટમાં દરેક વખતે ટેસ્ટ અને લાંબી પ્રોસેસમાંથી પસાર થવું પડે છે. જેથી આ પ્રોસેસને સરળ કરી દરેક થેલેસેમિયાના દર્દીને એક સરખી વિકલાંગ કેટેગરીનો લાભ આપવામાં આવે આ બધી માંગણીઓ સાથે કલેકટરને રજૂઆત કરવામાં આવી હતી.

## ગરમીનો પારો ઉંચકાતા કુલર-પંખાની ખરીદીમાં ઉછાળોઃ સપ્તાહથી માલની અછત







**(તસ્વીરઃ દેવેન અમરેલીયા)**

હાલ છેલ્લા ૩થી ૪ દિવસથી રાજ્યભરમાં ગરમીનો પારો આસમાને આંબી ગયો છે. રાજ્યભરમાં કાળઝાળ ગરમી વરસી રહી છે. હવામાન વિભાગ દ્વારા હજુ ચાર દિવસ ગરમી આકરી થવાની આગાહી કરી છે. તેમજ કેટલાક શહેરોમાં હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. બપોરના સમયે ઘરની બહાર કામ વગર ન નીકળવા લોકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજકોટમાં સતત ચાર દિવસથી કાળઝાળ ગરમી વરસી રહી છે. હાલ થોડા સમયથી ગરમીના પારામાં વધારો થતાની સાથે ઈલેકટ્રોનિક બજારોમાં કુલર અને પંખાની માંગમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. કુલર અને પંખાની માંગ વધતાની સાથે જ દુકાનોમાં પણ માલની અછત સર્જાઈ છે. આ અંગે 'સાંજ સમાચાર' સાથે વાતચીત કરતા શ્રીજી ઈલેકટ્રોનિકના રવજીભાઈ રામોલીયાએ જણાવ્યું હતું કે હાલ શહેરમાં ગરમીનો પારો સતત વધતો જતો જોવા મળી રહ્યો છે. આ વધતી જતી ગરમીથી રાહત મેળવવા માટે પંખા અને કુલરની ખરીદી વધી છે. તેમાં પણ ખાસ કરીને કુલરની સૌથી વધુ માંગ હાલ બજારમાં જોવા મળી રહી છે. બીજી બાજુ કુલરની માંગ વધવાની સાથે જ દુકાનોમાં પણ માલની અછત જોવા મળી રહી છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે કુલરની માંગ વધતા દુકાનમાં માલ ઘટતા વેપારીઓ ચિંતામાં મુકાયા છે. જેમાં પણ છેલ્લા એક અઠવાડીયાથી કુલરનો નવો માલ નહીવત છે.

જુના માલનું વેચાણ કર્યા બાદ હાલ પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે દુકાનમાં વેપારીઓએ નવા માલની રાહ જોવી પડશે. કારણ કે રાજયભરમાં ગરમીનો પારો વધતા કંપનીઓ પાસે પણ માલની અછત છે. કુલરના ઓર્ડર આપવા પડયા છે. સ્ટોકમાં આવતા જ ડિલેવરી કરવામાં આવશે. આ સાથે પંખાની પણ એટલી જ માંગ છે. હાલની પરિસ્થિતિ મુજબ ગ્રાહકો પાસેથી પ્રાથમિક વિગત મેળવી ઓર્ડર પર કુલર મંગાવવા પડે છે. માલની અછત હોવા છતાં ગ્રાહકોની માંગમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નથી. આમ લોકો ગરમીથી રાહત મેળવવા પંખા અને કુલરનો સહારો લઈ રહ્યા છે.

## સંત ભોજલરામ ફાઉન્ડેશન આયોજીત અલ્ટ્રા પાટીદાર પ્રીમિયર લીગમાં આર કે શ્રીજી એવેંજરસ ટીમ વિજેતા બની



રાજકોટ,તા.૨૧

સંત ભોજલરામ ફાઉન્ડેશન આયોજીત અલ્ટ્રા પાટીદાર પ્રીમિયર લીગ ૨૦૨૪ કે જે ૨૦ એપ્રિલ ના રોજ ૮ ફ્રેંચાયઝ દ્વારા શરૂ કરવામાં આવી હતી.જેમાં અલ્ટ્રા પીપીએલમાં ૮ ટીમોએ ભાગ લીધો હતો. અને પીપીએલમાં ૬૪ ટીમોએ ભાગ લીધો હતો. બધી જ ટીમ દ્વારા પોતાની ટીમ માટે મહેનત કરી હતી. ત્યારે ગઈ કાલે ગ્રાન્ડ ફીનાલે મેચ બાલાજી ટાઈટન્સ અને આર કે શ્રીજી એવેંજરસ વચ્ચે યોજાયો હતો, દર્શકોના જબરદસ્ત ઉત્સાહ સાથે શરૂ થયેલા મેચ માં આખરે આર કે શ્રીજી એવેંજરસ ટીમે બાલાજી ટાઈટન્સ સામે વિજય મેળવ્યો હતો.

## ૬૦ વર્ષીય વિનોદ આમલા અને રાજુ વ્યાસે લોન ટેનિસ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યા



રાજકોટ,તા.૨૧

ગુજરાત સ્પોર્ટ્સ યુથ અને કલ્ચરલ વિભાગ ગાંધીનગર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦ રાજયકક્ષા લોન ટેનિસની ૬૦ વર્ષ ઉપરની ડબલ્સની સ્પર્ધામાં વિનોદ આમલા રાજુ વ્યાસ થર્ડ પ્લેસમાં વિજેતા થઈ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી રાજકોટનું ગૌરવ વધાર્યું છે તેઓને રવિરાજસિંહ જાડેજા આઈપીએસ ક્રાઈમ બ્રાંચ અમદાવાદ દ્વારા મેડલ અને સર્ટીફિકેટ આપી સન્માનિત કરાયા હતાં.

## વ્યાસપીઠ પરથી ચોક્કસ સમાજની ટિપ્પણી થતાં કથાની તાત્કાલીક પૂર્ણાહુતિ

# ઉનાના સિમર ગામે કથાકારના વિવાદાસ્પદ પ્રવચન સામે આક્રોશઃ અંતે માફી માંગી

### હિગરાઈ ધામ ખાતેની કથામાં વ્યાસપીઠ પરથી કથાકાર, રાજુબાપુએ કોળી-ઠાકોર સમાજની લાગણી દુભાવતા પોલીસ ફરિયાદઃ અંતે બાપુને પોલીસ હવાલે કરતા માફી માંગી



(ફારૂક ચૌહાણ) ઉના,તા.૨૧

ઊનાના સિમર ગામે આવેલ હિગરાઈ ધામ વસ્તાગીરી બાપુ ના સમાધ સ્થાન સમુદ્ર શેડ ખાતે ચાલતી શીવ કથાના વ્યાસપીઠ પર ગત તારીખ ૧૯ મે ના રાત્રિના સમયે સાવર કુંડલા ના મોટા જીજુડા ના રહીશ કથાકાર રાજુબાપુ એ કથા નુ રસ પાણ કરાવતી વખતે બેન દિકરીઓ ના લગ્ન બાબતે કોળી, ઠાકોર સમાજ ને નિચ કૂળ ના ગણાવી ને અપમાનિત કર્તા શબ્દો પ્રયોગ કરતા અને આ કથા નુ લાઈવ ચેનલ ઉપર પસારણ થતુ હોય જે જોઈ ને કોળી સમાજ ની લાગણી દુભાય હોવાથી આગેવાનોએ રોષપૂર્વક વિરોધ વ્યક્ત કરી ને આ બાબતે હિન્દ યુવા સંગઠન ભારત ગીર સોમનાથ જિલ્લાના ઊપાદયક્ષ મહેશભાઈ રામજીભાઈ બારૈયા કોળી કથાકાર રાજુબાપુ સામે કોળી ઠાકોર સમાજ વિશે કથા મચ ઉપર ઉચ્ચારેલ અપમાનિત શબ્દ અંગે નવાબંદર મરીન પોલીસ સ્ટેશન મા ફરીયાદ નોંધાવતા પોલીસ એ તાત્કાલિક રાજુબાપુ ને પોલીસ સ્ટેશને લાવેલા પણઅટકાયત કરી નાં હતી અને કાયદેસર ની કાર્યવાહી હવે આગામી ૨૭ તારીખે થશે.

કથા મંચ પરથી રાજુબાપુ એ જણાવેલ કે બ્રહ્મસમાજ કે સાધુ સંત મા જન્મેલ સમાજની દિકરી કોળી ઠાકોરના દિકરા સાથે લગ્ન કરી લે એ કલંક છે. જે કુળમાં સારો વિચાર નથી જે કુળમાં કોઈ સંસ્કાર નથી એવા નીચ કુળની જન્મેલા સંતાનમાં શુ હોય આવુ કથા દરમ્યાન બોલી કોળી ઠાકોર સમાજની લોકોની લાગણી દુભાય તેવુ ધુણાસ્પદ કૃત્ય બિભત્સ શબ્દોનુ ઉચ્ચારણ કરી જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચે સુલેહ શાંતિનો ભંગ કરતુ કૃત્ય કરતા સીમર ગામના કોળી સમાજના મુકેશભાઈ જેઠાભાઈ ભીલ, શૈલેષભાઈ મંગાભાઈ ડાભી, ભાવેશભાઈ માલાભાઈ રાઠોડ, કમલેશભાઈ છળનભાઈ બાંભણીયા વિગેરે સાથે રહીને નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ફરીયાદ દાખલ કરી હતી

સાધુ સંત અને વ્યાસપીઠ પર બેસતા ધર્મ નુ જ્ઞાન આપતા લોકોએ સમાજ ને જોડવા નુ કામ કરવા નુ હોય છે પવિત્ર સ્થાને થી કથા વાચક એ કોઈ સમાજ ને અપમાનિત કરીને નિચુ દેખાડવાનુ જ્ઞાતિ વર્ગીકરણ કરીને દુશ્મનાવટ ઊભી થાય તેવુ કૃત્ય આચરનાર ને ક્યારેય વ્યાસપીઠ જેવા સ્થાને બેસાડાય નહિ તેવો શુર કોળી ઠાકોર સમાજ ના આગેવાનોએ રોષપૂર્વક વ્યક્ત કરી ને આ નિવેદન નો રોષપૂર્વક વિરોધ વ્યક્ત કરેલ હતો આ બાબત નો રોષ પ્રગટ થતા સીમર ગામે ચાલતી શીવ પુરાણ કથા ની વહેલા પુરાહુતિ કરી લેવાય છે અને કથાકાર રાજુબાપુ ને પોલીસ હવાલે કરાયા બાદ એક માફી માગતો વિડીયો વાયરલ કરેલ જેમા પોતે આ શબ્દ ઉચ્ચારણ પાછળ કોળી ઠાકોર સમાજ ની લાગણી દુભાય તેવો કોઈ આશ્રય નહિ હોવાનુ જણાવેલ છે હાલ સમગ્ર પ્રકરણ ભારે રોષ ભભૂકી ઉઠયો છે.

**કથાકાર ને આગામી ૨૭ તારીખે બોલાવ્યા**

આ ઘટના બાબતે નવાબંદર મરીન પોલીસ સ્ટેશન પી.એસ.આઇ જાદવ નો સંપર્ક કરતા તેમણે જણાવેલ કે કથાકાર રાજુબાપુ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે અને મોડી રાત્રી નાં તેમને પોલીસ સ્ટેશન લાવેલા અને તેમને આગામી તારીખ ૨૭ નો રોજ પોલીસ સ્ટેશન પર હાજર થવા નોટિસ આપેલ છે હવે એ આવશે ત્યારે તેમની અટક કરવામાં આવશે હાલ આ ઘટના બાદ વાતાવરણ શાંત છે

**યુવાનો ઉમટી પડયા**

આ ઘટના માં વ્યાસપીઠ પર થી અશોભનીય ઉચ્ચારણ કરનાર કથાકાર



રાજૂબાપુ ને રાત્રી નાં કોળી સમાજ નાં યુવાનો માં રોષ જોવા મળ્યો હતો અને કથાકાર ને નવાબંદર પોલીસ સ્ટેશન લાવતા કોળી સમાજ ના યુવાનો પણ પોલિસ સ્ટેશન પર પોહચી ગયા હતા અને બનાવ ની જાણ ઉચ્ચ અધિકારી ને થતાં ડી.વાય.એસ.પી સહિત નો મોટો પોલીસ કાફલો પણ પોહચી ગયેલ

**કથાકાર નાં નિવેદન થી સમાહ અધૂરી રહી**

સિમર મુકામે સમસ્ત ગૌસ્વામી સમાજ અને મેઘનાથી પરીવાર દ્વારા શીવ મહાપુરાણ સપ્તાહ નાં આયોજન માં કથાકાર રાજુબાપુ દ્વારા કોળી અને ઠાકોર સમાજ ને નીચ કુળ નાં હોવાની ટિપ્પણી કરતા કોળી સમાજ માં રોષ ફાટી નીકળતા આજે કથા પણ અધૂરી રહી આ બાબતે કોળી સમાજ ના આગેવાનો નો સંપર્ક કરતા તેમણે જણાવેલ કે વ્યાસપીઠ પર થી એક કથાકર દ્વારા કોળી અને ઠાકોર સમાજ ને નીચો બતાવવામાં આવ્યો છે તેથી એ માફી ને પાત્ર નથી અને સમગ્ર દેશ નાં કોળી અને ઠાકોર સમાજે નક્કી કરવાનું છે કે કથાકાર ને માફ કરવા કે નહીં તેવું હિન્દુ યુવા સંગઠન નાં પ્રમુખ મહેશભાઈ બારિયા એ જણાવેલ છે.

# હજ યાત્રીઓ માટે જરૂરી ફલાઇટનું સમયપત્રક

**(ફારૂક ચૌહાણ) વઢવાણ, તા. ૨૧**

ગુજરાત સૌરાષ્ટ્ર ભરમાંથી જ્યારે હાજીઓ હજ યાત્રા કરવા જનાર છે ત્યારે તેનું સમય પત્રક અને ક્યારે કઈ ફલાઇટ ઉપડે છે. જેની માહિતી આપવામાં આવી છે દરેક મુસ્લિમ ભાઈ બહેનો જે હજયાત્રા માટે જાય છે તેમના માટે આ સમય પત્રક ખાસ ઉપયોગી બને તેવા હેતુથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**અમદાવાદ એરપોર્ટથી જિદ્દાહ જાવાવાળી હજ કમીટીની ફલાઇટનું ટાઇમ ટેબલ**

| ફલાઇટ નંબર, તારીખ, ટાઇમ | | | | | | ખિદમતની તારીખ, ટાઇમ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| નં. | ફલાઇટ નં. | તારીખ | દિન | ટાઇમ | | તારીખ | પહોંચવાનો સમય | ટાઇમ |
| ૧ | એસવી-૫૨૬૫ | ૨૬/૫ | ઇતવાર | ૧૦.૨૦ | સુબહ | ૨૬/૫ | સવારે | ૫.૩૦ |
| ૨ | એસવી-૫૫૮૯ | ૨૬/૫ | ઇતવાર | ૩.૨૫ | બપોરે | ૨૬/૫ | સવારે | ૧૦.૩૦ |
| ૩ | એસવી-૫૫૯૧ | ૨૬/૫ | ઇતવાર | ૭.૦૦ | બપોરે | ૨૬/૫ | બપોરે | ૨.૦૦ |
| ૪ | એસવી-૫૫૯૩ | ૨૭/૫ | પીર | ૧.૪૦ | બપોરે | ૨૭/૫ | સવારે | ૯.૦૦ |
| ૫ | એસવી-૫૫૯૫ | ૩૦/૫ | જુમેરાત | ૧૧.૫૦ | સવારે | ૩૦/૫ | સવારે | ૭.૦૦ |
| ૬ | એસવી-૫૪૫૫ | ૩૦/૫ | જુમેરાત | ૫.૨૫ | બપોરે | ૩૦/૫ | બપોરે | ૧૨.૩૦ |
| ૭ | એસવી-૫૨૬૫ | ૩૧/૫ | જુમ્આ | ૪.૩૦ | બપોરે | ૩૧/૫ | બપોરે | ૧૧.૩૦ |
| ૮ | એસવી-૫૫૮૭ | ૧/૬ | શનિચર | ૧૦.૧૫ | સવારે | ૧/૬ | સવારે | ૫.૩૦ |
| ૯ | એસવી-૫૨૬૯ | ૨/૬ | ઇતવાર | ૬.૪૦ | બપોરે | ૨/૬ | બપોરે | ૧.૪૫ |
| ૧૦ | એસવી-૫૫૮૯ | ૩/૬ | પીર | ૧૨.૦૦ | બપોરે | ૩/૬ | સવારે | ૭.૦૦ |
| ૧૧ | એસવી-૫૫૦૩ | ૪/૬ | મંગલ | ૧૨.૨૫ | બપોરે | ૪/૬ | સવારે | ૭.૩૦ |
| ૧૨ | એસવી-૫૨૭૧ | ૫/૬ | બુધ | ૮.૩૫ | સવારે | ૫/૬ | રાત્રે | ૩.૩૦ |
| ૧૩ | એસવી-૫૬૮૫ | ૬/૬ | બુધ | ૬.૩૫ | બપોરે | ૬/૬ | બપોરે | ૧.૩૦ |
| ૧૪ | એસવી-૫૫૦૯ | ૬/૬ | જુમેરાત | ૧૦.૧૦ | સવારે | ૬/૬ | સવારે | ૫.૧૫ |
| ૧૫ | એસવી-૫૫૮૭ | ૭/૬ | જુમેરાત | ૧૦.૫૦ | સવારે | ૭/૬ | સવારે | ૬.૦૦ |
| ૧૬ | એસવી-૫૭૫૧ | ૭/૬ | જુમ્આ | ૫.૫૦ | બપોરે | ૭/૬ | બપોરે | ૧.૦૦ |
| ૧૭ | એસવી-૫૫૦૭ | ૮/૬ | જુમ્આ | ૬.૪૫ | બપોરે | ૮/૬ | બપોરે | ૨.૦૦ |
| ૧૮ | એસવી-૫૩૬૯ | ૮/૬ | શનિચર | ૧૦.૧૦ | સવારે | ૮/૬ | સવારે | ૫.૦૦ |
| ૧૯ | એસવી-૫૫૦૧ | ૮/૬ | શનિચર | ૧૨.૨૫ | બપોરે | ૮/૬ | સવારે | ૭.૩૦ |
| ૨૦ | એસવી-૫૫૦૫ | ૯/૬ | ઇતવાર | ૯.૪૫ | સવારે | ૯/૬ | સવારે | ૫.૦૦ |
| ૨૧ | એસવી-૫૫૭૭ | ૯/૬ | ઇતવાર | ૭.૨૫ | બપોરે | ૯/૬ | બપોરે | ૨.૩૦ |

**ઘુડખરની ગણતરીનું આયોજન**

# આજથી બે દિવસ અભ્યારણ્ય વિભાગના ૨૫૦૦ સ્ટાફ દ્વારા ૩૬૨ પોઈન્ટ પર ઘુડખરની ગણતરી યોજાશે

### કચ્છના નાના રણમાં સંખ્યા ૭ હજારને પાર જશેઃ૪૫ ડિગ્રીમાં ઘુડખરની ગણતરી કરવી પડકારજનક : ૨૦૨૦માં થયેલી ગણતરી મુજબ ઘુડખરની સંખ્યા ૬૦૮૨ નોંધાઈ



(ફારૂક ચૌહાણ) વઢવાણ,તા.૨૧

૨૧ અને ૨૨મી મેના રોજ બે દિવસ અભ્યારણ્ય વિભાગના ૨૫૦૦ જણાના સ્ટાફ દ્વારા ૩૬૨ પોઇન્ટ પર ઘુડખરની ગણતરી યોજાશે. ત્યારે કચ્છના નાના રણમાં ઘુડખરોની સંખ્યા ૭,૦૦૦ને પાર જશે,પણ ૪૫ ડિગ્રીમાં ઘુડખરની સાચી ગણતરી પડકારજનક હોવાનું પણ સામે આવ્યું છે. આ વર્ષે ૨૧ અને ૨૨મેના રોજ ઘુડખરની ગણતરીમાં સૌ પ્રથમ વખત ટેક્નોલોજીનો ઉપયોગ કરી કુલ ૩૬૨ પોઈન્ટ પર ડ્રોન કેમેરા,જીપીએસ સિસ્ટમ, કેમેરા ટ્રેપ અને ઓનલાઇન પોર્ટલ દ્વારા કરવામાં આવશે.જેમાં દર પાંચ વર્ષે ઘુડખરની ગણતરી કરવામાં આવે છે.અને છેલ્લે ૨૦૨૦ થયેલી.

અત્યાર સુધીમાં નવ વખત આ ગણતરી કરવામાં આવી છે. અને હવે દશમી વખત ગણતરી યોજવા જઈ રહી છે.હાલમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી સુરેન્દ્રનગર જિલ્લામાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર પહોંચ્યો છે, અને એમાંય કચ્છના નાના રણમાં તો હાલ ગરમીનો પારો ૪૬ ડિગ્રીએ છે,ત્યારે આકાશમાંથી અગનગોળા વરસાવતી કાળઝાળ ગરમીમાં દુર્લભ ઘુડખરની વસ્તી ગણતરી કરવી એ વનવિભાગના સ્ટાફ માટે પડકારજનક અને લોઢાના ચણા ચાવવા સમાન બની રહેશે.ત્યારે કચ્છના નાના રણમાં આ વર્ષે ઘુડખરોની સંખ્યા ૭,૦૦૦ને પાર જશે એ નિશ્ચિત છે.

આજથી કેટલાંક વર્ષો અગાઉ ''ખુશ્બુ ગુજરાત કી'' એડ કેમ્પેઈન અંતર્ગત સદીના મહાનાયક અમિતાભ બચ્ચને ''ઘૂડખર''ને ગુજરાતના સરતાજ તરીકે નવાજવાની સાથે ''એક ગધા જો સારે ગધો કા નામ રોશન કરેગા'' અને 'ગધા કોઈ ગાલી નહીં, તારીફ કી થાલી હે' ના વિશેષણોથી નવાજી રણના દૂર્લભ ઘૂડખર આંતરરાષ્ટ્રીય ફલક સુધી ખ્યાતી પામ્યા હતા.

સને૧૯૪૬માં ઘૂડખરની સૌ પ્રથમ ઘૂડખરની વસ્તી ગણતરી યોજાઈ હતી એ સમયે રણમાં જોવા મળતા ઘૂડખરની સંખ્યા ૩૫૦૦ નોંધાઈ હતી. જે ૧૯૬૩માં ભયંકર રોગચાળો આવતા ઘૂડખરની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટીને માત્ર ૩૬૨ જ થઈ ગઈ હતી. અને છેલ્લે ૨૦૨૦માં કરાયેલી વસ્તી ગણતરી અનુસાર ઘૂડખરની સંખ્યા ૬૦૮૨ નોંધાઈ હતી.

પાટડી આજે તા. ૨૧ અને ૨૨મી મેના રોજ ૨ દિવસ અભ્યારણ્ય વિભાગના ૨૫૦૦ જણાના સ્ટાફ દ્વારા ૩૬૨ પોઈન્ટ પર ઘુડખરની ગણતરી યોજાશે. ત્યારે કચ્છના નાના રણમાં ઘુડખરોની સંખ્યા ૭,૦૦૦ને પાર જશે, પણ ૪૫ ડિગ્રીમાં ઘુડખરની સાચી ગણતરી પડકારજનક હોવાનું પણ સામે આવ્યું છે. આ વર્ષે ૨૧ અને ૨૨મેના રોજ ઘુડખરની ગણતરીમાં સૌ પ્રથમ વખત ટેક્નોલોજીનો ઉપયોગ કરી કુલ ૩૬૨ પોઈન્ટ પર ડ્રોન કેમેરા, જીપીએસ સિસ્ટમ, કેમેરા ટ્રેપ અને ઓનલાઈન પોર્ટલ દ્વારા કરવામાં આવશે. જેમાં દર પાંચ વર્ષે ઘુડખરની ગણતરી કરવામાં આવે છે. છેલ્લે ૨૦૨૦ થયેલી ગણતરી મુજબ ઘુડખરની સંખ્યા ૬૦૮૨ નોંધાઈ હતી. અત્યાર સુધીમાં ૯ વખત આ ગણતરી કરવામાં આવી છે. અને હવે દશમી વખત ગણતરી યોજવા જઈ રહી છે. હાલમાં છેલ્લા ૩-૪ દિવસથી સુરેન્દ્રનગર જિલ્લામાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર પહોંચ્યો છે, અને એમાંય કચ્છના નાના રણમાં તો હાલ ગરમીનો પારો ૪૬ ડિગ્રીએ છે. ત્યારે ઘુડખરની વસ્તી ગણતરી કરવી એ વનવિભાગના સ્ટાફ માટે પડકારજનક રહેશે.

# ચોટીલાના કોન્ટ્રાકટરને છરી બતાવી મારી નાંખવાની ધમકી આપી

### ત્રણ શખ્સો સામે ચોટીલા પોલીસ મથકમાં ફરીયાદ

(ફારૂક ચૌહાણ) વઢવાણ,તા.૨૧

''ચોટીલા તાલુકાના સણોસરા ગામના કોન્ટ્રાકટરના નામે તેમના જ ગામના શખ્સે અન્ય એક વ્યકિત પાસેથી રૂપિયા ૨૦ ઉછીના લીધા હતા .જે રૂપિયાની ઉઘરાણી બાબતે ત્રણ શખ્સોએ કોન્ટ્રાકટરનું કારમાં અપહરણ કરી છરી બતાવી ખંડણી માંગી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યા અંગેની ચોટીલા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે

ચોટીલા પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ ચોટીલા તાલુકાના સણોસરા ગામે રહેતા કિશનભાઈ કમાભાઈ કટેશીયા કન્ટ્રકશનનો વ્યવસાય કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે અંદાજે ત્રણ માસ પહેલા અજયભાઈ જશકુભાઈ ધાધલ રાત્રીના સમયે કિશનભાઈના ઘરે ધસી આવ્યા હતા અને કિશનભાઈને ગાળો આપવા લાગ્યા હતા.

આથી કિશનભાઈ એ ગાળો આપવાની ના પાડી ઝઘડો કરવાનું કારણ પુછતાં અજયભાઈએ જણાવ્યું હતું કે તમારા ગામના રણજીતભાઈ ગભરૂભાઈ ધાધલ તારા નામે ૨૦ હજાર રૂપિયા મારી પાસેથી લઈ ગયાં છે એ આપી દે એમ કહી ઝપાઝપી કરી હતી.

ત્યાર બાદ ૧૬ મે ના રોજ રાત્રીના સમયે અજયભાઈ જશકુભાઈ ધાધલ, રણજીતભાઈ ગબરૂભાઈ ધાધલ અને અજયભાઈના કાકાના દિકરો ત્રણ શખ્સો કાર લઈ ગામમાં આવેલ બેન્ક પાસે ધસી આવ્યા હતા અને ત્યાં કિશનભાઈને બોલાવી બળજબરીથી કારમાં બેસાડી ધરમપુર તરફથી લઈ હતા તે દરમિયાન કારમાં કિશનભાઈને બેફામ ગાળો આપી હતી અને રાજકોટમાં જે કન્ટ્રકશનનું કામ ચાલે છે તે કામમાંથી અડધો ભાગ આપવાની માંગ કરી હતી.

અને જો રૂપિયા નહી આપે તો આ છરી કોઈની સગી નહી થાય તેમ કહી કીશનભાઈના ગળે છરી મુકી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. અને ઢીકાપાટુનો માર મારી ગાડીમાંથી ઉતારી દઈ તેમનો ફોન ફેંકી ત્રણેય શખ્સો ફરાર થઈ ગયાં હતા અને ત્યાંથી સણોસરા ગામના જ ભાદાભાઈ અરજણભાઈ ખીચડીયાનિ હોટલે જઈ અત્યાર સુધી કેમ હોટલ ખુલ્લી રાખી છે તેમ કહી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી આ બનાવ અંગે ભોગ બનનાર કિશનભાઈ કમાભાઈ કટેશીયાએ ચોટીલા પોલીસ મથકે ત્રણ શખ્સો સામે અપહરણ તેમજ ખંડણી માંગવા સહીતની બાબતો અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યાં છે.

# સિંહણને મોત બાદ દાટી દેવાના મામલે ઝડપાયેલ બે આરોપી જેલહવાલે

### કાલાવડ તાલુકાના હંસસ્થળ ગામે દરગાહની પાછળના ભાગમાં સિંહણનો મૃત્તદેહ દાટી દેવાયો હતોઃ આરોપીઓએ પોતાની વાડી ફરતે વીજપ્રવાહ વાળી ફેન્સીંગ બાંધી હોવાની તેને અડતા સિંહણનું થયું હતું મોતઃ ગુન્હો છુપાવવાના ઈરાદે આરોપીઓએ સિંહણના મૃત્તદેહને દફનાવ્યો હતોઃ વનવિભાગની તપાસમાં સમગ્ર મામલો બહાર આવતા કરાઈ હતી કાર્યવાહી

જામનગર તા.૨૧

કાલાવડ તાલુકાના હંસસ્થળ ગામે દરગાહની પાછળના ભાગે સિંહણના મૃત્તદેહને દાટી દેવાના પ્રકરણમાં ઝડપાયેલ બન્ને આરોપીઓને પોલીસ રિમાન્ડ પુરા થતાં જેલહવાલે કરવામાં આવ્યા છે. આરોપીઓએ પોતાની વાડી ફરતે લગાવેલી ફેન્સીંગમાં ગેરકાયદેસર રીતે વિજળીનો કરંટ મુક્યો હોવાથી તેને અડી



જતાં સિંહણનું મોત નિપજ્યું હોવાનું બહાર આવ્યું હતું.

જામનગર વનવિભાગની જામનગર રેન્જ દ્વારા સામાજીક વનિકરણ રેંજ કાલાવડ કચેરીને જાણ થયેલ કે કાલાવડની ખંઢેરા બીટના કાર્યક્ષેત્ર હેઠળ હંસ્થળ રેવન્યુ વિસ્તારમાં મળદપીર દરગાહની પાછળ વાળા ભાગમાં સિંહણનો મૃતદેહ જુની બેલા પથ્થર ખાણમાં દાટેલી હાલતમાં જોવા મળેલ હોય અને જે ગેરકાદેસર રીતે નિકાલ કરેલ હોય તેવુ પ્રાથમિક નજરે જણાઈ આવતા સ્થળ પર તત્કાલીક વનવિભાગની ટીમ, એફ.એસ.એલ ટીમ, વેટરનરી ડોક્ટરોની ટીમ પહોંચી જઈ સ્થળ પર ખોદકામ કરીને સિંહણના મૃતદેહને બહાર કાઢી વધુ તપાસ માટે સેમ્પલો એકત્રીત કરવામાં આવેલ હતા.જે તપાસમાં મુખ્ય વનસંરક્ષક જુનાગઢ ડો.કે.રમેશ, વન સંરક્ષક રાજકોટ આર.સેન્થિલકુમાર તથા નાયબ વન સંરક્ષક જામનગર વન વિભાગ આર.ધનપાલ અને નાયબ વન સંરક્ષક, સામાજીક વનિકરણ વિભાગ દેવભુમી દ્વારકા અરુણકુમાર સહીતના ઉચ્ચ અધિકારીઓએ ગુન્હા બનાવના સ્થળની રૂબરૂ મુલાકાત કરી બનાવનો તાગ મેળવી ગુનો શોધી કાઢવા તથા ગુનામાં સંડોવાયેલા આરોપીઓને શોધી કાઢવા ચાવીરૂપ માર્ગદર્શન આપેલ.

તપાસમાં અલગ અલગ સ્થળે રેડ કરવામાં આવેલ અને બનાવને સંલગ્ન ઈસમોના નિવેદનો નોંધી વાડીની ફરતે મુકાયેલ ફેન્સીંગમાં વીજ કરંટથી સિંહણના મુત્યુ બાદ તેના મૃતદેહના નિકાલનાં ગુના કેસમાં સંડોવાયેલ ઈસમો સુધી પહોચી કુલ ૦૨ ઈસમો નજરમામદ નોયડા ઉર્ફે નિઝામ અનવર નોયડા ગામ હંસ્થળ અને હુશેન ખાનમામદ નોયડા ગામ હંસ્થળ વિરૂદ્ધ કાલાવડ રેન્જ ગુના રજીસ્ટર નંબર ૦૧/૨૦૨૪-૨૫ તા.૧૦/૦૫/૨૦૨૪ થી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ (સુધારા અધિનિયમ-૨૦૨૨) ની કલમ ૨(૧),૨(૧૬), ૨(૧૬)(સી), ૨(૩૩), ૯, ૩૯, ૫૦, ૫૧, ૫૨, ૫૫(એ) અને કલમ ૫૭ હેઠળનો ગુનો રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને વાઈલ્ડ લાઈફ વોર્ડન કાલાવડને મળેલ સત્તાની રૂએ દાખલ કરેલ. અને તપાસ દરમિયાન સરકારી પંચોની હાજરીમાં આરોપીઓ દ્વારા ઉપયોગમાં લીધેલ ગાડું નંગ-૦૧, મોટર સાયકલ નંગ-૦૧, દાતરડું નંગ-૦૧, પાવડો નંગ-૦૧, તગારા નંગ -૦૨, વાડીની ફરતે ઈલેક્ટ્રીક શોર્ટ માટે ઉપયોગ કરેલ તાર ના બંડલ નંગ-૦૩,લાકડા ની સાઠી-૩૮ નંગ,મોબાઈલ નંગ-૦૨ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી આરોપીઓને કાલાવાડ ખાતે જ્યુડીશીયલ ફર્સ્ટક્લાસ જજની કોર્ટમાં તા.૧૧.૦૫.૨૦૨૪ ના રોજ રજૂ કરી તેના રીમાન્ડ મેળવેલ જે રીમાન્ડ દરમીયાન આરોપીઓ પાસે સરકારી પંચો રૂબરૂ ઘટનાક્રમનું રીકન્ટ્રકશન કરાવવામાં આવેલ. સિહણનો મૃતદેહ ગાડામાં લઈ મળદપીર દરગાહ પાછળ વાળા જુની બેલા પથ્થર ખાણ ખાતે લઈ જવામાં આવ્યો હોવાનું તપાસમાં ખુલ્યુ હતું તેમજ જીપીએસ ટ્રેકિંગવાળો સિહણના ગળાનો કોલર તેના મૃતદેહથી અંદાજીત પાંચ કી.મી. દુર જંગલ વિસ્તારમાંથી મળી આવ્યો હતો.

આરોપીઓનાં રીમાન્ડ પુરા થતા કાલાવાડની કોર્ટમાં બન્નેને તા.૧૩-૦૫-૨૦૨૪ ના રોજ ફરી રજૂ કર્યા હતા. જ્યાં તેઓની કોર્ટ સમક્ષ જામીન અરજી મુકાઈ હતી જે નામંજુર થતાં બંન્નેને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલાયા હતાં.

વધુ માહિતી આપતા કાલાવડ રેંજ ફોરેસ્ટ ઓફિસર ડી.એસ.રાઠવા જણાવે છે કે સદર ગુનો વન્ય પ્રાણીઓ મુંગા પ્રાણીઓ સંબંધિત હોય જે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ (સુધારા અધિનિયમ-૨૦૨૨) મુજબ ગુનામાં સંડોવાયેલા ઈસમો તથા ગુના સંબંધિત બાતમીદારોને ઈનામની જોગવાઈ અનુસાર આ ગુના સંબંધિત ખાનગી બાતમી આપનારને જોગવાઈ મુજબનુ ઈનામ ખાનગી રાહે આપવામાં આવશે. જેથી બાતમીદારોએ ખાનગી બાતમી વન વિભાગને આપવા પણ જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

આ એક્ટ ભારતના રાષ્ટ્રીય સંપતિ એવા વન્ય પ્રાણીઓનો વિશિષ્ટ એક્ટ છે. આ એક્ટની કલમ-૫૨ મુજબ આ ગુનામાં ખોટી રીતે કે આડકતરી રીતે આરોપીઓને મદદ, ઉશ્કેરણી, પ્રોત્સાહન કરનાર કે કરાવનાર કોઈપણ નાગરિકને આ એક્ટની મદદગારીની જોગવાઈ લાગુ પડે છે. જેથી આ અધિનિયમની અમલવારીમાં સીધા કે આડકતરી અવરોધ ઊભો કરશે તેઓ પણ આ વિશિષ્ટ કાયદાની કલમની જોગવાઈ મુજબ ગુનેગાર ગણાય છે. જેથી જાહેર જનતા સદર વિશિષ્ટ કાયદાની અમલવારીમાં કોઈ બાધ ઊભો ન કરે તે બાબતે પણ જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

સિંહણના શિકારમાં અન્ય કોઈ આરોપીઓ આ ગુનામાં સંકળાયેલા હોય તો તેવા આરોપીઓને પકડવા પણ વન તંત્ર દ્વારા આગળની તપાસ ચલાવાઈ રહી છે.

# સુરેન્દ્રનગર સબ જેલમાંથી ફરી એકવાર મોબાઈલ ઝડપાયો



(ફારૂક ચૌહાણ) વઢવાણ, તા. ૨૧

સુરેન્દ્રનગર સબ જેલમાં અમદાવાદ જડતી સ્કવોડની ટીમે આકસ્મીક ચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં જેલના બેરેક નં.૩માં રહેલ ટીવીમાંથી મોબાઈલ મળી આવ્યો હતો. ટીમે મોબાઈલ કબજે કરી શહેરના એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

સુરેન્દ્રનગર સબ જેલમાં પૈસા ફેંકો અને સુવિધા મેળવોની વાત નવી નથી. અગાઉ પણ જેલમાંથી મોબાઈલ, બીડી, સીગારેટ, ગુટકા જેવી પ્રતીબંધીત વસ્તુઓ મળી આવી હતી. આ બાબતે અનેકવાર પોલીસ ફરિયાદ પણ થઈ છે. પરંતુ એક પણ ફરિયાદમાં કોઈ તથ્ય બહાર આવતુ નથી. જેલના કર્મીઓના સહયોગ વગર આ વસ્તુઓ અંદર પહોંચે જ નહી તે વાત પણ જગજાહેર છે. હજુ ગત માસે તા. ૮ એપ્રીલના રોજ જ જેલની ગટરની કુંડીમાંથી ૬ મોબાઈલ મળી આવ્યા હતા. ત્યારે ફરીવાર જેલમાંથી પ્રતીબંધીત મોબાઈલ મળી આવ્યા છે. એ ડીવીઝન પોલીસ મથકેથી મળતી માહીતી મુજબ અમદાવાદ જડતી સ્કવોડના જેલર ડી.આર.કરંગીયા સહિતનાઓએ સોમવારે સુરેન્દ્રનગર સબ જેલમાં આકસ્મીક ચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં જેલની બેરેક નં. ૩માં તપાસ કરવામાં આવી હતી. અને બેરેકમાં રહેલ સેન્સુઈ કંપનીનું ટીવી ખોલીને જોતા તેમાંથી મોબાઈલ મળી આવ્યો હતો. બેરેકમાં કુલ ૩૯ કેદીઓ છે. ત્યારે આ મોબાઈલ કોનો છે તેમ પુછતા કોઈએ જવાબ આપ્યો ન હતો. આથી અજાણ્યા શખ્સ સામે એ ડીવીઝન પોલીસ મથકે કેદી અધીનીયમ મુજબ ફરિયાદ નોંધવામાં આવી છે. જેની વધુ તપાસ પીએસઆઈ ડી.એસ.ચૌહાણ ચલાવી રહ્યા છે. હાલ આ મોબાઈલ એફએસએલમાં મોકલવામાં આવ્યો છે. જેમાં જેલના કયા કેદીઓએ આ મોબાઈલનો ક્યારે ઉપયોગ કર્યો છે, જેલમાં મોબાઈલ ઘુસાડવામાં કોઈ જેલ કર્મી સામેલ છે કે કેમ? તેનું સત્ય બહાર આવે તેવી શકયતા છે.

# જુનાગઢમાં મધરાતે બાઈક ડિવાઈડર સાથે અથડાતા ચાલકનું મોત



જુનાગઢ, તા. ૨૧

જુનાગઢ સી ડીવીઝન હદના મધુરમ વિસ્તારમાં ગત રાત્રીના વધુ એક અકસ્માતની ઘટનામાં યુવાનનું ઘટના સ્થળે જ મોત નોંધાયુ હતું. લોહીના ખાબોચીયા રોડ પર ભરાતા કોથળા લોહીના ખાબોચીયામાં નાખ્યા હોવાનું જોવા મળવા પામ્યું હતું.

આ અંગે મળતી વિગત મુજબ મધુરમ અશોકનગરમાં રહેતા કરણભાઇ લખમણભાઇ ભુતિયા પોતાના વાહનમાં ગત રાત્રીના મધુરમ સાંઇબાબા મંદિર પાસેથી પસાર થઇ રહ્યો હતો ત્યારે પોતાના મોટર સાયકલની ભારે સ્પીડમાં રોડ પરના ડિવાઇડર સાથે ભટકાઇ જતા માથામાં શરીરે ગંભીર ઇજા થતા લોહીના ખાબોચીયા રોડ પર ભરાઇ જવા પામ્યા હતા. ત્યાંથી પસાર થતા રાહદારીઓ વાહન ચાલકોએ ખાનગી વાહનમાં હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યો હતો. સી ડીવીઝન પોલીસમાં સવારે ફોન કરતા પીએસઓએ હજુ કોઇ ફરીયાદ અહીં નોંધાઇ નથી તેમ જણાવ્યું હતું. બનાવ રાત્રીના ૮.૪૫ની આજુબાજુ બનવા પામ્યાનું જાણવા મળેલ છે.

## ડ્રગ્ઝ માફીયાઓ બાદ હવે આતંકી સંગઠનોનાં ટાર્ગેટ પર ગુજરાત

# ચારેય આતંકવાદી ગુજરાતમાં આત્મઘાતી હુમલા કરવાના હતાઃ ચોંકાવનારો ખુલાસો



### અમદાવાદ એરપોર્ટ પરથી પકડાયેલા ચાર પૈકીનો એક ત્રાસવાદી પાકિસ્તાન જઈને હેન્ડલરને મળવાનો હતોઃ અબુ બકરે જ ગુજરાત તેડાવ્યા હતાઃ લોકલ સંપર્કોની તપાસ

અમદાવાદ તા.૨૧

અમદાવાદ-એરપોર્ટ પરથી ચાર આતંકવાદી ઝડપાતા ખળભળાટ સર્જાયો જ છે ત્યારે તેઓનાં નિશાને હિન્દુ તથા યહુદી નેતાઓ હોવાનો ખુલાસો થયો છે. ૧૪ દિવસનાં રીમાંડ પર સોંપાયેલા ચારેય ત્રાસવાદીઓની પૂછપરછમાં વધુ કેટલાંક ચોંકાવનારા ધડાકા થવાનું માનવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં કેટલાંક વખતથી કરોડો અબજો રૂપિયાનું ડ્રગ્સ પકડાવાનો સિલસિલો હતો.ડ્રગ્સ માફીયાઓ પછી ત્રાસવાદી સંગઠનોનું ટારગેટ ગુજરાત હોવાની છાપ ઉપસતા સરકાર તથા સુરક્ષા એજન્સીઓ પણ ખળભળી છે.

ગુપ્તચર બાતમીના આધારે શ્રીલંકાથી વાયા ચેન્નાઈ થઈને વિમાન માર્ગે અમદાવાદ આવેલા ચારેય ત્રાસવાદીઓની ઓળખ મોહમ્મદ નુસરત, મોહમ્મદ નફરામ, મોહમ્મદ ફરીસ તથા મોહમ્મદ રસધીન તરીકે થઈ છે. ચારેય શ્રીલંકાનાં નાગરીકો હોવાનું અને ખતરનાક ત્રાસવાદી સંગઠન આઈએસઆઈ ઈસ્લામીક સ્ટેટનાં સંપર્કમાં હોવાનો ધડાકો થયો છે.

પોલીસના સુત્રોએ કહ્યું કે ચારેય ત્રાસવાદી પાકિસ્તાન સ્થિત આઈએસઆઈના ઓપરેટીવ અબુના સંપર્કમાં હતા. ગુજરાતમાં આત્મઘાતી હુમલા કરવાનો ટારગેટ આપવામાં આવ્યો હતો. યહુદીઓના કેટલાંક મહત્વનાં સ્થળોને નિશાન બનાવવાનું તથા ભાજપ-સંઘ સાથે સંકળાયેલા હિન્દુ નેતાઓ અને યહુદીઓની હત્યા કરવાનું પણ કામ સોંપવામાં આવ્યું હતું.

ષડયંત્રને અંજાબ આપે તે પૂર્વે ચારમાંથી એક ત્રાસવાદી પાકિસ્તાનમાં અબુને મળવા પણ જવાનો હતો. તેની પાસેથી પાકિસ્તાની વિઝા મળી આવ્યા હતા. ત્રાસવાદીઓ ગુજરાત કે ભારતમાં લોકલ સંપર્ક પણ ધરાવતા હોવાની સુરક્ષા એજન્સીઓને શંકા છે.

ગુજરાત એટીએસના ડીવાયએસપી હર્ષ ઉપાધ્યાયને ૧૫ દિવસ પહેલા એક માહિતી મળી હતી કે ચાર આતંકીઓ ગુજરાતમાં પ્રવશે કરવાના છે. જેના પગલે છેલ્લા પંદર દિવસથી એરપોર્ટ અને રેલવે સ્ટેશન પાર વોચ રાખવામાં આવી હતી. આ ચાર આતંકીઓ ની ઓળખ કરવા માટે ગુજરાત એટીએસએ હજારોની સંખ્ય માં હવાઈ અને ત્રણમાં મુસાફરી કરતા મુસાફરોની યાદી તૈયાર કરી હતી. જેમાં શંકાના દાયરામાં ઈન્ડિગો ફ્લાઈટના ચાર મુસાફરો આવ્યા હતા. જેના નામ હતા નુસરથ ગની, નફરાન નૈફેર, ફારીસ ફારૂક અને રસદીન રહીમ હતા. ગુજરાત એટીએસે ૧૯મીને રાત્રે ૮ વાગે અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઈટ આવે એ પહેલા જ કોર્ડન કરીને નુસરથ ગની, નફરાન નૈફેર, ફારીસ ફારૂક અને રસદીન રહીમને પકડી પડ્યા હતા.

આ ચાર આતંકીઓ અંગ્રેજી કે હિન્દી ભાષા ના જાણતા હતા અને માત્ર તામિલ ભાષા જ જાણતા હોવાથી અમદાવાદના દુભાષિયા મારફતે પૂછપરછ કરી હતી. જેમાં ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો. આ ચારેય આતંકી ISISના આતંકીઓ છે જે ગુજરાત અને ભારતમાં યહૂદી, ખ્રિસ્તી , RSS અને BJPના લોકો પર હુમલો કે આત્મઘાતી હુમલો કરવાના હતા. જેના માટેની તમામ તૈયારીઓ આ આતંકીઓ કરી નાખી હતી.

આતંકીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે હેન્ડલર અબુ બકર બગદાદીના ગત ફેબ્રુઆરી માસમાં સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં આવ્યા હતા અને આતંકી સંગઠનમાં જોડયા હતા.હેન્ડલર અબુ બકર બગદાદી મૂળ શ્રીલંકાનો છે અને હાલ પાકિસ્તાનમાં વસવાટ કરે છે.

હેન્ડલર અબુ બકર બગદાદીએ ગુજરાત આવવા માટે કહ્યું હતું અને અબુ બેકાર બગદાદીએ શ્રીલંકાના ચલણમાં ૪ લાખ રૂપિયા પણ આપ્યા હતા ત્યારે વધુ પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે આ ચાર આતંકીઓ હુમલો કરવા માટેથી હથિયાર પણ ગાંધીનગરના ચિલોડા ખાતેથી નર્મદા કેનાલ પાસે અવાવરૂ જગ્યા પર ત્રણ પિસ્તોલ અને ૨૦ કારતુસ પહેલેથી જ છુપાવીને રખયા હતા, જે લેવા જવાના હતા અને ત્યારબાદ હુમલો કરવાના હતા, પરંતુ તે પહેલા જ ગુજરાત એટીએસએ પકડી પાડયા હતા.

# પૂર્વ પીએમ સ્વ. રાજીવ ગાંધીની ૩૩મી પુણ્યતિથીએ કોંગ્રેસ દ્વારા શ્રદ્ધાંજલી



### કોંગ્રેસના વરિષ્ઠ નેતા ખડગે, સોનિયા ગાંધી ઉપરાંત પીએમ મોદીએ પણ સ્વ. રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલી આપી

નવી દિલ્હી, તા. ૨૧

પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની આજે ૩૩મી પુણ્યતિથિ છે. આ પ્રસંગે દિલ્હીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ રાજીવ ગાંધીના સ્મારક સ્થળ 'વીર ભૂમિ'ની મુલાકાત લીધી હતી અને શ્રદ્ધાંજલિ આપી હતી. આજે સવારે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, પૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદમ્બરમ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટ સહિત ઘણા નેતાઓએ રાજીવ ગાંધીના સ્મારક સ્થળની મુલાકાત લીધી હતી અને શ્રદ્ધાંજલિ આપી હતી.

પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની યાદમાં સમાધિ સ્થળ વીર ભૂમિ ખાતે પ્રાર્થના સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપતા કોંગ્રેસે તેના ડ હેન્ડલ પર લખ્યું, શાંતિ, સંવાદિતા અને પ્રગતિના પ્રણેતા રાજીવ ગાંધીને સલામ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજીવ ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી લખ્યું હતું. આપણા પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીજીને તેમની પુણ્યતિથિ પર મારી શ્રદ્ધાંજલિ.

ઉલ્લેખનીય છે કે રાજીવ ગાંધી ૧૯૮૪ થી ૧૯૮૯ દરમિયાન દેશના વડાપ્રધાન હતા. ૧૯૯૧ માં, તમિલનાડુના પેરૂમ્બુદુરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમ (LTTE)ના સભ્યો દ્વારા તેમની હત્યા કરવામાં આવી હતી.

# ઉતરથી દક્ષિણ ભારત સુધી હીટવેવ-લૂનુ એલર્ટ

### શુક્રવાર સુધી ભીષણ ગરમીમાં રાહત નહીં મળેઃ વિજળી ત્રાટકવાની-આંધી ફુંકાવાની ચેતવણી

નવી દિલ્હી તા.૨૧

ગુજરાત સહીત દેશનાં મોટાભાગનાં ક્ષેત્રો ભીષણ હીટવેવમાં સપડાયા છે. ત્યારે આ દોર હજુ ચાલુ જ રહેવાની ચેતવણી આપવા સાથે હવામાન વિભાગે અનેક રાજયો માટે રેડ એલર્ટ જારી કર્યું છે. પાટનગર દિલ્હીમાં પણ કેટલાંક વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૭ ડીગ્રીને પાર થઈ ગયો હતો.



હવામાન વિભાગનાં રીપોર્ટમાં એમ કહેવાયું ચે કે દિલ્હી-એનસીઆર ઉપરાંત પંજાબ તથા રાજસ્થાનનાં અમુક ભાગોમાં ભીષણ હીટવેવની હાલત યથાવત રહેશે. દ.ભારતમાં કેરળ સૌથી ગરમાગરમ રહેશે. દિલ્હીમાં પણ કેટલાંક ભાગોમાં પારો ૪૭ ડીગ્રીને પાર થઈ ગયો હતો અને હજુ યથાવત રહેવાની સંભાવના છે.કેટલાંક ક્ષેત્રોમાં આંશીક વાદળો સર્જાશે. શુક્રવાર સુધી આ પરિસ્થિતિ બની રહેશે. અને શનિવારથી આંશીક રાહત મળવાની સંભાવના છે.

હવામાન વિભાગે ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહારમાં લુનો પ્રકોપ રહેવાની ચેતવણી આપીને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે.અમુક ભાગો માટે યલો એલર્ટ આપવામાં આવેલ છે.

દક્ષિણનાં કેરળ જેવા રાજયોમાં આકરી ગરમીની સાથોસાથ દ.કર્ણાટક, તામીલનાડુમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. પૂર્વોતરનાં કેટલાંક રાજયો ઉપરાંત મધ્યપ્રદેશ, છતીસગઢ, આંધ્રપ્રદેશ, ઝારખંડ, બંગાળ, તથા કર્ણાટકમાં વિજળી ત્રાટકવાની તથા આંધી ફુંકાવાની પણ ચેતવણી આપવામાં આવી છે.અમુક રાજયોમાં ખાસ કરીને સમુદ્ર કાંઠાના ભાગોમાં ભેજયુકત ગરમીથી લોકો તોબા પોકારી ઉઠશે. પાટનગર દિલ્હીમાં ભીષણ ગરમીને ધ્યાને રાખીને સ્કુલો બંધ રાખવાનો આદેશ કરાયો છે.

# હાપા યાર્ડમાં જીરૂમાં તેજીઃ ભાવ રૂા.૬૫૭૫

### ત્રણ માસ બાદ સારા ભાવ મળ્યાઃ સુકી ડુંગળીના રૂા.૪૦ થી ૪૦૦

જામનગર,તા.૨૧

જામનગરના હાપા માર્કેટીંગ યાર્ડમાં ૧૨૨૪ ખેડુતો ૪૫,૦૨૪ મણની ૨૨ જણસીઓ હરરાજીમાં લાવ્યા હતાં. જેમાં ઘઉં, ચણા, એરંડા, જીરૂ, અજમાની સૌથી વધુ આવક થઈ છે. તો છેલ્લા ૩ મહિના પછી જીરાના ભાવમાં તેજી જોવા મળી છે અને જીરાના મણના ૬૫૭૫ રૂપિયા સુધીના ભાવ બોલાયા હતાં.



હાપા યાર્ડમાં ગઈકાલે હરરાજીમાં જુવાર ૩૫, બાજરી ૩૨૮, ઘઉં ૩૨૯૩, મગ ૨૫૦૩, અળદ ૩૩, તુવેર ૧૮૦, ચોળી ૨૩૧, વાલ ૩, મેથી ૧૨૧૮, ચણા ૨૩૮૩, જીણી મગફળી ૧૮૯૪, એરંડા ૪૧૬૫, તલી ૧૫૮૮, રાયડો ૧૫૪૮, લસણ ૫૯૪, કપાસ ૩૯૦૩, જીરૂ ૯૭૬૫, અજમો ૩૩૩૯, અજમાની ભુસી ૨૨૨૫, ધાણા ૩૨૩૬, સુકી ડુંગળી ૨૫૬૩, સોયાબીન ૩ મણની આવક થઈ હતી.

જેમાં જુવારના ૭૦૦થી ૭૮૦, બાજરીના ૩૫૦થી ૪૮૫, ઘઉંના ૩૯૦થી ૫૨૦, મગના ૮૦૦થી ૧૯૯૦, અળદના ૭૯૦થી ૧૮૮૫, તુવેરના ૧૧૦૦થી ૨૩૫૦, ચોળીના ૨૪૦૦થી ૩૪૩૫, વાલના ૧૨૦૦થી ૧૬૦૦, મેથીના ૧૧૦થી ૧૩૯૫, ચણાના ૧૧૯૦થી ૧૩૦૫, જીણી મગફળીના ૯૦૦થી ૧૧૫૫, જાડી મગફળીના ૯૫૦થી ૧૧૬૫, એરંડાના ૧૦૦૦થી ૧૦૮૮, તલીના ૧૭૦૦થી ૨૯૭૦, રાયડાના ૯૦૦થી ૧૦૩૯, રાયના ૧૦૦૦થી ૧૩૫૫, લસણના ૧૦૫૦થી ૩૭૦૦, કપાસના ૭૦૦થી ૧૫૨૫, અજમાના ૨૨૬૦થી ૩૫૩૦, અજમાની ભુસીના ૫૦થી ૨૮૦૦, ધાણાના ૧૦૦૦થી ૧૫૨૫, સોયાબીનના ૭૦૦થી ૮૨૦ સુધીના ભાવે સોદા થયા હતાં.

સુકી ડુંગળીના ૪૦થી ૪૦૦ રૂપિયા સુધીના ભાવે ૨૦ કીલોના ભાવે સોદા થયા હતાં. જીરાના ભાવમાં ૩ માસ પછી ૬ હજાર રૂપિયા પાર થયો છે. ગત તારીખ ૨૨ ફેબ્રુઆરીના રોજ જીરાના ૨૦ કીલોના ૬૨૦૦ સુધીના ભાવે સોદા થયા હતાં. ત્યારે ગઈકાલે જીરાના ભાવમાં ઉછાળો આવ્યો છે અને ૪૮૬૫થી લઈને ૯૫૭૫ રૂપિયા સુધીના ભાવે સોદા થયા હતાં.

# ગોંધી રાખી માર મારવાના ગુનામાં આરોપીના જામીદ રદ

રાજકોટ તા.૨૧

ગેરકાયદેસર રીતે ગોંધી રાખી માર મારવાના ગુનામાં આરોપીની ચાર્જસીટ પછીની જામીન અરજી કોર્ટે રદ કરી છે.

કેસની વિગત મુજબ ગત તા.૨૨/૧/૨૦૨૪ના રોજ જસદણમાં આવેલ ડો. રામાણીની હોસ્પિટલના કર્મચારી દિપેનભાઈ ઉર્ફે લાલાભાઈ વિનોદભાઈ ઠુમ્મરને આરોપીઓએ ગેરકાયદેસર રીતે ફોર વ્હીલ ગાડીમાં લઈ જઈ તેને ગોંધી રાખી માર મારવાના ગુન્હામાં લઈ જઈ તેને ગોંધી રાખી માર મારવાના ગુનામાં પોલીસે આરોપી નિલરાજ શાંતુભાઈ ખાચર (રહે. ગીતાનગર, ખાનપર રોડ, જસદણ)ની અટકાયત કરી જેલમાં મોકલી આપેલ અને ગુનાને લગતો પુરતો પુરાવો મળી આવતા કોર્ટમાં ચાર્જસીટ દાખલ કરી હતી. ચાર્જસીટ થયા બાદ આરોપીએ જામીન ઉપર છુટવા માટે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ છે. આરોપી દ્વારા ખોટો ભયનો માહોલ ઉભો કરી હોસ્પિટલના કર્મચારીને ગેરકાયદેસર રીતે લઈ જઈ ગોંધી રાખી માર મારવામાં આવેલ છે. જો આવા ગુનામાં આરોપીને જામીન આપવામાં આવે તો આરોપીને કાયદાનો કોઈ ડર રહેશે નહિ. તેથી આરોપીની જામીન અરજી રદ કરવા રજૂઆત કરેલ. તેને ધ્યાને લઈ સેશન્સ જજ વી.કે. ભટ્ટે આરોપીની જામીન અરજી રદ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા જોડાયેલ હતા.

# કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓ પર 'ડીપોર્ટ'ની તલવાર : રસ્તા પર ઉતર્યા

ટોરેન્ટો : કેનેડામાં ભારતીય સ્ટુડન્ટ્સ માટે ફરીથી નવી સમસ્યા પેદા થઈ છે. કેનેડાએ ઈમિગ્રેશનના નિયમો કડક બનાવ્યા છે અને કેટલાક સ્ટુડન્ટ પર ડિપોર્ટેશનનો પણ ખતરો ઝળુંબે છે. તેના કારણે ભારતીય વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે અને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. કેનેડાના પીઈઆઈ એટલે કે પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ પ્રોવિન્સમાં ભારતીય વિદ્યાર્થીઓ ઘણા ટેન્શનમાં છે અને તેમને પોતાના ભવિષ્યની ચિંતા સતાવે છે.





પ્રોવિન્શિયલ નોમિની પ્રોગ્રામ કેનેડામાં વસતા વિદેશી સ્ટુડન્ટ માટે બહુ મહત્ત્વનો છે અને એક લાઈફલાઈન સમાન ગણાય છે. તેની મદદથી વિદ્યાર્થીઓ કેનેડાના પીઆર મેળવતા હોય છે. ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓ ઓન્ટારિયો અથવા બ્રિટિશ કોલંબિયા જેવા પ્રોવિન્સમાં એડમિશન લેતા હોય છે. જોકે, આ પ્રોવિન્સમાં અત્યારે પીઆર માટે ભારે હરીફાઈ હોવાના કારણે ઘણા સ્ટુડન્ટ પીઈઆઈ જેવા ઓછી ગીચતા ધરાવતા પ્રોવિન્સમાં પણ ટ્રાન્સફર થાય છે.

આ પ્રોવિન્સ એવા છે જ્યાં વસતી વધી નથી રહી અને લોકોની ઉંમર વધારે છે. તેથી તેઓ ટેમ્પરરી રેસિડન્ટ મેળવવા માટે પીએનપી પર આધાર રાખે છે. આ રીતે લેબર શોર્ટેજ દૂર થાય છે અને વસતીનો ગ્રોથ પણ જળવાઈ રહે છે. હવે કેનેડા તેની પોલિસીમાં ફેરફાર કરવા જઈ રહ્યું છે અને તેના કારણે ભારતીય સ્ટુડન્ટની ઉંઘ ઉડી ગઈ છે. કેનેડામાં તાજેતરમાં ઈમિગ્રેશનમાં બહુ મોટો વધારો થયો છે અને તેનો વસતી વધારાનો દર પણ ઘણો વધી ગયો છે. તેથી પ્રોવિન્શિયલ નોમિની પ્રોગ્રામ સપોર્ટ કરી શકે તેના કરતા પણ વધારે સ્ટુડન્ટ પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડમાં આવી રહ્યા છે. તેથી પ્રોવિન્શિયલ ગવર્નમેન્ટે એસેન્શિયલ સેક્ટરમાં કામ કરતા લોકોને PRમાં પ્રાથમિકતા આપવાનું નક્કી કર્યું છે. તેથી હેલ્થકેર, ચાઈલ્ડહૂડ એજ્યુકેશન, કન્સ્ટ્રક્શન વગેરે સેક્ટરમાં કામ કરતા લોકોને પ્રાયોરિટી આપવામાં આવશે. પરંતુ જે લોકો ફૂડ અથવા રિટેલ ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે તેવા સ્ટુડન્ટ માટે મુશ્કેલી પેદા થવાની છે. તેથી તેઓ વિરોધ કરી રહ્યા છે અને કેનેડાની નવી પોલિસી બદલવાની માંગ કરે છે.

## પોક્સોના કેસમાં આરોપીને બે દિ'માં ટ્રાયલ કોર્ટે ફાંસીની સજા ફટકારતા સુપ્રિમની ફટકાર

# સજા લોટરીની જેમ ન અપાય, કેન્દ્ર ગાઈડલાઈન તૈયાર કરેઃ સુપ્રીમ

### દોષીને સજા આપવામાં ઘણી વિષમતાઓ છે અને તે પૂરી રીતે જજ પર નિર્ભર છે, સજાના મામલામાં કેન્દ્ર સરકાર એક સમગ્ર નીતિ તૈયાર કરેઃ સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી, તા.૨૧

સુપ્રિમ કોર્ટે પોક્સોના એક કેસમાં મહત્વની ટિપ્પણી કરતા કહ્યું હતું કે આરોપીને દોષી જાહેર કર્યા બાદ સજા લોટરીની જેમ ન હોવું જોઇએ.... તેને લઇને કેન્દ્રે ગાઇડ લાઇન તૈયાર કરવી જોઇએ. સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે દોષીને સજા દેવાના મામલામાં હાલ વ્યાપક વિષમતાઓ છે અને તે પૂરી રીતે જજ પર નિર્ભર છે.

સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને ભલામણ કરી છે કે તે સજા આપવાના મામલામાં એક સમગ્ર નીતિ તૈયાર કરે. તેના માટે ૬ મહિનામાં રિપોર્ટ રજુ થાય. તેમાં તમામ હિતધારક અને એક્સપર્ટ્સને રાખવામાં આવે. અમારું સૂચન છે કે તેમાં કાયદા સાથે જોડાયેલા લોકો મનોવૈજ્ઞાનિક, સમાજશાસ્ત્રી એક્ઝિક્યુટિવ અને ધારાસભ્યો પણ હોય.

જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને જસ્ટિસ એચ.વી.એન. ભાટીની બેન્ચે જણાવ્યું હતું કે હાલના સમયમાં આરોપીને દોષી જાહેર કરાયા બાદ સજાનો મામલો જજના અંગત મત પર નિર્ભર છે. સજાને લઇને કોઇ સમગ્ર નીતિ નથી. એટલે કેસોમાં અનેકવાર અસમાનતાઓ જોવા મળે છે. દોષિ જાહેર કરાયા બાદ સજાનો મામલો બેહદ મહત્વનો છે.

અહીં આરોપીને સજા આપવાના અધિકારનો સવાલ હતો જેના પર સુનાવણી સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે દુર્ભાગ્ય છે, હજુ સજાને લઇને કોઇ સ્પષ્ટ નીતિ નથી.

**સજામાં વિષમતાઓ નિષ્પક્ષ ટ્રાયલના સિધ્ધાંતની વિરુધ્ધ**

કોર્ટે જણાવ્યું હતું કે જજ ક્યારેય સીમાની બહાર ન હોવો જોઇએ. સરકારે સજાના મામલે એક યોગ્ય ગાઇડ લાઇન્સ તૈયાર કરે, જેથી કોઇપણ પ્રકારની વિષમતાઓને ખતમ કરી શકાય. સજા આપવી એ લોટરી જેવું ન હોવું જોઇએ.

અનુચ્છેદ-૧૪ અને ૨૧ અંતર્ગત આ મહત્વનો અધિકાર છે અને તે બધાને મળ્યો છે. જો સજામાં કોઇ વિષમતા થઇ તો તે સ્વતંત્ર અને નિષ્પક્ષ ટ્રાયલના સિદ્ધાંતની વિરુદ્ધ હશે.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે સજા પર ચર્ચા દરમિયાન સીઆરપીસીની ધારા-૩૬૦ અંતર્ગત કોર્ટની જવાબદારી છે કે તે તમામ તથ્યો પર વિચાર કરે. આ દરમિયાન આરોપીનો વ્યવહાર વગેરે પણ જોવામાં આવે છે. આ પરિસ્થિતિમાં એક વાત સ્પષ્ટ છે કે ટ્રાયલ કોર્ટ સીઆરપીની ધારા ૩૬૦નું પાલન કરે.

### કોર્ટની પહેલની કેટલી દૂરગામી અસર?

કોઇપણ આરોપીને જ્યારે દોષી જાહેર કરવામાં આવે છે ત્યારે અદાલત સજા પર દલીલો સાંભળે છે. આ દરમિયાન તે તથ્યોને જુએ છે. તેના આધારે ઓછામાં ઓછી અને વધુમાં વધુ સજા આપવામાં આવે છે. કોર્ટે જણાવ્યું હતું કે કેનેડા, ન્યુઝીલેન્ડ, ઇઝરાયેલ, બ્રિટનમાં સમગ્ર નીતિ તૈયાર છે. તેના માટે લો કમિશને પણ ૨૦૦૩માં રિપોર્ટ રજૂ કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે ભારતમાં સજા આપવાને લઇને એક સમગ્ર નીતિ તૈયાર કરવી જોઇએ. જો સજાને લઇને ગાઇડલાઇન્સ બને છે તો નિશ્ચિત રીતે તેનો ક્રિમીનલ જસ્ટિસ સિસ્ટમમાં ઘણો ફાયદો થશે, આ ફેસલાની દુરગામી અસર જોવા મળી શકે છે.

### પોક્સો એક્ટમાં કેસ દાખલ થયેલો

બિહારમાં પોક્સોનો એક કેસ નોંધાયો હતો. ટ્રાયલ કોર્ટે એક જ દિવસમાં સુનાવણી પૂરી કરી દીધી હતી. આરોપ હતો કે આરોપીને બચાવની તક નહોતી મળી અને બે દિવસ બાદ મામલામાં ફાંસીની સજા આપવામાં આવેલી. મામલો હાઇકોર્ટમાં આવ્યો હતો. હાઇકોર્ટે કહ્યું હતું કે સીઆરપીસીના અલગ અલગ જોગવાઇનું પાલન નથી થયું. ટ્રાયલ કોર્ટના (ફાંસીના) ફેસલાને ફગાવી દેવાયો અને ફરીથી ટ્રાયલનો આદેશ થયો. આ ફેસલાને સુપ્રિમમાં પડકારાયો હતો. સુપ્રિમે પણ અપીલ ફગાવી દીધી હતી અને નિર્દેશ આપ્યો હતો કે ટ્રાયલ કોર્ટ પોક્સો કાનૂન અંતર્ગત ટ્રાયલ ઝડપથી પૂરી કરે.

# ચૂંટણી પ્રચાર-રેલી-સભા માટે અત્યારે માત્ર 'મોદી સાહેબ'ની જ માંગઃ ભારે ડીમાન્ડ

### અત્યાર સુધીમાં ૧૬૫ રેલીઓ અને રોડ શો કર્યા

નવી દિલ્હીઃ ચૂંટાણીનો પ્રચાર ધમધોકાર ચાલી રહ્યો છે.પાંચ તબકકાની ચૂંટાણીઓ પુરી થઈ ગઈ છે હવે માત્ર બે તબકકાની ચૂંટાણીઓ બાકી રહી છે.

મહત્વની વાત એ છે કે અત્યારે પ્રચાર માટે માત્ર-ને-માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ હોટકેક સાબિત થયા છે.દરેક જગ્યાએ અને ખાસ કરીને ભા.જ.પ.ના ઉમેદવારો તથા સાક્ષી પક્ષો પાણ મોદી સાહેબનો જ આગ્રહ રાખે છે. મોદીએ અત્યાર સુધીમાં એકલા હાથે ૧૬૫ રેલીઓ અને રોડ શો કર્યા છે.



ચૂંટાણી પૂરી થાય તે પહેલા ૨૦૦ રેલીઓ અને રોડ-શો સુધીનો આંક આવી જશે તે નકકી છે. ભાજપના નેતાઓ પાણ મોદી તેના વિસ્તારમાં આવી પ્રચાર કરે અને સભા સંબોધન કરે તેમ માને છે.

બિહારમાં જેડીયુનાં તમામ ઉમેદવારો તેમનાં નેતા નીતિશકુમારને બદલે મોદી સાહેબ સભા સંબોધન કરે તેવો આગ્રહ રાખે છે. એક બેઠક પર જેડીયુના ઉમેદવારે નિતિશકુમારની સભા મોકુફ રાખી અને મોદી સાહેબ ત્યાં આવે તેવો આગ્રહ રાખ્યો!! અને આખરે મોદી સાહેબે આ ઉમેદવારનું માન રાખીને ત્યાં રેલીનું આયોજન કરવામાં આવ્યું જેમાં મોદી હાજર રહ્યા.

# મુંબઈમાં મતદાન કેન્દ્રનાં શૌચાલયમાં બુથ એજન્ટનું શબ મળી આવતા ચકચાર

### મૃતક ઉધ્ધવ ઠાકરેની શિવસેનાનો બુથ એજન્ટ

મુંબઈ તા.૨૧

મુંબઈમાં એક મતદાન કેન્દ્રનાં શૌચાલયમાંથી ઉધ્ધવ ઠાકરેની શિવસેનાનાં ૬૨ વર્ષિય પોલીંગ બુથ એજન્ટનું શબ મળી આવતા અફડાતફડી મચી ગઈ હતી. પોલીસે શબનો કબ્જો મેળવી પીએમ માટે મોકલી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત મુજબ મૂંબઈમાં ગઈકાલે મતદાન દરમ્યાન ઉધ્ધવ ઠાકરેવાળી શિવસેનાની ૬૨ વર્ષિય પોલીંગ બુથ એજન્ટ મનોહર નાલગે મુંબઈનાં વર્લી વિસ્તારમાં એક મતદાન કેન્દ્રનાં શૌચાલયમાં મૃત મળી આવ્યા હતા. મુંબઈ પોલીસે શબનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની તપાસ હાથ ધરી છે.

### ભયંકર ગરમીથી ત્રાહિમામ બનતા ચૂંટણીના ઉમેદવારોઃ ભવિષ્યમાં ચૂંટણી પંચ ગરમીનો ખાસ ખ્યાલ રાખશે

નવી દિલ્હી તા.૨૧

આ વખતની લોકસભાની ચૂંટણીમાં ઉનાળાની ગરમીથી ઉમેદવારો ત્રાહીમામ બન્યા છે. ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.આ જોતા હવે લગભગ નકકી થઈ ગયુ છે કે ચૂંટણીની તારીખો ભવિષ્યમાં નકકી કરવા ચૂંટણી પંચ ગરમીનો ખાસ ખ્યાલ રાખશે. તમામ રાજકીય પક્ષ ભીષણ ગરમી, ગરમ લું તથા સાત ચરણમાં લાંબી ચૂંટણીને લઈને સાર્વજનીક રીતે વાતો કરતા થયા છે. ચૂંટણી પંચની અંદર પણ ચૂંટણીના લાંબા કાર્યક્રમને લઈને ચિંતા છે. ઓછા વોટીંગનું પણ આ મુખ્ય કારણ છે. ગર્મી અને થનાનને કારણે પક્ષો થાકી ગયા છે.ચૂંટણી પછી ભવિષ્યમાં ચૂંટણી કાર્યક્રમ કેવો આપવો તે માટે ચર્ચા કરશે. ભવિષયમાં ભા.જ.પ. જો ફરી સતા પર આવશે તો 'વન નેશન, વન ઈલેકશન' પર પણ નિર્ણય લેવા માટે વિચાર કરશે.

## અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચુસ્ત સુરક્ષાઃ ૩૦૦ જવાનો તૈનાત

# સાંજે હૈદરાબાદ-કોલકતા વચ્ચે પ્રથમ કવોલીફાયર જંગઃ જે ટીમ જીતશે તે સીધી ફાઈનલમાં

### હૈદરાબાદનાં હેડ, અભિષેક શર્મા, નટરાજન તથા કોલકતાનાં નારાયણન, રસેલ, વરૂણ ચક્રવર્તી પર નજરઃ સોલ્ટની ખોટ પડશે






અમદાવાદ તા.૨૧

ક્રિકેટ જગતની સૌથી લોકપ્રિય એવી આઈપીએલ ટુર્નામેન્ટના લીગ મેચો ખત્મ થવા સામે હવે ચેમ્પીયનશીપ માટેની બરાબરીની દોડ શરૂ થઈ રહી છે.પોઈન્ટ ટેબલમાં પ્રથમ બે ક્રમે રહેલી કોલકતા નાઈટ રાઈડર્સ તથા સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે પ્રથમ કવોલીફાયર મુકાબલો થશે આજનો મેચ જીતનાર ટીમ સીધી ફાઈનલમાં પહોંચશે.જયારે પરાજીત થનાર ટીમને વધુ એક મેચ રમીને ફાઈનલમાં પહોંચવાની તક મળશે.અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં સુરક્ષાથી માંડીને તમામ તૈયારી કરવામાં આવી છે.

અમદાવાદમાં ખેલાનારા આજના મેચમાં સ્ફોટક બેટીંગથી ક્રિકેટ રસીયાઓમાં રોમાંચ જગાવનારા હૈદરાબાદનાં આક્રમક બેટરો હેડ, કલાસીન, અભિષેક શર્મા જેવા ખેલાડીઓ પર નજર રહેશે.જયારે કોલકતાની ટીમમાં સુનિલ નારાયણ, રસેલ, વરૂણ ચક્રવર્તી જેવા ખેલાડીઓ પર નજર રહેશે. ટીમનાં ઓપનર એવા સ્ફોટક બેટર સોલ્ટ રમવાનો નથી વર્લ્ડકપની ટીમમાં સામેલ થવા તે ઈંગ્લેન્ડ પરત ફર્યો છે. એટલે કોલકતાને તેની ખોટ પડી શકે છે.

અત્યાર સુધીમાં આઈપીએલનાં ઈતિહાસમાં બન્ને ટીમો વચ્ચે ૨૬ વખત ટકકર થઈ છે તેમાંથી કોલકતાએ ૧૭ માં તથા હૈદરાબાદે ૯ મેચમાં વિજય મેળવ્યો હતો.જોકે આ વખતની હૈદરાબાદની ટીમ આક્રમક ખેલાડીઓથી ભરેલી હોવાથી ખાસ નજર રહે તેમ છે.

### આઈપીએલ ઈતિહાસમાં કોલકતા હૈદરાબાદ સામે ૨૬ માંથી ૧૭ મેચ જીત્યુ છે





આઈપીએનાં કવોલીફાયર જંગને ધ્યાને રાખીને અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડીયમની અંદર તથા બહાર ખાસ સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.પાંચ ડીસીપી ૧૦ એસીપી સહીત ૩૦૦૦ સુરક્ષા જવાનો તૈનાત રહેશે. ઉપરાંત સ્ટેડીયમની અંદર સાદા વેશમાં ૮૦૦ ખાનગી સુરક્ષા જવાનો પણ રહેશે.

મેચનાં એક દિવસ પૂર્વે જ અમદાવાદ એરપોર્ટથી ચાર આતંકવાદી પકડાયા હોવાના કારણોસર સુરક્ષાનો વિશેષ પ્રબંધ કરવામાં આવ્યો છે. આ ચારેય શ્રીલંકન ત્રાસવાદી ગુજરાતમાં આત્મઘાતી હુમલો કરવા આવ્યાનો ખુલાસો થયો જ છે.

## ટી-૨૦ વિશ્વકપમાં ઓસ્ટ્રેલિયાનો વિસ્ફોટક બેટર અને IPLમાં શાનદાર

### પ્રદર્શન કરનાર જેક ફ્રેઝરને ઓસિ. ટીમમાં રિઝર્વ ખેલાડી તરીકે રાખશે!!

નવી દિલ્હી, તા.૨૧

આઇપીએલમાં પોતાની વિસ્ફોટક બેટિંગ બતાવનાર ઓસ્ટ્રેલિયન બોલર જેક ફ્રેઝર-મેકગર્ક અને મેથ્યુ શોર્ટ ટી-૨૦ વર્લ્ડ કપ માટે ઓસ્ટ્રેલિયાના રિઝર્વ આઇપીએલમાં દિલ્હી કેપિટલ્સ માટે શાનદાર પ્રદર્શન કર્યું છે. મેકગર્ક, જેણે હજી સુધી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાનું ડેબ્યુ કર્યું નથી, તેને ટી-૨૦ વર્લ્ડકપ માટે ઓસ્ટ્રેલિયાની ટીમમાં સ્થાન મળ્યું નથી, કારણ કે ટીમ પાસે પહેલાથી જ ડેવિડ વોર્નર, ટ્રેવિસ હેડ અને કેપ્ટન-મિશેલ માર્શ જેવા ટોચના ત્રણ સ્થાનો માટે છે.

બેટિંગ ઓલરાઉન્ડર શોર્ટ ઓસ્ટ્રેલિયા માટે છેલ્લી ૧૪ ટી-૨૦ મેચોમાંથી નવ રમી ચૂક્યા છે. આમાંથી પાંચમાં તેણે ઇનિંગ્સની શરૂઆત કરી હતી અને છેલ્લી બે સિઝનમાં તે ઓસ્ટ્રેલિયાની વૈશલીગ પર રમી ચૂક્યો છે.

ઓસ્ટ્રેલિયાની ટીમ ગુરૂવારે વેસ્ટ ઇન્ડિઝ જવા રવાના થશે. તેમને ત્રિનિદાદમાં ૨૮ અને ૩૦ મેના રોજ નામિબિયા અને વેસ્ટ ઇન્ડિઝ સામે બે પ્રેક્ટિસ મેચ રમવાની છે. ઓસ્ટ્રેલિયા તેની પ્રથમ મેચ ૫ જૂને વારવાડોસમાં ઓમાન સામે રમવાનું છે.

### સેમીને આશા છે

**એન્ટીગુઆ:** ટી-૨૦ વર્લ્ડ કપના ઇતિહાસમાં આજ સુધી કોઇ યજમાન ટાઇટલ જીતી શક્યું નથી, પરંતુ વેસ્ટ ઇન્ડિઝને બે વખત ટી-૨૦ ચેમ્પિયન બનાવનાર ડેરેન સેમી આ વખતે આ માન્યતાને તોડવાની આશા રાખે છે. સેમીએ કહ્યું, 'અમે જાણીએ છીએ કે વિજેતા ટીમ કેવી રીતે પસંદ કરવી. અમે આ પહેલા પણ કર્યું છે અને આ વખતે પણ અમે ખૂબ જ ઉત્સાહિત છીએ. અમે ઓસ્ટ્રેલિયામાં જ ગત વર્લ્ડકપથી તૈયારીઓ શરુ કરી દીધી હતી.'

## વારાણસીમાં ગંગા ઘાટે જાહનવીનું સૌંદર્ય સાડીમાં સોળે કળાએ ખીલી ઉઠયું!



### રાજકુમાર રાવ સાથે ગંગા આરતી કરીઃ આગામી ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસીસ માહી'ના પ્રમોશન માટે એક્ટ્રેસ વારાણસીમાં

મુંબઇ, તા.૨૧

બોલીવૂડ સ્ટાર શ્રીદેવીની પુત્રી જાહનવી કપૂર હાલમાં તેની આગામી ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસીસ માહી'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. સોમવારે એક્ટ્રેસે ફિલ્મના હીરો રાજકુમાર રાવ સાથે વારાણસીની યાત્રા કરી હતી જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં જાહનવી નીલી સાડીમાં દશાશ્વમેઘ ઘાટ પર ગંગા આરતી કરતી જોવા મળે છે.

જાહનવી કપૂરના જર્સી બ્લાઉઝથી લઇને તેના ગોળાકાર સીક્વિનવાળા પર્સ સુધી, તેના આઉટફીટ તેની આવનારી ફિલ્મની થીમને પૂરી રીતે દર્શાવે છે.

ધાર્મિક યાત્રા માટે જાહનવીનો લૂક પૂરી રીતે શાલીનતાથી ભરપૂર છે. કારણ કે તે એક સુંદર લાગી રહી છે. નીલા રંગની તેની સાડી ભારતની સમૃદ્ધ કલા અને સંસ્કૃતિને દેખાડે છે. તેની સાડી પર લાગેલી ગોલ્ડન બોર્ડર તેની સુંદરતાને દેખાડે છે. જાહનવીને સાડી ખૂબ જ પસંદ છે અને તેને હંમેશા પોતાની ધાર્મિક યાત્રા દરમિયાન આ સુંદર સાડીઓમાં જોવા મળે છે. પછી તે સિદ્ધિ વિનાયકની યાત્રા હોય કે તિરુપતિની. એક્ટ્રેસ સારી રીતે જાણે છે કે પારંપરિક સાડીને સ્ટાઇલ અને ગ્રેસથી કેવી રીતે પહેરાય. જાહનવીની ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસીસ માહી' ૩૧મીએ રીલીઝ થશે.

## લીગ સ્ટેજના ટોપ-૩



**રન મશીન**

**૧, વિરાટ કોહલી (રોયલ ચેલેન્જર્સ-બેંગ્લુરૂ)**
મેચ-૧૪, રન-૭૦૮, શ્રેષ્ઠ: ૧૧૩★
**એવરેજ:** ૬૪.૩૬, સદી-૧, અર્ધ સદી-૫

**૨, ઋતુરાજ ગાયકવાડ (ચેન્નાઈ સુપર કિંગ્સ)**
મેચ-૧૪, રન-૫૮૩, શ્રેષ્ઠ: ૧૦૮
**એવરેજ:** ૫૩.૦૦, સદી-૧, અર્ધ સદી-૪

**૩, ટ્રેવિસ હેડ (સનલાઇઝ હૈદરાબાદ)**
મેચ-૧૨, રન-૫૩૩, શ્રેષ્ઠ: ૧૦૨
**એવરેજ:** ૪૮.૪૫, સદી-૧, અર્ધ સદી-૪




**ચોગ્ગાની લ્હાણી**

**૧, ટ્રેવિસ હેડ (સનલાઇઝર્સ હૈદરાબાદ)**
મેચ ૧૨, ચોગ્ગા-૬૧, ઇનિંગ્સમાં સર્વાધિક ચોગ્ગા-૧૧

**૨, વિરાટ કોહલી (રોયલ ચેલેંજર્સ બેંગ્લુરુ)**
મેચ ૧૪, ચોગ્ગા-૫૯, ઇનિંગ્સમાં સર્વાધિક ચોગ્ગા-૧૨

**૩, ઋતુરાજ ગાયકવાડઃ- (ચેન્નાઈ સુપરકિંગ્સ)**
મેચ-૧૪, ચોગ્ગા-૫૮, ઇનિંગ્સમાં સર્વાધિક ચોગ્ગા-૧૨

**સિક્સર કિંગ**




**૧, અભિષેક શર્મા (સનરાઈજર્સ હૈદરાબાદ)** મેચ-૧૩, સિક્સ-૧૪, દાવમાં સર્વાધિક સિક્સ-૭

**૨, વિરાટ કોહલી (રોયલ ચેલેંન્જર્સ બેંગ્લુરુ)** મેચ-૧૪, સિક્સ-૩૭, દાવમાં સર્વાધિક સિક્સ-૬

**૩, નિકોલસ પુરન (લખનૌ સુપર જાયન્ટસ)** મેચ-૧૪, સિક્સ-૩૬, દાવમાં સર્વાધિક સિક્સ-૮

**વિકેટબાજ**



**૧, હર્ષલ પટેલ (પંજાબ કિંગ્સ)** મેચ-૧૪, વિકેટ-૨૪, એવરેજ-૧૯.૮૭) ઇકોનોમી ૯.૭૩, બેસ્ટ-૩/૧૫

**૨, જસપ્રીત બુમરાહ (મુંબઇ ઈન્ડિયન્સ)** મેચ-૧૩, વિકેટ-૨૦, એવરેજ-૧૬.૮૦) ઇકોનોમી ૬.૪૮, બેસ્ટ-૫/૨૧

**૩, અર્શદિપસિંહ (પંજાબ કિંગ્સ)** મેચ-૧૪, વિકેટ-૧૯, એવરેજ-૨૬.૫૭) ઇકોનોમી ૧૦.૦૩, બેસ્ટ-૪/૨૯

**હોટ માસ્ટર**



**૧, જસપ્રીત બુમરાહ (મુંબઇ ઈન્ડિયંસ)**
મેચ-૧૩, ઓવરઃ ૫૧.૫, ડોટ બોલ્સ-૧૪૯

**૨, ખલીલ અહમદ (દિલ્હી કેપીટલ્સ)**
મેચ-૧૪, ઓવરઃ ૫૦, ડોટ બોલ્સ-૧૩૦

**૩, મોહમ્મદ સિરાજ (રોયલ ચેલેંજર્સ બેંગ્લુરુ)**
મેચ-૧૩, ઓવરઃ ૫૦, ડોટ બોલ્સ-૧૨૨

**૧૫ દડામાં બે વખત ૫૦ રન કરનાર દિલ્હી કેપીટલ્સના ફ્રેજર-મૈકગર્કના નામે સિઝનની સૌથી ફાસ્ટ ફીફટી પણ તેના નામે છે.**

## શું આ તળાવો છે કે જાદુઈ પિટારા ? ક્યાંક પથ્થર લટકે છે તો ક્યાંક ગેસ ઉકળે છે

**આ પૃથ્વી ખરેખર અદ્‌ભુત સ્થળોથી ભરેલી છે. અહી ઘણા એવા સરોવરો છે, જેની સુંદરતા ફક્ત લોકોને જ આશ્ચર્યચકિત કરે છે, પરંતુ લોકો તેમની ખુબીઓ જોઈને દંગ રહી જાય છે. કેટલાક તળાવો તેમના રહસ્યોથી આકર્ષિત થાય છે. તેથી કેટલાક તળાવો તેમના આકાર, રંગ અથવા તેમના રહસ્યમય ઈતિહાસ માટે ખાસ હોય છે. એમેઝોન રેઈનફોરેસ્ટમાં, એક ગુલાબી તળાવ છે, જે સુક્ષ્મ સજીવોને કારણે તેનો અનન્ય રંગ ધરાવે છે. જ્યારે કેનેડામાં, એક તળાવ છે જે સંપૂર્ણપણે વાદળી અને કેરેબિયન સમુદ્રના વાદળી કરતાં પણ વધુ વાદળી છે. બર્મુડા ત્રિકોણની નજીક એક તળાવ છે જે તેની વિચિત્ર ચુંબકીય અસરો માટે પ્રખ્યાત છે.**



### ઉકળતા તળાવ ડોમિનિકા

નિર્જન ખીણમાં આવેલું આ તળાવ વિશ્વનું બીજું સૌથી ગરમ પાણીનું તળાવ છે. તેના અત્યંત ઊંચા તાપમાનને કારણે તે હંમેશા ગરમ રહે છે અને તળાવનું પાણી વરાળમાં લપેટાયેલું રહે છે જેના કારણે તે ઉકળતું દેખાય છે. વાસ્તવમાં તળાવના પાણીની નીચે સ્મોલ્ડિંગ લાવા છે. આવી સ્થિતિમાં આ તળાવના પાણીમાં તરવું મોતને આમંત્રણ આપવા જેવું છે.



### કરાચી તળાવ, રશિયા

આ તળાવ સોવિયેત યુગ દરમિયાન કરવામાં આવેલા પરમાણુ પરીક્ષણમાંથી કચરાના ડમ્પિંગનું પરિણામ છે. આ તળાવને પૃથ્વી પરનું સૌથી પ્રદૂષિત તળાવ માનવામાં આવે છે. જેનું કારણ આ તળાવના પાણીમાંથી નીકળતું કિરણોત્સર્ગ છે. આ તળાવનું તીવ્ર કિરણોત્સર્ગ એટલું ખતરનાક છે કે તળાવની પાસે થોડીવાર ઊભા રહેવું પણ તમારા માટે જીવલેણ બની શકે છે.



### જેલીફિશ તળાવ, પલાઉ

જેલીફિશ સમુદ્રમાં જોવા મળતું પ્રાણી છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ દુનિયાનું એકમાત્ર એવું સરોવર છે જ્યાં તમે એક જ જગ્યાએ લાખો જેલીફિશ એકસાથે જોઈ શકો છો. આ અનોખા જીવોની વચ્ચે સ્વિમિંગનો અનુભવ કરવા લાખો પ્રવાસીઓ અહીં આવે છે.



### પિચ લેક, ત્રિનિદાદ

આ કાળા રંગનું તળાવ કેરેબિયન દેશ ત્રિનિદાદ અને ટોબેગોમાં છે. તે વિશ્વની સૌથી મોટી કુદરતી ટાર અને ડામર (અલકાટા)નો ભંડાર છે. આ તળાવમાં એક કરોડ ટન બિટ્યુમેન હોવાનો અંદાજ છે. લગભગ ૧૦૦ એકરમાં ફેલાયેલું આ તળાવ ૨૫૦ ફૂટ ઊંડું છે.



### કેન્ડી તળાવ, કઝાકિસ્તાન

દુનિયાનું આ વિચિત્ર તળાવ કઝાકિસ્તાનમાં આવેલું છે, જે કેન્ડી લેક તરીકે ઓળખાય છે. આ તળાવની અંદર એક આખું જંગલ છે અને આ નજારો અહીં આવનારા લોકોને આશ્ચર્યચકિત કરી દે છે. જ્યારે તમે તળાવને જુઓ છો, તો એવું લાગે છે કે જાણે પાણીમાં વૃક્ષો ઉંધા હોય છે અને પાણીમાંથી નીકળતા થાંભલાઓ થાંભલા જેવા દેખાય છે. વૃક્ષોનો બાકીનો ભાગ અને નીચેની લીલી જમીન તેને પાણીની અંદરનું જંગલ બનાવે છે.



### સ્પોટેડ લેક, કેનેડા (સ્પોટેડ લેક કેનેડા)

શિયાળામાં આ સરોવર સામાન્ય સરોવરની જેમ દેખાય છે, પરંતુ ઉનાળામાં જ્યારે આ તળાવમાંથી પાણીનું બાષ્પીભવન થવા લાગે છે, ત્યારે વિવિધ રંગોના ખનિજથી ભરપૂર પદાર્થો તેમાંથી બહાર નીકળવા લાગે છે, જે ફોલ્લીઓ જેવા દેખાય છે. આ ફોલ્લીઓ તેને વિશાળ પોલ્કા ડોટ પેટર્ન જેવી બનાવે છે, તેથી જ તેને સ્પોટેડ લેક તરીકે ઓળખવામાં આવે છે. ઓકાનાગન રાષ્ટ્રના સ્થાનિક લોકો તળાવને પવિત્ર સ્થળ માને છે.



### અબ્રાહમ તળાવ, કેનેડા

આ તળાવની સૌથી ખાસ વાત છે કે શિયાળા દરમિયાન આ તળાવ સંપૂર્ણપણે થીજી જાય છે. પણ આ થીજી ગયેલા બરફમાં મિથેન પરપોટા ફસાયેલા છે.તળાવને સૌંદર્યમાં પરિવર્તિત કરે છે.



### ક્રિસ્ટલ્સ, કોલંબિયા

આ કોલંબિયાની કેનો ક્રિસ્ટલ્સ છે. વાસ્તવમાં, આ એક નદી છે, જેનું પાણી લાલ, લીલું, વાદળી અને નારંગી રંગનું દેખાય છે. વાસ્તવમાં, તેની પાછળનું કારણ મેકરીના ક્લેવેગ્રા પ્રજાતિનો છોડ છે, જેના કારણે અહીંનું પાણી સપ્ટેમ્બર અને નવેમ્બરની વચ્ચે મેઘધનુષ્ય રંગનું બની જાય છે.



### લગુના રાગાંડા, બોલિવિયા (લગુના રાગાંડા તળાવ બોલિવિયા)

આ તળાવ તેના વિશિષ્ટ લાલ રંગ માટે જાણીતું છે. તેનો લાલ રંગ તળાવમાં વિપુલ પ્રમાણમાં હાજર ખનિજો અને સરોવરમાં હાજર લાલ શેવાળને કારણે છે. જેના કારણે આ તળાવ અત્યંત ભયંકર સ્વરૂપમાં બદલાઈ ગયું છે. બીજી બાજુ, સરોવર ફ્લેમિંગોના મોટા ટોળાઓનું ઘર હોવાનું પણ જાણીતું છે જે એક પર્યાવરણને બીજા પર્યાવરણ સાથે જોડે છે.



### હોર્સશૂ લેક રહસ્યોથી ભરેલું

અમેરિકાના કેલિફોર્નિયામાં સ્થિત હોર્સશૂ લેક જ્વાળામુખીના ખાડાની અંદર સ્થિત છે. આ એક ખૂબ જ વિનાશક અને રહસ્યમય તળાવ છે. એવું માનવામાં આવે છે કે આ તળાવમાંથી કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જન થાય છે. વૈજ્ઞાનિકો દ્વારા તપાસ કરવા પર જાણવા મળ્યું કે અહીંની જમીનમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધુ છે, જેના કારણે ક્યારેક કાર્બન ડાયોક્સાઈડ ગેસ એટલો વધી જાય છે કે તે ઓક્સિજનને ઉત્પન્ન કરે છે, જેના કારણે આસપાસના વિસ્તારમાં પ્રાણીઓના મૃત્યુ થાય છે.

### સૌથી મોટા તળાવમાં પત્થરો હવામાં લટકતા જોવા મળે છે



શિયાળાની મોસમમાં, વિશ્વના આ સૌથી મોટા સરોવર પર, ઘણા પથ્થરો પાણીના ટીપાંની જેમ હવામાં લટકી જાય છે. આ પથ્થરોને દૂરથી જોતા એવું લાગે છે કે જાણે તે હવામાં લટકતા હોય છે. વાસ્તવમાં આ પત્થરો બરફની ખૂબ જ પાતળી અને નાજુક ટોચ પર રહે છે. અમે વાત કરી રહ્યા છીએ દુનિયાના સૌથી મોટા લેક લેક બૈકલની જે સાઇબિરીયામાં સ્થિત છે. સામાન્ય રીતે પથ્થરોનું વજન વધારે હોય છે. પથ્થર ભલે ગમે તેટલો નાનો હોય, તે પાણીમાં ડૂબી જાય છે, પરંતુ રશિયામાં શિયાળાની ઋતુમાં એક અલગ જ નજારો જોવા મળે છે. જ્યારે શિયાળાની ઋતુમાં બૈકલ તળાવમાં બરફ જામી જાય છે, ત્યારે તે વિવિધ આકારોમાં જોવા મળે છે.

### તાન્ઝાનિયાના નેટ્રોન તળાવને મોત કી ઝીલ કહેવામાં આવે છે



તાંઝાનિયાનું નેટ્રોન સરોવર તેના અત્યંત ઉચ્ચ આલ્કલાઇન સામગ્રી અને 60 'C (140 'F) તાપમાન માટે જાણીતું છે. આ સરોવરના અતિશય તાપમાન અને તેના ક્ષારયુક્ત પાણીને કારણે તેમાં કોઈ જીવંત પ્રાણી પ્રવેશી શકતું નથી. કારણ કે કોઈપણ પ્રાણી અથવા પ્રાણીનું શરીર ક્ષારયુક્ત પાણીમાં પ્રવેશતાની સાથે જ ભયંકર કેલ્સિફાઇડ મૂર્તિઓમાં ફેરવાઈ શકે છે. આ તળાવને મૃત્યુના તળાવ(મોત કી ઝીલ) તરીકે પણ ઓળખવામાં આવે છે કારણ કે તે કોઈપણ જીવંત પ્રાણીને મારી નાખે છે.





### આ તળાવ વિનાશક ઘટનાઓ માટે પ્રખ્યાત

ન્યોસ તળાવ, કેમરૂન ૧૯૮૬માં બનેલી આપત્તિજનક ઘટના માટે જાણીતું છે. એવું માનવામાં આવે છે કે ૧૯૮૬ પહેલા આ તળાવ સ્થાનિક લોકો માટે એક સામાન્ય તળાવ હતું. પરંતુ ૨૧ ઓગસ્ટના રોજ તળાવની નજીક રહેતા ખેડૂતોએ થોડી ગર્જના સાંભળી અને એક મોટું વાદળ જોયું જે ત્યાંના લોકો માટે મૃત્યુનું વાદળ બની ગયું. વાસ્તવમાં તે વાદળ નહોતું પરંતુ વાદળ જેવું દેખાતા તળાવમાંથી કાર્બન ડાયોક્સાઈડનો મોટો જથ્થો વાદળરૂપે બહાર આવતો હતો. જેના કારણે આસપાસના ગામોના ૧૭૦૦ થી વધુ લોકો અને હજારો પશુઓના શ્વાસ રૂંધાયા હતા. જ્વાળામુખીની ગતિવિધિઓને કારણે તે ખતરનાક તળાવમાં ફેરવાઈ ગયું.

## યામી-આદિત્યના ઘરે આવ્યો નાનકડો મહેમાન!

### યામીએ પુત્રનું નામ રાખ્યું વેદવિદ અર્થાત વેદોનો જાણકારઃ માતા-પિતા પર અભિનંદન વર્ષા



મુંબઇ, તા.૨૧

બોલીવૂડ કપલ યામી ગૌતમ અને આદિત્ય ધરના ઘેર નાનકડા મહેમાનનું આગમન થઇ ગયું છે.

૨૦મી મેએ યામી ગૌતમે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર જાહેરાત કરી હતી કે તેણે પુત્રને જન્મ આપ્યો છે. સાથે સાથે તેણે પુત્રરત્નનું નામ પણ જણાવ્યું હતું.-વેદવિદ્. જેનો મતલબ થાય છે વેદોનો જાણકાર.

આદિત્ય ધરે લખ્યું હતું - જેમ કે અમે માતા-પિતા બનવાની આ સુંદર યાત્રા પર નીકળી ગયા છીએ, અમે ઉત્સુકતાથી અમારા પુત્રના ઉજ્જવળ ભવિષ્યની કામના કરીએ છીએ. તેને મેળવીને અમે ધન્ય બન્યા છીએ. અમે આશા અને વિશ્વાસથી સભર બન્યા છીએ. અમારો પુત્ર અમારા પુરા પરિવારની સાથે અમારા પ્યારા દેશ માટે પણ ગૌરવનું પ્રતિક બનશે.

આયુષ્યમાન ખુરાના, મૃણાલ ઠાકુર, નેહા ધૂપિયા સહિત અનેક બોલિવૂડ હસ્તીઓએ કોમેન્ટ સેક્શનમાં યામી-આદિત્યને અભિનંદન પાઠવ્યા છે.

# સુર્યપ્રકોપ યથાવતઃ આઠ સ્થળે ૪૪ ડિગ્રીને પારઃ ભાવનગરમાં વધુ એક મોત

## રાજયનું સૌથી ગરમ શહેરઃ ગાંધીનગરમાં ૪૫ ડિગ્રી તાપમાન નોંધાયુંઃ અમદાવાદ, અમરેલી, વડોદરા, ભાવનગર, છોટા ઉદેપુર, દાહોદ, સુરેન્દ્રનગરમાં ૪૪ ડિગ્રી ઉપર અને રાજકોટ-ડીસામાં ૪૩ ડિગ્રી ઉપર પારો







રાજકોટ તા.૨૧

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હીટવેવની અસર હેઠળ ગઈકાલે પણ કાળઝાળ ગરમી નોંધાઈ હતી.અમુક સ્થળોએ તાપમાનમાં અમુક સ્થળોએ તાપમાનમાં આંશીક ઘટાડો થયો હતો. જોકે મોટાભાગનાં સ્થળોએ સુર્ય પ્રકોપ યથાવત રહેવા પામ્યો હતો. આકરો તાપ અને લુથી લોકો ત્રસ્ત બન્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે રાજ્યનું પાટનગર ગાંધીનગર સૌથી હોટ સીટી રહ્યું હતું. અત્રે ૪૫ ડીગ્રી સુધી તાપમાન પહોંચી ગયુ હતું.

રાજયમાં ગઈકાલે પણ આઠ સ્થળોએ ૪૪ ડીગ્રી ઉપર તાપમાન નોંધાયુ હતું.જયારે બે સ્થળોએ ૪૩ ડીગ્રી ઉપર તાપમાન નોંધાયું હતું.

અમદાવાદમાં ૪૪.૫, અમરેલીમાં ૪૪, વડોદરામાં ૪૪.૨, ભાવનગરમાં ૪૪.૨, છોટા ઉદેપુરમાં ૪૪.૧, દાહોદમાં ૪૪.૩, તથા સુરેન્દ્રનગરમાં ૪૪.૩ અને રાજકોટમાં ૪૩ તથા ડીસામાં ૪૩.૩ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું.

ગોહિલવાડ પંથકમાં પણ ગરમી નો પ્રકોપ દિવસે દિવસે વધી રહ્યો છે ત્યારે ગરમીને કારણે બેભાન થતાં વધુ એક યુવાનનું મોત નિપજ્યું હતું.

ભાવનગરમાં છેલ્લા બે દિવસથી ૪૪ પ્લસ ડિગ્રી તાપમાનથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. દરમિયાન ભાવનગરના અવાણીયા ગામમાં રહેતા મનસુખભાઈ છનાભાઈ મકવાણા ને ગરમીના કારણે બેભાન થતાં

સારવાર માટે ભાવનગરની સરકારી હોસ્પિટલમાં ખસેડાયેલ જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. બે દિવસ ભાવનગર શહેરમાં પણ એક વ્યક્તિનું ગરમીને કારણે મોત નિપજ્યું મૂક્યું હતું.

ભાવનગર શહેરમાં ગરમી નું મોજુ યથાવત રહ્યું છે. સતત બીજા દિવસે તાપમાનનો પારો ૪૪ દીકરીને પાર કરતા લોકો ગરમીમાં શેકાયા હતા. દિવસ ભર અને સાંજે પણ ગરમ પવન ફૂંકાતા લોકો અકળાયા હતા. અંગ દઝાડતી ગરમીથી લોકોની મુશ્કેલી વધી છે. ઉનાળાની ગરમીના પગલે પંખા, એસી વગર રહેવું મુશ્કેલ બન્યું હોય તેમ જણાઈ રહ્યું છે. ગરમીના પગલે લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું. સાંજના સમયે પણ ગરમ પવન ફૂંકાતા લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા હજુ પણ તાપમાન વધશે તો લોકોની તકલીફ વધશે.

ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૪૪.૨ ડિગ્રી નોંધાયું હતું .જ્યારે આજનું લઘુત્તમ તાપમાન ૨૯. ડિગ્રી રહેવા પામ્યું છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૨૭% રહ્યું છે જ્યારે પવનની ઝડપ ૨૦ કિ.મી પ્રતિ કલાકની રહેવા પામી હતી.

તેમજ અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો ૪૩ થી ૪૫ ડીગ્રી વચ્ચે અવર-જવર કરતો હોય સમગ્ર જિલ્લામાં કાળઝાળ ગરમીનો જનતાજનાર્દન અનુભવ કરી રહી છે. જિલ્લામાં વીજળી અને પાણીની માંગમાં જબ્બરો વધારો થયો છે. અને સવારના ૯ થી સાંજના ૬ સુધી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી અસહય ગરમી પડી રહી હોય બપોરનાં ૧૨ થી સાંજનાં ૫ સુધી જિલ્લાના રાજમાર્ગો અને હાઈ-વે સુમસામ ભાસી રહ્યાં છે. તો વહીવટી તંત્ર દ્વારા પણ જનતા જનાર્દન માટે જરૂરી સુચનાઓ જાહેર કરવામાં આવી છે.

જામનગરમાં મહત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી રહેતા બપોરે અંગ દઝાડતા તાપનો અનુભવ લોકોએ કર્યો હતો. ૭૧ ટકા ભેજના કારણે અસહ્ય બફારાથી લોકો આકુળ-વ્યાકુળ થઈ ગયા. હતાં. પવનની ગતિ વધતા મોડી સાંજે વાતાવરણમાં ઠંડકથી લોકોએ રાહત અનુભવી હતી.

જયારે જામનગરમાં ઉનાળાએ અસલ મિજાજ દેખાડતા છેલ્લા કેટલાક દિવસથી મહત્તમ તાપંમાન ઊંચું રહેતા કાળઝાળ ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ત્યારે છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન મહત્તમ તાપમાન ૩૬.૫ ડીગ્રી, અને લઘુતમ તાપમાન ૨૭.૪ ડિગ્રી નોંધાયું હતું.ત્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૧ ટકા રહ્યું છે.તો પવનની ગતિ પ્રતિકલાક ૧૫.૬ કિમિ નોંધાઇ હતી.

# IPLની ટોપ બે ટીમોમાં એક પણ ખેલાડી T-20 વર્લ્ડકપ રમવાનો નથી

## પ્લે ઓફની ટોપ ૪ ટીમમાંથી માત્ર ખેલાડીઓ ટી- ૨૦ વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયામાં પસંદ થયા




ન્યુ દિલ્હીઃ

IPL પ્લેઓફ વિ T20 વર્લ્ડ કપ ૨૦૨૪ ભારતીય ટીમ: આજથી IPL પ્લેઓફ મેચો રમાશે. પ્રથમ ક્વોલિફાયરમાં કોલકાતા નાઈટ રાઈડર્સનો સામનો સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ સાથે થશે. આ પછી એલિમિનેટર મેચો થશે, જેમાં RCB અને રાજસ્થાન એકબીજા સામે રમશે. જયારે, ક્વોલિફાયર ૨ માં, ક્વોલિફાયર ૧ મેચ હારી ગયેલી ટીમ અને એલિમિનેટર મેચ જીતનાર ટીમ વચ્ચે મેચ રમાશે. આ પછી ૨૬મી મેના રોજ ફાઈનલ મેચો રમાશે. તમને જણાવી દઈએ કે આ સિઝનમાં પ્લેઓફમાં પહોંચેલી ટીમો KKR, રાજસ્થાન રોયલ્સ, હૈદરાબાદ અને બેંગલુરુ છે. જો આ ટીમો પર નજર કરીએ તો માત્ર ૫ ખેલાડીઓ એવા છે જેમને T-20 વર્લ્ડ કપ ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે. એટલે કે તમામ ૧૦ ખેલાડીઓ IPL પ્લેઓફનો ભાગ નથી. આનો અર્થ એ થયો કે T20 વર્લ્ડ કપ માટે પસંદ કરાયેલા મોટાભાગના ખેલાડીઓ પ્લેઓફનો ભાગ નથી.

**KKR તરફથી કોઈ ખેલાડી નથીઃ**

KKRના કોઈ ખેલાડીને T-20 વર્લ્ડ કપની ટીમમાં સ્થાન નથી મળ્યું, રિંકુ સિંહે આ વખતે IPLમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. KKRની ટીમ પોઈન્ટ ટેબલમાં નંબર વન પર છે. પરંતુ આ ટીમના કોઈપણ ખેલાડીને T-20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં સ્થાન મળ્યું નથી. રિંકુ સિંહને ટી૨૦ વર્લ્ડ કપની ટીમમાં રિઝર્વ ખેલાડી તરીકે તક મળી છે.

**સનરાઈઝર્સ હૈદરાબાદ (કોઈ ખેલાડી નથી):**

IPL પોઈન્ટ ટેબલમાં સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ નંબર ૨ પર છે પરંતુ આ ટીમના કોઈપણ ખેલાડીને ઝ-૨૦ વર્લ્ડ કપની ટીમમાં સ્થાન મળ્યું નથી.

**રાજસ્થાન રોયલ્સના ત્રણ ખેલાડીઓઃ**

આ પછી જો રાજસ્થાન રોયલ્સ ટીમના ખેલાડીઓની વાત કરીએ તો T20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં સંજુ સેમસન, યુઝવેન્દ્ર ચહલ અને યશસ્વી જયસ્વાલની પસંદગી કરવામાં આવી છે. આ ખેલાડીઓ પ્લેઓફમાં રમતા જોવા મળશે. એટલે કે પ્લેઓફમાં રાજસ્થાનની ટીમના એવા ખેલાડીઓ છે જે ભારતની T20 વર્લ્ડ કપ ટીમનો ભાગ છે.

**આરસીબી તરફથી માત્ર બે ખેલાડી :**

તે જ સમયે, વિરાટ કોહલી અને મોહમ્મદ સિરાજ RCB ટીમમાં રમતા જોવા મળશે જે પ્લેઓફ માટે ક્વોલિફાય થઈ ગઈ છે. આ ખેલાડીઓ T-20 વર્લ્ડ કપમાં ભારતીય ટીમનો ભાગ છે. એટલે કે માત્ર ૫ ખેલાડી એવા છે જે પ્લેઓફમાં રમતા જોવા મળશે, જેમને T-20 વર્લ્ડ કપની ટીમમાં પણ જગ્યા મળી છે.

### ફોનને ચહેરાના હાવભાવ દ્વારા કન્ટ્રોલ કરવામાં આવશે



ગૂગલે પ્રોજેક્ટ ગેમફેસ રજૂ કરેલ છે. ગેમફેસની મદદથી, તમે ચહેરાના હાવભાવ સાથે કોઈપણ ફોન અથવા સ્ક્રીનને કંટ્રોલ કરી શકશો. કર્સરને ચહેરાના હાવભાવ દ્વારા નિયંત્રિત કરી શકાય છે. ગૂગલ દ્વારા દર્શાવવામાં આવેલા ડેમો અનુસાર, આઈબ્રોને ખસેડીને ક્લિક અને ડ્રેગિંગ કરી શકાય છે. કર્સરને ખસેડી મોં ખોલી શકાય છે અને નેવિગેશનનો ઉપયોગ કરી શકાય છે. જેઓ શારીરિક રીતે અક્ષમ છે તેમના માટે આ કોઈ ભેટથી ઓછું સાબિત થશે. ગેમફેસની મદદથી યુઝર્સ એન્ડ્રોઈડ ફોનને ટચ કર્યા વગર ઓપરેટ કરી શકશે.

### હવે તમે ChatGPTથી હિન્દીમાં પણ પ્રશ્નો પૂછી શકાશે



તાજેતરમાં, OpenAI એ GPT-4O લોન્ચ કર્યું છે, જે જનરેટિવ AI મોડલનું સૌથી અદ્યતન સંસ્કરણ છે. આ સાથે, કંપનીએ તેના વર્તમાન ચેટબોટ ChatGPTને પણ અપગ્રેડ કર્યું છે. મોટી વાત એ છે કે તેમાં ૫૦ થી વધુ ભાષાઓનો સપોર્ટ મળી રહ્યો છે. હવે યુઝર્સ હિન્દી, બંગાળી, મરાઠી, પંજાબી, તમિલ, ઉર્દુ, ફ્રેન્ચ, ગ્રીક, કન્નડ અને કોરિયન વગેરે ભાષાઓનો ઉપયોગ કરી શકશે. વપરાશકર્તાઓ હવે ChatGPT ને અંગ્રેજી સિવાય આ બધી ભાષાઓમાં પ્રશ્નો પૂછી શકશે.

# EPFOએ બદલ્યો નિયમ, PF ખાતાધારકના મોત પર હવે નોમિનીને સરળતાથી મળશે પૈસા!

ન્યુ દિલ્હી,તા.૨૧

એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) ના સભ્યો માટે મોટા સમાચાર છે. પીએફ(PF) ખાતાધારકો માટે મૃત્યુ દાવાના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેની માહિતી EPFO દ્વારા એક પરિપત્ર જાહેર કરીને શેર કરવામાં આવી છે. નવા નિયમ હેઠળ, જો કોઈ EPFO સભ્ય મૃત્યુ પામે છે અને તેનું આધાર PF ખાતા સાથે લિંક નથી. અથવા જો આધાર કાર્ડમાં આપવામાં આવેલી માહિતી પીએફ ખાતા સાથે આપવામાં આવેલી વિગતો સાથે મેળ ખાતી નથી, તો પણ તે ખાતા ધારકના પૈસા નોમિનીને ચૂકવવામાં આવશે. આ ફેરફાર દ્વારા, સંસ્થાએ મૃત્યુના દાવા સમાધાનને સરળ બનાવ્યું છે.

**નવો ફેરફાર આ સમસ્યાઓ દૂર કરશે**

અગાઉ, જો આધારની વિગતોમાં કોઈ ભૂલ થઈ હોય અથવા કોઈ ટેકનિકલ સમસ્યાને કારણે આધાર નંબર નિષ્ક્રિય થઈ જાય, તો આવી સ્થિતિમાં મૃત્યુના દાવામાં સમસ્યાનો સામનો કરવો પડતો હતો. તેની અસર એ થઈ કે પીએફ ખાતાધારકના મૃત્યુ પછી અધિકારીઓએ તેની આધાર વિગતોને મેચ કરવા માટે ઘણા પ્રયત્નો કરવા પડ્યા અને તેની સાથે નોમિનીને પીએફના પૈસા માટે



લાંબો સમય રાહ જોવી પડી.

**PF પેમેન્ટ માટે નવો નિયમ**

EPFO કહે છે કે મૃત્યુ પછી આધારની વિગતો સુધારી શકાતી નથી, તેથી ભૌતિક ચકાસણીના આધારે નોમિનીને પૈસા ચૂકવવામાં આવશે. પરંતુ આ માટે પ્રાદેશિક અધિકારીની મંજૂરી લેવી જરૂરી રહેશે. પ્રાદેશિક અધિકારીની મંજૂરી વગર નોમિનીને પીએફની રકમ ચૂકવવામાં આવશે નહીં. આ સિવાય EPFOએ કોઈપણ પ્રકારની છેતરપિંડીથી બચવા માટે ખાસ કાળજી લીધી છે. જેઓ આ નવા નિયમ હેઠળ નોમિની અથવા પરિવારના સભ્યો છે તેમની સત્યતાની પણ સંપૂર્ણ તપાસ કરવામાં આવશે, ત્યારબાદ પીએફના પૈસા ચૂકવવામાં આવશે.

જો કે, આ નિયમ ત્યારે જ લાગુ થશે જ્યારે પીએફ ખાતાધારકની આધાર વિગતો ખોટી હશે, જો EPFO UAN સાથે સભ્યની માહિતી સાચી નથી, તો પૈસાની ચુકવણી માટે બીજી પ્રક્રિયા કરવી પડશે.

**જો નોમિનીનું નામ ન હોય**

જો આવો કિસ્સો ઉભો થાય કે પીએફ ખાતાધારકે તેની વિગતોમાં નોમિનીનું નામ ન આપ્યું હોય અને તે મૃત્યુ પામે તો પીએફના નાણાં મૃત વ્યક્તિના કાનૂની વારસદારને ચૂકવવામાં આવશે. જેના માટે તેણે પોતાનું આધાર કાર્ડ જમા કરાવવાનું રહેશે.

# ઈરાનના રાષ્ટ્રપતિનું દુર્ઘટનામાં મોત થયુ તે હેલિકોપ્ટર ૫૫ વર્ષ જૂનું હતું

## અમેરિકી પ્રતિબંધોને કારણે જૂનુ હેલિકોપ્ટર વાપરવા મજબૂર હતા

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીનું રવિવારે હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોત થયું હતું. તેમની સાથે વિદેશ મંત્રી આમિર અબ્દુલ્લાહિયાનું પણ નિધન થયું હતું. આ દુર્ઘટનાએ સમગ્ર વિશ્વમાં હલચલ મચાવી દીધી છે અને દરેકના મનમાં સવાલ છે કે મધ્ય પૂર્વ સહિત વિશ્વની ભૌગોલિક રાજકીય પરિસ્થિતિઓ પર તેની શું અસર પડશે.

તહેરાન, તા.૨૧

આ દુર્ઘટના પાછળ ઈરાનના રાષ્ટ્રપતિનું જૂનું હેલિકોપ્ટર પણ હોવાનું માનવામાં આવે છે. આ હેલિકોપ્ટરને ૧૯૭૦ના દાયકામાં વિયેતનામ યુદ્ધ દરમિયાન ડિઝાઇન કરવામાં આવ્યું હતું. Bell 212 હેલિકોપ્ટર એક અમેરિકન કંપની દ્વારા બનાવવામાં આવ્યું હતું, જેનું નામ Bell Textron Inc છે. આ હેલિકોપ્ટરે ૧૯૬૮માં પ્રથમ ઉડાન ભરી હતી. આ હેલિકોપ્ટર દાયકાઓથી એરફોર્સ મિશન અને રાજકારણીઓના ઉપયોગ માટે વપરાય છે. તેની ઉપયોગીતાને કારણે તેને યુટિલિટી હેલિકોપ્ટર કહેવામાં આવે છે. જો કે, હવે તે જૂનું થઈ ગયું છે.



ત્યારે ૫ દાયકા જૂના આ હેલિકોપ્ટરમાં ઈરાનના રાષ્ટ્રપતિ કેમ સફર કરતા હતા એ પણ એક સવાલ છે. ઈરાન પાસે ઘણા પ્રકારના હેલિકોપ્ટર છે, પરંતુ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને કારણે તે તેના પાર્ટ્સ મેળવી સકતા નથી. ઈરાનની સેના પાસે પણ મોટાભાગે ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પહેલાના વિમાનો છે.

ઇબ્રાહિમ રઈસી જે વિમાનમાં મુસાફરી કરી રહ્યા હતા તે વિમાનમાં થોડા સમય પહેલા ખામી સર્જાઈ હતી, તેને ઠીક કરવામાં આવી હતી. જો અમેરિકા સહિત અન્ય દેશો દ્વારા ઈરાન પર પ્રતિબંધો લગાવવામાં ના આવ્યા હોત તો કદાચ ઈરાનના રાષ્ટ્રપતિને જૂના વિમાનમાં બેસવાની મંજૂરી મળી ના હોત.

૨૦૨૧ની ચૂંટણીમાં ઈબ્રાહિમ રઈસી ઈરાનના રાષ્ટ્રપતિ બન્યા. તે દરમિયાન ઈરાનના ઈતિહાસમાં સૌથી ઓછું મતદાન થયું હતું. આ અંગે પણ સવાલો ઉઠ્યા હતા. ઈરાને પણ રઈસી પર ઘણા નિયંત્રણો લગાવ્યા હતા. અમેરિકાએ કહ્યું કે રઈસી ૧૯૮૮માં રાજકીય કેદીઓની મોટા પાયે થયેલી હત્યાઓમાં પણ સામેલ હતા.

જો કે આ પછી પણ રઈસી અમેરિકાના દબાણ સામે ઝૂકવા તૈયાર નહોતા. રઈસીના નેતૃત્વમાં ઈરાને છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા પાયે યુરેનિયમ એકત્ર કર્યું હતુ અને આંતરરાષ્ટ્રીય દબાણ છતાં ઘાતક શસ્ત્રો તૈયાર કરી રહ્યું હતું. અણુશસ્ત્રો તૈયાર કરવાની પણ ચર્ચા થઈ હતી. એટલું જ નહીં, યુક્રેન સાથેના યુદ્ધમાં ઈરાને રશિયાને મોટા પાયા પર હથિયારો સપ્લાય પણ કર્યા છે. ખાસ કરીને તેના મારખેજ ડ્રોનની મદદથી રશિયાએ યુક્રેનના કેટલાય વિસ્તારોને નુકસાન પહોંચાડ્યું છે.

# કેદારનાથના ગર્ભગૃહમાં જઈ શ્રદ્ધાળુઓ દર્શન કરી શકશે

## ભીડને જોતા અત્યાર સુધી ગર્ભગૃહને બદલે સભાખંડમાંથી દર્શન કરાવાતા હતા

રુદ્રપ્રયાગ, તા ૨૧

કેદારનાથમાં આજથી તમામ શ્રદ્ધાળુઓને ગર્ભગૃહની મુલાકાત લેવાની અને બાબા કેદારના દર્શન કરવાની તક મળશે. સોમવારે કેદારનાથમાં તીર્થયાત્રી પુજારીઓ સાથે પ્રશાસન અને BKTC અધિકારીઓ વચ્ચેની વાતચીત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. અત્યાર સુધી યાત્રિકોની અણધારી ભીડને જોતા ગર્ભગૃહને બદલે સભામંડપમાંથી દર્શન કરાવવામાં આવતા હતા.

જ્યારે સોમવારે તીર્થ પૂજારીઓએ વીઆઈપી દર્શનનો વિરોધ કર્યો હતો, ત્યારે તમામ યાત્રિકો સમાન રીતે ગર્ભગૃહમાં જઈને દર્શન કરે તેવી માંગણી કરવામાં આવી હતી. આના પર, કેદારનાથ યાત્રા મેજિસ્ટ્રેટ અંશુલ સિંહ અને BKTC એક્ઝિક્યુટિવ ઓફિસર આરસી તિવારીએ જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે વાત કર્યા પછી, તમામ શ્રદ્ધાળુઓને ગર્ભગૃહમાં જવા અને દર્શન કરવાની મંજૂરી આપવાનો નિર્ણય લીધો.



તમને જણાવી દઈએ કે આ વખતે દરરોજ ૩૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામના દર્શન કરી રહ્યા છે. જેના કારણે બીકેટીસીએ ગર્ભગૃહને બદલે સભામંડપમાંથી દર્શન આપવાની વ્યવસ્થા અમલી બનાવી હતી. તમામ યાત્રિકોને સમાન ગણીને મંગળવારથી તેઓને ગર્ભગૃહમાં દર્શન આપવામાં આવશે.

**હેલી મુસાફરોને પ્રાધાન્ય આપતાં દર્શનનો વિરોધ**

સોમવારે કેદારનાથમાં તીર્થયાત્રી પુજારીઓ ત્યારે એકાએક ગુસ્સે થઈ ગયા જયારે હેલિકોપ્ટર સામાન્ય પેસેન્જર લાઇનથી અલગ લાઇન બનાવી શહેરમાંથી આવતા મુસાફરોને અગ્રતાક્રમે દર્શન આપવામાં આવ્યા હતા. વિરોધના કારણે BKTCએ એક કલાકમાં જ આ વ્યવસ્થા બંધ કરી દીધી હતી. તીર્થયાત્રી પુજારીઓએ મંદિર પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું.

**બીજા કેદાર ભગવાન મદમહેશ્વરના દ્વાર ખુલ્યા**

ઉખીમઠ સોમવારે વૈદિક મંત્રોચ્ચાર અને પૂજા કર્યા બાદ ભક્તો માટે બીજા કેદાર ભગવાન મદમહેશ્વરના દરવાજા ખોલી દેવામાં આવ્યા છે. ભગવાનની પૂજા કર્યા બાદ ભક્તોને મંદિરમાં દર્શન કરવાની તક આપવામાં આવી હતી. પ્રથમ દિવસે ૩૫૦થી વધુ શ્રદ્ધાળુઓ મદમહેશ્વર પહોંચ્યા હતા.

**ચારધામમાં હળવો વરસાદ**

હવામાન કેન્દ્રે કેદારનાથ, બદ્રીનાથ, યમુનોત્રી, ગંગોત્રીમાં આગામી ત્રણ દિવસ સુધી વાદળછાયું આકાશ અને સાંજે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આગાહી કરી છે.



કાચબાઓ બે જાતના હોય છે (૧) જમીન પર ચાલતા કાચબા જેને ટોરટોઇઝ કહે છે જયારે (૨) દરિયામાં (પાણી)માં રહેતા કાચબા જેને ટરટલ કહેવાય છે.

### ૨૩મી મે વિશ્વ કાચબા દિવસ

# કાચબો શા માટે કવચમાં છુપાયેલ રહે છે ?

૨૩મી મે વિશ્વ કાચબા દિવસ છે. તમે બાળપણમાં કાચબા અને સસલાની વચ્ચેની રેસની વાર્તા તો સાંભળી જ હશે. ત્યારે વિશ્વ કાચબા દિવસ નિમિત્તે કાચબા વિશે વધુ માહિતી મેળવીએ.

**સૌથી જૂની પ્રજાતિ છે:** કાચબો એ વિશ્વની સૌથી જૂની રેપલાઇલ પ્રજાતિ છે. તે આ પૃથ્વી પર લગભગ ૨૩ કરોડ વર્ષથી છે.

**દરિયાઈ કાચબો અથવા જમીન પર રહેતો કાચબો:** કાચબા દરિયા અને જમીન બંને પર રહે છે દરિયામાં રહેતા ને દરિયાઈ કાચબા Turtle કહેવાય છે. અને જે જમીન પર રહે છે તેને Tortoise કાચબા કહેવાય છે.

**શેલનું રહસ્ય:** ઘણીવાર તમે જોયું હશે કે કાચબો ક્યારેક પોતાના કવચમાંથી બહાર આવે છે તો ક્યારેક તેમાં છુપાઈ પણ જાય છે. તેને તેનું શેલ કહેવામાં આવે છે. આ તેના શરીરના હાડકાંની રચના છે. તેમાં તેની કરોડરજ્જુ અને છાતીના હાડકા સહિત લગભગ ૫૦ હાડકાંનો સમાવેશ થાય છે.

**ગરમીથી કેવી રીતે બચે:** કાચબાની ગરમી થી બચવા માટે તેઓ ભૂગર્ભમાં ખાડા બનાવે છે અને ત્યાં રહે છે.

**આહાર કંઈક આવો છે:** કાચબા નોન-વેજ, વેજ અથવા તમામ પ્રકારનો ખોરાક ખાય શકે છે. કેટલાક કાચબા ફક્ત છોડ જ ખાય છે, જ્યારે અન્ય જંતુઓ, નાની માછલી, નાના પ્રાણીઓ અને જેલીફિશ પણ ખાય છે.

**આ ઝડપે તરવું:** કેટલાક કાચબા ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તરી શકે છે. તેમને પાણીમાં રહેતા સૌથી ઝડપી સ્વિમિંગ પ્રાણીઓમાંથી એક છે.

**આવા ઊંડા પાણીમાં જઈ શકે છે:** દરિયાઈ કાચબા ૧૦૦૦ મીટરથી વધુની ઊંડાઈ સુધી ડૂબકી મારી શકે છે.

**તેમને દાંત નથી હોતા:** કાચબાને દાંત હોતા નથી. તેઓ તેમના મોંના આગળના ભાગનો ઉપયોગ તેમના ખોરાકને કાપવા માટે કરે છે અને પછી તેને ગળી જાય છે. તેઓ મજબૂત પેટમાં એસિડ ધરાવે છે.જે ખોરાકને પચાવવામાં મદદ કરે છે

**તેમના બાળકોના નામ :** કાચબાના બાળકોને 'હેચલિંગ' કહેવામાં આવે છે. ઇંડામાંથી બહાર નીકળ્યા પછી તેઓ પોતાની રીતે જીવે છે. તેમને તેમના માતા-પિતા તરફથી કોઈ મદદ મળતી નથી.

# ૩૧મી સુધી ઓફલાઈન રજિસ્ટ્રેશન બંધઃ હરિદ્વારમાં ફસાયેલા શ્રદ્ધાળુઓમાં રોષ

## અનેક લોકો હરિદ્વારમાં અટવાયાઃ ટ્રાવેલ એજન્સીઓ પૈસા પરત નથી કરી રહી



દહેરાદૂન, તા.૨૧

ચારધામ યાત્રા માટે ઓફલાઈન રજીસ્ટ્રેશન પર ૩૧ મે સુધી પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સોમવારે હરિદ્વારમાં શ્રદ્ધાળુઓએ હંગામો મચાવ્યો હતો. રજીસ્ટ્રેશન ખોલવાની માંગણી સાથે હંગામો મચાવતા મુસાફરો અને પોલીસ વચ્ચે અરાજકતા સર્જાઈ હતી. હરિદ્વાર-ઋષિકેશમાં ઘણા મુસાફરો ફસાયેલા છે. નોંધણી વગર ઋષિકેશથી આગળ ન જવા દેવાના આદેશથી મુસાફરો ગુસ્સે થયા હતા.

લોકોએ કહ્યું કે,તેઓ ૧૬ મેથી હરિદ્વારમાં રોકાયા છે, પરંતુ અહીં નોંધણી થઈ રહી નથી. અગાઉ તેમને કહેવામાં આવ્યું હતું કે, રજિસ્ટ્રેશન ૧૯ મેના રોજ ખુલશે, પરંતુ ૨૦ મેના રોજ કાઉન્ટર ખુલ્યું ન હતું. રાહ જોવામાં તેઓ ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. કેટલાક મુસાફરોએ એમ પણ જણાવ્યું કે, તેઓએ ચારધામો માટે વાહનોનું બુકિંગ કરાવ્યું હતું, પરંતુ નોંધણીના અભાવે તેઓ આગળ જઈ શકતા નથી. બીજી તરફ ટ્રાવેલ એજન્સી તેમના પૈસા પરત કરી રહી નથી. એજન્સીના લોકો કહી રહ્યા છે કે, એકવાર તેઓ રજીસ્ટ્રેશન થઈ જશે પછી તેઓ પ્રવાસની વ્યવસ્થા કરશે. અધિકારીઓનું કહેવું છે કે, મુસાફરોની ભીડને કારણે સુરક્ષાના કારણોસર રજીસ્ટ્રેશન બંધ કરી દેવામાં આવ્યું છે.

# 'સિંઘમ અગેઈન'માં સ્ટાર્સની ભરમારઃ શ્રીનગરમાં અજય-જેકીની ફાઈટનું શૂટીંગ

## 'સિંઘમ અગેઈન'માં ચુલબુલ પાંડે ઉર્ફે સલમાન ખાનની પણ એન્ટ્રીઃ અક્ષયકુમાર, રણવીરસિંહ, ટાઈગર શ્રોફ ઉપરાંત ફિલ્મમાં બબ્બે વિલનો!



મુંબઇ, તા. ૨૧

અજય દેવગનની બ્લોક બસ્ટર ફિલ્મ સિંઘમની સીક્વલનું શૂટીંગ પુર જોશમાં ચાલી રહ્યું છે. રોહિત શેટ્ટીએ સિંઘમ અગેઇનને માત્ર બાજીરાવ સિંઘમ એટલે કે અજય દેવનના દમ પર ચલાવવાના બદલે મલ્ટિસ્ટાર ફિલ્મ બનાવવાનું આયોજના બદલે મલ્ટિસ્ટાર ફિલ્મ બનાવવાનું આયોજન કર્યું છે. આ ફિલ્મમાં હીરોને સાથ આપવા માટે બોલીવૂડના મોંઘ સ્ટાર્સને લેવામાં આવ્યા છે ત્યારે વિલનગીરીને પણ તેટલી જ દમદાર બનાવવા બે વિલન રાખવામાં આવ્યા છે. સિંઘમ અગેઇનમાં વિલન તરીકે અર્જુન કપૂરનો ખુંખાર લૂક અગાઉ જાહેર થયો હતો. પરંતુ ફિલ્મમાં બીજા વિલન અંગે સસ્પેન્સ રખાયું હતું. શ્રીનગરના અંતરિયાળ વિસ્તારમાં ફિલ્મના શૂટીંગ દરમ્યાન જેકી શ્રોફ અને અજય દેવગન વચ્ચેની લડાઇનો સીન વાઇરલ થયો છે. જેના કારણે ફિલ્મમાં બીજા વિલન તરીકે જેકી શ્રોફની સંદગી બાબતે સમર્થન મળ્યું છે.

રોહિત શેટ્ટી પણ કોપ યુનિવર્સને મોટું કરી રહ્યા છે. હીરોના રોલમાં એક માત્ર અજય દેવગન હોવા છતાં સિંઘમ ફ્રેન્ચાઇઝીની બંને ફિલ્મો હીટ રહી હતી. જો કે સિંઘમ અગેઇનને વધારે ભવ્ય અને આકર્ષક બનાવવા રોહિત શેટ્ટીએ તેમાં સંખ્યાબંધ સ્ટાર્સનો સમાવેશ કર્યો છે. અક્ષયકુમાર ટાઇગર શ્રોફ રણવીરસિંહ, દીપીકા પાદુકોણ બાદ હવે ફિલ્મની ટીમમાં સલમાન ખાનનો પણ સમાવેશ થયો છે. પોલીસ ઓફિસરના રોલમાં સલમાન ખાનની ફિલ્મ દબંગ જાણીતી છે. દબંગના કેરેક્ટર ચુલબુલ પાડેના રોલમાં જ સલમાન ખાન કેમિયો કરવાના છે.

અજય દેવગન અને રોહિત શેટ્ટી સાથે સિંઘમ અગેઇનની ટીમ કાશ્મીર પહોંચી છે. કલમ ૩૭૦ની નાબૂદી બાદ અનેક ફિલ્મ મેકર્સ કાશ્મીર તરફ નજર દોડાવી રહ્યા છે. આ યાદીમાં રોહિત શેટ્ટીનું નામ પણ ઉમેરાયું છે. શ્રીનગરના અંતરિયાળ વિસ્તારોમાં આ ફિલ્મનું શુટીંગ ચાલી રહ્યું છે. સેટ પરથી એક વીડીયો વાઇરલ થયો છે જેના કારણે ફિલ્મમાં બે વિલન હોવી અટકળોને સમર્થન મળે છે. અર્જુન કપુરે વિલનનો રોલ કર્યો હોવાનું અગાઉ જાહેર થઇ ચૂક્યું છે. પરંતુ ફિલ્મમાં બીજા વિલન તરીકે જેકી શ્રોફ હોય તેવી અપડેટ આવી નથી. વાઇરલ વીડિયોમાં અજય દેવગન અને જેકી શ્રોફ વચ્ચેનો ફાઇટ સીન જોવા મળે છે. આ સીનમાં બંને સ્ટાર્સની સાથે તેમના બોજડી ડબલ પણ છે. શ્રીનગરની ગલીઓમાંથી અજય દેવગન અને ટીમે જેકી શ્રોફની ધરપકડ કરી છે. આ સીનના કારણે ફિલ્મમાં જેકી શ્રોફની હાજરીને સમર્થન મળ્યું છે. ફિલ્મને નવેમ્બર મહિનામાં રીલીઝ કરવાનો પ્લાન છે.

## સતત તેજી–રેકોર્ડબ્રેક ભાવથી વધુ સ્મગલીંગ

# સોનાની દાણચોરીમાં ૬૫ ટકાની ધરખમ વૃધ્ધિઃ અમદાવાદ એરપોર્ટથી ૨૪૧ કિલો ગોલ્ડ જપ્ત

### એરપોર્ટ પરથી વર્ષોવર્ષ દાણચોરીના કિસ્સામાં વધારોઃ દુબઈ, કૂવૈત, ઓમાન, બેંગકોક, થાઈલેન્ડથી ઘુસાડાય છે



### દાણચોરીનાં સોનામાં કિલોએ રૂા.૧૩.૮૬ લાખની મોટી કમાણી થતી હોવાથી દાણચોર સિન્ડીકેટ નવા–નવા નુસ્ખા અજમાવે છે

અમદાવાદ તા.૨૧

વિશ્વ સ્તરે ભૌગોલીક ટેન્શન દુનિયાભરની સેન્ટ્રલ બેન્કો દ્વારા ખરીદી સહીતનાં કારણોથી સોનાના ભાવમાં રેકોર્ડબ્રેક તેજીનો દોર ચાલી રહ્યો છે. ત્યારે તેની દાણચોરીમાં પણ મોટી વૃધ્ધિ છે. માત્ર અમદાવાદ એરપોર્ટથી જ ગત નાણાં વર્ષમાં ૨૪૧.૧ કિલો દાણચોરીનું સોનું પકડાયુ હતું. તે આગલા વર્ષનાં ૧૪૬.૪ કિલોની સરખામણીએ ૬૫ ટકાનો મોટો વધારો સુચવે છે. છેલ્લા પાંચ વર્ષમાં પકડાયેલો આ સૌથી મોટો જથ્થો છે.

કસ્ટમ વિભાગનાં સીનીયર અધિકારીઓએ કહ્યું કે સોનાની દાણચોરી માટે સ્મગલરોના સાગ્રીતો ચોકકસ રૂટનો ઉપયોગ કરતા હોય છે અને તેના પર ખાસ વોચ રાખવામાં આવતી હોય છે. દાણચોરો જોકે, સોનુ ઘુસાડવા માટે નવી-નવી પદ્ધતિ અપનાવતા હોય છે.એક કેસમાં પાઘડીમાંથી સોનુ પકડાયું હતું.ત્યારે અન્ય એક કિસ્સામાં પ્રવાસી બેગમાં કોતરાયેલી લાઈનમાં સોનું છુપાવીને લવાયું હતું. કસ્ટમ વિભાગ દાણચોરોના જુદા જુદા કીમીયા પકડી પાડતા જ હોય છે.

સંયુકત આરબ અમીરાત-મુંબઈ, શાહજાહ, કૂવૈત, ઓમાન, બેંગકોક તથા થાઈલેન્ડ જેવા દેશોમાંથી સોનુ ઘુસાડવામાં આવતુ હોય છે.

ઝવેરીઓનાં કહેવા પ્રમાણે ભારતમાં સોના પર ટેકસ ભારણ ઘણુ વધારે હોવાથી દાણચોરીનો ટ્રેન્ડ ફૂલ્યોફાલ્યો છે. વૈશ્વીક સ્તરે ભૌગોલીક તનાવ, ભારત-અમેરીકા જેવા દેશોમાં ચૂંટણી, ડોલર સામે રૂપિયાની નબળાઈ, વિશ્વના અનેક દેશોની સેન્ટ્રલ બેંકો દ્વારા સોનાની ખરીદી જેવા કારણો પાછળ તેજી છે. ૨૦૨૦ થી ૨૦૨૪ ના ચાર વર્ષમાં સોનાના ભાવમાં ૭૯ ટકાનો વધારો થયો છે.હાલ હાજર ભાવ રૂા.૭૭૦૦૦ ની સપાટીને કુમાવી ગયો છે.૩૧ માર્ચ ૨૦૨૦ ના ભાવ ૪૩૦૦૦ હતા.

કેન્દ્ર સરકારે આયાત જકાતમાં વધારો કર્યાના વખતથી સોનાની દાણચોરી વધી રહી છે. ભારતમાં ૧૧.૫ ટકા કસ્ટમ ડયુટી, ૨.૫૦ ટકા કૃષિસોસ, ૩ ટકા જીએસટી તથા ૦.૧ ટકા આયાતકારનું પ્રિમીયમ લાગુ પડે છે. કુલ ટેકસ ૧૮ ટકા થવા જાય છે. વિદેશોમાંથી દાણચોરી મારફત સોનુ ઘુસાડવામાં આવે તો ૧ કિલો દીઠ રૂા.૧૩.૮૬ લાખ સસ્તુ પડે છે.દાણચોરીનાં સાગ્રીતો કેરીયરને ૩૫૦૦૦ અપાતા હોય છે. ૩૦,૦૦૦ ની ટીકીટ અને રહેવાનો ૩૫૦૦૦ નો ખર્ચ અપાતો હોય છે. છતાં દાણચોરી નેટવર્કનાં સુત્રધારનાં કિલોએ રૂા.૧૨.૮૬ લાખની કમાણી થતી હોય છે.

સરકારી સુત્રોએ એમ કહ્યું કે છેલ્લા કેટલાંક મહિનાથી ડયુટી પેઈડ સોનાની આયાતમાં ઘટાડો છે. તે દાણચોરીમાં વધારો હોવાનું સુચવે છે. દાણચોરીનું સોનું માર્કેટમાં ૨.૫૦ થી ૩ ટકા ડીસ્કાઉન્ટમાં મળે છે. દાણચોરીનાં સોનાને કારણે સરકારને પણ ટેકસની મોટી આવક ગુમાવવી પડે છે.

અમદાવાદ એરપોર્ટ પરથી ડીઆરઆઈ તથા કસ્ટમ વિભાગે ગત વર્ષે ૨૪૧.૧ કિલો સોનું પકડયુ હતું. તેમાંથી ૧૭૨ કિલો કસ્ટમ તંત્રએ જપ્ત કર્યું હતું.

# લોધીકાનાં રાવકીમાં રેવન્યુ તંત્રનું ડિમોલીશનઃ બુદ્ધ, ડો.આંબેડકરજીની પ્રતિમા હટાવાતા રોષ



### દલિત સમાજે ઉગ્ર આંદોલનની ચિમકી આપી વિરોધ પ્રગટ કરતા પોલીસે ૫ થી ૬ આગેવાનોની અટકાયત કરીઃ કાનૂની લડાઈમાં હાઈકોર્ટનાં આદેશ બાદ જિલ્લા કલેકટરની સુચનાને પગલે મામલતદારે રૂા.૧૫ કરોડની બે એકર સરકારી જમીન ખુલ્લી કરાવી

રાજકોટ,તા.૨૧

સમાહ અગાઉ જ રાજકોટ જિલ્લા કલેકટરે જિલ્લાનાં દરેક મામલતદારોને કરોડો રૂપિયાની સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર ખડકાઈ ગયેલા કોમર્શિયલ અને રહેણાંક દબાણોનો સર્વે કરી તાત્કાલિક આવા દબાણોનો સર્વે કહી તાત્કાલિક આવા દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવા આદેશ કર્યો હતો.આ આદેશનાં પગલે જિલ્લાનાં જુદા-જુદા તાલુકાનાં મામલતદારોએ દબાણોનો સર્વે શરૂ પણ કરી દિધો છે.ત્યારે આજરોજ જિલ્લા કલેકટરની સુચના મુજબ લોધીકા તાલુકા મામલતદાર અને તેની ટીમ દ્વારા લોધીકાનાં રાવકીનાં સર્વેનં.૬૪૫માં આવેલ કે જેની બજાર કિંમત આશરે રૂા.૧૫ કરોડ થવા જાય છે. તેનાં ઉપર લાંબા સમયથી ખડકાઈ ગયેલા વિવાદાસ્પદ દબાણને આજે હાઈકોર્ટના આદેશમુજબ હટાવી દેવાયું

(અનુસંધાન છઠ્ઠા પાને)



### સંયુકત આરબ અમીરાતમાં મંદિર નિર્માણ કરનારાનું સન્માન

સંયુકત આરબ અમિરાતમાં અતિ ભવ્ય સ્વામીનારાયણ મંદિરનું નિર્માણ થયુ છે. બોચાસણવાસી અક્ષર પુરૂષોતમ સંસ્થા (બીએપીએસ)ના આ મંદિર નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવનારા સંતોનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. સાધુ ઈશ્વરદાસ, તથા સાધુ બ્રહ્મવિહારીદાસ સહીતના સંતોનાં સન્માન માટે શાયોના પરિવાર દ્વારા 'ધ મિલેનીયમ મિરેકલ્સ' નામે ખાસ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં ગુજરાતનાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. બીએપીએસના સાધુ સંતો તથા વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોએ હાજરી આપી હતી. સંયુકત આરબ અમીરાતના મંદિરનું ઉદઘાટન-લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત ફેબ્રુઆરી મહિનામાં કર્યું હતું તે અત્રે ઉલ્લેખનીય છે.

# રાજકોટની જે.પી.ગ્રુપ ડબલ ધમાકા ઓફરમાં અનેક લોકો છેતરાયાઃ કરોડો રૂપિયા ફસાયાનો ઘટસ્ફોટ

### અનેક ભોગ બનનાર સામે આવવાની સંભાવનાઃ ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લેવા ચક્રો ગતિમાન કર્યા




### પ્રજાપતિ સમાજ રાજકોટના પૂર્વ પ્રમુખ અને લાલુડી વોંકળી પાસે ઓફીસ ધરાવતાં નિલેશ પાટડીયા સામે ફરીયાદ નોંધાઈઃ ગેરેજ સંચાલકે રૂા.૧.૩૦ લાખની ટીકીટ ખરીદી કર્યા બાદ આરોપીએ બહાના બતાવી રૂા.૧.૧૯ લાખનો ધૂંબો માર્યો

રાજકોટ. તા.૨૧

લાલુડી વોંકળી પાસે જે.પી.ગ્રૂપ નામની ઓફીસ ધરાવતાં અને પ્રજાપતિ સમાજ રાજકોટના પૂર્વ

પ્રમુખ નિલેશ પાટડીયાએ પોતાના ગ્રુપમાં ડબલ ધમાકા ઓફર નામની સ્કીમમાં અનેક લોકોને ફસાવી કરોડો રૂપિયા ફસાવ્યાં હોવાનો ઘટસ્ફોટ થયો હતો. જેમાં માધાપર ચોકડી પાસે રહેતાં ગેરેજ સંચાલક સાથે રૂ.૧.૧૯ લાખની છેતરપીંડી આચરતાં નિલેશ પાટડીયા વિરૂદ્ધ ભક્તિનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે માધાપર ચોકડી પાસે કૃષ્ણનગર શેરી નં.૪ માં રહેતાં રસિકભાઈ બચુભાઇ હાલારી (ઉ.વ.૫૧) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે નિલેશ પાટડીયાનું નામ આપતાં ભક્તિનગર પોલીસે આઈપીસી કલમ ૪૦૬,૪૨૦ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ગેરેજ ચલાવી પોતાના પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓને વર્ષ ૨૦૨૦ માં આરોપી નિલેશ પાટડીયા સાથે મુલાકાત થઈ હતી. ત્યારે તે સમયે તે પ્રજાપતિ સમાજનો પ્રમુખ હતો અને તે સમયે પોતે જે.પી.ગ્રૂપ નામનું ગ્રૂપ ચલાવે છે અને તેની ઓફીસ લલુડી વોંકળી પાસે આવેલ છે. તેમજ ત્યારે તેના ગ્રુપે ડબલ ધમાકા ઓફર નામની યોજના ચાલું કરી છે અને તેમાં રોકાણ કરવાથી એક ના ડબલ રૂપીયા મળશે તેવું કહેતાં ફરિયાદીએ વર્ષ ૨૦૨૦ માં રૂ.૧૦ હજારની ૧૩ ટીકીટ કુલ રૂ.૧.૩૦ લાખની ખરીદી હતી. જે મામલે આરોપીએ એક ડ્રો પણ થશે તેવું જણાવ્યું હતું.

પરંતુ આજદિન સુધી તેને ડ્રો કર્યો ન હતો અને ફરિયાદીએ તેમને રોકેલા નાણાં અવારનવાર પરત માંગતા આરોપી આજ કાલ કરી વાતને ટાળી દેતો હતો. જે બાદ એક વર્ષ પહેલાં તેને ફક્ત રૂ.૧૦૫૦૦ પરત આપી બાકીના રૂ.૧.૧૯ લાખ પરત ન આપી છેતરપીંડી આચરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, જે તે સમયે આરોપી પ્રજાપતિ સમાજનો પ્રમુખ હતો. જે હાલ તે પદ પર નથી. તેઓએ રૂપિયાનું રોકાણ કર્યા બાદ એક પણ રૂપીયો પરત આપ્યો ન હતો અને વાયદાઓ જ આપતો હતો. ઉપરાંત આરોપીએ અંદાજીત ૫૦ થી ૬૦ લોકોને ફસાવ્યાં હોવાનું પણ સામે આવ્યું છે. અનેક લોકોએ ૪ થી ૨૦ લાખ સુધીના કરોડો રૂપિયાનું રોકાણ કરેલ છે અને લગભગ તમામ લોકોના કરોડો રૂપિયા ફસાયા હોવાનું પણ જણાવ્યું હતું. બનાવ અંગે ભક્તિનગર પોલીસે ગુનો નોંધી પીઆઈ એમ.એમ.સરવૈયા અને ટીમે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

### રાજકોટમાં વધુ એક યુવા હૃદય દોડતું બંધ થયું...

# પોલીસ ભરતી માટે તૈયારી કરતો ૨૬ વર્ષનો યુવાન રનિંગ કરી ઘરે પહોંચ્યો'ને ઢળી પડ્યોઃ હાર્ટએટેકથી મોત

### મવડી મેઈન રોડ પર શ્રીનાથજી સોસાયટીમાં રહેતો વિશાલ કોળિયા પોતાના ઘરે બેભાન થયાં બાદ ટૂંકી સારવારમાં દમ તોડ્યોઃ આશાસ્પદ યુવાનનું મોત થતાં પરીવારમાં આક્રંદ

રાજકોટ, તા.૨૧

રાજકોટ કાળઝાળ ગરમીમાં શેકાયું છે. આગ ઓકતી ગરમીથી લોકો વ્યાકુળ બન્યા છે અને ગરમીના કારણે

Come join us and be a part of a team of dedicated, hard working & exciting people!

Our company is an internationally renowned manufacturer of aerospace, automotive, and orthopedic surgical tools. Founded in 1844, we are one of the oldest manufacturing companies in the United States. Our India Plant invites applications from eligible candidates for the positions mentioned below:

**Account Assistant**

**Education:** MBA (Finance) or equivalent; relevant experience preferred.

**New Development Engineer**

**Education:** Bachelor's degree in Engineering or related field; relevant experience preferred.

**Data Specialist**

**Education:** Diploma or Bachelor's degree, preferably in any Engineering discipline.

**Desired Candidate Profile:** We seek a candidate with good general knowledge, someone who enjoys reading books, solving puzzles, and has an analytical mind, along with proficiency in English communication and excellent computer skills.

**How to Apply:** Send resume to **hrindia@sswhite.net.**

S. S. White Technologies India Pvt. Ltd.
Wadhwan-Ahmedabad Highway, Near Krishna Petrol Pump, Wadhwan- Surendranagar- 363 030
**For more information call on +91 76980 03810**
**www.sswhite.co, www.sswhite.net, www.shuklamedical.com**



હાર્ટએટેકના બનાવોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે પોલીસમાં જોડાવા માટે તૈયારી કરતાં અને જોમ જુસ્સાથી રનીંગ કરતાં યુવાનો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો હતો. ગઈ રાતે પોલીસની ભરતીનો તૈયારી કરતો ૨૬ વર્ષીય યુવાન રનીંગ કરી ઘરે પહોંચ્યો હતો અને ત્યારે જ છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ બેભાન થઈ જતાં ટૂંકી સારવારમાં મોત નીપજ્યું હતું. બનાવથી પરિવારે આશાસ્પદ યુવાન ગુમાવતાં આક્રંદ છવાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, મવડી મેઈન રોડ પર શ્રીનાથજી સોસાયટી શેરી નં.૩ માં રહેતો વિશાલ અશોકભાઈ કોળિયા (ઉ.વ.૨૬) ગઈકાલે પોતાના ઘરે હતો ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો. યુવાનને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર કારગત ન નિવડતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

વધુમાં મળેલ વિગત મુજબ, મૃતક બે ભાઈ એક બહેનમાં મોટો અને અપરિણીત હતો. તે આગામી સમયમાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઈટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી C-POINT
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ સૌથી સરળ કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241

# આવાસો ભાડે આપવાની પ્રવૃત્તિ પર ફરી દરોડા શરૂ : મવડીની ટાઉનશીપમાં એક સાથે ૧૧ કવાર્ટરને સીલ

### નોટીસોના જવાબ અમાન્ય : લક્ષ્મણ ટાઉનશીપમાં મનપાની કડક કાર્યવાહી

રાજકોટ, તા. ૨૧

મ્યુનિ. કોર્પોરેશનની આવાસ યોજનામાં ગેરકાયદે ઘુસણખોરી, ભાડે આપવાના ધંધા સહિતની ગેરરીતિ અંગે ફરી ચેકીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. તેના ભાગરૂપે મવડીની લક્ષ્મણ ટાઉનશીપમાં ૧૧ આવાસમાં લાભાર્થી સિવાયના અન્ય લોકો રહેતા હોવાનું માલુમ પડતા તપાસ અને નોટીસની કાર્યવાહીના અંતે આ તમામ આવાસ સીલ કરી દેવાયા છે.

મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસો બનાવવામાં આવેલ છે. ત્યાં આવાસ યોજના વિભાગ દ્વારા ચેકીંગ કરવામાં આવતા મવડીના સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક આવેલ શ્રી લક્ષ્મણ ટાઉનશીપ ખાતે અમુક કવાટર્સમાં મૂળ લાભાર્થીના સ્થાને અન્ય વ્યક્તિઓ, ભાડુઆતો રહેતા હોવાનું માલુમ પડતા નોટીસ આપવામાં આવી હતી.




આ નોટીસ અન્વયે આસામીઓ દ્વારા રજુ કરવામાં આવેલ લેખિત પ્રત્યુત્તર ગ્રાહય રાખવા યોગ્ય ન જણાતા ગઈકાલે ૧૧ આવાસો આવાસ યોજના વિભાગ દ્વારા સીલ કરવામાં આવેલ છે. આ રીતે જરૂર ન હોવા છતાં આવાસ યોજનામાં અરજી કરીને કવાર્ટર મેળવ્યા બાદ તેનો ધંધાદારી ઉપયોગ કરતા લોકો સામે કડક કાર્યવાહી શરૂ કરાઈ છે. જરૂરીયાત વગરના લોકો આવાસ મેળવે તે કારણે વાસ્તવમાં જેમને ઘરની જરૂર હોય તેવા લોકો લાભથી વંચિત પણ રહી જતા હોય છે તે ઉલ્લેખનીય છે.

ધોરાજી
મારબલની જુની મશીનરી ચાલુ કંડીશનમાં વેચવાની છે
૨ પાલીસ મશીન / ૨ કટીંગ મશીન ફાયદામાં વેચવાની છે
મો. ૮૭૫૮૮ ૬૪૯૯૨
મો. ૯૮૨૫૦ ૯૦૦૮૯

REQUIRE
ઈલેકટ્રીકલ એન્જીનીયર | 1
ડિપ્લોમા ઈલેકટ્રીકલ એન્જીનીયર/ITI, અનુભવીને પ્રથમ પસંદગી. કોમ્પ્યુટરનું નોલેજ હોવું જરૂરી.
અરજી સાથે રૂબરૂ મળો
Silver Group
401, Silver Coin, Opp.Crystal Mall, Kalawad Road, Rajkot. M: 97261 59641

પ્રવેશ પ્રક્રિયા શરૂ છે
સમય : સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે
પટેલ પાર્ક, શેરી નં. ૧, રામધણ બંગ્લોઝની પાછળ, રાજકોટ
Mo. 95100 99686, 82000 07672
લિટલ હેવન પ્રી સ્કુલ
ગુજરાતી માધ્યમ
શિવમ વિદ્યાલય
Play House Nursery L.K.G. H.K.G.
મવડી પ્લોટ વિસ્તારની મોટામાં મોટી પ્રી સ્કુલ કે જયાં બાળકોને જ્ઞાન સાથે ગમત અને બેસ્ટ એજયુકેશન આપતી પ્રિ-સ્કુલ
અમારી ખાસીયતો
– આપના બાળકોના પાયાનું સર્વશ્રેષ્ઠ ઘડતર એટલે લીટલ હેવન પ્રી સ્કુલ.
– આનંદપૂર્ણ હવા ઉજાસવાળુ પાંચ માળનું વિશાળ બિલ્ડીંગ.
– બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત–ગમતનું વિશાળ ગ્રાઉન્ડ.
– સ્કુલનો પ્રાઈવેટ સ્વીમીંગ પુલ.
– બાળકોને રમત–ગમત સાથે જ્ઞાન મળે તેવી વ્યવસ્થા.
–સમયાંતરે વાલી મીટીંગ.
– દર અઠવાડિયે વિકલી ટેસ્ટ.
– દર છ માસના અંતે બાળકોને અપાતો પ્રોગ્રેસ રીપોર્ટ.
–અનુભવી નિષ્ણાંત શિક્ષકો દ્વારા અપાતુ શિક્ષણ.
– શનિવારના દિવસે બાલસભા, કસરત, અવનવી પ્રવૃતિઓનું આયોજન.
– દરેક વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનો હોવાથી વહેલાસર પ્રવેશ મેળવી લેવો.

## વ્યાસપીઠ પરથી ચોક્કસ સમાજની ટીપ્પણી થતાં કથાની તાત્કાલીક પૂર્ણાહુતી

# ઉનાના સિમર ગામે કથાકારના વિવાદાસ્પદ પ્રવચન સામે આક્રોશઃ અંતે માફી માંગી

### હિંગરાઈ ધામ ખાતેની કથામાં વ્યાસપીઠ પરથી કથાકાર, રાજુબાપુએ કોળી-ઠાકોર સમાજની લાગણી દુભાવતા પોલીસ ફરિયાદઃ અંતે બાપુને પોલીસ હવાલે કરતા માફી માંગી



(ફારૂક ચૌહાણ) ઉના,તા.૨૧

ઊનાના સિમર ગામે આવેલ હિંગરાઈ ધામ વસ્તાગીરી બાપુ ના સમાધ સ્થાન સમુદ્ર શેડ ખાતે ચાલતી શીવ કથાના વ્યાસપીઠ પર ગત તારીખ ૧૯ મે ના રાત્રિના સમયે સાવર કુંડલા ના મોટા જીજુડા ના રહીશ કથાકાર રાજુબાપુ એ કથા નુ રસ પાણ કરાવતી વખતે બેન દિકરીઓ ના લગ્ન બાબતે કોળી, ઠાકોર સમાજ ને નિચ કૂળ ના ગણાવી ને અપમાનિત કર્તા શબ્દો પ્રયોગ કરતા અને આ કથા નુ લાઈવ ચેનલ ઉપર પસારણ થતુ હોય જે જોઈ ને કોળી સમાજ ની લાગણી દુભાય હોવાથી આગેવાનોએ રોષપૂર્વક વિરોધ વ્યક્ત કરી ને આ બાબતે હિન્દ યુવા સંગઠન ભારત ગીર સોમનાથ જિલ્લાના ઊપાદયક્ષ મહેશભાઈ રામજીભાઈ બારૈયા કોળી કથાકાર રાજુબાપુ સામે કોળી ઠાકોર સમાજ વિશે કથા મચ ઉપર ઉચ્ચારેલ અપમાનિત શબ્દ અંએ નવાબંદર મરીન પોલીસ સ્ટેશન મા ફરીયાદ નોંધાવતા પોલીસ એ તાત્કાલિક રાજુબાપુ ને પોલીસ સ્ટેશને લાવેલા પણઅટકાયત કરી નાં હતી અને કાયદેસર ની કાર્યવાહી હવે આગામી ૨૭ તારીખે થશે.

કથા મંચ પરથી રાજુબાપુ એ જણાવેલ કે બ્રહ્મસમાજ કે સાધુ સંત મા જન્મેલ સમાજની દિકરી કોળી ઠાકોરના દિકરા સાથે લગ્ન કરી લે એ કલંક છે. જે કુળમાં સારો વિચાર નથી જે કુળમાં કોઈ સંસ્કાર નથી એવા નીચ કુળની જન્મેલા સંતાનમાં શુ હોય આવુ કથા દરમ્યાન બોલી કોળી ઠાકોર સમાજની લોકોની લાગણી દુભાય તેવુ ધુણાસ્પદ કુત્ય બિભત્સ શબ્દોનુ ઉચ્ચારણ કરી જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચે સુલેહ શાંતિનો ભંગ કરતુ કૃત્ય કરતા સીમર ગામના કોળી સમાજના મુકેશભાઈ જેઠાભાઈ ભીલ, શૈલેષભાઈ મંગાભાઈ ડાભી, ભાવેશભાઈ માલાભાઈ રાઠોડ, કમલેશભાઈ છળનભાઈ બાંભણીયા વિગેરે સાથે રહીને નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ફરીયાદ દાખલ કરી હતી

સાધુ સંત અને વ્યાસપીઠ પર બેસતા ધર્મ નુ જ્ઞાન આપતા લોકોએ સમાજ ને જોડવા નુ કામ કરવા નુ હોય છે પવિત્ર સ્થાને થી કથા વાચક એ કોઈ સમાજ ને અપમાનિત કરીને નિચુ દેખાડવાનુ જ્ઞાતિ વર્ગીકરણ કરીને દુશ્મનાવટ ઊભી થાય તેવુ કૃત્ય આચરનાર ને ક્યારેય વ્યાસપીઠ જેવા સ્થાને બેસાડાય નહિ તેવો શુર કોળી ઠાકોર સમાજ ના આગેવાનોએ રોષપૂર્વક વ્યક્ત કરી ને આ નિવેદન નો રોષપૂર્વક વિરોધ વ્યક્ત કરેલ હતો આ બાબત નો રોષ પ્રગટ થતા સીમર ગામે ચાલતી શીવ પુરાણ કથા ની વહેલા પુરાહુતિ કરી લેવાય છે અને કથાકાર રાજુબાપુ ને પોલીસ હવાલે કરાયા બાદ એક માફી માગતો વિડીયો વાયરલ કરેલ જેમા પોતે આ શબ્દ ઉચ્ચારણ પાછળ કોળી ઠાકોર સમાજ ની લાગણી દુભાય તેવો કોઈ આશ્રય નહિ હોવાનુ જણાવેલ છે હાલ સમગ્ર પ્રકરણ ભારે રોષ ભભૂકી ઉઠયો છે.

**કથાકાર ને આગામી ૨૭ તારીખે બોલાવ્યા**

આ ઘટના બાબતે નવાબંદર મરીન પોલીસ સ્ટેશન પી.એસ.આઇ જાદવ નો સંપર્ક કરતા તેમણે જણાવેલ કે કથાકાર રાજુબાપુ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે અને મોડી રાત્રી નાં તેમને પોલીસ સ્ટેશન લાવેલા અને તેમને આગામી તારીખ ૨૭ નો રોજ પોલીસ સ્ટેશન પર હાજર થવા નોટિસ આપેલ છે હવે એ આવશે ત્યારે તેમની અટક કરવામાં આવશે હાલ આ ઘટના બાદ વાતાવરણ શાંત છે

**યુવાનો ઉમટી પડ્યા**

આ ઘટના માં વ્યાસપીઠ પર થી અશોભનીય ઉચ્ચારણ કરનાર કથાકાર રાજૂબાપુ ને રાત્રી નાં કોળી સમાજ નાં યુવાનો માં રોષ જોવા મળ્યો હતો અને કથાકાર ને નવાબંદર પોલીસ સ્ટેશન લાવતા કોળી સમાજ ના યુવાનો પણ પોલિસ સ્ટેશન પર પોહચી ગયા હતા અને બનાવ ની જાણ ઉચ્ચ અધિકારી ને થતાં ડી.વાય.એસ.પી સહિત નો મોટો પોલીસ કાફલો પણ પોહચી ગયેલ



**કથાકાર નાં નિવેદન થી સમાહ અધૂરી રહી**

સિમર મુકામે સમસ્ત ગૌસ્વામી સમાજ અને મેઘનાથી પરીવાર દ્વારા શીવ મહાપુરાણ સપ્તાહ નાં આયોજન માં કથાકાર રાજુબાપુ દ્વારા કોળી અને ઠાકોર સમાજ ને નીચ કુળ નાં હોવાની ટિપ્પણી કરતા કોળી સમાજ માં રોષ ફાટી નીકળતા આજે કથા પણ અધૂરી રહી આ બાબતે કોળી સમાજ ના આગેવાનો નો સંપર્ક કરતા તેમણે જણાવેલ કે વ્યાસપીઠ પર થી એક કથાકર દ્વારા કોળી અને ઠાકોર સમાજ ને નીચો બતાવવામાં આવ્યો છે તેથી એ માફી ને પાત્ર નથી અને સમગ્ર દેશ નાં કોળી અને ઠાકોર સમાજે નક્કી કરવાનું છે કે કથાકાર ને માફ કરવા કે નહીં તેવું હિન્દુ યુવા સંગઠન નાં પ્રમુખ મહેશભાઈ બારિયા એ જણાવેલ છે.

# હજ યાત્રીઓ માટે જરૂરી ફલાઈટનું સમયપત્રક

**(ફારૂક ચૌહાણ) વઢવાણ, તા. ૨૧**

ગુજરાત સૌરાષ્ટ્ર ભરમાંથી જ્યારે હાજીઓ હજ યાત્રા કરવા જનાર છે ત્યારે તેનું સમય પત્રક અને ક્યારે કઈ ફલાઈટ ઉપડે છે. જેની માહિતી આપવામાં આવી છે દરેક મુસ્લિમ ભાઈ બહેનો જે હજયાત્રા માટે જાય છે તેમના માટે આ સમય પત્રક ખાસ ઉપયોગી બને તેવા હેતુથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**અમદાવાદ એરપોર્ટથી જિદ્દાહ જાવાવાળી હજ કમીટીની ફલાઈટનું ટાઈમ ટેબલ**

| ફલાઈટ નંબર, તારીખ, ટાઈમ | | | | | | ખિદમતની તારીખ, ટાઈમ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| નં. | ફલાઈટ નં. | તારીખ | દિન | ટાઈમ | | તારીખ | પહોંચવાનો સમય | ટાઈમ |
| ૧ | એસવી-૫૨૬૫ | ૨૬/૫ | ઈતવાર | ૧૦.૨૦ | સુબહ | ૨૬/૫ | સવારે | ૫.૩૦ |
| ૨ | એસવી-૫૫૮૯ | ૨૬/૫ | ઈતવાર | ૩.૨૫ | બપોરે | ૨૬/૫ | સવારે | ૧૦.૩૦ |
| ૩ | એસવી-૫૫૯૧ | ૨૬/૫ | ઈતવાર | ૭.૦૦ | બપોરે | ૨૬/૫ | બપોરે | ૨.૦૦ |
| ૪ | એસવી-૫૫૯૩ | ૨૭/૫ | પીર | ૧.૪૦ | બપોરે | ૨૭/૫ | સવારે | ૯.૦૦ |
| ૫ | એસવી-૫૫૯૫ | ૩૦/૫ | જુમેરાત | ૧૧.૫૦ | સવારે | ૩૦/૫ | સવારે | ૭.૦૦ |
| ૬ | એસવી-૫૪૫૫ | ૩૦/૫ | જુમેરાત | ૫.૨૫ | બપોરે | ૩૦/૫ | બપોરે | ૧૨.૩૦ |
| ૭ | એસવી-૫૨૬૫ | ૩૧/૫ | જુમ્મા | ૪.૩૦ | બપોરે | ૩૧/૫ | બપોરે | ૧૧.૩૦ |
| ૮ | એસવી-૫૫૮૭ | ૧/૬ | શનિચર | ૧૦.૧૫ | સવારે | ૧/૬ | સવારે | ૫.૩૦ |
| ૯ | એસવી-૫૨૬૯ | ૨/૬ | ઈતવાર | ૬.૪૦ | બપોરે | ૨/૬ | બપોરે | ૧.૪૫ |
| ૧૦ | એસવી-૫૫૮૯ | ૩/૬ | પીર | ૧૨.૦૦ | બપોરે | ૩/૬ | સવારે | ૭.૦૦ |
| ૧૧ | એસવી-૫૫૦૩ | ૪/૬ | મંગલ | ૧૨.૨૫ | બપોરે | ૪/૬ | સવારે | ૭.૩૦ |
| ૧૨ | એસવી-૫૨૭૧ | ૫/૬ | બુધ | ૮.૩૫ | સવારે | ૫/૬ | રાત્રે | ૩.૩૦ |
| ૧૩ | એસવી-૫૬૮૫ | ૬/૬ | બુધ | ૬.૩૫ | બપોરે | ૬/૬ | બપોરે | ૧.૩૦ |
| ૧૪ | એસવી-૫૫૦૯ | ૬/૬ | જુમેરાત | ૧૦.૧૦ | સવારે | ૬/૬ | સવારે | ૫.૧૫ |
| ૧૫ | એસવી-૫૫૮૭ | ૭/૬ | જુમેરાત | ૧૦.૫૦ | સવારે | ૭/૬ | સવારે | ૬.૦૦ |
| ૧૬ | એસવી-૫૭૫૧ | ૭/૬ | જુમ્મા | ૫.૫૦ | બપોરે | ૭/૬ | બપોરે | ૧.૦૦ |
| ૧૭ | એસવી-૫૫૦૭ | ૮/૬ | જુમ્મા | ૬.૪૫ | બપોરે | ૮/૬ | બપોરે | ૨.૦૦ |
| ૧૮ | એસવી-૫૩૬૯ | ૮/૬ | શનિચર | ૧૦.૧૦ | સવારે | ૮/૬ | સવારે | ૫.૦૦ |
| ૧૯ | એસવી-૫૫૦૧ | ૮/૬ | શનિચર | ૧૨.૨૫ | બપોરે | ૮/૬ | સવારે | ૭.૩૦ |
| ૨૦ | એસવી-૫૫૦૫ | ૯/૬ | ઈતવાર | ૯.૪૫ | સવારે | ૯/૬ | સવારે | ૫.૦૦ |
| ૨૧ | એસવી-૫૫૭૭ | ૯/૬ | ઈતવાર | ૭.૨૫ | બપોરે | ૯/૬ | બપોરે | ૨.૩૦ |

**ઘુડખરની ગણતરીનું આયોજન**

# આજથી બે દિવસ અભ્યારણ્ય વિભાગના ૨૫૦૦ સ્ટાફ દ્વારા ૩૬૨ પોઈન્ટ પર ઘુડખરની ગણતરી યોજાશે

### કચ્છના નાના રણમાં સંખ્યા ૭ હજારને પાર જશેઃ૪૫ ડિગ્રીમાં ઘુડખરની ગણતરી કરવી પડકારજનક : ૨૦૨૦માં થયેલી ગણતરી મુજબ ઘુડખરની સંખ્યા ૬૦૮૨ નોંધાઈ







(ફારૂક ચૌહાણ) વઢવાણ,તા.૨૧

૨૧ અને ૨૨મી મેના રોજ બે દિવસ અભ્યારણ્ય વિભાગના ૨૫૦૦ જણાના સ્ટાફ દ્વારા ૩૬૨ પોઈન્ટ પર ઘુડખરની ગણતરી યોજાશે. ત્યારે કચ્છના નાના રણમાં ઘુડખરોની સંખ્યા ૭,૦૦૦ને પાર જશે,પણ ૪૫ ડિગ્રીમાં ઘુડખરની સાચી ગણતરી પડકારજનક હોવાનું પણ સામે આવ્યું છે. આ વર્ષે ૨૧ અને ૨૨મેના રોજ ઘુડખરની ગણતરીમાં સૌ પ્રથમ વખત ટેકનોલોજીનો ઉપયોગ કરી કુલ ૩૬૨ પોઈન્ટ પર ડ્રોન કેમેરા,જીપીએસ સિસ્ટમ, કેમેરા ટ્રેપ અને ઓનલાઈન પોર્ટલ દ્વારા કરવામાં આવશે.જેમાં દર પાંચ વર્ષે ઘુડખરની ગણતરી કરવામાં આવે છે.અને છેલ્લે ૨૦૨૦ થયેલી.

અત્યાર સુધીમાં નવ વખત આ ગણતરી કરવામાં આવી છે. અને હવે દશમી વખત ગણતરી યોજવા જઈ રહી છે.હાલમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી સુરેન્દ્રનગર જિલ્લામાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર પહોંચ્યો છે, અને એમાંય કચ્છના નાના રણમાં તો હાલ ગરમીનો પારો ૪૬ ડિગ્રીએ છે,ત્યારે આકાશમાંથી અગનગોળા વરસાવતી કાળઝાળ ગરમીમાં દુર્લભ ઘુડખરની વસ્તી ગણતરી કરવી એ વનવિભાગના સ્ટાફ માટે પડકારજનક અને લોઢાના ચણા ચાવવા સમાન બની રહેશે.ત્યારે કચ્છના નાના રણમાં આ વર્ષે ઘુડખરોની સંખ્યા ૭,૦૦૦ને પાર જશે એ નિશ્ચિત છે.

આજથી કેટલાંક વર્ષો અગાઉ ''ખુશ્બુ ગુજરાત કી'' એડ કેમ્પેઇન અંતર્ગત સદીના મહાનાયક અમિતાભ બચ્ચને ''ઘૂડખર''ને ગુજરાતના સરતાજ તરીકે નવાજવાની સાથે ''એક ગધા જો સારે ગધો કા નામ રોશન કરેગા'' અને 'ગધા કોઈ ગાલી નહીં, તારીફ કી થાલી હે' ના વિશેષણોથી નવાજી રણના દૂર્લભ ઘૂડખર આંતરરાષ્ટ્રીય ફલક સુધી ખ્યાતી પામ્યા હતા.

સને૧૯૪૬માં ઘૂડખરની સૌ પ્રથમ ઘૂડખરની વસ્તી ગણતરી યોજાઇ હતી એ સમયે રણમાં જોવા મળતા ઘૂડખરની સંખ્યા ૩૫૦૦ નોંધાઇ હતી. જે ૧૯૬૩માં ભયંકર રોગચાળો આવતા ઘૂડખરની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટીને માત્ર ૩૬૨ જ થઈ ગઈ હતી. અને છેલ્લે ૨૦૨૦માં કરાયેલી વસ્તી ગણતરી અનુસાર ઘૂડખરની સંખ્યા ૬૦૮૨ નોંધાઈ હતી.

પાટડી આજે તા. ૨૧ અને ૨૨મી મેના રોજ ૨ દિવસ અભ્યારણ્ય વિભાગના ૨૫૦૦ જણાના સ્ટાફ દ્વારા ૩૬૨ પોઈન્ટ પર ઘુડખરની ગણતરી યોજાશે. ત્યારે કચ્છના નાના રણમાં ઘુડખરોની સંખ્યા ૭,૦૦૦ને પાર જશે, પણ ૪૫ ડિગ્રીમાં ઘુડખરની સાચી ગણતરી પડકારજનક હોવાનું પણ સામે આવ્યું છે. આ વર્ષે ૨૧ અને ૨૨મેના રોજ ઘુડખરની ગણતરીમાં સૌ પ્રથમ વખત ટેક્નોલોજીનો ઉપયોગ કરી કુલ ૩૬૨ પોઈન્ટ પર ડ્રોન કેમેરા, જીપીએસ સિસ્ટમ, કેમેરા ટ્રેપ અને ઓનલાઈન પોર્ટલ દ્વારા કરવામાં આવશે. જેમાં દર પાંચ વર્ષે ઘુડખરની ગણતરી કરવામાં આવે છે. છેલ્લે ૨૦૨૦ થયેલી ગણતરી મુજબ ઘુડખરની સંખ્યા ૬૦૮૨ નોંધાઈ હતી. અત્યાર સુધીમાં ૯ વખત આ ગણતરી કરવામાં આવી છે. અને હવે દશમી વખત ગણતરી યોજવા જઈ રહી છે. હાલમાં છેલ્લા ૩-૪ દિવસથી સુરેન્દ્રનગર જિલ્લામાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર પહોંચ્યો છે, અને એમાંય કચ્છના નાના રણમાં તો હાલ ગરમીનો પારો ૪૬ ડિગ્રીએ છે. ત્યારે ઘુડખરની વસ્તી ગણતરી કરવી એ વનવિભાગના સ્ટાફ માટે પડકારજનક રહેશે.

# કરિયાણાના બાકી બે હજાર માંગતા ગ્રાહક અને વેપારી વચ્ચે બઘડાટીઃ બંનેને ઈજા

### નાગેશ્વરમાં ધવલ શાહના સ્ટોરેથી ગીતાબેને ઉધાર કરિયાણું લીધું હતુંઃ સારવારમાં ખસેડાયા





રાજકોટ તા.૨૧

નાગેશ્વરમાં આવેલ અનાજ કરિયાણાની દુકાનના બાકી બે હજાર માંગતા ગ્રાહક અને વેપારી વચ્ચે બઘડાટી થઈ હતી. બનાવમાં સામસામે બંને લોકોને ઈજા પહોંચતા સારવારમાં ખસેડાયા હતાં.

પ્રાપ્ત વિગત મુજબ, ભવાની ચોક નાગેશ્વરમાં રહેતો ધવલ રાજેશભાઈ શાહ (ઉ.વ.૩૫) નામનાં યુવક પર ધર્મેશ ચુડાસમા અને તેના ભાઈ નિકુંજ ચુડાસમાએ હુમલો કર્યો હતો. ધવલ નાગેશ્વરમાં રાજ જનરલ સ્ટોર નામની દુકાન ધરાવે છે. ધર્મેશ ચૂડાસમાની માતા ગીતાબેને અગાઉ ધવલ શાહના સ્ટોરેથી ઉધારમાં કરિયાણું લીધું હતું. જેના બે હજાર ચડત થઈ ગયાં હતાં. એક મહીના પહેલા ધવલે ગીતાબેન પાસે બે હજાર માંગતા મામલો બીચકાયો હતો. ત્યારે બોલાચાલી થઈ હતી. બાદ ગઈ કાલે રાત્રીના ફરિવાર પૈસા માંગતા ગીતાબેનના બંને પુત્ર ધર્મેશ અને નિકુંજે ઝઘડો કર્યો હતો. અને આજે બપોરના દોઢેક વાગ્યાની આસપાસ ધવલ શાહ પોતાની દૂકાને હતો ત્યાર ધર્મેશ ચૂડાસમા અને નિકુંજ ચૂડાસમા ત્યાં આવી ઝઘડો કરી હુમલો કર્યો હતો. જ્યારે સામે ધવલ શાહે કાતર વડે હુમલો કરી ધર્મેશને ઈજા પહોચાડી હતી. બાદ બંને યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલમાં પણ બંને યુવકે ઝગડો કર્યો હતો. બનાવ અંગેની જાણ થતાં પ્ર. નગર પોલીસ દોડી ગઈ હતી.




## ટીવીએસ મોટર કંપનીએ ગુજરાતમાં ટીવીએસ આઇક્યુબના પોર્ટફોલિયોમાં નવા વેરિઅન્ટ્સ રજૂ કર્યા, ઇલેક્ટ્રિક મોબિલિટીને ગ્રાહકો માટે સુલભ બનાવી

રાજકોટ,તા.૨૧

અમદાવાદ, ૧૭ મે, ૨૦૨૪-ટકાઉ મોબિલિટી સોલ્યુશન્સ ઓફર કરવા અને ગ્રાહકોને પાવર ઓફ ચોઇસપૂરી પાડવા માટેની પોતાની પ્રતિબદ્ધતા સાથે અગ્રણી ગ્લોબલ ઓટોમેકર ટીવીએસ મોટર કંપનીએ આજે અમદાવાદમાં 2.2 kWh બેટરી સાથેના ટીવીએસ આઈક્યુબનું નવું વેરિઅન્ટ લોન્ચ કર્યું હતું. સાથે સાથે, કંપની સમગ્ર રાજ્યમાં ગ્રાહકોને આજથી ટીવીએસ આઈક્યુબ એસટી ડિલિવર કરવા માટે પણ તૈયાર છે. ટીવીએસ આઈક્યુબ એસટી બે વેરિઅન્ટ્સમાં મળશે, 3.4 kWh અને 5.1 kWh, જે આ સેગમેન્ટમાં સૌથી વધુ બેટરી પેક ધરાવે છે. આ સાથે ટીવીએસ આઈક્યુબ સિરીઝ હવે વાઇબ્રન્ટ 11 કલર્સમાં પાંચ વેરિઅન્ટ્સની શ્રેણી પૂરી પાડે છે જે તેને માર્કેટમાં સૌથી મોટી તથા સૌથી આકર્ષક ઇવી પોર્ટફોલિયો પૈકીનો એક બનાવે છે.

ટકાઉ મોબિલિટી સોલ્યુશન્સમાં અગ્રણી તરીકે ટીવીએસ મોટર કંપની વિશ્વસનીય, નવીનતમ અને આકર્ષક પ્રોડક્ટ્સ સાથે ઇવી સેગમેન્ટમાં તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે. સૌના માટે ઇવી સુલભ બનાવવાના તેના વિઝન તથા પ્રયાસમાં આગળ વધતા ૨.૨ સઠવ બેટરી વેરિઅન્ટ સાથે ટીવીએસ આઈક્યુબ સિરીઝ ગુજરાતમાં રૂા.૯૫,૭૩૪ની પ્રારંભિક અસરકારક એક્સ-શોરૂમ કિંમત સાથે શરૂ થાય છે જે ગ્રાહકો માટે ટોટલ કોસ્ટ ઓફ ઓનરશિપ (ટીસીઓ) ઘટાડવામાં વધુ મદદ કરશે.

# ટ્રાવેલ્સના ધંધાર્થીને પૂર્વ પાર્ટનરે જાનથી મારી નાખવાની ધમકી આપી

### ઓફિસે પાર્સલમાં આવેલ કેરીની પેટી પણ ચોરી ગયો, રાજુભાઈ સુખવાણીએ આરોપી રાજેશભાઇ કેશવાણી સામે ફરિયાદ નોંધાવી

રાજકોટ, તા.૨૧

ટ્રાવેલ્સના ધંધાર્થીને પૂર્વ પાર્ટનરે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ફરિયાદી રાજુભાઈ ચંદુલાલ સુખવાણી (ઉ.વ.૫૦, રહે. ૧૫૦ ફૂટ રિંગ રોડ એચ.સી.જી. હોસ્પિટલ સામે કલાઉડ નાઈન એપાર્ટમેન્ટ)એ જણાવ્યું કે, મોટી ટાંકી ચોક મહાસાગર ટ્રાવેલસની ઓફીસે ટ્રાવેલ્સનો ધંધો કરું છું. હાલે કેરીની સિઝન હોય એટલે જુનાગઢથી જુદી જુદી પાર્ટીની કેરીઓ મારી ઓફીસે આવતી હોય છે. વધુમાં કહ્યું કે, ગઇ તા ૦૮/૦૫/૨૦૨૪ ના રોજ સાંજના સાડા છએક વાગ્યાની આસપાસ મારી ઉપરોક્ત ઓફીસે મારા જુના ધંધા પાર્ટનર રાજેશભાઇ ચંદુલાલ કેશવાણી આવેલ હતા અને તેઓ સાથે મારે સને ૨૦૧૬ સુધી દુકાન લે-વેચનો તથા રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં દુકાન લઇ, બંને પેઢીઓ ચલાવતા હતા અને ત્યારબાદ તેનો સ્વભાવ મારી સાથે સેટ ન થતો હોય જેથી અમે બંને સને-૨૦૧૭ મા રાજીખુશીથી બધા ધંધામાથી છુટા પડેલ હતા અને આ રાજેશભાઈ મને અવારનવાર ફોન કરી મારી સાથે કામ ધંધો કરવા મને જણાવતા હતા. તેઓ ઓફીસે આવી તુ મને તારી સાથે ધંધામા પાર્ટનરમાં રાખ જેથી મે ના પાડતા તેને મને જણાવેલ કે તુ મારી સાથે ધંધામા પાર્ટનર નહિ રે તો હુ તને તથા તારા બંને છોકરા પ્રકાશ તથા યશને જાનથી મારી નાખીશ. તેમ કહીં તે જતો રહેલ. તે જ રાત્રીના સાડા આઠેક વાગ્યાની આસપાસ ઓફિસે કેરીની પેટીઓ ત્યા પડેલ હોય અને ત્યા આ રાજેશભાઈ રાત્રીના પોણા આઠેક વાગ્યાની આસપાસ આવીને મારા સ્ટાફના માણસો ત્યા હાજર હોવા છતા કોઈને જાણ કર્યા વગર ત્યાથી એક કેરીની પેટી લઇ ને જતો રહ્યો હતો. પ્ર. નગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સિંહણને મોત બાદ દાટી દેવાના મામલે ઝડપાયેલ બે આરોપી જેલહવાલે

### કાલાવડ તાલુકાના હંસસ્થળ ગામે દરગાહની પાછળના ભાગમાં સિંહણનો મૃત્તદેહ દાટી દેવાયો હતોઃ આરોપીઓએ પોતાની વાડી ફરતે વીજપ્રવાહ વાળી ફેન્સીંગ બાંધી હોવાની તેને અડતા સિંહણનું થયું હતું મોતઃ ગુન્હો છુપાવવાના ઈરાદે આરોપીઓએ સિંહણના મૃત્તદેહને દફનાવ્યો હતોઃ વનવિભાગની તપાસમાં સમગ્ર મામલો બહાર આવતા કરાઈ હતી કાર્યવાહી

જામનગર તા.૨૧

કાલાવડ તાલુકાના હંસસ્થળ ગામે દરગાહની પાછળના ભાગે સિંહણના મૃત્તદેહને દાટી દેવાના પ્રકરણમાં ઝડપાયેલ બન્ને આરોપીઓને પોલીસ રિમાન્ડ પુરા થતાં જેલહવાલે કરવામાં આવ્યા છે.



આરોપીઓએ પોતાની વાડી ફરતે લગાવેલી ફેન્સીંગમાં ગેરકાયદેસર રીતે વિજળીનો કરંટ મુક્યો હોવાથી તેને અડી જતાં સિંહણનું મોત નિપજ્યું હોવાનું બહાર આવ્યું હતું.

જામનગર વનવિભાગની જામનગર રેન્જ દ્વારા સામાજીક વનિકરણ રેંજ કાલાવડ કચેરીને જાણ થયેલ કે કાલાવડની ખંઢેરા બીટના કાર્યક્ષેત્ર હેઠળ હંસ્થળ રેવન્યુ વિસ્તારમાં મળદપીર દરગાહની પાછળ વાળા ભાગમાં સિંહણનો મૃતદેહ જુની બેલા પથ્થર ખાણમાં દાટેલી હાલતમાં જોવા મળેલ હોય અને જે ગેરકાદેસર રીતે નિકાલ કરેલ હોય તેવુ પ્રાથમિક નજરે જણાઈ આવતા સ્થળ પર તત્કાલીક વનવિભાગની ટીમ, એફ.એસ.એલ ટીમ, વેટરનરી ડોકટરોની ટીમ પહોંચી જઈ સ્થળ પર ખોદકામ કરીને સિંહણના મૃતદેહને બહાર કાઢી વધુ તપાસ માટે સેમ્પલો એકત્રીત કરવામાં આવેલ હતા.જે તપાસમાં મુખ્ય વનસંરક્ષક જુનાગઢ ડો.કે.રમેશ, વન સંરક્ષક રાજકોટ આર.સેન્થિલકુમાર તથા નાયબ વન સંરક્ષક જામનગર વન વિભાગ આર.ધનપાલ અને નાયબ વન સંરક્ષક, સામાજીક વનિકરણ વિભાગ દેવભુમી દ્વારકા અરુણકુમાર સહીતના ઉચ્ચ અધિકારીઓએ ગુન્હા બનાવના સ્થળની રૂબરૂ મુલાકાત કરી બનાવનો તાગ મેળવી ગુનો શોધી કાઢવા તથા ગુનામાં સંડોવાયેલા આરોપીઓને શોધી કાઢવા ચાવીરૂપ માર્ગદર્શન આપેલ.

તપાસમાં અલગ અલગ સ્થળે રેડ કરવામાં આવેલ અને બનાવને સંલગ્ન ઈસમોના નિવેદનો નોંધી વાડીની ફરતે મુકાયેલ ફેન્સીંગમાં વીજ કરંટથી સિંહણના મુત્યુ બાદ તેના મૃતદેહના નિકાલનાં ગુના કેસમાં સંડોવાયેલ ઈસમો સુધી પહોચી કુલ ૦૨ ઈસમો નજરમામદ નોયડા ઉર્ફે નિઝામ અનવર નોયડા ગામ હંસ્થળ અને હુશેન ખાનમામદ નોયડા ગામ હંસ્થળ વિરૂદ્ધ કાલાવડ રેન્જ ગુના રજીસ્ટર નંબર ૦૧/૨૦૨૪-૨૫ તા.૧૦/૦૫/૨૦૨૪ થી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ (સુધારા અધિનિયમ-૨૦૨૨) ની કલમ ૨(૧),૨(૧૬), ૨(૧૬)(સી), ૨(૩૩), ૯, ૩૯, ૫૦, ૫૧, ૫૨, ૫૫(એ) અને કલમ ૫૭ હેઠળનો ગુનો રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને વાઈલ્ડ લાઈફ વોર્ડન કાલાવડને મળેલ સત્તાની રૂએ દાખલ કરેલ. અને તપાસ દરમિયાન સરકારી પંચોની હાજરીમાં આરોપીઓ દ્વારા ઉપયોગમાં લીધેલ ગાડું નંગ-૦૧, મોટર સાયકલ નંગ-૦૧, દાતરડું નંગ-૦૧, પાવડો નંગ-૦૧, તગારા નંગ -૦૨, વાડીની ફરતે ઈલેક્ટ્રીક શોર્ટ માટે ઉપયોગ કરેલ તાર ના બંડલ નંગ-૦૩,લાકડા ની સાઠી-૩૮ નંગ,મોબાઈલ નંગ-૦૨ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી આરોપીઓને કાલાવાડ ખાતે જ્યુડીશીયલ ફર્સ્ટકલાસ જજની કોર્ટમાં તા.૧૧.૦૫.૨૦૨૪ ના રોજ રજૂ કરી તેના રીમાન્ડ મેળવેલ જે રીમાન્ડ દરમીયાન આરોપીઓ પાસે સરકારી પંચો રૂબરૂ ઘટનાક્રમનું રીકન્ટ્રક્શન કરાવવામાં આવેલ. સિહણનો મૃતદેહ ગાડામાં લઈ મળદપીર દરગાહ પાછળ વાળા જુની બેલા પથ્થર ખાણ ખાતે લઈ જવામાં આવ્યો હોવાનું તપાસમાં ખુલ્યુ હતું તેમજ જીપીએસ ટ્રેકિંગવાળો સિહણના ગળાનો કોલર તેના મૃતદેહથી અંદાજીત પાંચ કી.મી. દુર જંગલ વિસ્તારમાંથી મળી આવ્યો હતો.

આરોપીઓનાં રીમાન્ડ પુરા થતા કાલાવાડની કોર્ટમાં બન્નેને તા.૧૩-૦૫-૨૦૨૪ ના રોજ ફરી રજૂ કર્યા હતા. જ્યાં તેઓની કોર્ટ સમક્ષ જામીન અરજી મુકાઈ હતી જે નામંજુર થતાં બંન્નેને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલાયા હતાં.

વધુ માહિતી આપતા કાલાવડ રેંજ ફોરેસ્ટ ઓફિસર ડી.એસ.રાઠવા જણાવે છે કે સદર ગુનો વન્ય પ્રાણીઓ મુંગા પ્રાણીઓ સંબંધિત હોય જે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ (સુધારા અધિનિયમ-૨૦૨૨) મુજબ ગુનામાં સંડોવાયેલા ઈસમો તથા ગુના સંબંધિત બાતમીદારોને ઈનામની જોગવાઈ અનુસાર આ ગુના સંબંધિત ખાનગી બાતમી આપનારને જોગવાઈ મુજબનુ ઈનામ ખાનગી રાહે આપવામાં આવશે. જેથી બાતમીદારોએ ખાનગી બાતમી વન વિભાગને આપવા પણ જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

આ એક્ટ ભારતના રાષ્ટ્રીય સંપતિ એવા વન્ય પ્રાણીઓનો વિશિષ્ટ એક્ટ છે. આ એક્ટની કલમ-૫૨ મુજબ આ ગુનામાં ખોટી રીતે કે આડકતરી રીતે આરોપીઓને મદદ, ઉશ્કેરણી, પ્રોત્સાહન કરનાર કે કરાવનાર કોઈપણ નાગરિકને આ એક્ટની મદદગારીની જોગવાઈ લાગુ પડે છે. જેથી આ અધિનિયમની અમલવારીમાં સીધા કે આડકતરી અવરોધ ઊભો કરશે તેઓ પણ આ વિશિષ્ટ કાયદાની કલમની જોગવાઈ મુજબ ગુનેગાર ગણાય છે. જેથી જાહેર જનતા સદર વિશિષ્ટ કાયદાની અમલવારીમાં કોઈ બાધ ઊભો ન કરે તે બાબતે પણ જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

સિંહણના શિકારમાં અન્ય કોઈ આરોપીઓ આ ગુનામાં સંકળાયેલા હોય તો તેવા આરોપીઓને પકડવા પણ વન તંત્ર દ્વારા આગળની તપાસ ચલાવાઈ રહી છે.